णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स
आयओ गुरुबहुमाणो

# ઉપમિતિ ભવ પ્રપંચ કથા

## પ્રસ્તાવ-ત્રીજો

**(પ્રવચન ૮૦ થી ૯૦)**

**= કર્તા =**

**પરમ કારુણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજા**

**= સંકલન =**

રિતેશ સરવૈયા

**अहो ! श्रुतम्**

શા બાબુલાલ સરેમલજી બેડાવાળા
સિદ્ધાચલ, હીરા જૈન સોસાયટી,
સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫
મોબાઈલ – **94265 85904 / E-mail : ahoshrut.bs@gmail.com**

વૈશાખ, સંવત ૨૦૭૬

ઉપમિતિ ભવ પ્રપંચ કથા - પ્રસ્તાવ ત્રીજો ગુરૂવાર

# વ્યાખ્યાન - ૮૦ - "પ્રથમ"

DATE 22 10 2020

વ્યાખ્યાન સ્થળ :- શ્રી આંબાવાડી જૈન સંઘ - અમદાવાદ

પરમ કારુણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજની પરમ પાવન પ્રસાદી એટલે "ઉપમિતિ ભવ પ્રપંચ કથા" સમગ્ર વિશ્વ ની અંદર, વર્તમાન ઉપલબ્ધ સંસ્કૃત સાહિત્યની અંદર, જે શિરોમણિ કહી શકાય, એવો ગ્રંથ !! એટલે, "ઉપમિતિ ભવ પ્રપંચ કથા"।

એમાં શું છે, એના કરતા પુછવા જેવો પ્રશ્ન એ છે, કે એમાં શું નથી ! અંતરંગ વિશ્વનો સાક્ષાત્કાર કરીને, આખા વિશ્વનું રહસ્ય, - ભવભ્રમણ નું રહસ્ય, મોક્ષનું રહસ્ય જે ઉપમિતિ ગ્રંથ માં સમજાવ્યું છે, એની આખી દુનિયામાં કોઈ જોડ જડે એવી નથી.

આજથી લગભગ એક હજાર પંદર વર્ષ પ્રાચીન ગ્રંથ, શાસ્ત્રોના વલોણા સ્વરૂપ ગ્રંથ,

- ★ જેને આત્માની અંજનશલાકા કહી શકાય, એવો ગ્રંથ
- ★ જેને આત્માની પ્રતિષ્ઠા કહી શકાય, એવો ગ્રંથ
- ★ જેને આત્માનો ઉદ્ગાર કહી શકાય, એવો ગ્રંથ,
- ★ જેને આત્માનું ઔષધ કહી શકાય એવો ગ્રંથ,
- ★ જેને આત્માની નવ્વાણું યાત્રા કહી શકાય, એવો ગ્રંથ,
- ★ જેને આત્માની છ'રી પાલીત સંઘ યાત્રા કહી શકાય, એવો ગ્રંથ.

ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથના પહેલા પ્રસ્તાવ ની અંદર સિદ્ધર્ષિ ગણિ મહારાજ કથાની - અંદર આગળ વધે છે. મોહવિલય નામનું ઉપવન છે. પ્રતિબોધક નામના આચાર્ય ભગવંત પધાર્યા છે, અતિ-ન્દ્રિય જ્ઞાન એના ધણી છે. રાજા, રાજકુમાર, રાજકુમાર-ની પત્ની, સમગ્ર નગરજનો વિશાળ પર્ષદા હાજર છે. સાથે કાલજ્ઞ અને વિચક્ષણા નામનું ચેતર COUPLE

ગુરુવાર
22 10 2020

એ પણ હાજર છે. જેમણે રાજકુમાર અને રાજકુમારી નું રૂપ બનાવ્યું અને દુરાચાર સેવ્યો! ઘણો સમય વિતી ગયો છે, આચાર્ય ભગવંત પધાર્યા ની વધામણી મળી, આખું નગર ઉમટ્યું છે ને આચાર્ય ભગવંતની જે દેશના... જે દેશના... જે દેશના... એ સાંભળીને પેલું વ્યંતર COUPLE પીગળી જાય છે એ રાજકુમાર અને રાજકુમારીને ઠગ્યા, અમારું શીલ તો ખંડયું, એમનું પણ ખંડયું, અમારા જેવા પાપી, અમારા જેવા નરાધમ, અમારા જેવા અધમ કોઈ હશે નહિ, ધિક્કાર થાઓ.

કુલક્ષ વ્યંતરને પશ્ચાતાપનો કોઈ પાર નથી, આચાર્ય ભગવંત આગળ પેટ છુટી વાત કરે છે, કે આવું પાપ અમે કર્યું છે. રાજા મુર્ખ બન્યો, રાજકુમાર બેવકુફ બન્યો, જ્યારે પોતે બે થઈ ગયા છે, રાજાએ મોટો મહોત્સવ કર્યો, અમને ખબર છે, અમારી છેતરપીંડી! મને રાજકુમારીનું રૂપ ગમ્યું, માટે મેં રાજકુમારનું રૂપ લીધું, વિચક્ષણાને રાજકુમારનું રૂપ ગમ્યું, માટે એણે રાજકુમારી નું રૂપ લીધું. બધાને લાગ્યું બે રાજકુમાર થઈ ગયા, બે રાજકુમારી થઈ ગયા, અને અમે દુરાચાર સેવ્યો! પસ્તાવાનો કોઈ પાર નથી. અને એ સમયે એ બંનેના શરીર માંથી, એક લાલ-કાળી આભા નીકળીને દુર ભાગી જાય છે, અને પર્ષદાની બહાર - છેવાડે, થોડે દુર આઘે ત્યાં જઈને ઉભી રહે છે.

કુલક્ષ અને વિચક્ષણા, વ્યંતર - COUPLE આચાર્ય ભગવંત ને પુછે છે કે ભગવંત, આ કોણ હતું? આચાર્ય ભગવંત કહે છે કે હકિકતમાં જેનો દોષ હતો ને, એ આ છે.

તમારો કોઈ જ દોષ નથી, તમે નિર્દોષ છો, તમે નિષ્કલંક છો, નિર્મળ છો, જીવનો દોષ કદી હોતો જ નથી. જીવની અંદર ભરાયેલો દોષ, એનો જ ભૂમિકા હોય છે, એ જ અપરાધી હોય છે, એના કારણે જ જીવ ઊંધુ ચત્તુ કરે છે, અને તમારા - શરીરમાંથી હમણાં જેણે વિદાય લીધી, અને તમને પસ્તાવો થયો, સંવેગ અને નિર્વેદના ભાવો જે ઉછળ્યા, અને એના કારણે દોષ તમારી અંદર રહી ના શક્યો ને, દોષ તમારા શરીરમાંથી નીકળી ને ત્યાં છેવાડે જઈને ઉભો રહ્યો છે, ક્યો દોષ છે આ? અને આચાર્ય ભગવંત જવાબ આપે છે,

" ભોગ- તૃષ્ણા "

માણસ સારો હતો, નરવો હતો, ડાહ્યો હતો, સરસ હતો, એનામાં ભુત ઘુસ્યું ને આ ગાંડા કાઢયા! એણે ઊંધુ ચત્તું કર્યું, એણે વિચારાય પણ નહીં એવું કર્યું, કારણકે એની અંદર ભુત ઘુસ્યું હતું. દરેક જીવ સિધ્ધાત્મા છે, સિધ્ધ નો આત્મા છે, અને એ જીવ કંઈક ઊંધુ - ચત્તુ કરે એનું કારણ એટલું જ છે, કે એની અંદર દોષનું ભુત ઘુસી ગયું છે.

તમારી અંદર ભોગ- તૃષ્ણા એ પ્રવેશ કર્યો, અને એના કારણે તમે આવી પ્રવૃત્તિ કરી, તમારો કોઈ જ દોષ નથી, દોષ બધો જ ભોગ- તૃષ્ણાનો છે.

☆ ઉપમિતિ આપણને શિખવાડે છે જીવની અંદર શિવ જોવાનું
☆ ઉપમિતિ આપણને શિખવાડે છે જીવ માત્ર ભગવાન છે.
☆ ઉપમિતિ આપણને શિખવાડે છે, જીવની અંદર દોષની કલ્પના કરવી એ પણ પાપ છે. જીવ નિર્દોષ હોય છે, બધો જ દોષ જીવની અંદર ભરાયેલા દોષના ભુતનો હોય છે. આખી પર્ષદા સ્તબ્ધ થઈને સાંભળી

રહી છે, રોમ અવાચક છે, રાજકુમાર મંત્રમુગ્ધ છે
વ્યંતર મિથુન હજુ બરાબર વાત સમજી શકતું નથી
ને પ્રશ્ન કરે છે કે ગુરુદેવ, આ "ભોગ-તૃષ્ણા"
શું છે ?, અને પ્રતિબોધક આચાર્ય "ભોગ-તૃષ્ણા"
નું જે વર્ણન કરે છે... જે વર્ણન કરે છે...
નો વર્ણન આગળ ચાલે છે.

तावच्चाशुचिपुञ्जेषु

"ભોગ-તૃષ્ણા" અંદર છે ત્યાં સુધી શું સ્થિતિ છે,
અને "ભોગ-તૃષ્ણા" નીકળી જાય, પછી શું
સ્થિતિ હોય છે, એની વાત પ્રતિબોધક આચાર્ય
કરે છે.

तावच्चाशुचिपुञ्जेषु योषिदङ्गेषु मूढधीः ।
कुन्देन्दीवरचन्द्रादि - कल्पनां प्रतिपद्यते ॥

વિજાતીય નું શરીર એટલે અશુચિના પુંજ સીવાય
બીજું કશું જ નથી, જે અંગની કલ્પના કરો, જે
અંગનો વિચાર કરો, દરેક દરેક અંગની અંદર ઠાંસો-
ઠાંસીને અશુચિ ભરી છે, જીવ મુઢ થઈ જાય છે,
મોહાધીન થઈ જાય છે, જીવ પાગલ થઈ જાય છે, જીવ
સત્યને સમજી શકતો નથી, અને એની અંદર એ
મોગરાની કલ્પના કરે છે, એની અંદર એ નીલકમળ
ની કલ્પના કરે છે, એની અંદર ચંદ્રની કલ્પના-
કરે છે ને એની અંદર પવિત્રતા ની કલ્પના કરે છે,
એની અંદર સુગંધની કલ્પના કરે છે, એની અંદર
સૌંદર્યની કલ્પના કરે છે, જ્યાં સુધી ભીતરમાં -
"ભોગ તૃષ્ણા" છે, ત્યાં સુધી વિજાતીય પાત્ર સારું
લાગે છે. જીવમાં જ્યાં સુધી ભોગ તૃષ્ણા હાજર છે,
ત્યાં સુધી શરીર સુંદર લાગે છે, સારું લાગે છે,
પ્રતિબોધક આચાર્ય કહે છે,

यदा पुनर्विवेकोयेत कथञ्चित् पुण्यकर्मणाम्

કોઈ પુણ્યશાળી હોય, ભાગ્યશાળી હોય, ને એમના

અંતરમાંથી એ "ભોગ-તૃષ્ણા"નો વિષય થઈ જાય, ત્યાર પછી એ જીવ સ્વપ્નમાં પણ એમાં પ્રવૃત્તિ - કરતો નથી, એનો વિચાર સુદ્ધા કરતો નથી.

ન સ્વપ્નેऽપિ પ્રવર્તતે ।

સભાનો પ્રશ્ન :- સાહેબજી, એમાં જીવનો દોષ ખરો કાંઈ ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- જીવનો જો દોષ હોય તો એ દોષમાંથી નીકળી જ ના શકે. જીવનો સ્વભાવ દોષમાં નથી, જીવનો સ્વભાવ નિર્દોષ છે, નિર્મળ છે, વિશુદ્ધ છે અને દોષ આવવાથી જીવ મલિન બન્યો, એનો અર્થ એ જ છે કે જીવ મલિન નહતો, દોષ જ મલિન હતો. પાણી જો પોતે ગંદુ હોય તો પાણી દરેકે દરેક પરિસ્થિતિમાં ગંદુ રહે, પાણી કદી ચોખ્ખું થઈ જ ના શકે. અગ્નિ ગરમ હોય છે. દરેકે દરેક પરિસ્થિતિમાં ગરમ હોય છે, કારણકે એ ગરમપણું બહારથી ઉધાર લાવેલું નથી, ગરમપણું અગ્નિનું પોતાનું છે માટે દરેકે દરેક પરિસ્થિતિમાં અગ્નિ ગરમ જ રહે છે. ઉષ્ણત્વ એ અગ્નિનો - સ્વભાવ છે, શીતત્વ એ પાણીનો સ્વભાવ છે, નિર્મળત્વ એ જીવનો સ્વભાવ છે.

પાણીને ગરમ કરવામાં આવ્યું એ ઉકળ્યું પણ ખરું, એ સ્વાભાવિક ગુણધર્મ ન હતો, ઉછીનો હતો જેવો અગ્નિ બંધ કર્યો એ સમયથી - પાણીનું ઠંડુ થવાનું ચાલુ થઈ ગયું, અને એક ક્ષણ આવશે જ્યારે એ પાણી એકદમ ઠંડુ થઈ જશે. દોષ આવે છે મલિનતા લાવે છે, જીવને મલિન કરે છે. ગંદો કરે છે, એક ક્ષણ એવી આવે છે જ્યારે જીવની ભવિતવ્યતાનો પરિપાક થાય છે, મોક્ષ નજીક આવે છે, દોષો એના ઢીલા પડવા લાગે છે.

ગુરુવાર
22 10 2020

જીનવાણી નું રસાયણ, જીનવાણી નું ઔષધ એના ઉપર કામ કરવા લાગે છે ભોગ-તૃષ્ણા વિલીન થઈ જાય છે, અને જીવ એના મૂળ વિશુદ્ધ સ્વરૂપ ને પામે છે.

હું કદાચ છ-સાત વર્ષનો હતો ત્યારની વાત, પેડેશાનની અંદર નાના-નાનીને ત્યાં જવાનું થયું, ગામ છે, ગામની અંદર સોસાયટી છે, સોસાયટી ની અંદર દેરાસર છે, પૂજા કરવાનો સમય દેરાસરે અમે ગયા છે, હું અને નાનો ભાઈ! વળતા જરા આમ જવાની બદલે આમ જતા રહ્યા ભૂલા પડ્યા, બારોબાર નીકળી ગયા, સોસાયટી પૂરી-થઈ ગઈ, ગામનો છેવાડો આવી ગયો, ત્યાં બધું ગંદુ પાણી ભેગું થયું હશે, એનું ખાબોચિયા જેવું હતું, ખુલ્લું વાતાવરણ હતું, અમુક બધા પંખીઓ હતા, નાનો ભાઈ જરા ગભરાય ગયો અને કહે આપણે ભૂલા પડ્યા લાગે છે, આ ક્યાં આવી ગયા? મેં કહ્યું કે ચિંતા કરવાની જરૂર નથી, આપણે કેટલી સરસ જગ્યાએ આવ્યા, આ સરોવર કેટલું સરસ છે! કેટલું સરસ વાતાવરણ છે, પાછા ઘર ભેગા અમે થયા, બધી વાત કરી, એને સરોવરના મુદ્દે, વડીલો બધા બહુ હસ્યા! અમે બાળક હતા, છ-સાત વર્ષની અમારી ઉંમર, - અમારી બુદ્ધિ થી અમે એને સરોવર નામ આપીએ આ હાસ્યાસ્પદ કહેવાય, વડીલો ને હસવું આવે,

જ્ઞાનીઓને પણ મૂઢ જીવ ઉપર - આવી જ રીતે હસવું આવે છે. અમે જેને સરોવર કહેતા હતા એમાં સરોવર જેવું કશું જ ન હતું, પાછળ પાણી ન હતું, એવા કમળો ન હતા, કદાચ સોસાયટીની ગટરો નો લાઈન ત્યાં ભેગી થતી હશે, ત્યાં પાણી છોડવામાં આવતું હશે એ ગંદુ પાણી,

એની અંદર અશુચિ, એની અંદર દુર્ગંધ, એની અંદર કાદવ, એની અંદર મલિનતા, સરોવર ના એક પણ લક્ષણ એની અંદર હતા નહિ પણ, અમારી બાળક બુદ્ધિ થી અમને એવું લાગ્યું કે ભાઈ આ સરોવર છે. આ સરસ છે. આ સુંદર છે.

મુઢ જીવ આ જ તો કરે છે.

कान्तेन्दीवरचन्द्रादि - कल्पनां प्रतिपद्यते ।

જીવ જેને સૌંદર્ય માને છે, ભોગવવા જેવું માને છે, સારું માને છે, હકીકતમાં સારું એની કલ્પનામાં હોય છે. હકીકતમાં સારું કશું હોતું જ નથી. મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ જ્ઞાનસાર ગ્રંથની અંદર કહે છે,

लावण्यलहरीपुण्यं वपुः पश्यति बाह्यदृक् ।

બાહ્ય દ્રષ્ટિ છે, એ લાવણ્ય ની લહેરથી પવિત્ર છે, એવું એ વિચારે છે,

तत्त्वदृष्टिः श्वकाकानां भक्ष्यं कृमिकुलाकुलम् ॥

જેની તત્ત્વ દ્રષ્ટિ નો ઉઘાડ થઈ ગયો એને ગમે તેવી સુંદરી નું શરીર પણ શા માટે ન ગમે, ત્યાં સ્પષ્ટ દેખાય કે ભાઈ આ તો કાગડા ને કુતરા નું ભોજન છે. અંદર કીડા ખદબદી રહ્યા છે. એક મડદું છે. અંદર જીવ આવી ગયો માટે હાલે ચાલે છે, હકીકતમાં જડ જ છે, માત્ર એક આવરણ મુકી દેવામાં આવ્યું ને એ કદાચ સારું લાગે, હકીકતમાં એની અંદર સારાપણું બિલકુલ છે જ નહિ !

तत्त्वदृष्टिः श्वकाकानां भक्ष्यं कृमिकुलाकुलम् ।

મોક્ષ ક્યારે થશે એ આપણો પ્રશ્ન છે. સિદ્ધર્ષિ ગણિ - મહારાજ આપણને સ્પષ્ટ કહે છે, જ્યારે તત્ત્વ દ્રષ્ટિ નો ઉઘાડ થઈ જશે, ત્યારે આપણો મોક્ષ થઈ જશે. તત્ત્વ દ્રષ્ટિ નથી, ત્યાં સુધી આપણું ઠેકાણું પડવાનું નથી, ઉંધુ જ એવું, ઉંધુ દેખાય છે, નથી એ દેખાય, કલ્પના કરવી છે, કલ્પનામાં રાચવું છે, પછી ક્યાંથી

ગુરુવાર
22 10 2020

આપણું ઠેકાણું પડે !! મહોપાધ્યાય યશોવિજયજી - મહારાજ, જ્ઞાનસાર ગ્રંથની અંદર કહે છે,

ગજાશ્વૈર્ભૂપભવનમ્....

~~બાહ્ય દ્રષ્ટિ છે~~ બાહ્ય દ્રષ્ટિ છે, રાજા એમ માને હાથી છે, ઘોડા છે, એને વિસ્મય થાય, મોઢું - વકાસી ને એ જોય કરે, કેવું રાજ્ય, કેવી સમૃદ્ધિ !

તત્રાશ્વેભવનાત્ કોઽપિ ભેદસ્તત્ત્વદૃશસ્તુ ન।

તત્ત્વ દ્રષ્ટિ ની ઉઘાડ થઈ ગયો, હવે હાથી ને ઘોડા જંગલથી વધુ બીજું કશું જ લાગશે નહિ ! બાહ્ય દ્રષ્ટિ છે, એને વિજાતીય પાત્ર સુંદર લાગે છે,

બાહ્યદૃષ્ટેઃ સુધાસાર - ઘટિતા ભાતિ સુન્દરી।

બાહ્ય દ્રષ્ટિ ને લાગે છે સુંદરી છે, સુધાના પારથી - ઘડેલ છે, આખી અમૃતમય છે, એકદમ પવિત્ર છે, એકદમ સુગંધી છે,

તત્ત્વદૃષ્ટેસ્તુ સા સાક્ષાદ્ વિણ્મૂત્રપિઠરોદરી।

જેની તત્ત્વ દ્રષ્ટિનો ઉઘાડ થઈ ગયો છે, એને એ સાક્ષાત મળ-મુત્રની કોથળી સિવાય, મળ-મુત્રના - કચરા માટીના પાત્ર સિવાય, બીજું કશું જ લાગતું નથી. એક પીળીયો હોય છે, જેની અંદર બધું પીળું ~~[illegible]~~ પીળું દેખાય, પીળીયા નામનો એક રોગ હોય છે. એક મોતિયો હોય છે જેની અંદર બધું ઝાંખુ દેખાય. એનાથી વધારે આગળનો રોગ છે, ભમર જેની અંદર આમ એટલું ભમરનું પાણી આંખમાં બાજ્યું હોય, મોતિયા જેટલું પણ દેખાય નહિ. એનાથી ભયાનક રોગ હોય છે રતાંધળાપણું, જેમાં માણસ રાતે આંધળો થઈ જાય, રાતે કશું ના દેખાય. એનાથી ભયાનક આંધળાપણું જેમાં માણસ ૨૪ કલાક દિવસે કે રાતે જોઈના શકે.

પીળીયા માં પીળુ દેખાય છે,

મોતિયા માં ઝાંખુ દેખાય છે,

જ્યારે "ભોગ - તૃષ્ણા" આત્મા ને વળગે છે ત્યારે આત્માને

ઊંધુ દેખાય છે. અંખુ દેખાતું હોય એની અંદર માણસ સાવચેત બને છે, ઓછું દેખાતું હોય એમાં માણસ સાવધાન બને છે. ઊંધુ દેખાતું હોય એમાં "આત્મા" મુર્ખ બને છે.

દુનિયાની દરેક વ્યક્તિ સમજે છે કે શરીર શું છે! દુનિયાની દરેક વ્યક્તિ સમજે છે કે શરીરનું અંદરનું તત્વ શું છે! શરીરની પરિસ્થિતિ શું છે? શરીર નો સ્વભાવ શું છે! યોગસુત્રની અંદર પતંજલિ કહે છે,

સ્વાઙ્ગે જુગુપ્સા પરૈરસંસર્ગ:।

દરેક માણસ વિચાર કરે કે મારા શરીરનું સ્વરૂપ શું છે. શરીરની અંદર કેટલા છિદ્રો છે ને અશુચિ ઝર્યા જ કરે, ઝર્યા જ કરે, કેટલા સ્થુળ છિદ્રો છે, કેટલા સુક્ષ્મ છિદ્રો છે. સુક્ષ્મ છિદ્રો સાડા ત્રણ કરોડની સંખ્યામાં છે, ગમે તેટલા નહાવ, ગમે તેટલા પાવડર લગાડો, ગમે તેટલા અત્તર લગાડો, ગમે તેટલા બની ઠનીને તમે બહાર નીકળો, બે કલાકની અંદર શરીર એની પરીક્ષા કર્યા વગર રહેશે નહિ, પસીનો છુટી જશે, નહાયું - ન નહાયું બધું સરખું થઈ જશે, અત્તર - વગર અત્તર બધું સરખું થઈ જશે, અને શરીર દુર્ગંધ છોડવા લાગશે, આ શરીર છે! WASHROOM ની અંદર શરીર શું બહાર કાઢે છે એ બધા જાણે છે. શરીરનું નાક કેવું છે, શરીર ની આંખ કેવી છે, શરીરના કાન કેવા છે, શરીરનું મોઢું કેવું છે, નાહ્યા-ધોયા વગર સવારે હજુ ઉઠયા હોઈએ ત્યારે જેવો દેદાર હોય, કોઈને દેખાડતા શરમ આવે, શરીરનું અસલી સ્વરૂપ આ છે. અસલી સ્વરૂપ ને ઢાંકવાના માણસ પ્રયાસ કરે છે, સૌંદર્યની કલ્પનાઓ કરે છે, સુગંધની કલ્પનાઓ કરે છે, અને કલ્પના ના ઘોડે ધુમ દોડે છે, અને પોતે ઠાવી કરીને ભ્રમણાઓની શિકાર થઈ ને, "ભોગ તૃષ્ણા"ને અગ્રત કરીને, "ભોગ તૃષ્ણા" નો ભોગ બનીને, આ ભવની અંદર જે

ખરા અર્થમાં કરવાનું છે એ ભુલીને જે હરગીઝ ન કરવું જોઈએ એની પાછળ જિંદગી વેડફી નાખે છે. યોગ સુત્ર કહે છે,

સ્વાઙ્ગે જુગુપ્સા ।

તમારે ભોગ તૃષ્ણા ને ભગાડવી છે, એના બે STEP બે FORMULA, પતંજલિ ઋષિ આપે છે. તમારા શરીરના સ્વભાવનું તમે ચિંતન કરો, તમે અશુચિ ભાવના ને ખુબ જ ઘુંટો, તમે સમજો કશું જ નથી! જેના માટેની બધી મથામણ છે, જેના માટે ધંધો, જેના માટે કમાણી, જેના માટે પૈસા, જેના માટે બધા સુખસાધનો, બધું જ જેના માટે, એ શરીરમાં બિલકુલ રસ નથી.

★ જો ગટર સુંદર છે તો શરીર સુંદર છે,
★ જો ઉકરડો સુંદર છે તો શરીર સુંદર છે,
★ જો વિષ્ટા સુંદર છે તો શરીર સુંદર છે.

જો આ બધું કશું જ સુંદર નથી, તો શરીરમાંતો સૌંદર્યનું નામો નિશાન નથી.

સ્વાઙ્ગે જુગુપ્સા ।

તમે કેટલા નાહ્યા-ધોયા, BEAUTY PARLOR માં ગયા, કેટલી FASHION કરી, PUFF-POWDER અને અત્તર લગાડ્યા, કશું એમાંથી તમારું સૌંદર્ય નથી, ભાડુતી વસ્તુ છે, ઉછીની છે, TEMPRARY છે, SHORT-TIME ની છે. શરીરની ORIGINALITY એનો મુળ સ્વભાવ, એનો વિચાર કરીએ કે એ શું છે !!

તંદુલ વૈચારિક આગમ સ્પષ્ટ કહે છે,

કસો તે અપ્પણો ગંધો ।
કોસા ણ્હાણ સુગંધિયા ।

શરીરને સ્નાન કરાવ્યું, સુગંધિત દ્રવ્યો નુ વિલેપન કર્યું, એની સુગંધ આવી એ તારી સુગંધ નથી, તારી સુગંધ કઈ છે ?

ગુરુવાર
DATE 22 10 2020

એસો તે અપ્પાણો ગંધો।

★ નાક માંથી કફ નીકળ્યો એ તારી પોતાની સુગંધ છે.
★ મોઢામાંથી લાળ નીકળી એ તારી પોતાની સુગંધ છે.
★ શરીર વારંવાર મળ-મુત્ર નું નિષ્કાસન કર્યા કરે, સુંઘવું હોય તો સુંઘ એને, એ તારી પોતાની સુગંધ છે.

એસો તે અપ્પાણો ગંધો।

પતંજલિ ઋષિ પહેલી FORMULA આપે છે,

સ્વાઙ્ગે જુગુપ્સા।

તારા શરીર પ્રત્યે તારી જુગુપ્સા ^ઉભી થાય તેવું તત્ત્વ દર્શન કર! તત્ત્વાર્થ સુત્રની અંદર ઉમા સ્વાતી મહારાજ સ્પષ્ટ કરે છે,

જગત્કાયસ્વભાવૌ ચ સંવેગવૈરાગ્યાર્થમ્।

તમારે સંવેગ જોઈએ છે, તમારે વૈરાગ્ય જોઈએ છે, તો માત્ર બે વસ્તુનો વિચાર કરો, એક વિશ્વના સ્વભાવનો વિચાર કરો અને બીજા નંબરની અંદર શરીરના સ્વભાવનો વિચાર કરો. શરીરના સ્વભાવનો વિચાર કરો વૈરાગ્ય થશે, સંસારના સ્વભાવનો / વિશ્વના સ્વભાવનો વિચાર કરો વૈરાગ્ય થશે,

જગત્કાયસ્વભાવૌ ચ સંવેગવૈરાગ્યાર્થમ્।

પતંજલિ ઋષિ બીજા નંબરની FORMULA આપે છે,

પરૈરસંસર્ગઃ।

જેને પોતાના શરીરમાં જુગુપ્સા થઈ ગઈ, એ બીજાના શરીર પ્રત્યે ઉપાદેય બુદ્ધિ, આકર્ષણ બુદ્ધિ, સૌંદર્ય બુદ્ધિ કઈ રીતે ધારણ કરે! દરેક માણસ જાણે છે કે મારું જ શરીર આટલું અશુચિ છે, તો જે મારે છે એ જ બીજાને છે. જો મારું ગંદુ છે, દુર્ગંધી છે, અપવિત્ર છે, તો એનું ય એ જ છે. વિજાતીય નું શરીર વધારે ગંદુ છે, ચાણક્ય સ્પષ્ટ કરે છે,

સ્ત્રીષુ શૌચં કુતઃ?

વિજાતીયમાં શૌચ, ~~સુચીત્વ~~ શુચિત્વ, પવિત્રત્વ, ક્યાંથી હોય શકે?

તથાકથિત કોઈ જોવા લાયક સ્થળ, એક મિત્રવૃંદ એ PROGRAM બનાવ્યો. રવિવાર નો દિવસ હતો બધા ત્યાં પહોંચી ગયા ને, જેવા પહોંચ્યા એવા એકબીજાનું મોઢું વકાસી ને જોવા લાગ્યા. કારણકે જેને જોવા-લાયક સ્થળ તરીકે સમજ્યા હતા, ખ્યાલ આવ્યો કે કંઈક ગેરસમજ થઈ ગઈ, એ સ્થળ જોવાલાયક નહતું. કલ્પના કરી હતી એકદમ સરસ ઉપવનની, ને ત્યાં ઉકરડા ના ઢગલે ઢગલા પડ્યા હતા, કલ્પના કરી હતી ત્યાં સુગંધની, ને ત્યાં મળ-મુત્ર-કચરો એટલી બધી દુર્ગંધ! કલ્પના કરી હતી સારી સારી ત્યાં વસ્તુઓ હશે, ને ત્યાં પશુઓના મડદા પડ્યા હતા.

છેતરાય ગયા, ભોળવાય ગયા, ભરમાઈ ગયા, જવાય જ નહી એવી જગ્યાએ આવી ગયા ને, પાછું જોવાલાયક છે એમ સમજી ને આવી ગયા. બધા ત્યાં ઉભા છે, માહોલ જોવે છે, માથું ફાટી જાય એવી દુર્ગંધ છે, ત્રાસ ત્રાસ થઈ જાય એવો માહોલ છે. ફટ દઈને બે-ત્રણ મિત્રો SEARCH-કરવા લાગ્યા કે અહીંયા નજીકમાં કોઈ જોવા લાયક સ્થળ કે જરેખર હોય એવું કંઈ છે કે નહિ. SEARCH કરવા લાગ્યા ત્રણ-ચાર સ્થળો મળ્યા, બે-ત્રણ જણ એના ઉપર અભિપ્રાયો આપવા લાગ્યા ને એક ભાઈ હતા એ બધામાં એ બહુ હોંશિયાર હતા.

એ ભાઈ એ કહ્યું કે આપણે ક્યાંય જવાની જરૂર નથી, હું કહું છું એમ કરો તમને અહીંયા જ બહુ મજા આવશે. ઓલા કહે કે આ શું બોલી રહ્યો છે, બધા બાઘા ની જેમ જોઈ રહ્યા છે ને હોંશિયાર ભાઈએ વાત આગળ ચલાવી, તમારે શું કરવાનું, ક્યાંય જવાની જરૂર નથી, તમારે આમ-તેમ જવું, શોધા શોધ કરવી, અહીંયા આવી ગયા છીએ ને હું તમને એવી FORMULA આપીશ કે અહીંયા

જ મજા આવશે ને બધા વિચારે છે કે આનું કાંઈ બસી ગયું તો નથી ને ?, ને ભાઈ આગળ વાત ચલાવે છે, કે તમારે શું કરવાનું, કે તમારે આ દિવ્ય, બહુ જ સારામાં સારી, તમારે એવું નહિ વિચારવાનું કે ઉકરડો છે, તમારે નહીં વિચારવાનું કે પશુના મડદા છે, તમારે નહિ વિચારવાનું કે આ વિષ્ટા છે, તમારે- એમ વિચારવાનું છે કે આ એકદમ સરસ ઉપવન છે, બધા ફુલો ખીલેલા છે. એકદમ સુગંધ.. સુગંધ... સુગંધ... સુગંધ આવી રહી છે, આપણને એકદમ આનંદ આવી રહ્યો છે, આપણે જોઈએ ને આમ- એટલી મજા.. મજા.. મજા.. મજા.. આવે, હવે કોઈના મગજમાં વાત ઉતરતી નથી પેલા ભાઈ ભારપૂર્વક પોતાની વાત કરે છે, કંઈ જવાની જરૂર નથી, તમે અહીંયા સારામાં સારી કલ્પના કરો, તમને અહીંયા જ મજા આવશે.

એમને એક મિત્રએ, એ ભાઈ ને કહ્યું કે ભાઈ, જે વસ્તુ જે છે જ નહિ, એમાં એની કલ્પના કરવી એનું જ નામ તો પાગલપણ છે. જે ગંદુ છે એને સારું કલ્પવું, જે દુર્ગંધી છે એને સુગંધી- કલ્પવું, જે અપવિત્ર છે એને પવિત્ર કલ્પવું, આવી તો મુર્ખામી કઈ રીતે કરાય ?, પેલા ભાઈએ કહ્યું કે જો, આપણે મજા માટે આવ્યા હતા ને, હું તમને મજાનો રસ્તો બતાવું છું, હું તમને કહું એમ કરો એટલે મજા સો ટકા મળશે, પછી તમને શું વાંધો છે ! મિત્ર એ કહ્યું કે વાંધો એ જ કે એ અસત્ કલ્પના છે. જે નથી એની કલ્પના કરવી, જે નથી એનો વિચાર કરવો, અને મજા મેળવવાનો પ્રયાસ કરવો, એના કરતા ખરેખર જે જોવાલાયક છે, ખરેખર- સુંદર છે. ખરેખર સુગંધી છે, ત્યાં જ કેમ ના જવું. પેલા ભ્રમબાજ એ કહ્યું કે એ બધુ મજા માટે જ છે,

અને એ મજામે અહીંયા પણ મળી શકે એમ છે, તો મારો રસ્તો પકડવામાં તમને વાંધો શું છે ? મિત્ર એ કહ્યું કે આ જગ્યામાં કલ્પના કરીને સુખી થઈ શકાય ખરું, પણ તમે કહો છો આવી કલ્પના કરવી અને સુખી થવું, એ ત્યારે જ થાય જ્યારે - આપણા ભાગ્ય ફૂટેલા હોય, યા પરવારી ગયા હોય ! મોજબાજે કહ્યું કે જેને મજા આવી રહી છે, એને અભાગ્યો કઈ રીતે કહી શકાય. મિત્રએ કહ્યું કે તમને ભૂંડ કેવો લાગે છે ? એ ભાગ્યશાળી લાગે કે એ તમને અભાગ્યો લાગે ? પેલો મોજબાજ માથું ખંજવાળવા - લાગ્યો, મિત્રએ વાત આગળ ચલાવી, ભૂંડને પણ કીચડ ભાવતી હોય છે, ઉકરડો એને જોવા લાયક સ્થળ લાગતું હોય છે. ભૂંડને પણ આવી જગ્યા PICNIC SPOT લાગે, PICNIC POINT લાગે, એનું કારણ એની કલ્પના હોય છે કે આ બધું બહુ જ સારું છે. ભૂંડ ને જો આપણે ભાગ્યશાળી માનતા નથી, એને તો અભાગ્યો માનીએ છીએ, તો પછી જે તમે કહો છો એવી કલ્પના આપણે કરીએ તો આપણે ભાગ્ય - શાળી કે આપણે અભાગ્યા ? આ સ્થળ જોવાલાયક માણવાલાયક, સૂંઘવા લાયક, સો ટકા સાચું, પણ આપણા માટે નહિ ભૂંડ માટે !

ભૂંડને આ બધું શોભે, ભૂંડને આ બધું ગમે, ભૂંડને આ બધું ભાવે, ભૂંડ માટે આ ઉજાણી નું સ્થળ છે, આપણે માણસ છીએ, આપણામાં વિવેક છે, આપણામાં સમજણ છે, તો આપણાથી આવી કલ્પના કઈ રીતે કરી શકાય ! આવી બધી ખોટી કલ્પના ને છોડી ને, જે ખરેખર, ખરું જોવાલાયક સ્થાન છે, ત્યાં જ આપણે જવું જોઈએ. પેલા મોજબાજે કાન પકડ્યા, અને ખરા જોવાલાયક સ્થળો જવા બધાએ પ્રસ્થાન કર્યું.

classmate

આ ભુવનની અંદર આપણે બસ આટલું જ કરવાની જરૂર છે. કાન પકડવાની જરૂર છે, ખરું સૌંદર્ય, ખરી પવિત્રતા, ખરી સુગંધ, ખરી મનોહરતા, ખરી આકર્ષકતા જ્યાં છે, ત્યાં જવા પ્રસ્થાન કરવાની જરૂર છે !

તાવત્ત્વાશુચિપુત્લેષુ યોષિદઙ્ગેષુ મૂઢધીઃ।

ત્યાં સુધી જ અશુચિના ઢગલાની અંદર, મોગરો, ચંદ્ર, અને નીલકમળ દેખાય છે, જ્યાં સુધી અંદર ભોગ-તૃષ્ણા છે.

યાવદેષા શરીરસ્થા વર્તતે ભોગતૃષ્ણિકા ॥

સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે કે તમારી પાસે કરોડો રૂપિયા હોય, તો તમે ભાગ્યશાળી આવું ના સમજતા. ખરેખર, જો તમારી ભીતર ભોગ-તૃષ્ણા છે તો તમારી પાસે કરોડો રૂપિયા હોવા છતાં પણ, તમે ભિખારી છો. તમારી અંદર જો ભોગ-તૃષ્ણા છે, લખલુટ વૈભવ હોવા છતા, તમે ગરીબ છો. પુણ્યશાળી તમે ત્યારે, ભાગ્યશાળી તમે ત્યારે, જ્યારે તમારી "ભોગ-તૃષ્ણા" નો વિલય થઈ જાય !

કલ્પના સિવાય વિષય-ભોગ શક્ય નથી. એનો અર્થ એ, કે વિવેક અને સમજણને નેવે મુકયા સિવાય, વિષય-ભોગ શક્ય નથી. એનો અર્થ એ, કે પાગલ બન્યા સિવાય વિષય-ભોગ શક્ય નથી. એનો અર્થ એ કે ભૂંડ બન્યા સિવાય વિષય-ભોગ શક્ય નથી. એનો અર્થ એ, કે અભાગ્યા બન્યા સિવાય વિષય ભોગ શક્ય નથી.

મોહ ભોગની દુનિયા ઉકરડા, મડદા, કચરાની અંદર, માત્ર કલ્પના કરીને સુખી થવાનો પ્રયાસ કરે છે. જે ખરું જોવાલાયક સ્થળ, માણવા લાયક સ્થળ, મેળવવા લાયક સ્થળ, પહોંચવા લાયક સ્થળ - એનો વિચાર સુદ્ધા આવતો નથી. જ્યાં પહોંચી ગયા એ જ સારું, આની ભ્રમણામાં દુનિયા

રોચે છે. યોગશાસ્ત્રની અંદર કલિકાલ સર્વજ્ઞ કહે છે.

નવ-સ્રોતઃસ્રવદ્વિસ્ર-રસનિસ્યન્દપિચ્છલે ।

નવ છિદ્રો માંથી ગંદી અશુચિ નો પ્રવાહ, ગંદી વસ્તુઓ, ગંદા પદાર્થો, નીકળ્યા કરે... નીકળ્યા કરે... નીકળ્યા કરે... કેટલું એનાથી ખરડાયેલું, ગંદુ, બગડેલું આ શરીર,

દેહેऽપિ શૌચસઙ્કલ્પો, મહન્મોહવિજૃમ્ભિતમ્ ॥

એવા શરીરની અંદર પણ પવિત્ર છે, સારું છે, સુંદર છે આવું વિચારવું, આના કરતા મોટું ગાંડપણ બીજું કયું હોય શકે ! વિનયવિજયજી મહારાજ, શાંત સુધારસ ગ્રંથ માં કહે છે,

દ્વાદશનવરન્ધ્રાણિ નિકામં, ગલદશુચીનિ ન યાન્તિ વિરામમ્।

બાર અને નવ છિદ્રો માંથી સતત અશુચિ નીકળ્યા કરે.. નીકળ્યા કરે... નીકળ્યા કરે... એ વિરામ જ ના પામે.

યત્ર વપુષિ તત્ કલયસિ પૂતં, મન્યે તવ નૂતનમાકૂતમ્ ॥

એ શરીર પણ તને પવિત્ર લાગે છે, અને લાગે છે કે તારો કોઈ નવો જ અભિપ્રાય છે, તારો કોઈ નવો જ ખ્યાલ છે. સિદ્ધર્ષિગણિ મહારાજ, પ્રતિબોધક આચાર્ય ના મુખે, ભોગતૃષ્ણા ના સંદર્ભમાં એક પછી એક પર્દાફાશ કરતી વાત કરતા જાય છે. માત્ર એક પદાર્થ બરાબર મગજમાં બેસી ગયો તો હું કહું છું, આપણો મોક્ષ નક્કી છે.

આત્માનો પ્રશ્ન :- દેવતાઓના શરીરમાં તો અશુચિ હોતી નથી તો એમના ભોગ ને અશુચિ કઈ રીતે માની શકાય ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- ઈષ્ટોપદેશ ગ્રંથની અંદર પૂજ્યપાદ સ્વામી એ આ પ્રશ્નનો જવાબ આપ્યો છે.

classmate

भुक्तोज्झिता मुहुर्मोहान्, मया सर्वेऽपि पुद्गला:।
દુનિયામાં આજ સુધી મેં બધા જ પુદ્ગલો ને ભોગવીને મેં છોડયા છે. દુનિયામાં જેટલા પુદ્ગલો દેખાય, આ મકાનના પુદ્ગલો, થાંભલાના પુદ્ગલો, લાકડાના પુદ્ગલો, મારા શરીરના પુદ્ગલો, દુનિયાના બધી-બધા પુદ્ગલો, હજારો... લાખ્ખો... કરોડો... અસંખ્ય અને અનંતવાર મેં ભોગવ્યા ને છોડયા!

उच्छिष्टेष्विव तेष्वद्य, मम विज्ञस्य का स्पृहा?॥
આખી દુનિયા તાત્વિક દ્રષ્ટિ એ એંઠવાડ સિવાય, ઉકરડા સિવાય, વિષ્ટા સિવાય, બીજું કશું જ નથી! હવે મેં જ્યારે આ જ્ઞાન મેળવ્યું. પછી મને એની શું તૃષ્ણા રહે! દેવતાઈ ભોગો પણ વિષ્ટા અને ઉકરડાથી વધુ કશું જ નથી! તત્વ દ્રષ્ટિ નો એક વાર ઉઘાડ થઈ ગયો પછી આપણા માટે આખી દુનિયા બદલાઈ જાય છે.

[સિદ્ધર્ષિગણિ મહારાજ કહે છે, તમારી અને મોક્ષ ની વચ્ચે એક જ વસ્તુ છે, જેનું નામ છે, "ભોગ-તૃષ્ણા"! તમે ભોગ તૃષ્ણા ને હટાવી દો, તમે ધુની લો, તમે તત્વ દર્શન કરો, તમે શરીરના સ્વરૂપ નું ચિંતન કરો, તમે વૈરાગ્ય ભાવ પ્રગટાવો, તમારો મોક્ષ સો ટકા નક્કી. સિદ્ધર્ષિ ગણિ મહારાજ, ભોગ-તૃષ્ણા ના સંદર્ભ માં અદ્ભુત વાતો આગળ કહેવા જઈ રહ્યા છે, આજે સમય થયો છે, આજે આટલું રાખીએ!!

—x—x—x—x—x—

વ્યાખ્યાન સ્થળ :- શ્રી આંબાવાડી જૈન સંઘ, અમદાવાદ

પરમ પાવન શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથ અને એની અંદર પરમ કારુણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજ બહુ જ સરળ શબ્દોમાં સંસાર અને મોક્ષના સમીકરણો ને રજૂ કરી રહ્યા છે. કઈ રીતે જીવ ભવમાં ભમે છે ને કઈ રીતે જીવનો મોક્ષ થઈ જાય છે. સિદ્ધર્ષિ ગણિ મહારાજ બહુ સ્પષ્ટ શબ્દોમાં કહે છે, "ભોગ-તૃષ્ણા" થી સંસાર છે ને "ભોગ-તૃષ્ણા" ની મુક્તિ થી મોક્ષ છે. એક કલ્પના હોય છે ને એક ભાવના હોય છે. કલ્પનાથી ભવ ભ્રમણ થાય છે ને ભાવનાથી મોક્ષ થાય છે. કલ્પના ખોટી વસ્તુની હોય છે. ભાવના સાચી વસ્તુની હોય છે. કલ્પનામાં - આધ્યાત્મિક સુખમાં દુઃખ દેખાય છે. ભાવનામાં ભૌતિક સુખ માં દુઃખ દેખાય છે. કલ્પનામાં જ્ઞાનીઓનો અભિપ્રાય ખોટો લાગે છે. ભાવનામાં અજ્ઞાનીઓનો અભિપ્રાય ખોટો લાગે છે. કલ્પના માં શરીરમાં સૌંદર્ય લાગે છે, ભાવનામાં શરીરમાં ગંદકી લાગે છે. કલ્પનામાં ઉકરડામાં આનંદ આવે છે. ભાવનામાં અધ્યાત્મ માં આનંદ આવે છે. કલ્પનામાં ગંદા - અશુચિમય શરીર, એની સંસર્ગ એ જ માત્ર આનંદનો સ્ત્રોત લાગે છે. ભાવનામાં સ્વાધ્યાયની મસ્તી એ આનંદનો સ્ત્રોત લાગે છે. કલ્પનામાં માણસ વસ્તુ પરિસ્થિતિ નો વિચાર નથી કરતો, ભાવનમાં વસ્તુ - પરિસ્થિતિ નું ચિંતન હોય છે. કલ્પનામાં જેમ જેમ જીવ તણાય છે, એમ વધારે ને વધારે દુઃખી થાય છે. ભાવનમાં જેમ જેમ જીવ ઠરે છે, એમ એમ જીવ સુખી થાય છે. કલ્પનામાં જીવ કર્મનો બંધ કરે છે. ભાવનામાં જીવ કર્મની નિર્જરા કરે છે. જીવ જેમ જેમ કલ્પનાના રસ્તે આગળ વધતો જાય છે, એમ એમ

એના અજ્ઞાને દૃઢ કરે છે. જીવ જેમ-જેમ ભાવનમાં - આગળ વધતો જાય છે, તેમ તેમ એના જ્ઞાનને દૃઢ કરે છે.

અનાદિકાળ નો મોહ વાસિત જીવ, અજ્ઞાન ના રવાડે જાય છે, કલ્પનાના રવાડે જાય છે, આત્માને વધારે ને વધારે દુઃખી કરવા જાય છે. તીવ્ર કર્મબંધ કરે છે, નરકાદિ દુર્ગતિનો ભાગી બને છે, ભવ ભ્રમણનો અંત નથી આવતો, જે ગેરસમજ ને દૂર કરવાની હતી, કલ્પના દ્વારા એ જ ગેરસમજ ને દૃઢ કરે છે, અને ભાવનાના રસ્તે જતો જીવ, એ ગેરસમજ ને ઉખેડી નાખે છે, અંદર નું બધું જ CLEAR કરે છે, આત્માને નિર્મળ કરે છે, તત્ત્વ દ્રષ્ટિ અપનાવે છે, વસ્તુ સ્થિતિ નું ચિંતન કરે છે, અને વિપુલ કર્મની નિર્જરા સાધી મોક્ષ માર્ગમાં આગળ વધતા... વધતા ક્રમશઃ મોક્ષનો ગામી બને છે.

સભાનો પ્રશ્ન :- કલ્પના અને ભાવના વચ્ચેની ભેદરેખા શું ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- અનાદિના અવળા ગણિત ના આધારે ચાલતી વસ્તુ એટલે કલ્પના. અને અનંત તીર્થંકરો એ બતાવેલા તત્ત્વ માર્ગને અનુસરી ને ચાલતી કૃતિ એટલે ભાવના.

એક શરીર દેખાયું, શરીર ખુબ જ સુંદર છે, ATTRACTIVE છે, યુવાન છે, સુગંધી છે આ બધું કલ્પના, અને શરીર એ અશુચિમય છે, ગંદકી મય છે, નશ્વર છે, અનિત્ય છે, રાગ-દ્વેષ નું કારણ છે, કર્મ બંધ નું કારણ છે, શરીરમાં બિલકુલ રાગ કરવા જેવો નથી, આનું નામ ભાવના !

શાંત સુધારસ માં વિનય વિજયજી મહારાજ સ્પષ્ટ કહે છે,

યદિ ચ ભવભ્રમખેદપરાઙ્મુખં, યદિ ચ ચિત્તમનન્તસુખોન્મુખમ્

આજ સુધી તમે કલ્પનાના ઘોડે દોડ્યા, પૈસામાં સુખ છે,
વિજાતીય માં સુખ છે, માન-સમ્માનમાં સુખ છે,
સત્તામાં સુખ છે, ઘરમાં સુખ છે, અને આ બધી જ
કલ્પનાના માર્ગે તમે દોડતા રહ્યા, દોડીને જ તમે
ભવભ્રમણ કર્યું છે. અને હવે જે તમે એ ભવભ્રમણ
થી થાક્યા હો, હવે જે તમને એવું લાગતું હોય કે
બસ હવે આ ભવભ્રમણ નથી કરવું, હવે ના જોઈએ,
હવે હું થાક્યો, હવે મોક્ષ જોઈએ.

યદિ ભવભ્રમખેદપરાઙ્મુખં, યદિ ચ ચિત્તમનન્તસુખોન્મુખમ્ ।

અને હવે જે તમારું મન અનંત સુખ એની ઉન્મુખ થયું
હોય, એની સન્મુખ થયું હોય,

શૃણુત તત્સુધિયઃ શુભભાવના-મૃતરસં મમ શાન્તસુધારસમ્ ॥

તો પછી, હે સદ્બુદ્ધિશાળીઓ, શુભ ભાવના સ્વરૂપ
મારું જે આ શાંતસુધારસ છે,

શૃણુત તત્સુધિયઃ...

એને તમે સાંભળો.

પૌરાણિક માન્યતા અનુસાર, બ્રહ્માજી એ
સૃષ્ટિ ની રચના કરી, પૃથ્વી બનાવી, માટી બનાવી,
પાણી બનાવ્યું, અગ્નિ બનાવ્યો, વાયુ બનાવ્યો,
~~વનસ્પતિ~~ વનસ્પતિના વિવિધ પ્રકારો બનાવ્યા,
છોડ બનાવ્યો, ઘાસ બનાવ્યું, વૃક્ષ બનાવ્યું,
આગળ વધીને પશુ અને પંખીને બનાવ્યા, માણસને
બનાવ્યા, એમાં પણ સ્ત્રી અને પુરુષ બંને જાતના
બનાવ્યા, જ્યાં બ્રહ્માજી એ આટલી રચના કરી,
ત્યાં એમની પાસે વિષ્ણુજી ને મહાદેવજી આવ્યા,
બ્રહ્માજી ને એમ કે બંને મને શાબાશી આપશે,
આફરીન .. આફરીન પોકારી જશે, શું તમારી સૃષ્ટિ,
શું તમારું સર્જન, શું તમારી રચનાશક્તિ !!
અદ્ભુત .. અદ્ભુત કરી નાખશે. પણ એ બંનેનાં
મોઢાતો ચડેલા હતા જાણે કોઈ ગુનો કર્યો હોય !

બ્રહ્માજી પ્રશ્નાર્થ ચિહ્નને એમની સામે જોઈ રહ્યા છે,
બંનેના મોઢા છે એના ઉપર સ્પષ્ટ ફરિયાદ દેખાઈ
રહી છે, આગઝરી દેખાઈ રહી છે, મોઢા એકદમ -
વિચિત્ર છે ને વેધક દ્રષ્ટિ એ જોઈ રહ્યા છે. બ્રહ્માજી
હવે અધીરા થાય છે કે બોલો ભાઈ મેં શું ખોટું કરી
દીધું, તમને કોઈ કદર જ નથી મારા સર્જનની ! અને
એ સમયે મહાદેવજી જરા આગળ આવીને બ્રહ્માજી ને
કહે છે, કે તમારે સર્જન કરવાનું હોય તમે સંહાર શા -
માટે કરી રહ્યા છો ? બ્રહ્માજી ને કશું સમજાતું નથી,
બ્રહ્માજી વિચાર કરે છે કે આ શું કહી રહ્યા છે !
મેં તો સર્જન કર્યું છે ને સંહાર ક્યાં કર્યો છે ને
ત્યાં વિષ્ણુજી આગળ આવે છે ને કહે છે કે તમે
સર્જન પછી આમ તરત સંહાર કરી દેશો તો પાલન
કોણ કરશે ?

બ્રહ્માજી ને કશું સમજાતું નથી, મહાદેવજી
કહે છે કે ભલે ભલે તમે આટલી મહેનતથી કર્યું,
બ્રહ્માજી કહે કે મને કોઈ આશ્વાસન નથી જોઈતું,
મને કહો કે મારી ભુલ શું થઈ ગઈ, મારી ખામી
શું છે ? મેં સર્જન કર્યું એ સંહાર કઈ રીતે, મેં
ખોટું શું કર્યું છે, મને કહો !

મહાદેવજી એ કહ્યું કે બ્રહ્માજી કશું
ખોટું લગાડશો નહિ, ખુબ મહેનતથી તમે સર્જન કર્યું,
પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ, વૃક્ષ, છોડ, ઘાસ
વગેરે વગેરે તમે બનાવ્યા, ત્યાં સુધી અમને કંઈ જ
વાંધો ન હતો. તમે આ પશુ બનાવ્યા, પંખી બનાવ્યા,
માણસ બનાવ્યા, સ્ત્રી અને પુરૂષ ની જાતિ બનાવીને
તમે આ બરાબર બનાવ્યું નથી ને ત્યાં અમારી ફરીયાદ
છે. તમે સંહાર કરી દીધો છે, બ્રહ્માજી કહે હવે બોલો
કઈ રીતે સંહાર કર્યો. વિષ્ણુજી - બ્રહ્માજી ને કહે
છે કે બ્રહ્માજી સાંભળો, સર્જન ક્યારે પણ સાનુબંધ

શુક્રવાર
23 10 2020

હોવું જોઈએ. તમે સર્જન કરો ને એ સર્જન ટૂંક સમયની અંદર વિખેરાઈ જાય એવા સર્જનનો કોઈ અર્થ નથી. એવું સર્જન કરવું એટલે સંહાર કરવો એનો એ જ અર્થ છે. જે સાનુબંધ હોય, જેની પરંપરા ચાલે, એનું અસ્તિત્વ ટકી રહે તો સર્જનનો અર્થ છે, બ્રહ્માજી કહે છે કે મેં શું ખોટું કર્યું, કઈ રીતે પરંપરા ના ચાલે, મેં કઈ રીતે સંહાર કર્યો, હજુ મારા મગજમાં કોઈ જ વાત બેસતી નથી.

મહાદેવજી એ બ્રહ્માજી ને કહ્યું તમે સાંભળો, તમે સર્જન તો બધું બરાબર કર્યું પણ એમાં જે પશુ, પંખી, માણસ એમાં જે સ્ત્રી, પુરુષ, એમની પ્રજાતિઓ, એમના જે પરંપરા ના વાહક અંગો, એ તમે સાવ જ ગંદા અને ગંધાતા બનાવ્યા છે. તમારા માં આટલી બુદ્ધિ નથી, - આટલી SENSE નથી, જેનાથી પરંપરા આગળ - ચાલવાની એ અંગો ને આટલા જુગુપ્સનીય - બનાવ્યા, આટલા બીભત્સ બનાવ્યા, કોઈ ડાહ્યો માણસ એનું નામ લેવા તૈયાર નહિ થાય, મુર્ખો હોય એ ય નજીક જવા તૈયાર ન થાય, તમે ગમે તેટલી લાલચ આપો તો એ કોઈ એને - હરગીઝ અડવા તૈયાર ન થાય, એ અંગો નકામા થઈ જવાના, એ અંગો નો કોઈ ઉપયોગ નહિ થવાનો, અને એના કારણે તે તે પ્રજાતિઓ તેમની આગળની પેઢી જ નહિ થાય, અને એના કારણે સંહાર પોતાની મેળે થઈ જશે. તમારું સર્જન નિરાનુબંધ છે, સાનુબંધ નથી, એનું કારણ આ છે, અને માટે હકીકતમાં તમે સંહાર જ કર્યો છે. વાત સાંભળતાની સાથે બ્રહ્માજી ખડખડાટ હસવા લાગે છે, અને મોઢું વકાસી ને જોયા કરે છે ને, બ્રહ્માજી કહે છે કે મને આજસુધી

એમ હતું કે તમે બંને બુદ્ધિશાળી છો, પણ આજે મને એમ લાગે છે કે તમારામાં બિલકુલ બુદ્ધિ નથી. તમને લાગે છે કે મારામાં નથી. શું તમે મને એવો મુર્ખો સમજો છો ? મને કશી ખબર જ નહીં પડતી હોય ?

મહાદેવજી કહે છે કે બ્રહ્માજી અમે જે જોયું છે, અમે જે સમજ્યા છીએ એનો તો સ્પષ્ટ આ જ અર્થ છે, કે તમે સર્જન નહીં પણ સંહાર કર્યો છે. અને એ સમયે બંને આશ્ચર્ય માં ડુબેલા છે. બ્રહ્માજી મરક- મરક હસી રહ્યા છે, અને- મહાદેવજી કહે છે કે, બની શકે કે અમારામાં - બુદ્ધિ નથી, અમારી ભુલ થતી હોય, કઈ રીતે થઈ છે, અમે કહ્યું છે એમાં અમારી ક્યાં સમજફેર થાય છે, એ તમે કહો !

બ્રહ્માજી કહે છે કે તમે મારું સર્જન જોયું, પ્રાણીઓ જોઈ, એમના અંગો જોયા પણ તમે, હજુ મારા સર્જન ને પુરે પુરું જોયું નથી ! જો હજુ આગળ વધી ને કહું તો એ ચર્મચક્ષુ થી સંપુર્ણ પણે જોવા શક્ય જ નથી. જે શરીર અને અંગો ની રચના કરી એની સાથે, મેં હજુ એક વસ્તુ એમની અંદર મુકી છે. જેનું નામ છે "ભોગ- તૃષ્ણા". તમે જે કહો છો એ મને ખબર છે ને હું પણ સૌ ટકા કહું, કે અંગો બિભત્સ છે, અંગો જુગુપ્સનીય છે, કોઈ ડાહ્યો માણસ નહીં, કોઈ મુર્ખો માણસ પણ એનું નામ લેવા તૈયાર ન થાય. એવા અંગો છે ને છતાં પણ પરંપરા ચાલતી રહેશે, સંહાર નહીં થાય. મારું સર્જન હજારો, લાખો, કરોડો, અબજો, સૈંકડો વર્ષો સુધી ટકી રહેશે, કારણકે આ "ભોગ- તૃષ્ણા" ને કારણે, એ જુગુપ્સનીય અંગો પણ આકર્ષક લાગશે. તે તો પ્રાણીઓ, તેમની-

તેમની પ્રજાતિના વિજાતીય શરીરમાં મોહાશે, તેમાં પ્રવૃત્તિ કરશે, અને પરિણામે પરંપરા ચાલુ રહેશે. વિષ્ણુજી અને મહાદેવજી બંને સ્તબ્ધ બનીને-સાંભળી રહ્યા છે. બ્રહ્માજી ની વાતને સમજવાનો પ્રયાસ કરી રહ્યા છે, અને એ સમયે બ્રહ્માજીને મહાદેવજી પ્રશ્ન કરે છે, કે આ રીતે તમે અંગોને જુગુપ્સનીય બનાવી, અને એની અંદર ભોગ-તૃષ્ણા મુકો, એના કરતા અંગોને સુંદર જ કેમ ના બનાવ્યા ? બ્રહ્માજી કહે છે કે માત્ર એ અંગોની જ વાત ક્યાં કરો છો, આખું શરીર જુગુપ્સનીય છે, આખું શરીર અશુચિ છે, બીભત્સ છે, આતો માત્ર એક ચામડીનું આવરણ છે, જેના કારણે બહારથી કંઈક અને અમુક જ ઉંમરમાં, આ શરીર સારા લાગે, બાકી તો આખું શરીર - જુગુપ્સનીય છે.

વિષ્ણુજી એ કહ્યું કે તો તમે શા માટે આવું બનાવ્યું ? આખું શરીર જુગુપ્સનીય, અંદરથી એ જુગુપ્સનીય, ને બહારથી અંગો એ જુગુપ્સનીય, આવું બધું તમે શા માટે કર્યું ?? આના કરતા બધું સુંદર જ બનાવ્યું હોત તો, આકર્ષણ થાત ને એ પ્રજાતિઓની પરંપરા ચાલુ રહેત, આવું બનાવવું, ભોગ-તૃષ્ણા મુકવીને આ રીતે પરંપરા ચલાવવી, એનું કારણ શું ? અને હવે બ્રહ્માજી એકદમ ગંભીર થઈ ગયા છે, અને બ્રહ્માજી કહે છે કે સાંભળો, મેં PURPOSELY શરીરને ગંદુ બનાવ્યું છે, અંગોને જુગુપ્સનીય - બનાવ્યા છે, બિભત્સ બનાવ્યા છે. કારણકે, હું એક સંદેશ આપવા માંગુ છું, કે આ જીવન શરીરના મોહમાં બરબાદ કરવા માટે નથી. હું એક સંદેશ આપવા માંગુ છું, શરીર એ નશ્વર છે, શરીર એ અશુચિ છે.

શુક્રવાર
23 10 2020

શરીર બીભત્સ છે, શરીર જુગુપ્સનીય છે, શરીર દુર્ગંધી છે. આ જીવન શરીર ને કેન્દ્રમાં રાખીને જીવવા માટે નથી, આ જીવન આત્માને કેન્દ્રમાં રાખીને જીવવા માટે છે.

શરીરના મોહથી જ બીજું શરીર લેવું પડે, ત્રીજું-ત્રીજું છુટે, ચોથું-ચોથું છુટે, પાંચમું .... આ રીતે-અનંતાનંત શરીરો જીવ લે છે ને છોડે છે, શરીરના-મોહથી જ જન્મ અને મરણની પરંપરા ચાલે છે. માટે એ સંદેશ આપવો છે, શરીરની અશુચિતા ને સમજો. શરીરની જુગુપ્સનીયતા ને સમજો, વિવેકી બનો, -અને જે વિવેકી બનશે, એ આવું શરીર જોઈને, શરીરના મોહથી મુક્ત થશે, અને એ જીવ છે એનો મોક્ષ થઈ જશે.

મહાદેવજી અને વિષ્ણુજી હવે વાતને-સમજી રહ્યા છે, ને વિષ્ણુજી પ્રશ્ન કરે છે તો પછી આ રીતે પરંપરા બંધ થઈ જશે, જે આપ શરીર બનાવ્યા, શરીરની જીવો, પ્રજાતિઓ સમજતા જ હશે, એનો મોહ છોડતા જ હશે, વિવેકી બનતા જશે, એમનો મોક્ષ થઈ જશે, તો પછી પરંપરા કઈ રીતે ચાલશે?, બ્રહ્માજી જવાબ આપે છે, પરંપરા ચાલે કે ના ચાલે એ ખરો પ્રશ્ન છે જ નહિ, પરંપરા તો દુઃખની જ પરંપરા છે. જે અવિવેકી એમાં બંધાય ને રહેશે, વિવેકીનો મોક્ષ થઈ જશે. ખરો પ્રશ્ન પરંપરાને ચલાવવાનો નથી, ખરો પ્રશ્ન વિવેક ને જગાડવાનો છે, અને એક વાસ્તવિકતા એ છે, કે મોટાભાગની પ્રજાતિઓને વિવેક જાગતો જ નથી. લાખો .. કરોડો .. અબજો માં કોઈક વિરલા હોય, કોઈક RARE PERSON હોય, જેમને વિવેક જાગે, જે શરીરનું વાસ્તવિક સ્વરૂપ સમજે. શરીરના મોહથી મુક્ત થાય, અને એમનો મોક્ષ થાય. મોટાભાગના જીવો તો આ જ બિભત્સ અંગોમાં, આ જ જુગુપ્સનીય શરીરોની અંદર

મોહાયેલા રહે છે, લપટાયેલા રહે છે અને એના કારણે, પોતે ભવ ભ્રમણ કરતા રહે છે.

એક DOCTOR પોતે SUERGEON હતા, OPERATIONS એમને રોજ કરવાના થાય, શરીર ચીરવાના થાય, શરીરની અંદર જોવાનું થાય, - અમારા એક મહાત્મા પાસે એ DOCTOR આવ્યા હતા, અને દિલ ખોલીને એમણે વાત કરી, કે આના માટે અમે બધું કરીએ છીએ! લગ્ન કરવા, પરિવાર ઉભો કરવો, એના માટે ઉધામા કરવા, આકાશ પાતાળ એક કરવા, લડાઈને ઝઘડા કરવા, હૈયા હોળીઓ કરવી, આર્ત ધ્યાન- રૌદ્ર ધ્યાન કરવા, પૈસા કમાવવા બધા જ સાચા ખોટા કામો કરવા, બધું જ છેલ્લે શેના માટે ? આના માટે! આપણે કદી વિચાર કર્યો કે જીવનમાં આપણે કોને કેન્દ્રમાં રાખી ને બેઠા છીએ. શેના માટે આ બધી જ અપામણ છે ? શા માટે ? હજુ આપણને શા માટે નથી થતું, હજુ વિવેક નથી જાગતો ? હજુ સાચા ઉદ્દેશ્યો જીવનના મળતા નથી, આત્માનું અનંત- કાળનું ભવભ્રમણ, નરકાદિ દુર્ગતિઓ, નિગોદના દુઃખો, આ ચોર્યાશી લાખ યોનિઓ, અનંતકાળે એમાંથી આત્મા માંડ ઉંચો આવ્યો, મનુષ્ય ભવ, જૈન કુળ, જિનવાણીની શ્રદ્ધા, અહીંયા સુધી જીવ પહોંચ્યો, હવે અહીંયાથી પાછો વળશે, એ પણ આના માટે, જે ગંદુ અને ગંધાતુ છે. જેમાં કોઈ કસ નથી, માત્ર કાલ્પનિક સુખ છે. વિવેકથી વિચારીએ તો એમાં બિલકુલ પ્રવૃત્તિ કરવા જેવી નથી, એનો વિચાર કરવા જેવો નથી, એના માટે આપણે મોક્ષ નું સુખ, આત્મા નું કલ્યાણ, આપણું અનંત ભવિષ્ય, આ બધું જ ગુમાવી દેશું ? આપણે ક્યારે વિચાર કરશું ? બધું જ જેના માટે છે,

એ જ એ આરતી BONUS [બોનસ] વસ્તુ છે. - બીભત્સ વસ્તુ છે, તુચ્છ અને કાલ્પનિક સુખ, એની અંદર છે, હકીકતમાં એમાં દુઃખ છે, કર્મબંધનું કારણ છે, હકીકતમાં અનંત દુઃખ લાવનારું છે. ની એના માટે વઈને શાશ્વત સુખ ગુમાવી દીધું !

શ્રીની ભગવંતો સ્પષ્ટ કરે છે,

જાવઈયા કિર દોસા ઈહપરભવે દુહાવહા હુંતિ ।

દુનિયાની અંદર જેટલા દોષો છે, જેટલા પાપો છે, - જેનાથી જીવ નરકમાં જાય છે, જેનાથી જીવ ચોર્યાશી - લાખ યોનિમાં ફરે છે, જેનાથી જીવ અનંતકાળ નિગોદ ની જેલમાં પુરાય જાય છે,

તે સવ્વે વિય જીવો આણહવઈ મેહુણાસત્તો ।

જે મૈથુન માં આસક્ત છે, મૈથુન સંજ્ઞાથી ગ્રસ્ત છે, એ સંસારના બધા દોષો દુઃખો, બધા જ પાપો નો ભોગ બને છે. ઉપદેશમાલામાં ધર્મદાસ ગણિ મહારાજ, મોહાધીન જીવની આંખમાં વિવેક નું અંજન કરવાનો પ્રયાસ કરતા કહે છે,

જં જં ણજ્જઈ અસુઈં લજ્જિજ્જઈ કુચ્છણિજ્જમેયંતિ ।

જે અશુચિ લાગે, શરમ આવે, જુગુપ્સનીય લાગે, ખબર છે ખુબ જ આ જુગુપ્સનીય વસ્તુ છે, ગંદી વસ્તુ છે,

તં તં ~~મગ્ગઈ~~ મગ્ગઈ અંગં ણવરં અણંગુ ત્થ પડિકૂલો ॥

મોહાધીન જીવને એ જ અંગ જોઈએ છે.

ણવરં અણંગુ ત્થ પડિકૂલો ।

અહીંયા એક આ ભોગતૃષ્ણા, આ કામદેવ, આ કામ, વૃત્તિ એ જ જીવને નડયા કરે છે. જીવનો ખરો દુશ્મન એ કામ જ છે. અવિવેક થી સંસાર છે, વિવેક થી મોક્ષ છે. કાર્તિકી અનુપ્રેક્ષા ગ્રંથની અંદર, વિવેક - આપવાનો પ્રયાસ કર્યો છે કે તમે શાંતિથી ફક્ત સ્વરૂપનો વિચાર કરો, વસ્તુ સ્થિતિ નો વિચાર કરો, હકીકત ને - વાસ્તવિકતા નો વિચાર કરો,

दुर्गन्धे चर्मगर्ते, व्रणमुखशिखरे, मूत्ररेतःप्रवाहे

એ દુર્ગંધી છે, એ ચામડાના ખાડા જેવું છે, એ એક ગુમડા જેવી વસ્તુ છે, એની અંદર મુત્ર વગેરે ગંદી અશુચિ જેવી વસ્તુઓ વહેતી હોય છે.

मांसासृक्कर्दमार्द्रे, कृमिकुलकलिते

માંસ, લોહી વગેરે જેની અંદર, કાદવ ભરેલો છે. જેની અંદર કીડાઓ ખદબદી રહ્યા છે. સુક્ષ્મ દર્શક યંત્રની અંદર દેખાય કે ભાઈ કેટકેટલા કીડાઓ છે. કેટકેટલા કૃમિઓ ખુણા ખુણા છે.

दुर्गमे दुर्निरीक्ष्ये।

શરીરનો એ સ્વભાવ છે, ધાતુઓનો એ સ્વભાવ છે, અશુચિઓનો એ સ્વભાવ છે, ગંદકીઓનો એ સ્વભાવ છે, કે જેના કારણે અંદર કૃમિઓ ખદબદે, દુર્ગંધ છે, જે અટપટું અંગ છે, જેને જોવું પણ અટપટું છે.

विष्ठाद्वारोपकण्ठे गुदविवरणके - वायुधूमातिधूपे।

જેની નજીક જ વિષ્ટાનું દ્વાર છે, જેનું વર્ણન કરતા પણ શરમ આવે, લજ્જા આવે, જેની વાત કરવા જેવી નથી, જ્યાં શરીરના દુર્ગંધી વાયુઓ વધારે દુર્ગંધ ફેલાવતા હોય, જ્યાંથી અશુચિઓ બસ ઝર્યા જ કરે... ઝર્યા જ કરે... ઝર્યા જ કરે.

गुदविवरणके...

કાર્તિકી અનુપ્રેક્ષા ગ્રંથ, કહે છે, જેનું આકર્ષણ છે, જેનો મોહ છે, એ અંગોનો તમે સમ્યગ વિવેકપૂર્વક વિચાર કરો! યોગશાસ્ત્રમાં કલિકાલ સર્વજ્ઞ કહે છે,

निद्राच्छेदे योषिदङ्ग - सतत्त्वं परिचिन्तयेत्।

स्थूलभद्रादिसाधूनां, तन्निवृत्तिं समाचरन्॥

અડધી રાત્રે પણ શ્રાવકની ઊંઘ ઉડી જાય, અને કામ એના ઉપર કબજો મેળવવાનો પ્રયાસ કરતો હોય ને, એ સમયે શ્રાવક સાવધાન થઈ જાય, અને જેનું

શુક્રવાર
23 10 2020

આકર્ષણ છે. એના માટે વસ્તુ સ્થિતિ, વસ્તુ તત્વનો વિચાર કરો.

अतत्त्वं परिचिन्तयेत्

યોગશતકમાં હરિભદ્રસૂરી મહારાજ કહે છે,

अतत्त्वदर्शननिबन्धनो हि रागः, स हि तत्त्वदर्शने निवर्तत एव,

રાગ શેનાથી જાગે છે, અતત્વના દર્શનથી જાગે છે, જે નથી એને તમે જુઓ, ગંદુ છે એને સારું જુઓ, દુર્ગંધી છે એને સુગંધી જુઓ, અશુચિ છે એને શુચિ જુઓ, નશ્વર છે એને શાશ્વત જુઓ, ખરાબ છે એને સારું જુઓ, અહિતકર છે એને હિતકર સ્વરૂપે જુઓ, જે દુ:ખનું કારણ છે એને સુખના કારણ સ્વરૂપે જુઓ,

अतत्त्वदर्शननिबन्धनो हि रागः।

જે ખોટું જુએ ઉંધુ જુએ, વિપરીત જુએ, નથી એ જુએ એને રાગ જાગે.

स हि तत्त्वदर्शने निवर्तत एव ॥

જો તત્વનું દર્શન થઈ ગયું તો રાગની ગયો જ છુટકો!

* ભોગતૃષ્ણા છે ત્યાં સુધી ખુંડણમાં પણ આસરા લાગે છે.
* ભોગતૃષ્ણા જતી રહે પછી આસરામાં પણ ખુંડણ લાગે છે.
* ભોગતૃષ્ણા છે ત્યાં સુધી ભોગ એજ યોગ લાગે છે.
* ભોગતૃષ્ણા જતી રહે પછી યોગ જ એજ ભોગ બની જાય છે.

માણસમાં ભોગ-તૃષ્ણા આવે એટલે એ પશુ બને, માણસમાંથી ભોગ-તૃષ્ણા જતી રહે એટલે એ ભગવાન બને! બસ, આટલું જ છે. મોક્ષ - ONE - STEP છે, એક જ પગલું છે, હાથવેંતમાં છે, બસ એક પગલાનું અંતર એટલે ભોગતૃષ્ણા દુર કરવી, ભોગતૃષ્ણા ગઈ એટલે આપણો મોક્ષ નક્કી!

यकृच्छकृन्मलश्लेष्म - मज्जास्थिपरिपूरिता ।
स्नायुस्यूता बहिः रम्या, स्त्रियश्चर्मप्रसेविका ॥

અંદર યકૃત છે, અંદર જઠર છે, અંદર આમાશય,

શુક્રવાર
DATE 23 10 2020

પિત્તાશય, મુત્રાશય, મળાશય, કેટકેટલી ગંદકી અંદર ભરેલી છે. અંદર શ્લેષ્મ છે, કફ છે, પિત્ત છે, અંદર અશુચિઓની ગાઠવી ભરેલી છે.

स्नायुस्यूता

સ્નાયુઓથી બનાવેલી એક થેલી છે આ શરીર, ચામડાની ધમણ છે આ શરીર, જેની અંદર નકરી અશુચિ ભરેલી છે, એમાં રાગ શું કરવો એમાં મોહાવું શું ?

कामान्धः कामिनीनां, कीर्तितत्विकटे गर्दभत्युत्थमोहात्।

અને છતાં કામાંધ જીવ સમજુ શકતો નથી, વિજાતીયમાં આસક્ત થાય છે, અને એના અંગો આગળ, ગધેડા જેવું એ આચરણ કરે છે. આ બધો જ મોહનો વિલાસ છે.

**સભાનો પ્રશ્ન :-** ભગવંત ! ભોગ-તૃષ્ણા વગર ભોગમાં પ્રવૃત્તિ શક્ય છે, તીર્થંકર ભગવંતોમાં આવું જોવાય છે !

**પૂજ્યશ્રી નો ઉતર :-** વિતરાગ ~~[illegible]~~ સ્તોત્રની અંદર કલિકાલ સર્વજ્ઞએ આ સવાલનો જવાબ આપ્યો છે.

यदा मरुन्नरेन्द्रश्री - स्त्वया नाथोपभुज्यते ।
यत्र तत्र रतिर्नाम, विरक्तत्वं तदापि ते ॥

એક અપવાદયુકત જીવો હોય છે, એક દમ વિરલ જીવો હોય છે, પૂજ્યપાદ ચંદ્રશેખર વિજયજી મહારાજ સાહેબે, ત્રિભુવન પ્રકાશ મહાવીર દેવ, આ પુસ્તકની અંદર, ભગવાનના છેલ્લા ભવની વાત તો જવા દો, ભગવાન ના SECOND LAST ભવ, દેવલોકના ભવ, દસમા પ્રાણત દેવલોકના ભવ, દેવીઓ મનાવવા મથે ને ભગવાનની જે વૈરાગ્ય, જે વૈરાગ્યની એમની સ્થિરતા, જે સંસાર પ્રત્યે - ઉદાસીનતા, અને ભગવાનની જે વૈરાગ્ય દશાનું વર્ણન

કર્યું છે. કલિકાલ સર્વજ્ઞ કહે છે,

સુખે દુઃખે ભવે મોક્ષે યદૌદાસીન્યમીશ્વરે।

સુખમાં એ વૈરાગ્ય, દુઃખમાં એ વૈરાગ્ય, દેવલોકમાં એ વૈરાગ્ય, મોક્ષમાં એ વૈરાગ્ય,

તદા વૈરાગ્યમેવેતિ કુત્ર નાસ્તિ વિરાગવાન્ ॥

ભગવાન આપનો ક્યાં વૈરાગ્ય નથી એ પ્રશ્ન છે! આવી બધી વાતો હોય એટલે સૌથી પહેલા આપણને તીર્થંકરના લગ્નનો એ બધું યાદ આવે, એ બધાની વાત જુદી છે, આપણી વાત જુદી છે. કલિકાલ સર્વજ્ઞ વિતરાગ સ્તોત્રમાં કહે છે,

નિત્યં વિરક્તઃ કામેભ્યો યદા યોગં પ્રપદ્યસે।

ભગવાન આપ દીક્ષા લીધી ત્યારે તો આપનો વૈરાગ્ય હોય જ છે, પણ એની પહેલા પણ,

નિત્યં વિરક્તઃ કામેભ્યઃ।

પાંચે ઈન્દ્રિયોના વિષયોમાંથી એકે વિષય આપને કદી લોભાવી ના શકે, આપ રાજા હો, આપ ચક્રવર્તી હો, ઉચ્ચમાં ઉચ્ચ કક્ષાના ભોગો આપની સામે હોય, છતાં ભગવાન આપને કદી પણ ગલગલિયા ન થાય, એ વૈરાગ્યની આપની સ્થિતિ છે!

શાંતિનાથ ભગવાન ચક્રવર્તી હતા, - ચોસઠ હજાર રાણીઓ, દરેક રાણીની બે-બે સખીઓ, એ પણ શાંતિનાથ ભગવાનની પત્ની થાય ને એક લાખ બાણું હજાર પત્નીના સ્વામી, એમનું આયુષ્ય જુઓ ને એમાં ચક્રવર્તી પણાના ભોગવટાનો કાળ જુઓ, એની અંદર પણ શાંતિનાથ ભગવાનનો જે વૈરાગ્ય, રાજસભામાં સિંહાસન ઉપર બેસતા હોય, બત્રીસ હજાર દેશના રાજાઓ આવતા હોય, આમ માથું ઝુકાવતા હોય, નવી-નવી નાટક COMPANY આવતી હોય, સામે અપ્સરાઓ નૃત્ય કરતી હોય, તો તો એ ભગવાનના અંતરમાં એક ક્ષણ માટે પણ ગલગલિયા ન થાય, આવી

પરાકાષ્ઠાનો વૈરાગ્ય, તીર્થંકર પરમાત્માને હોય છે. આદિનાથ ભગવાનનું ચરિત્ર, કલિકાલ સર્વજ્ઞએ જે આલેખ્યું છે, બીજા બધા જ તીર્થંકરો શરૂઆતમાં ઈન્દ્રે અંગુઠામાં મુકેલું અમૃત ચુસે ને પછી રાજમહેલના રસોડામાં બનતી રસોઈ જમે, આદિનાથ ભગવાને દીક્ષા લીધી ત્યાં સુધી, રસોડાની રસોઈ જમી નથી !

દેવકુરુ ને ઉત્તરકુરુના કલ્પવૃક્ષના ફળો દેવતાઓ એમની માટે લઈ આવતા ને એનો જ આહાર ભગવાને કર્યો છે. ચમરેન્દ્રે શરીરનું અડધું શરીર ધારણ કર્યું છે, પોતાના ~~ખો~~ ખોળામાં અડધું શરીર, બાકીનું અડધું શરીર બલિન્દ્રે પોતાના ખોળામાં, હાથ પગ એ અપ્સરાઓએ ભગવાનના ઉંચકયા છે, ને ત્યાં શબ્દ લખ્યો છે,

સઙ્ગીતં દિવ્યમૈક્ષત ।

દિવ્ય સંગીત ભગવાનની સામે ચાલી રહ્યું છે. એક ચિત્ર નજર સામે લાવવાનો પ્રયાસ કરીએ, ચિત્ર જોવાનો પ્રયાસ કરીએ, દેવતાઓને પણ દુર્લભ એવા ભોગો, ભગવાનની સામેથી મળી રહ્યા છે, તમે ઉંચામાં ઉંચા વિષયસુખની કલ્પના કરો, એ ભગવાનને સ્વાધીન છે ને પરમાત્માનું મન એમાં બિલકુલ ભળતું નથી !

કલિકાલ સર્વજ્ઞ વિતરાગ સ્તોત્રમાં કહે છે,

પટ્વભ્યાસાદરૈઃ પૂર્વં તથા વૈરાગ્યમાહરઃ ।

ભગવાન આપે જે વૈરાગ્યનો અભ્યાસ કર્યો, સંવેગ અને નિર્વેદનો અભ્યાસ કર્યો, અને ભગવાન આ અભ્યાસ આપનો દરેક ભવમાં આગળ વધતો ગયો... વધતો ગયો... વધતો ગયો, આપની જે કુશળતા, આપની જે વિદ્વતા, આપનો વિવેકમાં જે

શિરોમણીતા ને ભગવાન, છેલ્લા ભવની અંદર, એ અભ્યાસ પરાકાષ્ઠાએ પહોંચ્યો !

કલ્પનાનું મૃત્યુ થયું, ભાવના નો વિજય થયો, મોહ નું જોર ખલાસ થઈ ગયું, આત્માનું જોર ઉત્કૃષ્ટ બન્યું, અને પછી જે થયું એ આપણી નજરની સામે છે.

नित्यं विरक्तः कामेभ्यो, यदा योगं प्रपद्यसे ।

કામભોગો થી વિરક્ત રહેનારા ભગવાન આ ! અને જ્યારે આપ આ યોગો ને ધારણ કરો છો, દીક્ષા લો છો, લોચ-કરો છો, કરેમિ ભંતે ની પ્રતિજ્ઞા કરો છો, ભગવાન ! જન્મ થી લઈને દીક્ષા ની ક્ષણ સુધી, જેણે સતત આપને જોયા છે ને, આપ ઉપર ઓવારી જાય ભગવાન, વૈરાગ્યના ઝરણા એમાંથી ફૂટી ફૂટી ને નીકળતા હોય, સંવેગનો મહાસાગર હિલોળા લેતો હોય અને ભગવાન, એની CLIMAX ની પળ ત્યારે આવે, જ્યારે આપ દીક્ષા લો,

अलमेभिरिति प्राज्यं तदा वैराग्यमस्ति ते ।

પત્યું આ કામભોગોથી, ન જોઈએ, બસ હવે બહુ થઈ ગયું. આ પરાકાષ્ઠા નો વૈરાગ્ય આપના સંસાર ત્યાગની પળે હોય છે.

यावदेषा शरीरस्था वर्तते भोगतृष्णिका ॥

સિદ્ધર્ષિગણિ મહારાજ, બહુ સ્પષ્ટ કહે છે, જ્યાં સુધી આ શરીરની અંદર ભોગતૃષ્ણા છે, ત્યાં સુધી અશુચિ ના પુંજ સમાન અંગો, સુંદર લાગે છે, સારા લાગે છે, ગમે છે.

तदभावे मनस्तेषु न स्वप्नेऽपि प्रवर्तते ॥

અને એ ભોગતૃષ્ણા જતી રહી, તો પછી સપનામાં પણ એ અંગોમાં, મનની પ્રવૃત્તિ થવાની નથી.

સભાનો પ્રશ્ન :- અમે તો સંસારમાં સતત નિમિત્તો ની વચ્ચે રહીએ છીએ, તો એમાં કઈ રીતે ભોગ-તૃષ્ણા ને શાંત કરવી.

પૂજ્ય શ્રીનો ઉત્તર :- તમારો પ્રશ્ન એટલો જ છે કે,

ACTUALLY અમે, રહેવાના તો કોલસાની ખાણમાં જ છીએ, અમને કઈ રીતે ચોખ્ખા થવું ને એ તમે સમજાવો. અમે અહીંયાથી નીકળી શકીએ એમ નથી, નીકળવાનો વિચાર પણ નથી, તમે ગમે તેટલું કહો, ઘણા બધા આવ્યા અહીંયા, ઘણા બધા ગયા, આ રીતે નીકળવાની વાત કરી, અમારે નીકળવું નથી, અમારે અહીંયા રહીને ચોખ્ખા રહેવું છે, ચોખ્ખા થવું છે, કઈ રીતે થવું ? એ હું તમને કહું છું કે આનો જવાબ તીર્થંકરો પણ નહીં આપી શકે. કારણકે એ શક્ય જ નથી

પહેલા નંબરની અંદર તમારે ચોખ્ખા થવું છે કે નહિ આ નક્કી કરો, તમે મુંબઈ જવું છે આટલું નક્કી કરો પછી આ ગાડીનો કલર હોવો - જોઈએ, આવી ગાડી હોવી જોઈએ, એનું કોઈ જ IMPORTANCE નથી. મુંબઈ જવાનું જરૂરી છે, તો જે ગાડી મળે એમાં તમે બેસીને મુંબઈ પહોંચી જશો, કલર નો આગ્રહ રાખશો તો તમે અહીંયા ના અહીંયા જ રહેશો.

તમારે ચોખ્ખા થવું છે આટલું નક્કી કરોને જે રીતે ચોખ્ખા થવાતું હોય, એ OPTION ને તમે પકડી લો, અમારે અહીંયા નિમિત્તો વચ્ચે રહીને - ચોખ્ખા થવું છે, આવો આગ્રહ રાખશો તો અનંત-કાળે પણ તમે ચોખ્ખા નહીં થાવ !

ANSWER NUMBER ONE :- તમે ત્યાંથી બહાર નીકળી જાવ. જે ચોખ્ખા થયા છે ત્યાં પહોંચો, અને પછી તમારું શુદ્ધિકરણ તમે શરૂ કરો.

ANSWER NUMBER TWO :- તમે કહો કે સાહેબ વાત બધી સાચી - માનીએ છીએ કે નીકળવું જોઈએ પણ નીકળી શકતા

નથી, જ્યાં સુધી છીએ ત્યાં સુધી અમારે ભોગ-ઉપભોગ ઓછી કરવી છે તો શું કરવું ? તમારો ભાવ બરાબર છે. એ દ્રષ્ટિએ હું તમને જવાબ આપુ છું. એ જવાબ પહેલા તમારે પહેલો આપેલ જવાબ જ સ્વીકારવો પડશે, નહીં તો કશે પણ ઠેકાણું નહીં પડે ! કરીએ છીએ - પ્રયાસ, નીકળવું છે પણ જ્યાં સુધી ન નીકળીએ ત્યાં સુધી શું કરવું ? એ સંદર્ભમાં જવાબ સાંભળો,

ANSWER NUMBER TWO :- જેટલા જેટલા શુભ નિમિત્તો નું સેવન વધી શકે, એટલું સેવન વધારો ! દેરાસર અને ઉપાશ્રયની અંદર તમારો સમય વધારો, પ્રભુભક્તિ, સામાયિક, પૌષધ નો સમય વધારો. સ્વાધ્યાય નો સમય વધારો, જે તમારા જીવન માટે જરૂરી નથી, છાપું તમારા જીવન માટે જરૂરી નથી, T.V. જીવન માટે જરૂરી નથી, સિનેમા જીવન માટે જરૂરી નથી, MAGAZINE જીવન માટે જરૂરી નથી, તમારો BUSINESS પતી ગયો, પછી ફોન મુકી દો, કોઈની તાકાત નથી મને ફોનને TOUCH કરાવી શકે. વાત બધી જ પુરી થઈ ગઈ, અને એની અંદર પણ જેટલા MISUSE હોય, એનો ત્યાગ તમે કરી દો. તમારું GROUP છે, જે તમને HILL STATION એ લઈ જાય, CLUB એ લઈ જાય, RESORT માં લઈ જાય છે, CINEMA જોવા લઈ જાય છે, ફરવા લઈ જાય છે, એ ગ્રુપને તમે છોડો. એવું ગ્રુપ બનાવો, જે તમને શિબિર માં લઈ જાય, ધ્યાન શિબિરમાં લઈ જાય, પ્રવચનમાં લઈ જાય, તત્વજ્ઞાનની પાઠશાળામાં લઈ જાય, આવું કોઈ ગ્રુપ બનાવો, હજુ આગળ વધીને, ઘરમાં એક ROOM, એક GALLERY, એક નાનો ખુણો એવો બનાવો, જે ઉપાશ્રયના જેવો હોય.

ANSWER NUMBER TWO ના સંદર્ભમાં તમને કહું છું, કોલસાની ખાણ નો એક ખુણો તો ચોખ્ખો રાખો.

કે જ્યાં તમે ચોખ્ખા રહી શકો, જ્યાં તમને કાદાના લાગો. PERMANENT તમે એની અંદર નહી રહી શકો, ભલે તમારે ત્યાંથી બીજા ROOM માં આવવું પડ્યું, એક ખુણો એક ROOM એવો હોય જેની અંદર ભગવાનના ફોટા, ભગવાનની મુર્તિ, ચારિત્રના ઉપકરણો, જ્ઞાનના ઉપકરણો, પુસ્તકો, પ્રતો, - સ્વાધ્યાય ના આલંબનો, જેની અંદર તમે સામાયિક કરો, જેની અંદર તમે મૌન રાખો, જેની અંદર પ્રભુભક્તિ કરો, જેની અંદર જપ કરો, જેની અંદર સ્વાધ્યાય કરો, આવો એકાદ ખુણો એ ઘર નાનું છે તો, એકાદ ROOM એ ઘર મોટું છે તો, આટલું CREATE કરો, એના દ્વારા પણ ભોગ-તૃષ્ણા ઓછી થશે. આજે સમય થયો છે, બાકી આટલું રાખીએ.

उपमिति भव प्रपंच कथा - प्रस्ताव त्रीजो

शनिवार

व्याख्यान नंबर - ८२  २४ १० २०२०

व्याख्यान स्थळ :- श्री आंबावाडी जैन संघ, अमदावाद

परम कारुणिक श्री सिद्धर्षि गणि महाराज, परम पावन श्री उपमिति भव प्रपंच कथा ग्रंथनी अंदर, "भोग-तृष्णा"नुं वर्णन करी रह्या छे. सिद्धर्षि गणि महाराज आपणने कहेवा मांगे छे के जो तमे आटलुं समजी जव, तो तमारे बीजुं कशुं ज समजवानुं बाकी नाहे रहे ! जो तमने जो आटलुं ना समजाय तो तमे बीजुं गमे तेटलुं समजी लो, एनो कोई अर्थ नथी.

स्त्रिया कई रीते भोगवी शकाय, ए आ प्रश्न भुंड ने कदी पण होतो ज नथी. अंगो - जुगुप्सनीय कई रीते, अंगो शा माटे जुगुप्सनीय नही, आ प्रश्न कदी पण ज्ञानी ओने जागी शके, आ प्रश्न कदी पण रागी ने होतो ज नथी ! रागीना मनमां विचार सुध्धा नथी, एनी जिंदगी पुरी थई जाय छे, एने आ प्रश्न जागतो ज नथी. जे पळे आ प्रश्न रागी ने जागे, ए पळे रागीनुं भुंड पणुं - मटी गयुं होय छे.

मळ-मुत्र वगेरे भौतिक गंदकी छे. देहनी अंदर सौंदर्य नो भ्रम थाय, ए आध्यात्मिक गंदकी छे. जेनी आध्यात्मिक गंदकी जती रहे छे, एनी भौतिक गंदकी पण जती रहे छे. उत्तराध्ययन सुत्रनी अंदर स्पष्ट कर्युं छे.

स देवगंधव्वमणुस्सपूइए चइत्तु देहं मलपंकपुव्वयं।

आध्यात्मिक विशुध्धि जेने प्राप्त थई, तो देव-गंधर्व अने मनुष्यथी पूजित थाय छे. आ मल पंक पूर्वक - भीतरी बधी देह नी गंदकी, भौतिक गंदकी, एने पण छोडी दे छे.

सिद्धे वा हवइ सासए देवे वा अप्परए महिड्ढिए ॥

या ए शाश्वत सिद्ध भगवंत थाय छे.

देवे वा अप्सरस्क महर्द्धिक
અને હજુ જો કંઈક ભવસ્થિતિ બાકી છે, બે-ચાર-પાંચ ભવ બાકી છે, તો એવા દેવ થાય છે, ઋદ્ધિ મોટી હોય, અને આસક્તિ અત્યંત અલ્પ હોય! સિદ્ધર્ષિ ગણિ મહારાજ આગળ વધે છે.

समानेऽपि पुरुषत्वे परकिंकरतां गताः।

પુરુષત્વ સમાન જ છે, આ પણ પુરુષ છે, આ પણ પુરુષ છે, છતાં પણ એક શેઠ છે, એક નોકર છે, એક આદેશ કરનાર છે, એક પાલન કરનાર છે, એક રાજા છે, એક કિંકર છે.

निन्द्यं यत्कर्म कुर्वन्ति भोगतृष्णाऽत्र कारणम्॥

અને નિંદનીય, જુગુપ્સનીય, લજ્જનીય, શરમજનક, એવું કામ પણ આવા માણસ ને કરવું પડે એમા, કારણ ભોગ-તૃષ્ણા સિવાય બીજું કશું જ નથી! હું તમને પુછુ, પૈસો કમાવવા માટે કેટલી લાચારી કરવી પડે એની તમને ખબર નથી. તમારું સુખ છોડવું પડે, શાંતિ છોડવી પડે, સ્વસ્થતા છોડવી પડે, હજુ આગળ વધીને તમારા સિદ્ધાંત છોડવા પડે, તમારી સ્વાધીનતા છોડવી પડે, તમારી - સ્વતંત્રતા છોડવી પડે, તમારો ધર્મ છોડવો પડે, તમારા સંસ્કાર છોડવા પડે, બધું જ છોડવું પડે, તમારું ગામ છોડવું પડે, તમારા પરિવાર સુદ્ધાની-ઉપેક્ષા કરવી પડે, તમને સારુ ના હોય તો શરીર ની અંદર તાવ હોય છતાં જવું પડે, હું તમને પુછુ કે આપણે આવા દિવસો નથી જોયા?

समानेऽपि पुरुषत्वे परकिंकरतां गताः।

કદી જિંદગી માં વિચાર કર્યો કે આ બધું હું જેના માટે કરું છું, એનાથી મારા આત્માનું શું વળવાનું છે? બધું જ ભોગ-તૃષ્ણા માટે છે, કહેવાય જવાબદારી, કહેવાય પરિવાર, કહેવાય એમ કે ભાઈ હવે લઈને

જોઠા છીએ, નિભાવવું જોઈએ. હું તમને પુંછુ છું, LAST DESTINY, અંતિમ લક્ષ્ય, LAST આપણું VISION શું છે, સિવાય "ભોગ-તૃષ્ણા" !!

કયો માણસ એવો છે પરોપકાર કરવા લગ્ન કરે છે, કયો માણસ એવો છે પરોપકાર કરવા પરિવાર ઉભો કરે છે, કયો માણસ એવો છે કે માત્ર જવાબદારી ની રૂએ બધું કરે છે. આપણે આપણા આત્મા ને છેતરીએ છીએ, છેલ્લે તો ભોગ-તૃષ્ણા સીવાય બીજું કોઈ જ કારણ નથી ! નીતી શાસ્ત્રોમાં સ્પષ્ટ કહ્યું,

कामस्य मूलमर्थः।

કામનું કોઈ મુળ હોય તો એ અર્થ છે, તમારે કામ-ભોગો જોઈએ છે, તમારે ભોગ-તૃષ્ણા સંતોષવી છે, તમારે જે ઈષ્ટ વિષયો જોઈએ છે, તો તમારે પૈસા પાછળ દોડવું જ પડશે, ઘણા પૈસા વગર કામ-ભોગો નથી. જે કામાર્થી હોય એને ધનાર્થી બનવું પડે. ધન માટે લાંબી દોટ લગાવવી પડે, એ દોટ નો સમય ઘણો-લાંબો હોય છે ને કામ નો સમય ઘણો ટુંકો હોય છે. જે દોટનું પરિણામ નિશ્ચિત નથી, પૈસા વધારે મળશે કે ઓછા મળશે, કે પછી ગુમાવવા પડશે, એ જ ખબર નથી. પૈસા કદાચ કમાઈ પણ લીધા, સુખ, શાંતિ, સ્વસ્થતા, સ્વાધીનતા, સિદ્ધાંત ના ભોગે, પૈસા કમાયા એ પણ કઈ રીતે કમાયા, એ લાખ રૂપિયા નો પ્રશ્ન છે. શાસ્ત્રકાર ભગવંતો કહે છે,

सेवा श्ववृत्तिराख्याता, न तत् सम्यगुदाहृतम्।

એક લૌકિક કહેવત છે કે, સેવા કરવી, નોકરી કરવી, ચાકરી કરવી, એ શ્વવૃત્તિ છે, કુતરાની વૃત્તિ છે, તમે કુતરા બનો ને એ તમને ટુકડા ફેંકે એની જેવી આ સેવાવૃત્તિ છે.

पुच्छेन कुरुते चाटुं श्वा मस्तकेन सेवकः।

નોકરી છે એ કુતરાની વૃત્તિ છે આ સાવ ખોટી વાત છે. એ વાત સાચી નથી કારણકે, પેલો કુતરો હોય એ પુંછડીથી ચાંપલુસી કરે, અને નોકર એ માથા થી ચાંપલુસી કરે. કુતરો હોય એ પુંછડીને હલાવે, નોકર હોય એ આમ માથુ ધુણાવી-ધુણાવીને વાત કરવી પડે તો પછી, નોકરીને કુતરાની વૃત્તિ ના કહી શકાય ?

હું તમને પુછું તમે આટે ભણેલા હો એ તમારી નામોશી નથી ! હું તમને કહું કે CA નું તમને બહુ STATUS છે, CA એટલી બહુ મોટી વ્યક્તિ, CA એટલી બહુ મોટી DEGREE, એનો તમે SIMPLE ગુજરાતી અનુવાદ કરો, CA - CHARTERED ACCOUNTANT એનું ગુજરાતી શું થાય, ભાડુતી મહેતાજી !

એક સંઘની અંદર પર્યુષણ કરાવવા માટે જવાનું થયું, સંઘના પ્રમુખ DOCTOR હતા. મારી પાસે ટ્રસ્ટીઓ બેઠા હોય, એ હાજર હોય કે ના હોય, એમની વાત હોય એટલે સાહેબ.. સાહેબ કરીને વાત કરે, સાહેબે આમ કહ્યું, સાહેબે આમ કહ્યું, સાહેબ આમ, સાહેબ તેમ, હું જરા મુંઝવણમાં પડી ગયો. DOCTOR, ટ્રસ્ટીઓના શબ્દોમાં સાહેબ, મારી પાસે બેઠા હતા ને હું એમને સંઘની સેવાની પ્રેરણા કરતો હતો ને મેં એમને કહ્યું કે હવે બાકીની જિંદગી સંઘની સેવા માટે આપી દો, લોકો ભલે સાહેબ.. સાહેબ કરે ! હકીકતમાં તમે નોકરી જ કરી રહ્યા છો ! ઘરે આવ્યા પછી ઘરમાં એ હરકીઓ આવે, ત્યાં પણ તમારે આખો દિવસ આ કામ કરવાનું, પૈસા કેટલા મળે છે, નથી મળતા એ બીજા નંબરની વાત છે, પહેલા નંબરમાં તમે તમારું

જીવન સ્વતંત્રતા, સ્વાધીનતા, શાંતિ, ઊંઘ બધું જ ગુમાવી ચુક્યા છો. નોકરી કરનાર નો તો નોકરી- હોય છે, નોકરીના પણ ઘણા પ્રકારો હોય છે. એક MULTI NATIONAL COMPANY ની નોકરી હોય છે, એ માણસને DOUBLE પગાર, ત્રણગણું કામ, નિચોવી નાખે, કસ કાઢી નાખે પણ નોકરી છે. એક શેઠ છે, શેઠ ની પણ અમુક જાતની નોકરી હોય છે, જેમાં એમણે નોકરના નોકર બનવાનું હોય છે, એક દુકાનદાર ની પણ નોકરી હોય છે, જેમાં- ઘરાકના નોકર બનવાનું છે, એક વકિલ ની પણ ઈજ્જત ની નોકરી હોય છે, જેમાં CLIENT ના નોકર બનવાનું છે. નોકરી વગરનો તો માણસ હોતો જ નથી. કોઈના મોઢા સામે જોવું, એની ઈચ્છા મુજબ વર્તવું, એને ખુશ કરવા માટે પ્રયત્નશીલ બનવું, આ જો નોકરી નથી, તો બીજુ કઈ નોકરી છે !!

પૈસાની બાબતમાં કહીએ, પૈસાની- પાછળ દોડવું ને એના દ્વારા કામ ભોગો મેળવવા, આના સંદર્ભમાં બે ગુજરાતી કહેવતો બહુ જ ઉપયોગી છે. પહેલી કહેવત :- "ઘાટ કરતા ઘડામણ મોંઘી" અને બીજી કહેવત :- "ચુવડો ગયો પણ રંગડો રહ્યો"

"ઘાટ કરતા ઘડામણ મોંઘી" એટલે- કામ ભોગો માટે જે પૈસાની પાછળ દોડવામાં આવે છે, એ પૈસા મેળવવા માટે ઉધામા કરવામાં આવે છે. કામ ભોગો ની પાછળ દોડતા... દોડતા... દોડતા... દોડતા... માણસ કેટલો સમય વિતાવે છે અને એને કેટલો સમય કામ ભોગ મળે છે. તમે હિસાબ કરો ચોવીસ કલાકનો દિવસ એની અંદર, દોડવાનું કેટલું ને જેના માટે- દોડ્યા એ માણવાનું કેટલું ?, તમે હિસાબ કાઢશો તો તમને ખ્યાલ આવશે. "ઘાટ કરતા ઘડામણ મોંઘી છે." મિયા એમની પત્નીને લઈને નીકળે છે, ગામથી પરગામ

જવાનું છે, નદી આવી છે, નદીનું પાણી છે, પત્ની એ નવો નવો રંગ પગના તળીએ લગાડયો છે લાલ-લાલ તળિયા કર્યા છે, રંગ તાજો છે, ને નદી ઓળંગી ચાલવાનું આવે, એટલે કલર બધો નીકળી જવાનો એટલે મિંયા એ ઉપાય કાઢયો. પત્નીના બે પગ પકડ્યા ને પાણીની સપાટી ઉપર એ પગ કર્યા ને, મિંયા ચાલતા જાય.. ચાલતા જાય ને લોકો બુમાબુમ કરે, મિંયા કશુ જ સમજવા તૈયાર નથી. સામે પહોંચતા.. પહોંચતા પત્ની ગુંગળાય ને પાણીમાં OFF થઈ જાય છે, લોકો બધા એમના ઉપર આક્રોશ કરે છે કે, તારા આવા કરતુત થી એનો ખુડદો ગયો, અને મિંયાજી લાલ-લાલ પગને - બતાડતા કહે છે, ખુડદો ભલે ગયો, રંગડો તો રહ્યો.

એક કામ-ભોગનો રંગ રાખવા માટે વિષય-સુખનો રંગ રાખવા માટે, જુવો કેટલી - હાડમારી વેઠવાની, હું કહું છું કે આ બધી - હાડમારી માં તમારી જિંદગી પુરી થઈ જાય છે. તમે એ હોડમાં જે પાપો બાંધો છો, આવનારા ભવો, આવનારા હજારો, લાખો, કરોડો, અબજો, અસંખ્ય કે અનંતભવો, દુ:ખમય થઈ જાય. - અનંત જન્મ-મરણ થાય. પેલી પત્ની એકવાર મરી, આ તમારી રંગડો રાખવામાં અનંતવાર ખુડદો જાય છે. આ વાત તમને જરૂર સામે FEEL થાય ખરી ?

કામ-ભોગનો પ્રબંધ થાય, ત્યાં સુધીમાં તમારા શરીર અને મન વહેંચાઈ ગયા હોય છે. અને કામ-ભોગ ભોગવવામાં આવે, ત્યારે આત્મા વહેંચાઈ ગયો હોય છે. નૈશ્ચયિક દ્રષ્ટિ એ ભોગ જેવી વસ્તુ જ સંભાવિત નથી. કારણકે જેને ભોગ કહેવાય છે એમાં "ભોકતા" "ગેરહાજર" હોય છે.

ક્રિયા એ કર્તા ને આધીન છે, કર્તા હોય તો ક્રિયા થાય ભોગની ક્રિયા, એ ભોક્તા ને આધીન છે, ભોગ-ભોગવનાર ને આધીન છે, પણ ભોગ થાય, એ સમયે "ભોક્તા" અવશ્ય ગેરહાજર થઈ ગયો હોય છે. જો ભોક્તા જ નથી તો ભોગ કઈ રીતે થઈ શકશે ? જો કર્તા જ નથી તો ક્રિયા કઈ રીતે થઈ શકશે ? ભોક્તા વગરનો ભોગ એટલે મા વગરની દીકરી-એ તો કઈ રીતે હોય શકે ?

જ્યારે તમે જ વહેંચાય ગયા છો, ત્યારે તમે કોના માલિક હોય શકો ! તમારો અર્થ જ્યારે શુન્ય છે, ત્યારે દુનિયા ભરના વિષયો નો તમારી-સાથે ગુણાકાર કરીએ, જવાબ શું આવે ? વિષયો મળે કે ના મળે, ભોગની ઈચ્છા થાય એટલે-આત્મા, અનાત્મા થઈ જાય છે. ભોગની તૃષ્ણા કરવી એટલે જાતને ગુમાવવી, જ્યારે તમે તમને જ ગુમાવી દીધા છે, ત્યારે તમને ભોગો મળે કે ના મળે, એનો કોઈ અર્થ જ રહેતો નથી. હવે કોને મળે ? એ જ યક્ષ પ્રશ્ન હોય છે !

સભાનો પ્રશ્ન :- ભગવંત ! જ્યારે આ બધી જવાબદારી સ્વીકારવાનો સમય હતો ત્યારે કોઈ સમજાવનાર મળ્યું હોત, તો કદાચ આ રસ્તે ના હોત, એવો પ્રશ્ન થતો હોય છે મનમાં !

પૂજ્યશ્રી નો ઉત્તર :- ઈષ્ટોપદેશ ગ્રંથની અંદર, પૂજ્યપાદ સ્વામી એ આ પ્રશ્નનો જવાબ આપ્યો છે,

વપુર્ગૃહં ધનં દારા:, પુત્રા મિત્રાદિ શત્રવ: ।

મૂઢ જીવ છે, મોહાધીન જીવ છે, શરીર છે, ધન છે, ઘર છે, પત્ની છે, પુત્ર છે, મિત્ર છે.

શનિવાર
24 10 2020

સર્વથા(ન્યસ્વભાવાનિ , મૂઢઃ સ્વાનિ પ્રપદ્યતે !
સર્વથા, અન્ય સ્વભાવની આ બધી વસ્તુ હોય છે, મૂઢ જીવ છે એ પોતાની સમજી લે છે, મારાથી - સંબદ્ધ છે, હું આ બધાથી બંધાયેલો છું, આ બધા મારા છે, મારો આમની સાથે સંબંધ છે, ગાઢ સંબંધ છે, આ જવાબદારી છે, આ બધું તમે સમજી લીધું છે ને માટે તમે દુઃખી થાવ છો. વર્ષના વચલા હાડે કોઈ પણ કલાકે, કોઈ પણ મિનિટે, કોઈ પણ સેકન્ડે, યમરાજ તમને એક ચપટીમાં ઉપાડી લેવાનો છે, ત્યારે તમારી બધી જ જવાબદારી ની માથાકુટ નો કોઈ જ અર્થ નહી રહે !

જવાબદારી ન હતી, ત્યારે જવાબદારી ન હતી, તમે માનો છો જવાબદારી છે, એટલે - નૈશ્ચયિક દ્રષ્ટિ એ કોઈ જ જવાબદારી હોતી નથી. એક વ્યવહાર શુદ્ધિ, એક લોકપાલન, શાસન - નિંદા ન થાય, એના માટે અમુક વિધિ હોય છે. બાકી જો જવાબદારી સમજીને તમે સંસારમાં બેઠા છો, એની જવાબદારી માનીને ન નીકળી શકાય તો, તો અનંત તીર્થંકરો માંથી એકપણ તીર્થંકર આખી જિંદગીમાં દીક્ષા લઈ શક્યા ના હોત ! ચક્રવર્તીઓ એક લાખ બાણું હજાર પત્નીઓને - છોડીને, કરોડો દીકરાઓને છોડીને, કેટલા વહીવટો બાકી છે, કેટલી ઉઘરાણી બાકી છે, આ બધું SOLVE કરીને દીક્ષા લે તો, જિંદગી માં કદી દીક્ષા લઈ જ ના શકે.

જવાબદારી નો આપણો બધો વળગો નૈશ્ચયિક દ્રષ્ટિ એ, મુર્ખામી સિવાય, પાગલપણા સિવાય, ભ્રમણા સિવાય, ગેરસમજ સિવાય, બીજું કશું જ નથી. હજી આત્મા સુતો છે, હજી આત્મા જાગ્યો નથી, હજી અંદરની ભોગ-તૃષ્ણા ટળતી નથી.

એ આપણો ખરો પ્રશ્ન છે!
- ☆ ભોગનો સીધો અર્થ છે આકાશ સાથેના લગ્ન!
- ☆ ભોગનો સીધો અર્થ છે પોતાના જ ગાલ પર ચુમી!
- ☆ ભોગનો સીધો અર્થ છે વંધ્યા પુત્રનો જન્મ!
- ☆ ભોગનો સીધો અર્થ છે ગાયનો સુંઢ!
- ☆ ભોગનો સીધો અર્થ છે હાથીના શિંગડા!

ભોગ માટે દોડવું, એટલે આ બધી વસ્તુ માટે દોડવું, જેમાં પાગલપણા સિવાય બીજું કશું જ નથી. આકાશ સાથેના લગ્ન થઈ કઈ રીતે શકે, પોતાના જ ગાલ ઉપર ચુમી લગાડી કઈ રીતે શકાય, વંધ્યા પુત્ર છે એનો જન્મ ક્યાંથી થઈ શકે, જેને કદી પુત્ર જ ના થઈ શકે એને વંધ્યા કહેવાય. વંધ્યા પુત્ર હોતો જ નથી, એનો જન્મ પણ હોતો નથી! ગાયનો સુંઢ હોતો નથી, હાથીના શિંગડા હોતા નથી, બધી અસદ્ વસ્તુઓ છે, બરાબર એ જ રીતે, - આત્મા કોઈ ભોગવટો કરે, આત્મા ભોગ- તૃષ્ણાને આધીન થાય, આત્મા વિષયોનો સંબંધ કરે, આત્મા વિષયોના સંપર્કમાં આવે, એ પણ એક અસદ્ વસ્તુ છે. નૈશ્ચયિક દ્રષ્ટિએ ભોગનો સીધો અર્થ છે "ભ્રમણા" તમે ભ્રમણાને આધીન થયા આનું નામ ભોગ. તમે ગેરસમજમાં આવ્યા, તમને ભોગ-તૃષ્ણાના ~~ભૂ~~ ભુતનો વળગાડ થયો, તમારી બુદ્ધિ બહેર મારી ગઈ, આનું નામ ભોગ.

समानेऽपि पुरुषत्वे, परकिङ्करतां गताः।
પુરૂષત્વ સમાન હોવા છતાં, કોઈના નોકર બનવું પડે, કોઈના કિંકર બનવું પડે, આધીન બનવું પડે, આજ્ઞાંકિત બનવું પડે,

निन्द्यं यत् कर्म कुर्वन्ति, भोगतृष्णात्र कारणम्॥
જે નિંદ્ય કહેવાય, સામાન્યથી માણસ તૈયાર ન થાય, એવી વસ્તુ એના આધારે કરવા તૈયાર થઈ જાય,

કે આનાથી મારી ભોગ-તૃષ્ણા સંતોષાશે.
ભોગતૃષ્ણાસ્ય કારણમ્ ।

સાધકનો પ્રશ્ન :- આત્મા પ્રત્યક્ષ નથી હોતો પણ અગતો તો હોય છે!

પૂજ્ય શ્રીનો ઉત્તર :- આત્મ સાક્ષી એ આપણે આપણને સવાલ પુછીએ, કે આપણે આ બધી જ પ્રવૃત્તિ માં સાક્ષીતા હોય છે, કે આપણો પુરે-પુરો અંતરભાવ હોય છે. નિશ્ચય અને વ્યવહારનો સમન્વય કરતા શીખો, કોઈ આત્મા સાક્ષીતા માટે ભોગ પ્રવૃત્તિ કરતો નથી, જે ભોગ પ્રવૃત્તિ હોય છે, એને ભ્રમણા ન હોય એને સાક્ષી ભાવ હોય, આવું શક્ય બનતું નથી.

મનને મનાવવાની બધી વાત છે, આત્મા ને છેતરવાની બધી વાત છે. સાક્ષીતા માટે આત્મા ને આત્મા સિવાય કોઈ જ જરૂર નથી, વિષયો ની બધી જ દોડ, ભોગની બધીજ ભુનાવળ, સાક્ષીત્વ માટે હોતી જ નથી, માનેલા કર્તૃત્વ માટે જ હોય છે.

શાસ્ત્રકાર ભગવંતો, સ્ત્રી ની વાત કરે છે, PARTICULAR કોઈક સ્ત્રી નહી, સર્વ સામાન્ય સ્ત્રી! કન્યા છે પરણી ને સાસરે જાય, ઘરમાં કશુ કામ કરવાનું ના હોય, ઘરમાં રાજકુમારી ની જેમ રહેતી હોય, કદાચ રસોડામાં પગ સુધ્ધા ન મુકતી હોય, બધું તૈયાર કરીને મમ્મી પ્રેમથી ઉઠાડે ત્યારે ઉઠતી હોય, ઘરના કામો કદી કર્યા ન હોય, પરણે એટલે કેટલી જાતના કામો એણે કરવાના, શાસ્ત્રકાર ભગવંતો એ એક શ્લોક ની રચના કરીને મુકી છે. ઘરના અગણિત કામો એની અંદર ઠાલવી દીધા ને છેલ્લે એવું પદ લખ્યું,
कष्टं वधू जीवति ।

શનિવાર
DATE 24 10 2020

એ વહુ કેટલા કષ્ટ-પૂર્વક જુવે. કહી હિસાબ માંડયો છે, એક ઘરના કેટલા કામો હોય ? તમે LIST કરો તો સેંકડો ની સંખ્યામાં કામો આવે, આ બધું જ કરવાનું, હું તમને પુછુ છેવટે શેના માટે ? આધુનિક નારી, વળી એ JOB કરવા જાય એટલે DOUBLE DUTY પ્રાચીન નારી કરતા વધારે મજુરણ બનવું પડે, વધારે ભાર, વધારે TENSION, વધારે કાય કલેષ, વધારે આંતરિક સંક્લેષ, એને કોઈ જ મુક્તિ નથી.

શાસ્ત્રકાર ભગવંતો સ્પષ્ટ કરે છે,

दासीवत् नीच कृत्यानि ।

ભણે એ ઘરની દાસી હોય, એ નીચામાં નીચા બધા જ કામો, એક સ્ત્રી કરે, આમાં મુળ કારણ શું સિવાય "ભોગ-તૃષ્ણા" । ઘડ દઈને કોઈ સાસુ ના પાડી દે આવું મને નહિ ફાવવાનું, હું નથી કરવાની. અને એવા કામો પણ પોતાને કરવા પડે, હોંશે હોંશે - કરવામાં આવે, કારણ આમાં ખોટું શું છે ? એક ચિંતકે બહુ મજાની વાત કરી છે,

" લગ્ન એ એવી એક લાંચ છે, જેનાથી ઘરની દાસી એવું માનવા લાગે છે, કે એ ઘરની સ્વામીની છે. "

निन्द्यं यत् कर्म कुर्वन्ति भोगतृष्णा[?] कारणम् ॥

અને હવે આધુનિક નારી હશે, પરણવુ એ નથી, કંઈ નહી, પરીવાર એ ના જોઈએ, JOB કરશું, આપણી રીતે જલસા કરશું, એ નારીની સ્થિતિ તો વિદેશોની અંદર, અત્યંત- અત્યંત ભયંકર થઈ છે. એની સુરક્ષા નથી, એને સહાય નથી, એને હુંફ નથી, એને - આશ્વાસન નથી, એને બાળપણમાં પિતા નથી, યૌવનમાં પતિ નથી, ઘડપણ માં પુત્ર નથી, DEPRESSION અને TENSION નો એ શિકાર થાય છે, અનેક રોગોનો શિકાર થાય છે, એ DRUGS ને હવાલે થાય છે.

વ્યસનીને હવાલે થાય છે, આપઘાત કરી દે છે, પાગલ થઈ જાય છે, એની જિંદગીની અંદર સુખ કરતા દુઃખો વધારે હોય છે.

સુખનો ઉપાય એક જ છે, ભગવાનનો માર્ગ, ભોગ-તૃષ્ણાના ત્યાગનો માર્ગ, વૈરાગ્યનો માર્ગ! સ્ત્રીનો પણ અંતર સ્થિતિ હોય છે, પુરુષની પણ અંતર સ્થિતિ હોય છે. એક ચિંતકે કહ્યું છે,
"પહેલા સ્ત્રીને પતિ સિવાય બીજું કશું જ જોઈતું નથી, અને પતિ મળે એટલે બધું માંગતી થઈ જાય છે."

નેમનાથના શ્લોકોની અંદર શ્રી કૃષ્ણની પટરાણીઓ, શ્રી કૃષ્ણના આદેશથી, નેમકુમારને લોભાવવાનો પ્રયાસ કરે છે. જાતજાતના મેણા-ટોણા-આક્રમણ-પ્રેમ આક્રમણ-કશું બાકી રાખ્યું નથી, અને એમને TAUNT મારે છે કે સ્ત્રીને તો કેટલું બધું જોઈએ! એને આટલા-- આટલા--- આટલા વસ્ત્રો જોઈએ, આટલા --- આટલા આભુષણો જોઈએ.. આટલા સૌંદર્ય પ્રસાધનો જોઈએ, દશેરા-દિવાળી પહેરવા જોઈએ, આટલું બધું સ્ત્રીને જોઈએ આ નેમકુમાર થી આ બધું કઈ રીતે પુરુ થાય! ITALIAN એક કહેવત છે,
"સ્ત્રી વગર પુરુષ અધુરો છે, અને સ્ત્રી મળતાજ પુરુષ પુરો થઈ જાય છે".

છગન ને મગન બંને ભેગા થયા ને ભેગા થઈને વાત કરે છે. છગને મગનને કહ્યું કે યાર મગન, બહુ ખોટું થઈ ગયું. મગન કહે કે એ તો હું એ જોઉં છું, તારું ચડેલું મોઢું છે, શું થયું પણ? છગન કહે કે મારી પત્ની છે ને એની આંખમાં ધુળનો કણો ઘુસી ગયો, અને એ આટલી વાતમાં મને પાંચ હજારની ફી, એટલું બિલ આવ્યું.

ભગવાન કહે એમાં શું થયું, મારી પત્નીની આંખમાં
મારી પડોશણ ની હાર ઘુસી ગયી મને પાંચ લાખની
ઉઠી.

સુત્ર કૃતાંગ આગમની અંદર, [illegible]
વર્ણન કરતા કરતા, એક પદાર્થ અંદર મુકયો છે, કે
જ્યારે પુરૂષ - સ્ત્રીની ભાળમાં આવે, એમાં લોભાય,
એની ભોગ-તૃષ્ણા જાગે, ત્યારે શું થાય છે ?
હજુ પુરૂષ એમાં લપટાયો નથી, હજુ એનું માથું ઠેકાણે
છે, હજુ એનો રાગી બન્યો નથી, હજુ એનો પાછળ
પાગલ બન્યો નથી, ત્યાં સુધી સ્ત્રી એનો દાસી હોય,
એની સેવિકા હોય, એવી રીતે વર્તે છે, બહુ શાલીનતા
થી વર્તે છે, શિષ્ટતાથી વર્તે છે, પોતાનું બધું જ
એની પાછળ ન્યોછાવર છે એવી રીતે વર્તે છે,
અને જ્યારે ખ્યાલ આવે છે કે હવે એ મને -
આધીન થઈ ગયો, ત્યારે પછી ખરું સ્વરૂપ બહાર-
આવે છે. માત્ર સ્ત્રી માટેની વાત નથી, પુરૂષને
પણ એટલી જ વાત લાગુ પડે, પુરૂષ માટે જે વાત છે
સ્ત્રીને પણ એટલી લાગુ પડે. સુત્રકૃતાંગ આગમની
અંદર સુધર્મા સ્વામી ભગવાન કહે છે, પહેલા -
સમર્પિત હોવાની બધો જ ડહોળ કર્યા પછી, પુરૂષ
જ્યારે ધીમે__ધીમે__ધીમે__ધીમે એને આધીન થઈ
જાય, ત્યારે પછી એ એક પછી એક ORDER -
કરવાનું ચાલુ કરે છે. મને આ જોઈએ છે, મને
તે જોઈએ છે, મને ફલાણું જોઈએ છે, મને ઢીંકણું
જોઈએ છે. પેલો ઘરનું માંડ પુરું કરતો હોય,
BUDGET માંડ પુરું કરતો હોય, જે મોજ-શોખનું
BUDGET હોય નહિ, પેલો કલેષ પામતો હોય, પેલો
દુઃખ પામતો હોય, પેલો કેટલો દુઃખી થતો હોય,
એને કેટલું TENSION રાખવું પડે, કાળા ધોળા કામ
કરવા પડે, એની જોખમ વહોરવું પડે, અને છતાં પણ

પૈસોની ચિંતા થાય. યોગશાસ્ત્રમાં કલિકાલ સર્વજ્ઞ કહે છે
भिन्नभिन्नाः पतिं पुत्रं, पितरं भ्रातरं क्षणात् ।
आरोपयन्त्यकार्येऽपि दुर्वृत्ताः, प्राणसंशये ।
પતિ હોય, પુત્ર હોય, ભાઈ હોય, પિતા હોય, એમને પણ એવું કામ સોંપી દે જેમાં એનનું જોખમ હોય, જે કરવા જેવું ના હોય, આટલે સુધીની હદ થઈ જાય. સુત્ર કૃતાંગ આગમમાં સુધર્મા સ્વામી ભગવાન કહે છે, જેમ જેમ વ્યક્તિ આધીન થતી જાય, એમ એમ વધારેને વધારે એનો દુર ઉપયોગ થતો જાય છે. નીતીશાસ્ત્રોમાં સ્પષ્ટ કહ્યું, કે તમારે તમારો સંસાર, એને કદી પણ બગાડવો ના હોય તો તમે કદીપણ આધીન નહી થતા, તમે આધીન થયા એટલે તમારો સંસાર ગયો.

નીતીશાસ્ત્રોની અંદર, જેને હકીકતમાં મોક્ષ શાસ્ત્ર ના કહેવાય, સંસાર શાસ્ત્ર કહેવાય, એની અંદર પણ સંયમની પ્રેરણા કરી છે, વૈરાગ્યની પ્રેરણા કરી છે, મન પર કાબુ રાખવાની પ્રેરણા કરી છે, આધીન ન થવાની પ્રેરણા કરી છે, અને સ્પષ્ટ કહ્યું છે કે જો તમારે સુખેથી સંસારમાં પણ જીવવું હોય, તો વૈરાગ્ય અને સંયમ સિવાય, ભોગ-તૃષ્ણા ને અત્યંત ઓછી કર્યા સિવાય, સુખેથી જીવવાનો ઉપાય જ નથી.

સભાનો પ્રશ્ન :- ભગવંત, લેશ્પણ લેઆધીન થયા એનું લક્ષણ શું ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- સામી વ્યક્તિની વાતને સમજ્યા વગર, તમે હા પાડવા લાગો, એનો અર્થ તમે આધીન થઈ ગયા. ગુરુ શું બોલ્યા શા માટે બોલ્યા, એનું શું ફળ આવશે બરાબર છે નથી, શિષ્ય કશું જ વિચાર કરવાનો નથી, શિષ્ય આધીન છે, સમર્પિત છે, ફરક એટલો છે, ગીતાર્થ

ગુરૂ ને સમર્પીત છે, જેમણે શાસ્ત્રો ભણ્યા છે, શાસ્ત્રોના પારગામી થયા, સંવિગ્ન છે, મોક્ષાભિલાષી છે, ભવ-ભીરૂ છે, આપણા હિતચિંતક છે, એમને આધીન થયા એટલે તમારું કલ્યાણ નિશ્ચિત છે.

શાસ્ત્રોક્તા નથી, ગીતાર્થતા નથી, ભવભીરૂતા નથી, મોક્ષાભિલાષીતા નથી, તમારા આત્માની હિતકાંક્ષિતા જ્યાં નથી, ત્યાં આધીન થયા, તમારું સત્યાનાશ વળી જશે. સુત્રકૃતાંગ આગમમાં સુધર્મા સ્વામી ભગવાન, એ DEMAND નું આખું LIST રજુ કરે છે, પછી આ જોઈએ... આ જોઈએ.. આ જોઈએ આ જોઈએ... પેલો નોકર બને, ચાકર બને, દાસ બને, કિંકર બને, મજુરી કરે, બધું જ એનું પુરુ કરીને હવે એને સંતોષ ના હોય, આગળ વધીને એની આગળ માંગણી કરે કે રાતે મને બહાર લઘુશંકા કરવા જવામાં ડર લાગે છે, મેં આ પાત્રમાં કરી લીધું છે, તમે ઘર-ના વરંડામાં જઈને નાખી આવો. પૂર્વકાળમાં ઘરની પાછળ, એવી જગ્યા રહેતી, ત્યાં જઈને લોકો - વિસર્જન કરતા, પોતાના ઘરની જ જગ્યા હોય, પાછળ હોય, મને ત્યાં જતા ડર લાગે ને એ કામ પણ આપણી પાસે કરાવે, હવે આગળ વધીને, હું બહાર વડીશંકા માટે જઈ શકું એમ નથી, મારા માટે અહીંયા ખાડો ખોદો. સુધર્મા સ્વામી ભગવાન ના શબ્દો છે, આવા કામ પણ એની પાસે કરાવે. હવે આગળ વધીને, સુધર્મા સ્વામી ભગવાનના શબ્દો છે, કે હવે પણ આવું જે બીજું અધમ કાર્ય હોય, એ પણ એમની પાસે કરાવે,

उपलक्षणात्सेत देवं विधान्यस्याप्यधमकृत्यानाम् ।

આત્મા ક્યાં સુધી પહોંચ્યો, શેના માટે બધું હતું, શેના માટે થઈ ગયું ?, સુખ કેટલું મળ્યું ?, કેવું મળ્યું ?, ક્યારે મળ્યું ?, અને એના માટે કેટલું

શનિવાર
DATE 24 10 2020

દુ:ખ પોતે વહોરી લેવું પડ્યું એનો વિચાર આત્માને કદી આવ્યો જરી ? ઈન્દ્રિય પરાજય શતક કહે છે.

सीयं च उण्हं च सहंति मूढा, इत्थीसु सत्ता अविवेयवंता।

વિજાતીય ની પાછળ પાગલ બનનાર, એના રાગી બનનાર, એમાં લંપટ બનનાર, ઠંડી પણ સહન કરે છે, ગરમી પણ સહન કરે છે. ધોધમાર વરસાદ માં પણ મજુરી કરવા જાય છે.

इलाइपुत्तं व चयंति जाइं

ઈલાચી પુત્ર ની જેમ પોતાની જાત સુધ્ધા છોડી દે છે.

जीयं च नासंति य रावणु व्व।

અને રાવણ ની જેમ પોતાના જીવનનો અંત આણી દે છે. શાસ્ત્રકાર ભગવંતો અંતરના વેદનાના ઉદ્ગારોની સાથે કહે છે,

नत्तं मूढा: क्षयं यांति प्राणैरपि धनैरपि।

જે અંગમાં કોઈ જ ભલીવાર નથી, જે જુગુપ્સનીય છે, બિભત્સ છે, દુર્ગંધી છે, દુર્ગંધ માત્રને છોડનાર છે, દુર્ગંધી પદાર્થો ને જ છોડનાર છે, એ અંગ ખાતર મુઢ જીવો, પ્રાણને પણ ગુમાવે છે, અને ધનને પણ ગુમાવે છે. તમે કલ્પના કરો કે એક માણસ ભોગ-તૃષ્ણા ખાતર કેટલો નીચે ઉતરી શકે... હજુ નીચે... હજુ નીચે... હજુ નીચે... એના કરતા લાખો ગણા નીચા, આપણે ઉતરી ચુક્યા છીએ. આવી ઘટના ઓ અનાદિકાળની, આ ભવ, પરભવની, યાદ કરીએ, આપણું માથુ શરમ થી નીચે ઝુકી જાય.

જેના ઉપર આપણને ભયંકર ગુસ્સો આવવો જોઈએ, જેના માટે આપણને વેગમ થઈ જવું જોઈએ, કે આને હું ખતમ કરી નાખું, એના માટે હજુ આપણા અંતરમાં, ઉંડી લાગણી છે, ના ભાઈ આ તૃષ્ણા સારી છે, આ વાસના સારી છે, રાગ સારો છે, મારા માટે સુખકર છે, હિતકર છે,

શનિવાર
24 10 2020

હજુ આવી કુણી લાગણી છે, એજ આપણી બહુ મોટી કમનસીબી છે. એક કવિએ કટાક્ષ ની અંદર, પોતાના ઉપર જ કટાક્ષ કરીને કહ્યું છે,

" બુરા ક્યા હૈ અગર મૈં ઘર કે સારે કામ કરતા હૂઁ,
નાહની અગર વો બૈઠેગી તો મૈં હી પાની ભરતા હૂં,
તરીકા અપના- અપના હૈ, ગૃહસ્થી ચલાને કા,
યે દુશ્મની ને ઉડાઈ હૈ, મૈં બેગમ સે ડરતા હૂં "

એક કવિએ આખી જ પરિસ્થિતિ ની નીચોડ, એક જ વાક્યમાં રજૂ કર્યો છે,

* ~~[illegible]~~

" કદમો મેં ગીરકર, સર પર ચડતી હૈ બેટી "
શરૂઆત પગથી થાય છે, અંત માથે ચડવાનો આવે છે, આ સંસારની દાસ્તાન છે.

સિદ્ધર્ષિગણિ મહારાજ આગળ વધે છે,

યેષાં પુનરિયં દેહ - જિતા: આમહાત્મનામ્ ।

એક બાજુ આખી પરિસ્થિતિ નું વર્ણન કર્યું કે, ભોગ-તૃષ્ણા એનાથી શું થાય છે. કેવા કેવા ભયાનક - પરિણામો છે, કેવા- કેવા દુષ્પરિણામો છે, ભોગ-તૃષ્ણા ના શું અંજામો છે, કેટલા દુખો છે, કેટલા દર્દો છે, કેટલા જાલિમ અંજામો છે, આ ભવમાં, પરભવમાં, ભોગ-તૃષ્ણાથી દુ:ખ સિવાય બીજું કશું જ મળતું નથી. સામે સિદ્ધર્ષિ ગણિ મહારાજને પ્રશ્ન કર્યો કે, ચાલો અમે વાત સમજી ગયા, તમારી વાત સાચી, ભોગ-તૃષ્ણા દર્દ એનાથી દુ:ખ જ છે. હવે અમે છોડી પણ દઈએ, છુટી જાય ભોગ-તૃષ્ણા, અમારા શરીર માંથી, અમારા મન માંથી, અમારા આત્મા માંથી ધક્કા મારી મારી ને અમે ભોગ-તૃષ્ણા ને કાઢી મુકીએ, અમને શું ફળ મળશે ? અને સિદ્ધર્ષિગણિ મહારાજ એનો જવાબ આપે છે.

નિર્ધના અપિ તે ધીરા:, શક્રાદેરપિ નાયકા: ।।

એવા મહાપુરુષો, એવા સાધુઓ, જેમના શરીર માંથી, મન

માંથી, આત્મામાંથી, ભોગતૃષ્ણાની દુકાળપટ્ટી થઈ ગઈ.

निर्धना अपि ते धन्याः

એમની પાસે એક પૈસો પણ નથી, ખીસ્સું પણ નથી, એક દમડી પણ નથી, ફુટી કોડી પણ નથી.

शक्रादेरपि नायकाः ।

એ વીરપુરૂષો ભલે નિર્ધન હોય, તો પણ શક્ર વગેરે ઈન્દ્રોના પણ તે નાયક છે. એમના સ્વામી સમાન છે. એમનાથી પણ ચડિયાતા છે. નિસ્પૃહતા એ ખરી શ્રીમંતાઈ છે. નિસ્પૃહતા એ ખરું ઐશ્વર્ય છે. નિસ્પૃહતા એ ખરી સત્તા છે. નિસ્પૃહતા એ ખરી ભોગ છે. નિસ્પૃહતા એ ખરું સ્વર્ગ છે. નિસ્પૃહતા એ જ મોક્ષ છે.

સૌધર્મેન્દ્ર અને ઈશાનેન્દ્ર એમની વાત કરીએ, લોકપ્રકાશ જેવા ગ્રંથોમાં એનું વર્ણન આવે છે. એક જ LEVEL પર પહેલો ને બીજો દેવલોક - આવેલો છે. અને એક જ LEVEL ઉપર સૌધર્મેન્દ્ર ના બત્રીસ લાખ વિમાનો, અને ઈશાનેન્દ્ર ના - અઠ્ઠયાવીસ લાખ વિમાનો ! એક બાજુનો ભાગ આખો સૌધર્મેન્દ્ર નો બીજુ બાજુનો ઈશાનેન્દ્ર નો જેમ ભારત- પાકિસ્તાન, ભારત - ચાઈના નું સરહદ મુદ્દે યુદ્ધ થાય, આ મારો ભાગ ... આ મારો ભાગ.. આ મારો ભાગ ... લોકપ્રકાશની અંદર કહ્યું કે આ રીતે સૌધર્મેન્દ્ર અને ઈશાનેન્દ્ર ના યુદ્ધો થાય ! સૌધર્મેન્દ્ર અને ઈશાનેન્દ્ર ના ભાગના એ અઠ્ઠયાવીસ લાખ વિમાનો, સરહદના કેટલાક વિમાનો મારા છે આવો દાવો કરવો છે. ઈશાનેન્દ્ર, બત્રીસ લાખ એ સૌધર્મેન્દ્ર ના વિમાનો છે ને એ વિમાનો મારા છે આવો દાવો કરવો છે. બંને વચ્ચે મુદ્દો ધીરે ધીરે ઉગ્રતા નું સ્વરૂપ ધારણ કરે છે... ને હજુ ઉગ્ર ...

હવ્યુ ઉગ્ર... હવ્યુ ઉગ્ર... હવ્યુ ઉગ્ર... યુધ્ધની નોબત આવી ભય છે ને સૌધર્મેન્દ્ર અને ઈશાનેન્દ્ર, બંને-યુધ્ધમાં મળે છે, બંને ઈન્દ્રો છે, મહાઐશ્વર્ય વાળા, મહાશક્તિ વાળા, વિશિષ્ટ વૈક્રિય લબ્ધિ વાળા, બંને બધી તાકાત લગાડી ને જે યુધ્ધ કરે, અને અસંખ્ય દેવો એ યુધ્ધને લાચાર આંખે જોઈ રહ્યા હોય, મંત્રીઓ છે એ વીલા મોઢે જોઈ રહ્યા હોય, છુટા કરવાના પ્રયાસ કરે, કોઈ હિસાબે છુટા ના પડે, કોઈનું કશું ચાલે નહિ, મારા આ બે હજાર વિમાન છે, પેલો કહે મારા આ પંદરસો વિમાન છે, સૌધર્મેન્દ્ર ને ઈશાનેન્દ્ર નું જે યુધ્ધ થાય, આવા લોકોને સુખી કઈ રીતે કહેવા !

નિર્ધના અપિ તે ધીરા: શક્રાદેરપિ નાયકા:

ઈન્દ્રો ને શરમાવે, દેવેન્દ્રો ને એમ થઈ ભય કે આપણે પણ એમની આગળ ભિખારી છીએ, એ આપણા સ્વામી, એમને ભોગો- હોયો કશું જ નથી. જ્યાં સુધી ભોગ-તૃષ્ણા છે ત્યાં સુધી ભોગ સંભોવત નથી અને ભોગ-તૃષ્ણા જતી રહે, પછી કોઈ ભોગની જરૂર જ નથી. કલ્પના કરીએ કે સૌધર્મેન્દ્ર અને ઈશાનેન્દ્ર નું ભયંકર યુધ્ધ ચાલી રહ્યું છે, અને બીજુ બાજુ અસંખ્ય યોજન નીચે, ક્રોપિટ કરીએ ગુરૂની નજર ની સામે ઉપાશ્રયના ખુણામાં, મેલા કપડા પહેરીને, સાપડો ને ચોપડી લઈને, સ્વાધ્યાયની મસ્તી માં મસ્ત થઈ ગયા છે. હું તમને પુછુ, જરા અર્થમાં ઈન્દ્ર કોણ છે ?

નિર્ધના અપિ તે ધીરા: શક્રાદેરપિ નાયકા: ।

એક પૈસો ના હોવા છતાં, ઈન્દ્ર ને ઈર્ષ્યા થઈ ભય, એવા ઐશ્વર્યના સ્વામી છે એનું નામ સંયમી ભગવંત. એમનું નામ મહાત્મા, એમનાથી ભોગ- તૃષ્ણા મુક્ત છે. એક કલ્પના કરીએ કે ઈન્દ્રની જે રાજધાની કહેવાય, બત્રીસ લાખ વિમાનમાં, જે CENTER નું વિમાન જે ઈન્દ્ર નું પોતાનું ઘર કહેવાય, જેનું નામ છે ઉડવ વિમાન,

એ વિમાન ઉપાશ્રય ને જુએ છે ને એને ઉપાશ્રયની ઈર્ષ્યા થઈ જાય છે. એક કલ્પના કરીએ ઈન્દ્ર ની જે સભા છે, શાસ્ત્રીય નામ સુધર્મા સભા, એ સુધર્મા સભા, મહાત્માઓની સ્વાધ્યાય ની માંડલી જુએ છે, અને શરમથી પાણી પાણી થઈ જાય છે.

એક કલ્પના કરીએ ઈન્દ્ર વગેરે દેવોના દિવ્ય વસ્ત્રો, એક એક વસ્ત્રની કિંમત કરોડો - સોના મહોરો થાય, એવા વસ્ત્રો મહાત્માના મેલા-ઘેલા, કદાચ ફાટલા-તુટલા, એવા કપડાને જુએ છે ને એમને થઈ જાય છે, કે આપણે તો મહાત્મા સામે ભિખારી છીએ!!

એક કલ્પના કરીએ, કે ઈન્દ્ર ના જે રત્નના આભુષણો, એ રત્નો, મહાત્મા ના શરીર પર બાઝેલા મેલ ને જોઈ લે છે, એમના કપડાના મેલ ને જોઈ લે છે, અને રત્નોને લાગે છે કે એમની તુલનામાં તો અમે ધુળ સમાન છીએ.

એક કલ્પના કરીએ કે ઈન્દ્ર નું વજ્ર મહાત્મા ના રજોહરણ ને જોઈ લે છે, ને એને ગભરાટ છુટી જાય છે કે હું તો કશું જ નથી. હું વધારે માં વધારે શું કરી શકું, આ મહાત્માનું રજોહરણ છે જે આંતર શત્રુઓની જાતઞી બોલાવી દે, મોહરાજા ને પરાસ્ત કરી દે, અનંતાકર્મો ના ભુક્કા બોલાવી દે, ને આત્મા ને મોક્ષે પહોંચાડી દે!

ઈન્દ્ર નું વાહન છે ઐરાવત હાથી ને ઐરાવત હાથી, મહાત્માની ઈર્યા સમિતિ ને જુએ ને એને લાગે કે હું તો ખરેખર ગધેડો છું, ને મારામાં ગધેડાપણું છે.

ઈન્દ્ર ના બત્રીસ લાખ વિમાનો, મહાત્મા ના અસંખ્ય સંયમ સ્થાનો નું દર્શન કરે, અને એમને થઈ જાય કે આપણે તો ઝુંપડા છીએ.

આપણે રત્નના વિમાનો નથી.

ઈન્દ્ર ના દિવ્ય નાટકો, મોઢું ફાડી-ફાડીને મહાત્મા નો ધ્યાનની મસ્તી જુએ, એની શરમથી આમ એમને મોઢું સંતાડવાનું મન થાય.

ઈન્દ્ર ની વાવડીઓ એ મહાત્માની સ્વાધ્યાય ની ડુબકી, આંખો ફાડી ફાડી ને જુએ, એની શરમથી પાણી - પાણી થઈ જાય.

ઈન્દ્ર ની ઈન્દ્રાણિઓ મહાત્માનો સ્વરૂપ પરીણતિ ને જુએ, એની ઈર્ષ્યા થી બળી જાય.

ઈન્દ્ર ના કલ્પવૃક્ષો, મહાત્માની ગુરુ-ભક્તિ ને જુએ, અને એમને થઈ જાય કે અમે તો બાવળ છીએ, અમે કલ્પવૃક્ષ છીએ જ નહિ. જે આ ગુરુભક્તિ આપી શકે છે, એવું અમે શું આપી શકીએ છીએ.

ઈન્દ્ર નું નંદનવન, મહાત્મા ના સત્ક્રિયાના ઉપવન ને જુએ, એની નંદનવન કરમાવા લાગે.

ઈન્દ્ર ના સેનાધિપતિઓ મહાત્મા ની ઉપાધિ ને જુએ, બ્રહ્મચર્ય ની નવ વાડ ને જુએ, અને એમને લાગે કે અમે શું ઈન્દ્ર ને સહાય-કરવાના ! અમે એની શું રક્ષા કરવાના, અમે પોતે જ અસહાય છીએ. અમે પોતે જ અસુરક્ષિત છીએ.

ઈન્દ્ર ની સુઘોષા ઘંટા, મહાત્મા ની સંયમ શુદ્ધિ નો રણકાર સાંભળી, એને એને થઈ જાય કે હું તો સાવ બોદી છું.

ઈન્દ્ર નો બધો જ રંગો ભોગો થાય છે, મહાત્મા નું ઐશ્વર્ય જુએ, અને એને થાય કે હું તો કોલસો છું.

યેષાં પુનરિયં દેહાન્નિર્ગતા સુમહાત્મનામ્ ।

આ મહાત્માઓ જેમના અંતરમાંથી ભોગ- તૃષ્ણા નીકળી ગઈ.

શક્ર વગેરે સર્વ ઇન્દ્રો ના પણ કોઈ નાયક હોય, તો એ મહાત્મા છે. જે ભોગ-તૃષ્ણા થી મુક્ત છે. સિદ્ધર્ષિ ગણિ મહારાજ આપણને હાથો-હાથ સ્વર્ગ આપવા માંગે છે, હાથો હાથ મોક્ષ આપવા માંગે છે, આટલું જ છે, બીજું કશું નથી કરવાનું, તમે આટલું નક્કી કરો ! પ્રયાસ કરીએ એમના જ્ઞાનને આત્મસાત કરવાનો, એમના ઉપદેશ ને - પરિણમાવવાનો. આજે સમય થયો છે. આજે આટલું રાખીએ !!

— x — x — x — x —

(ઉપમિતિ ભવ પ્રપંચ કથા- પ્રસ્તાવ ત્રીજો) રવિવાર

## વ્યાખ્યાન- ૮૩ - "પ્રથમ"  25 10 2020

પ્રવચન સ્થળ :- શ્રી આંબાવાડી જૈન સંઘ- અમદાવાદ

પરમ કારૂણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજ, પરમ પાવન શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથની અંદર કહે છે,

येषां पुनरियं देहा - विगता सुमहात्मनाम् !

જે મહાત્માઓના અંતરમાંથી ભોગ-તૃષ્ણા રવાના થઈ ગઈ,

अकिंचना अपि ते धीरा:, शक्रादेरपि नायका: ।

એ મહાપુરૂષો, એ વીર પુરૂષો, નિર્ધન હોય છતા, ઈન્દ્ર ના પણ નાયક છે, ઈન્દ્ર વગેરે થી પણ આગળ છે. અધ્યાત્મ શાસ્ત્રો કહે છે,

परबन्धिना तुष्टि - स्तत्त्वत आत्मविक्रय: ।

જ્યારે તમે બીજા ના કારણે ખુશ થાવ છો, કોઈ વસ્તુના કારણે તમારી પ્રસન્નતા છે. ત્યારે તમે આત્મ-વ્યભિચાર કરો છો, તમારી જાત વેંચાય છે.

स्वरूपमपि नैवं स्यात्, कस्य तुष्टिर्विधीयते ॥

આ રીતે તો આત્માનું સ્વરૂપ સુદ્ધા રહેતું નથી, તો પછી તમે કોની ખુશી ની વાત કરો છો ! ભર્તૃહરિએ સ્પષ્ટ કર્યું છે,

स तु भवतु दरिद्रो यस्य तृष्णा विशाला ।

ગરીબી અને શ્રીમંતાઈ ની તમારી બધી જ વ્યાખ્યાઓ ખોટી છે. પૈસા વધારે એ શ્રીમંતાઈ, પૈસા ઓછા એ ગરીબી, સાવ ખોટી વ્યાખ્યા. સાચી વ્યાખ્યા આ છે, તૃષ્ણા વધારે એ ગરીબી. તૃષ્ણા ઓછી, તૃષ્ણા બિલકુલ નહીં આનું નામ શ્રીમંતાઈ ! એક ENGLISH ચિંતકે લખ્યું છે.

A poor & content is rich & rich enough.

એક ગરીબ હોય અને એ સંતોષી હોય, એ શ્રીમંત છે ને પુરતો શ્રીમંત છે.

સાધુ, શક્ર વગેરે કરતા પણ આગળ છે, કઈ રીતે એ સમજવાનો પ્રયાસ આપણે કરવો છે. અંદરની ગાંઠો કાઢવી છે, અંદર નું બધું જ માલિન્ય, ઉલેચી ઉલેચી ને કાઢવું છે, ત્યાં સુધી ઠેકાણું પડવાનું નથી. ઈન્દ્ર ની બધી જ અસ્મિતા બાહ્ય વસ્તુઓ ને આધીન છે, એને આભારી છે, એના આધારે છે. એ બાહ્ય કશું જ ના હોય તો ઈન્દ્ર લાચાર છે, એ વિમાનો પડાવી લેવાય તો ઈન્દ્ર બિચારો છે, - એ ઈન્દ્રાણી રિસાય જાય તો ઈન્દ્ર ગુલામ છે.

બધું જ PM કરે, રાષ્ટ્રપતિ જેમ RUBBER STAMP હોય છે, થોડું આગળ વધીને જોઈએ તો PM પોતે પણ RUBBER STAMP હોય છે. PM શું હોય છે, PM કશું નથી હોતા, PM ની ખુરશી, એમને મળેલી સત્તા, PM-પાસે રહેલો POWER, એની પાસે રહેલો STAFF એની પાસે રહેલી સત્તા દ્વારા એ કામ કરે, એનો અર્થ PM કશું જ નથી, તો એ અપેક્ષા એ PM પણ RUBBER-STAMP છે.

બરાબર એ જ રીતે ઈન્દ્ર પણ RUBBER-STAMP છે, કામતો બાહ્ય વસ્તુઓ કરે છે. વિશ્વની સર્વોત્કૃષ્ટ કોઈ સત્તાધીશ કહેવાતો હોય, ભૌતિક વિશ્વની વ્યવસ્થા ને-આધારે જોઈએ, ગામમાં તલાટી હોય, મુખી હોય, ગ્રામ પંચાયત હોય, વિધાનસભ્ય, ધારાસભ્ય, CM, PM, આગળ વધીને સૈન્ય ના વડા હોય, હજુ આગળ વધીને દેવો હોય, હજુ આગળ વધીને ઈન્દ્ર હોય, હજુ આગળ વધીને ઉંચા-ઉંચા દેવલોક ના ઈન્દ્ર હોય, આ બધામાં છેક સુધી જઈએ, છેલ્લે એ સાર મળે છે કે સત્તા કોઈની

પાસે નથી, એ બાહ્ય વસ્તુઓ દ્વારા સત્તાધીશ છે,
એનો મતલબ એ પોતે સ્વાયી સત્તાધીશ નથી !!
કોઈ કૌશિકભાઈ MLA હોય છે, કોઈ ડોક્ટર કૌશિક-
ભાઈ હોય છે, કોઈ CA કૌશિકભાઈ હોય છે, કોઈ-
ઉદ્યોગપતિ કૌશિકભાઈ હોય છે, કોઈ કરોડપતિ કૌશિકભાઈ
હોય છે. જેની પાસે કશું જ નોંધપાત્ર નથી એ પણ-
પોતાની પાછળ કાંઈક નોંધપાત્ર લગાડીને સ્વાયી થવા માટે
પ્રયાસ કરે છે. પદ અથવા પૈસા થી એ કૌશિકભાઈ
મહાન છે, એનો ખરેખરો અર્થ એ છે કૌશિકભાઈ-
મહાન નથી. કૌશિકભાઈ ને આ બધાના કારણે-
મહાનતા મળી છે એનો સીધો અર્થ એ છે કે HE-
HIMSELF ZERO (શૂન્ય) છે. કૌશિકભાઈને એ
મહાન થવું છે તો એનો પહેલી ને છેલ્લી શરત એ છે
કે કૌશિકભાઈ પોતે મહાન હોવા જોઈએ.

આગળના શિંગડા અને પાછળના પૂંછડા
એ કૌશિકભાઈની મહાનતા નથી, એ એમની નામોશી
છે. આગળના શિંગડા અને પાછળના પુછડા સાબિત
કરે છે, કે કૌશિકભાઈ પોતે પોલા છે, અને
શિંગડા અને પુંછડાનો બોજ ઉપાડે છે. કૌશિકભાઈને
નોંધપાત્ર થવું હતું, મહાન થવું હતું, એટલે કૌશિકભાઈ
પૈસા પાછળ દોડયા, કૌશિકભાઈ શ્રીમંત બન્યા, એ
શ્રીમંત હોવાથી મહાન બન્યા, એ ખરેખર મહાન ન હતા.
પૈસા ની પાછળ દોડવામાં કૌશિકભાઈ હેરાન થયા, કદાચ
પૈસા મળી પણ ગયા, અને બીજા એમનાથી વધુ શ્રીમંત
થઈ ગયા, એટલે એમનું ચલણ વધ્યું એટલે કૌશિકભાઈ
દુ:ખી થઈ ગયા. કૌશિકભાઈને ખ્યાલ આવી ગયો કે
હવે આ બધું જ મુકીને મારે જતા રહેવાનું છે, એટલે
કૌશિકભાઈ મરતા પહેલા મરી ગયા ! કહેવાતી મહાનતા
એ કૌશિકભાઈની મહાનતા ન હતી, કૌશિકભાઈની
મશ્કરી હતી ! કૌશિકભાઈ સમજી શક્યા ન હતા,

કે હકીકતમાં આ મારી મશ્કરી થઈ રહી છે, મશ્કરી થઈ રહી છે, હકીકતમાં હું મહાન નથી બન્યો.

જ્ઞાનસારમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, સ્પષ્ટ કહે છે,

પૂર્ણતા યા પરોપાધેઃ સા યાચિતકમણ્ડનમ્ ।

જે પદ, બાહ્ય વસ્તુઓથી, બાહ્ય પરિબળોથી, બાહ્ય નિમિત્તોથી જે પૂર્ણતા મળી, એ ભાડાના શણગાર જેવું છે, એ તમારી મહાનતા નથી એ તમારી મશ્કરી છે એ તમારી શોભા નથી, ગૌરવ નથી એ તમારો નામોશી છે, તમારું અપમાન છે, તમારું નીચાજોણું છે, હકીકતમાં એ તમારી લઘુતા છે. કહેવાતી મહાનતા એનાથી કૌશિકભાઈ છેતરાયા, કૌશિકભાઈ હકીકતમાં મહાન ન હતા બન્યા, કૌશિક-ભાઈ હકીકતમાં મુર્ખ બન્યા હતા! કૌશિકભાઈને ખબર ન હતી કે મહાનતાનું સાચું માપદંડ કયું છે. અને મહાનતાના સાચા માપદંડને સમજ્યા વગર, મહાન બનવા જવામાં, પુરે પુરુ જોખમ હોય છે.

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજને પ્રશ્ન કર્યો, કહો અમને મહાનતાનું સાચું માપદંડ કયું છે ? અને મહાનતાનું સાચું માપદંડ જ્ઞાનસારમાં એમણે સ્પષ્ટ પણે જણાવ્યું,

યા તુ સ્વાભાવિકી સૈવ જાત્યરત્નવિભાનિભા

જે સ્વાભાવિકી પૂર્ણતા છે, જે બીજાના કારણે નથી, જે પોતાના જ કારણે છે, જ્યાં બાહ્ય કોઈ વસ્તુની અપેક્ષા નથી, પરાધીનતા નથી, પરતંત્રતા નથી, એવી જે પૂર્ણતા, એ સાચી મહાનતા, આ મહાનતાનું સાચું માપદંડ છે. સ્વથી જ સ્વની મહાનતા, એનું નામ સાચી મહાનતા, અને આ મહાનતા સાધુતામાં હોય છે. મહાનતા, બાહ્ય-પરિબળોથી મળે છે, એનો અર્થ આપણી વિકલાંગ

છીએ, અપંગ છીએ, લાકડીના ટેકે ટેકે ચાલવું છે તો એ ટેકો આપણું ગૌરવ નથી, એ આપણામાં ખામી છે.
ખામી છે તો ટેકાની જરૂર છે,
ખામી છે તો રૂપિયાની જરૂર છે,
ખામી છે તો ખુરશીની જરૂર છે,
ખામી છે તો નામનાની જરૂર છે, અને આ બધું મળે ત્યારે હું સુખી થાઉં, આ આપણી ભ્રમણાથી જ આપણે વધારે દુઃખી થઈએ છીએ.

★ સાધુતા એ જ ખરું સામ્રાજ્ય છે. ★
★ સાધુતા એ જ ખરું ઐશ્વર્ય છે. ★
★ સાધુતા એ જ ખરી શ્રીમંતાઈ છે. ★
★ સાધુતા એ જ ખરું સ્વર્ગ છે. ★
★ સાધુતા એ જ ખરું ઈન્દ્રત્વ છે. ★

સાધુ ઈન્દ્ર થી આગળ છે કારણકે સાધુને કોઈ વિમાનાદિ ની જરૂર નથી. સાધુને - ઈન્દ્રાણી વગેરે ની પડી નથી. બોધ શબ્દોમાં કહીએ, સાધુનું વિમાન, સાધુનું વજ્ર, સાધુની સુધર્મા સભા, સાધુના કલ્પવૃક્ષો, સાધુનું નંદનવન, સાધુની ઈન્દ્રાણી, સાધુના રત્નાલંકારો, સાધુનું સામ્રાજ્ય, એ બધું - સાધુની અંદર છે, તે માટે એને કોઈ બાહ્ય વસ્તુની જરૂર જ નથી.

સાધુ એ છે જે પોતાના પગ સાબુત રાખીને બેઠા છે, સાધુ એ છે જે પોતે જ ચાલે છે, અને ઈન્દ્ર પોતાની બગલઘોડીથી કંઈક ... કંઈક ... કંઈક ... કંઈક ... કંઈક આગળ વધે છે, અને કોઈને લાગે કે એ બગલઘોડી, કેવો ઈન્દ્ર, કેવું એનું સામ્રાજ્ય, કેવી એની સામગ્રી, કેવો એનો વૈભવ, તો સમજદાર માણસ કહેશે કે તમારું ચસકી ગયું લાગે છે. આ સાધુ છે ને એ ખરા વૈભવશાળી કહેવાય, કે પોતાના પગે ચાલે છે !! સાધુ હકિકતમાં ધનવાન છે, ઈન્દ્ર હકીકતમાં ગરીબ છે.

રવિવાર
25 10 2020

ભીતરથી ભરેલા હોવું એનું નામ ધનવાનપણું,
ભીતરથી ખાલી હોવું એનું નામ નિર્ધન પણું !!
બહુ સરસ મજાની વાત એક કવિએ કરી છે,
" એક ઉઘડેલા ઘરને ન જોયું એટલે,
દીધા છે મેં ટકોરા ઘણા બંધ દ્વારે" !!

જ્યાં આપણું જ ઘર હતું, આપણો જ દરવાજો, આપણો જ ઈલાકો, આપણો જ માલીકીનું, આપણું પોતાનું, ન કોઈ આંચકી શકે, ન કોઈ ચોરી શકે, ન કોઈ કશું જ બગાડી શકે, એ આપણું ઘર હતું, એના ઉઘડેલા દ્વાર ને ન જોયું, એટલે દીધા છે મેં ટકોરા ઘણા બંધ દ્વારે !!

આપણે પૈસાનું બારણું ખટકાવ્યું,
આપણે સ્ત્રીનું બારણું ખટકાવ્યું,
કામનાનું ખટકાવ્યું,
ભાવતા ભોજનનું ખટકાવ્યું,
સુંવાળા સ્પર્શોનું ખટકાવ્યું,

આખી જિંદગી આપણે બંધ બારણાને ટકોરા માર્યા કરીએ છીએ, આપણા હાથ દુખી ગયા, આપણા પગ દુખી ગયા, આપણે થાકી ગયા, ટકોરા મારતા મારતા આપણાં હાથ ની ચામડી છોલાઈ ગઈ, લોહીલુહાણ આપણે થયા, આપણે કેટલા હેરાન થયા, એ આપણે જાણીએ છીએ ને આપણે હજુ ટકોરા મારવાનું છોડતા નથી, હજુ આશા છે મને સુખ મળશે, મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,
યા તુ સ્વાભાવિકી સૈવ

**સિધ્ધર્ષિ ગણિ મહારાજ** આપણને કહેવા માંગે છે, જે બંધ છે એ તારું દ્વાર જ નથી, જે ઉઘડેલું છે, એ તારું દ્વાર ! પારકા ઘરે ઉભો રહી ને હડધુત થવા કરતા, પારકા ઘરે પ્રતિક્ષા કરવા કરતા, પારકા ઘરે ટકોરા માર્યા કરવા કરતા, તું તારા

ભિતરી ઉઘડેલા દ્વારની જો, તું એની અંદર જા, એમાં જે આનંદ છે, એમાં જે સુખ છે, એમાં જે મજા છે, એ બીજે ક્યાંય જ નથી ! અને જે દરવાજા તારે ખોલવા છે એની અંદર કંઈ સાર નથી, એની અંદર મડદા છે, ગીધડા છે, દુર્ગંધ છે, દુનિયાભરની ઉપાધિઓ છે, તારે એ દ્વારને ખોલવું છે !

હજુ તને આશા છે, ખુલી જાય ... ખુલી જાય ... ખુલી જાય ... તો હું એની અંદર જતો રહું, મને સુખ મળશે તો અહીંયા જ મળશે, સાચુ સુખ અહીંયા જ હોય શકે, આના વગર મારી જિંદગી વ્યર્થ છે, મને તો આ જ જોઈએ !

" એક ઉઘડેલા દ્વારને ના જોયું માટે,
દીધા છે મેં ટકોરા ઘણા બંધ બારણે "

સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે કે ભાઈ તને જે મળશે એ અંદર મળશે, બહાર જેટલો ભટકીશ, એટલો તું દુ:ખી થવાનો છે, બહાર ક્યાંય મજા નથી, અનંતવાર તુ ભટક્યો, હવે તો તુ અંદર જા ! કહેવાતી માલિકી, ખરા અર્થમાં ભ્રમ હોય છે, જેમાં આપણે વહીવટદાર બનીએ, WATCHMAN બનીએ, ગભરાઈએ, ભયભીત બનીએ, એ જો માલિકીપણું છે તો પછી નોકરપણું કોને કહી શકાય ?, માલિકી એને કહેવાય જેમાં સ્વતંત્રતા હોય, જેમ-જેમ બાહ્ય વસ્તુઓ વધતી જાય, જેમ જેમ બાહ્ય વસ્તુઓ વિશાળ થઈ જાય, માણસ વધારે પરાધીન થતો જાય, માણસને એમ ને એમ પસાર થવું છે તો વાંધો નથી, પાંચ લાખના ઘરેણા પહેરીને નીકળવું છે, ઉપાધી વધી જશે, એ કોઈ પદસ્થ બની ગયો, MLA બની ગયો, MINISTER બની ગયો, ઉપાધિ ઓર વધી જશે, એ CM | PM બની ગયો, એને ક્યાંય જવું છે, એની માટે જે ચોકવણ જોઈશે, સલામતી જોઈશે, જે વ્યવસ્થા-

જોઈશે, જેથી કોઈ એને હેરાન ન કરે. માલિકી નો
અર્થ એ છે જેની અંદર સ્વાધીનતા મળે, જેમ-
જેમ વસ્તુ વધે એમ એમ માણસ પરાધીન થતો જાય
છે, એના હાથ બંધાય જાય, એના પગ બંધાય-
જાય, એ ગુલામ થતો જાય, એ જો માલીકી છે,
તો પછી ગુલામી શું છે!

માલિકી નો અર્થ છે અનુકૂળતા, તમારી
અનુકૂળતા વધતી જાય... વધતી જાય... વધતી જાય..
એને જો માલિકી કહેવાય, નજર સામે જોઈએ છે,
જેમ જેમ માલિકી વધે છે, દુનિયાનો પ્રોફિટ એ
લાગે કે અનુકૂળતા વધી, એટલી પ્રતિકૂળતા
વધી કે માણસને

રાજા હતો, મનમાં ઉચાટ, ઉચાટ
રહ્યા કરે, શાંતિ મળે નહી, એટલો ઉચાટ,
એટલા ઉજાગરા, એટલો ત્રાસ, સંતો મહંતોને
મળે ને ઉપાય પુછે, સંતો મહંતો એને સાદગી
અને સંતોષ નો વાત કરે, મગજમાં રાજાને બિલ-
કુલ બેસે નહી, એ એની ધારામાં દોડે જાય,
દોડે જાય, દોડે જાય, એક દિવસ કોઈ સંતની
નામના સાંભળી ને, એની પાસે રાજા દોડે છે.
મને શાંતિ જોઈએ છે, મને સુખ જોઈએ છે,
મને એ કઈ રીતે મળે? સંતે એનો ચહેરો
વાંચી લીધો, રાજાને ઓળખી લીધો, અને
સંતે કહ્યું કે સાંભળ, આ નગરનું સામ્રાજ્ય
તો તારી પાસે છે, બરાબર છે. તારી પાસે
કેટલા ગામડા છે, રાજાએ કહ્યું ત્રીસ હજાર
ગામડા, પૂર્વકાળની અંદર આ રીતે હજારો ગામડાઓ
નું સામ્રાજ્ય, એ નગરનું સામ્રાજ્ય કહેવાય.
સંતે ફીક્કું હસી ને કહ્યું, ત્રીસ હજારથી શું
થાય! એંસી હજાર ગામડાં તો હોવા જ જોઈએ.

રવિવાર
25 10 2020

રાજા તો ચમકી ગયો, કેટ કેટલા સંતો એ જુદી વાત કરી હતી, અને આ સંતતો આવું કહે છે, રાજા ફિદા-ફિદા થઈ ગયો. રાજાને ભાવતું મળી ગયું, રાજાને થઈ ગયું કે ખરેખર આ જ સંત છે!

આપણા માટે સદ્ગુરુ કોણ? જે ભાવતું કહે એ સદ્ગુરુ! સદ્ગુરુ સાથેનો આપણો સંબંધ કદાચ એક જાતનો છેતરપીંડી હોય છે, જેમાં વ્યવહાર નયથી, સદ્ગુરુની છેતરપીંડી થાય છે, નિશ્ચય નયથી આપણી છેતરપીંડી થાય છે. સદ્ગુરુ સાથેનો આપણો સંબંધ એક મશ્કરી હોય છે, જેમાં વ્યવહારથી સદ્ગુરુની મશ્કરી થાય છે, નિશ્ચયથી આપણી મશ્કરી થાય છે.

શેરીમાં છોકરાઓ ભેગા મળ્યા, એક છોકરાને રાજા બનાવ્યો, બધા છોકરાઓ એને ઘેરી વળ્યા, ગોળ-ગોળ ફરે અને મશ્કરી કરે એની મજાક કરે, એ રાજા.. એ રાજા.. કરે, કોઈ એના પર હસે કોઈ એને ટપલી મારે, કોઈ એને ધુંબા મારે, કોઈ એને તમાચા મારે, એ રાજા.. એ રાજા.. એ રાજા એવું બોલવાનું ચાલુ છે. આપણી દશા પણ છે ને આ શેરીના છોકરાઓ જેવી હોય છે, આપણે કોઈને ગુરુ તો કર્યા, આપણે કહીએ આ મારા ગુરુ, આપણે એમને ગુરુ... ગુરુ કરીએ, પણ હકીકતમાં આપણે એમની મજાક કરતા હોઈએ છીએ, જ્યારે આપણે એમની આજ્ઞા માનતા નથી ત્યારે આપણે એમની મશ્કરી કરીએ છીએ, જ્યારે એમની "આજ્ઞા" સામે આપણે "પગ" લાવીને મુકી દઈએ ત્યારે આપણે એમને એક અપેક્ષા એ ટપલી મારીએ છીએ. જ્યારે એમની "આજ્ઞા" સામે આપણે ધડ દઈને ના પાડી દઈએ, ત્યારે નૈશ્ચયિક દ્રષ્ટિ એ આપણે એમને તમાચો મારી દઈએ છીએ, જ્યારે આપણે એમને આપણી વાતમાં સંમત કરીએ, ત્યારે આપણે એમનું પહેરણ કાઢી નાખતા

હોઈએ છીએ. શાસ્ત્રકાર ભગવંતો તો આગળની વાત કરે છે.

આજ્ઞાભંગો નરેન્દ્રાણાં, ગુરુણાં માનમર્દનમ્ ।
કોઈએ રાજાની આજ્ઞાનો ભંગ કરી નાખ્યો એ એમની અશસ્ત્ર હત્યા કરે છે. કોઈ એ ગુરૂ નું અપમાન કર્યું, ગુરૂ ની આજ્ઞા ભંગ કરી નાખ્યો, ગુરૂનું માન ના રાખ્યું, ગુરૂને સમર્પિત ના રહ્યા, એ એમની શસ્ત્ર વગર હત્યા કરે છે.

કુલટા ચ ગૃહે નારી, અશસ્ત્રવધ ઉચ્યતે ॥
ગ્રહસ્થ ની અપેક્ષા એ, ઘરે પત્ની હોય પણ બેવફા હોય, વફાદાર ના હોય, એ અશસ્ત્ર હત્યા છે. ગુરૂનું અપમાન કરવું, એ આપણને વધારે પડતું - લાગે, બહુ મોટું પાપ લાગે, આપણે તો કરતા જ નથી. કરીએ જ નહિ એવું લાગે, ગુરૂનું માનવું નહિ એ પણ અપમાન છે, ગુરૂની મશ્ક કરવી, આપણને મગજમાં ના બેસે કે આપણે ક્યાં મશ્ક કરીએ છીએ, ગુરૂને ગુરૂ માનવા, ગુરૂવંદન કરવા, ઘરે ફોટો રાખવો, પણ ગુરૂનો ઉપદેશ, ગુરૂ ના વચન, ગુરૂના આદર્શ, ગુરૂની લાગણી, ગુરૂની ઈચ્છા, ગુરૂની આજ્ઞા, એના પ્રત્યે આપણને ભાવ પ્રતિબંધ ના હોય, આંતરીક લગાવ ના હોય, આમ જ કરાય, આમાંથી બિલ-કુલ આઘા પાછા ન જ કરાય, આવું બિલકુલ આપણને અંદર થી તમન્ના ન હોય, તો હકીકતમાં આપણે ગુરૂની મશ્ક કરી છે.

**સભાનો પ્રશ્ન :-** સાહેબજી, ગુરૂની કોઈ ઈચ્છા હોય ખરી ?

**પૂજ્ય શ્રીનો ઉત્તર :-** ગુરૂનો અર્થ સિદ્ધ - પરમાત્મા કરો, તો કોઈ જ ઈચ્છા નથી. ગુરૂનો અર્થ અરિહંત પરમાત્મા કરો

નો નિશ્ચયથી કોઈ ઈચ્છા નથી, પણ ઉપચારથી ઈચ્છા છે. મેઘકુમાર ને મહાવીરસ્વામી ભગવાને કહ્યું હતું કે ભાઈ, તેં તિર્યંચ ભવમાં આટલું સહન કર્યું, આ તારા માટે બિલકુલ ઉચિત નથી, તારે સંયમમાં સ્થિર-થવું જોઈએ, મેઘકુમાર એમ અર્થ લઈ શકે કે ભગ-વાન આમ ઈચ્છે છે, ભગવાન આવું કહે છે તો મારે આવું કરવાનું !! ગુરુની ઈચ્છા ન હોવી જોઈએ, એવી અધ્યાત્મની HEIGHT સુધી આપણે પહોંચી શકીએ, આપણે ભુલી જઈએ છીએ આપણા દરેક સૂત્ર, દરેક વિધિ, દરેક શાસ્ત્રીય અનુષ્ઠાનમાં પહેલી જ વાત, ગુરુની ઈચ્છાની આવે છે,

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્

જે ગુરુની ઈચ્છા ધર્મનો પાયો છે, જે ગુરુની ઈચ્છા મોક્ષ માર્ગનું પહેલું પગથિયું છે, જે ગુરુની ઈચ્છા, મોક્ષયાત્રાનું પહેલું પગલું છે, એ ગુરુની ઈચ્છાસાથે આપણને કોઈ નિસ્પત જ નથી, એ જ આપણું મોટું કલંક છે. આપણે ખરા ગુરુ કર્યા જ નથી, આપણે મમક માં ગુરુ કર્યા છે. મમક-મમક માં ગુરુ કરવા આનું જ નામ સંસાર. ખરેખર ગુરુ કરવા આનું નામ મોક્ષ ! મોક્ષયાત્રાનો અર્થ આ જ છે, ખરેખર ગુરુ કરવા. મોક્ષ માર્ગનો અર્થ આ જ છે, ખરેખર ગુરુ કરવા. નૈશ્ચયિક તપસ્યાનો અર્થ આ જ છે, ખરેખર ગુરુ કરવા, દીક્ષાનો ખરો અર્થ આ જ છે, ખરેખર-ગુરુ કરવા !!

ઉત્તમ જીવો હોય છે એના માટે ગુરુ મહાવીર હોય છે, મધ્યમ જીવ હોય છે એના માટે ગુરુ મહાન હોય છે, અધમ જીવ હોય છે એના માટે ગુરુ આભાસ હોય છે, અધમાધમ જીવ હોય છે એના માટે ગુરુ એક આશ્ચર્ય હોય છે. મારે મારી રીતે ચાલવું, મારી ફાવટ એ ચાલવું, મારી ઈચ્છા મુજબ

ચાલવું, કહેવાય કે મારા માથે ગુરુ છે, હું એની આજ્ઞા મુજબ કરું છું. મારે મારી રીતે ચાલવાનું એના ઉપર ગુરુનો સિક્કો મરાવવાનો, ગુરુના હાથમાં લીલી ઝંડી આપવાની, ગુરુને કહેવાનું ફરકાવો. એટલે એમ લાગે કે આપણે ગુરુની આજ્ઞા મુજબ ચાલીએ-છીએ, ને આગળ વધ્યા પછી, આપણા રસ્તામાં પથરા દેખાય તો ગુરુના હાથે ઉપડાવવા, ગુરુ પાસે પોતાનો રસ્તો સાફ કરાવવો તો આપણે ગુરુને ગુરુ બનાવ્યા, શિષ્ય બનાવ્યા કે મજુર બનાવ્યા !!

આપણે પાછા કહીએ અમે એમના આજ્ઞાવર્તી, આ પણ ગુરુની મશ્કરી નહીં તો બીજું શું છે ? ગુરુની મજાક નહીં તો શું છે ? વ્યવહાર-નયથી ગુરુની મશ્કરી, નિશ્ચયનયથી આપણી પોતાની મશ્કરી !

સંસારનું મુળ છે (JOKE) રમૂજ, અને મોક્ષનું મુળ છે ઝોક ! ગુરુની મજાક કરીએ, - JOKE કરીએ એનાથી ભવ ભ્રમણ થાય છે. ગુરુ પ્રત્યે બધી જ રીતે ઝુકી જઈએ, એનાથી મોક્ષ થાય છે. આપણે આપણી ફ્રંટ રાખીએ, આપણી ફ્રંટ એ ચાલીએ, આપણી ફ્રંટ માં ગુરુને સંમત કરીએ, આ બધી તો બહુ જ દુરની વાત છે. સુધર્મા સ્વામી ભગવાન, પરમ પાવન આચારાંગ સુત્રમાં કહે છે,

તદ્દિટ્ઠી

તારે તારી ફ્રંટ જ રાખવાની નથી. તારે તો ગુરુની ફ્રંટ એ જ જોવાનું છે. મોક્ષ જવું બહુ જ સહેલું છે, શરત એટલી જ, કે આપણે મજાક કરવાનું છોડી દઈએ, પીસ્તાલીસે આગમ આપણને મોક્ષ માર્ગ નો આ જ સાર આપે છે. NO JOKING - PLEASE !! ભૌતિક ફેફસા SMOKING થી બગાડ

રવિવાર
25 10 2020

થઈ જાય છે, આધ્યાત્મિક ફેફસા -
JOKINગ થી ખલાસ થઈ જાય છે.

☆ JOKE એ સાધનાની સ્મશાનયાત્રા છે. ☆

સાધનાના નામે આપણે ગમે તેટલું કરીએ, આકાશ પાતાળ એક કરીએ, મેરૂ ઉપાડી લઈએ, ઘસી નાખીએ શરીરને, બધું જ જતું કરીએ, પણ JOKE ના છોડીએ તો આપણે સાધક નથી.

ગુરૂ આપણને આંખમાં અંજન આંજીને એટલું જ કહે છે, તું JOKE છોડી દે, તું ઝોક - અપનાવી લે, હું તને મારી વરમાળા પહેરાવવા તૈયાર જ છું.

રાજાના જે સદ્ગુરૂ મળી ગયા, ભાવતું મળી ગયું. અને રાજા ઝુકી ગયો, હકીકતમાં એ સદ્ગુરૂને નહતો ઝુકયો, હકીકતમાં એ પોતાને જ ઝુકયો હતો. એ ઝોક ન હતો એ JOKE હતો. આપણી તદ્દન ઈચ્છા વિરૂધ્ધ વાત ગુરૂ કરે, અને તદ્દન સહજતાથી આપણે એને અપનાવી લઈએ, ત્યારે આપણે સદ્ગુરૂને ખરા અર્થમાં ઝુકયા હોઈએ છીએ. સદ્ગુરૂ ને પગે લાગીને રાજા વિદાય થયો. બસ હવે એમની આજ્ઞા એ જ મારો નિયમ, એ જ રીતે ચાલવું છે, એ જ રીતે કરવું છે, અને રાજાએ ત્રણ સરહદે મોરચો માંડી દીધો, સૈન્ય બધું મોકલી દીધું, જોરદાર આક્રમણ કર્યું અને, સાડા છ હજાર જેટલા ગામડાઓ ઉપર કબજો મેળવી લીધો. રાજા ને આનંદ... આનંદ... આનંદ છે, અને ત્યાં સેનાપતિ દોડતો દોડતો આવ્યો ને કહ્યું કે લાગ જોઈને પશ્ચિમ ની સરહદ પર શત્રુ રાજા એ આક્રમણ કરીને સાડા ચાર હજાર ગામડાઓ પડાવી લીધા છે. એ બાજુ - સૈન્ય મોકલતા એક- દોઢ દિવસ લાગી જાય એમ છે, ને બહું મોડું થઈ જાય એમ છે. રાજાને એકદમ TENSION આવ્યું.

ત્યાં સમાચાર બીજો સેવક લાવ્યો કે આ સાઈડના જે બારસો ગામડા હતા એના ઉપર દુશ્મન રાજાએ હુમલો કરીને વિજય મેળવી લીધો છે. રાજા હવે TENSIONમાં આવ્યો, ત્યાં એક સેવક આવ્યો ને કહ્યું કે પૂર્વ-સરહદ માં આવું થયું છે, ને રાજા લમણો હાથ દઈને બેઠો.

સંદેશા પર સંદેશા ને ઉથલપાથલ ને આમ કંઈ સમજાય નહિ એવી સ્થિતી થઈ ગઈ ને રાજા નું મગજ બેર મારી ગયું, દુઃખી દુઃખી થઈ ગયો. ચાલો બધા, દોડ્યો રાજા ની સીધો ગુરૂ પાસે જઈને પગમાં પડી ગયો, મને બચાવો... મને બચાવો.. સંતે પુછ્યું કે થયું શું ને રાજાએ આખો REPORT આપ્યો.

સંત રહસ્યમય સ્મિત કરીને કહે છે કે રાજન્, સાંભળો! મારે તમને આ જ વાત કરવી હતી, POSSESSION IS NOT PLEASURE! જેમ-જેમ તમે પથારો વધારશો એમ એમ તમે દુઃખી થશો, જેમ જેમ ઘટાડશો, સાદગી રાખશો, સંતોષ રાખશો, એમ એમ તમે સુખી થશો. હું સીધું કહેત તો તમને સમજાત નહી. તમને અનુભવ થયો કે નહિ! તમે વધારવા ગયા, કેવી તમારી દશા થઈ, છે એટલામાં સંતોષ થી રહો, શાંતિથી રહો. સુખ અને શાંતિ નો આના સિવાય કોઈ ઉપાય જ નથી. હવે આગળ વધી ને, જો બને તો હવે આ બધું છોડો!

★ POSSESSION IS NOT PLEASURE ★

જેમ જેમ મત્તા વધે છે, એમ એમ સત્તા ઘટે છે!
જેમ મારી મત્તા વધુ, એમ મારી સત્તા ઓછી!
મત્તા આપણી સત્તા ને એની મત્તા બનાવી દે છે.
આપણને લાગે છે કે આપણી વસ્તુઓનો સંગ્રહ કર્યો,

રવિવાર
25 10 2020

હકીકતમાં વસ્તુઓ આપણો સંગ્રહ કરે છે, આપણને લાગે છે કે આપણા પૈસા, હકીકતમાં પૈસાના આપણે હોઈએ છીએ. મત્તા એ ટેકાની લાકડી છે, પણ એ આપણા પગના ભોગે મળતી હોય છે. મત્તા એ ATTRACTIVE MUSIC SYSTEM છે, પણ એની કિંમત હોય છે, આપણા કાનની પડદો. મત્તા એ ભાવતું ભોજન છે, પણ એ જડબાતોડ બની જાય છે. મત્તા એ - MERCEDES કાર છે, પણ એમાં TIME BOMB - FIX કરેલો હોય છે. મત્તા એ CHAIRMAN ની ખુરશી છે, પણ એમાં બેસીએ એટલે એનો પાયો ઢળી દઈ દે છે. મત્તા એ રાજમહેલ છે, પણ એમાં જઈએ ને એટલે ક..ડ..ડ..ડ.. ભુસ થઈ ને તૂટી પડે છે. મત્તા એ મઘમઘતું ગુલાબ છે, પણ એની દરેક - પાંખડીઓ ધારદાર હોય છે, એને સુંઘવા જઈએ એટલે આપણું નાક કપાઈ જાય છે. મત્તા એ અફલાતુન FLIGHT (વિમાન) છે, જેનું ACTUAL DESTINATION ACCIDENT હોય છે.

સિદ્ધાર્થ ગણિ મહારાજા, હૃદય ની લાગણી સાથે, જાણે માથા ઉપર પ્રેમાળ હાથ ફેરવતા હોય એવા વાત્સલ્ય સાથે આપણને કહે છે.

નિર્ધના અપિ તે ધીરા: શક્રાદેરપિ નાયકા:।

તમે જે શ્રીમંતાઈ ની પાછળ, દોડવા જઈ રહ્યા છો એ શ્રીમંતાઈ હકીકતમાં ગરીબી છે. તમારી છેતરપીંડી છે, તમારી મુર્ખામી છે, તમે મેળવી ને પણ દુ:ખી જ થવાના છો. ખરી શ્રીમંતાઈ અંદર ની છે, ખરી શ્રીમંતાઈ ભીતર ની છે, જો આ શ્રીમંતાઈ નથી, તો બીજુ શ્રીમંતાઈ નો કોઈ જ અર્થ નથી. આજે સમય થયો છે આજે આટલું રાખીએ.

ઉપમિતિ ભવ પ્રપંચ કથા- પ્રસ્તાવ-૭

સોમવાર

વ્યાખ્યાન - ૯૪ - પ્રથમ DATE 26 10 2020

વ્યાખ્યાન સ્થળ- શ્રી આંબાવાડી જૈન સંઘ, અમદાવાદ

પરમ કારુણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજ, પરમ પાવન શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથની અંદર, "ભોગ-તૃષ્ણા" નો વિદાય થી શું લાભ થાય છે, એની વાત કરે છે,

યેષાં પુનરિયં દેહાન્નિર્ગતા: સુમહાત્મનામ્ ।

જે મહાપુરુષો ના અંતર માંથી ભોગ-તૃષ્ણા ની વિદાય થઈ ગઈ,

નિર્ધના અપિ તે ધીરા:, શક્રાદેરપિ નાયકા: ॥

તેઓ નિર્ધન હોય તો પણ શક્ર વગેરે ના નાયક હોય છે. સંયમ જીવનના બાળપણ ના મારા દિવસો હતા, નવી- નવી દીક્ષા થઈ હતી, હજુ હું સંયમ-જીવન સાથે SET થઈ રહ્યો હતો, વિહાર આવે, વિહારમાં ઉપધિ બધી લેવાની હોય, ઉપધિ પડી ન જાય માટે TIGHT બાંધવાની હોય, બાંધીએ પણ અધવચ્ચે કંઈક ને કંઈક છુટી જાય. ગુરુ મહારાજ ડોળીમાં, ડોળી એકદમ FAST ચાલે, ગુરુ મહારાજ ની સાથે રહેવાનું બહુ મન, અને ચાલવાથી-કામ પતે નહિ, ડોળી સાથે લગભગ દોડવું પડે, પ્રયાસ કરીએ, સાથે ને સાથે રહેવાય, બરાબર-ધ્યાન ડોળી ઉપર રાખવું પડે એની SPEED સાથે ચાલવું પડે, તો ગુરુ મહારાજ ની સાથે રહી શકાય, પણ ઉપધિ જ્યારે અધવચ્ચે છુટવા લાગે, ત્યારે થોડું મરણિયા બનીને આમ.. આમ.. આમ.. આમ પકડી રાખીને, ચલાવી રાખીને, FAST.. FAST FAST ચાલીને ડોળી સાથે રહેવાનો પ્રયાસ કરીએ. પણ એક દશા પછી એવી આવે જ્યાં શક્યતા જ ના હોય, જ્યાં ઉભા રહી જવું પડે, SIDE માં જવું પડે, બધું બરાબર બાંધવું પડે ને, પછી-

classmate

સોમવાર
26 10 2020

પાછો વિહાર ચાલુ કરવો પડે ને એ એક વાર ડોળી થી છુટા પડ્યા, તો પછી સીધી મુકામે ડોળી મળે ! આગે બધું જતું રહ્યું હોય એવું લાગે, પછી આમ આગે પગ ઢસડતા -- ઢસડતા આવવાનું થાય. મારું બાળ-માનસ એવી કોઈ યુક્તિ શોધતું, કે એવું શું હોય શકે જેનાથી આ બધું એકદમ સરળ થઈ જાય. એ ઉપધિ એકદમ બરાબર રહે, બધું બરાબર શીખવાડ્યું હતું, પણ હજુ નવા એટલે આવડતું ન હતું !! અને આવો વિચાર ચાલ્યા કરે ને, ક્યાંક ઉપાશ્રયમાં પહોંચ્યા છીએ ને, કોઈ રૂમમાં વધારાનો સામાન, અને ભંગાર જેવું બધું પડ્યું હોય, એમાં શોધ કરવાનું મન થાય કે જેનાથી આ સરળ થઈ જાય !

સંયમ જીવનનું મારું બાળપણ પુરૂ થયું, ઉપધિ સાથે હું SET થયો, મને વાત સમજાઈ, કે આ બધું સરળ થઈ જાય એના માટે કશું જ ઉમેરવાની જરૂર નથી, ઓછું કરવાની જરૂર છે ! ઉમેરવાથી કદી પણ સરળતા વધતી નથી, ઉમેરવાથી કઠિનતા વધે છે. જે ઓછું કરી દઈએ, જે LIMIT માં હોય, તો પછી સરળ છે. દીક્ષા ને ચાર મહિના થયા હતા મુંબઈ થી શિરસાડ, ભિવંડી એ બાજુના વિહારો, ગુરૂદેવની અમુક EXTRA ઉપધિઓ જે વિહારમાં સાથે રાખવાની ના હોય, એની અંદર એક વીંટીયો હતો, વીંટીયો એટલે તમારી ભાષામાં કપડાની થપ્પી, એને TIGHT કરી દીધો હોય, વડીલ ગુરૂભાઈ જે સંભાળતા હતા, ગુરૂ મહારાજ નો ઉપધિ, એમની ઈચ્છા ન હતી, પણ છતાં મેં વિહાર માં ઉંચકવા એ વીંટીયો લીધો. એમની ના ઉપરવટ લીધો, એમને રુચ્યું નહતું ને, એમની વાત પણ સાચી હતી, કારણકે એની કોઈ ગુરૂ મહારાજ ને જરૂર ન હતી. MAXIMUM એ મચ્છરદાની માં WEIGHT તરીકે મુકવામાં કામ લાગે
(વજન)

જો એના પણ OPTIONS તો હતા જ ! મેં વ્યુહ કરીને લીધો હતો, પરાણે લીધો હતો, એમની ઈચ્છા ન હતી, જરૂર ન હતી, અને છેવટે એમણે, વિહારમાં કોઈ શ્રાવક આવ્યા હશે, એમને આપી દીધો, એ વીંટીયો રવાના થયો. મને ગુરુમહારાજે કહ્યું, કે સાધુને મજુર નથી બનાવવાનો, ભક્ત બનાવવાનો છે !

આજે વિચાર કરું છું કે આ બધી કેટલી સુચક ઘટના, અનુકૂળતા માટે, સગવડ માટે, સરળતા માટે, કંઈ પણ વધારવાની જરૂર નથી હોતી. ઓછું કરવાની જરૂર હોય છે. જ્યાં સુધી હું - વધારવાનું વિચારતો હતો ત્યાં સુધી હું ખોટો હતો, મને ખબર ન હતી કે એવું કાંઈ જ નથી, જે વધે અને સરળ થાય, ઓછું થવાથી સરળ થાય. હું વધારવા માટે ભંગાર માં શોધ કરતો હતો, - કારણકે હું અણસમજુ હતો, અને મોટાભાગની દુનિયા ની સ્થિતિ આજ છે.

દુનિયા ને અનુકૂળતા જોઈએ છે, સગવડ જોઈએ છે, સુખ જોઈએ છે, અને એના માટે દુનિયા વધારવાની પેરવી કરે છે, દુનિયા ને ખબર નથી, કે અનુકૂળતા વધુ ને બંધાયેલી નથી, અનુકૂળતા ઓછા ને બંધાયેલી છે. અને અનુકૂળતા વધારવા માટે દુનિયા જ્યાં શોધ કરે છે, એ ભંગાર સિવાય બીજું કશું જ હોતું નથી ! તમે જે વધારો છો એ તમારો ભંગાર છે. થોડું પણ તમે વધારે ખાય લીધું એ શરીર માટે ભંગાર સાબિત થવાનું. થોડું તમે વધારે કમાઈ લીધું એ તમારા મન માટે ભંગાર સાબિત થવાનું, થોડું તમે વધારે બોલી ગયા, એ તમારા આત્મા માટે ભંગાર સાબિત થવાનું,

સોમવાર
26 10 2020

વાડા સંબંધો તમે વધાર્યા એ તમારી માટે બોજ-સાબિત થવાના, ખતરા થવાના, અગવડ થવાના, પ્રતિકૂળ થવાના.

જેમ-જેમ પરિગ્રહ ઓછો થતો જાય, એમ-એમ અનુકૂળતા ને સુખ વધતા જાય. દુનિયા-ગાંડી બની ને દોડતી હોય, UNLIMITED પૈસા-જોઈએ છે, એના કરતા શ્રાવક નો પરિગ્રહ પરિમાણ વ્રત હોય, એનું સુખ વધારે હોય. શ્રાવક વધારે સુખી હોય. સાધુએ ઘરબાર, પરિવાર વગેરે પણ છોડયા, સાધુ એનાથી વધારે સુખી હોય. અપ્રમત્ત સાધુ, એમણે પ્રમાદો પણ છોડયા, એ એમનાથી વધારે-સુખી હોય! કેવળજ્ઞાની એટલે કષાયો પણ છોડયા, એ એમનાથી વધારે સુખી હોય, અને સિદ્ધ-ભગવંતો એમણે શરીર સુદ્ધા છોડયું, એ એમનાથી વધારે સુખી હોય! એમનો પરિગ્રહ શુન્ય હોય, માટે એ સર્વોત્કૃષ્ટ સુખી હોય!

હું નાનો હતો ખબર પડતી ન હતી, હું ટુકડા વિચારતો હતો, કીમીયા શોધતો હતો, ભંગાર જોતો હતો. દુનિયા શું કરે છે? એનેય ખબર પડતી નથી, એ ય ટુકડા શોધે છે, એય ભંગારમાં ખાંખાં-ખોળ કર્યા કરે છે. એ MALL પણ ભંગાર હોય છે, DEPARTMENTAL STORE પણ ભંગાર હોય છે, એનું CENTER પણ ભંગાર હોય છે, એની તિજોરી એ ભંગાર હોય છે, છેવટે તો આત્મા માટે તો આ બધું ભંગાર જ છે.

નિર્ધના અપિ તે ધીરા: શક્રાદેરપિ નાયકા:
તેઓ નિર્ધન હોય તો પણ ઈન્દ્ર વગેરે ના નાયક હોય!!
HIGHEST WEIGHT વાળી કોઈ ઉપાધિ હોય ને, તો એ "ભોગ-તૃષ્ણા" છે! મને હવુ બરાબર ફાવતું ન હતું, ઉપાધિ છુટી જતી હતી, માટે હું ગુરુમહારાજથી છુટો પડી જતો હતો. ઉપાધિની શિથિલતા ગુરુના

ભૌતિક વિયોગનું કારણ બનતી હતી. શિથિલતાની
ઉપધી, ગુરુના આધ્યાત્મિક વિયોગનું કારણ બને છે.
બાહ્ય હળવાશ હોય તો ગુરુને આંજી શકાય,
ભીતરી હળવાશ હોય, તો ગુરુત્વને આંજી શકાય.
મજુર કદી પણ ગુરુને આંજી ના શકે, મુનિ જ
ગુરુને આંજી શકે. બાહ્ય મજુર જે ઉપાડે, એ
દ્રવ્ય ઉપયોગી હોય શકે છે. આંતર મજુર જે
ઉપાડે, એ બોજ સિવાય કશું જ હોતું નથી!

નિર્ધના અપિ તે ધીરાઃ, શક્રાદેરપિ નાયકાઃ।

સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે નિર્ધન પણ હોય,
જેમની ભોગ-તૃષ્ણા જતી રહી, એ નિર્ધન પણ
હોય તો પણ એ ઈન્દ્ર વગેરેના નાયક છે.
થોડી છુટ લઈને એમના શબ્દોમાં નાનો ફેરફાર-
કરવાનું મન થાય.

નિર્ધન પણ ઈન્દ્રથી આગળ હોય એમ નહી પણ
નિર્ધન જ ઈન્દ્રથી આગળ હોય, જેની પાસે ધન
છે એ તો ઈન્દ્રથી આગળ કઈ રીતે હોય શકે.
શ્રીમંતાઈ છે એ ધન વગર જ હોય શકે. ધન સાથે
તો શ્રીમંતાઈ હોય જ ના શકે.

★ ધન એટલે ભાંગ્યું ઝુંપડું ★
★ ધન એટલે ફાટેલા કપડા ★
★ ધન એટલે ચપ્પણિયાની એંઠ ★
★ ધન એટલે કુતીના માથી ચાર જોગ ★
★ ધન એટલે વળગાડ ★
★ ધન એટલે અવિરત યુદ્ધ ★
★ ધન એટલે નિરંતર ઉપાધિ ★
★ ધન એટલે ઊંઘના ફાંફાં ★
★ ધન એટલે આફતની પત્રિકા ★

ચાણક્ય બહુ મજાની વાત કરે છે,

कुतो हि धनिनां निद्रा ।

જે ધનવાન હોય એને ઉંઘનું સુખ ક્યાંથી હોય શકે ! નીતી વાક્યામૃતમ નામના ગ્રંથની અંદર, બહુ માર્મિક-વાત કરી, કે જેમ સિંહ, હાથી ને મારે, અને એ હાથી નું શરીર, એ બીજા બધા જંગલના પ્રાણીઓ ખાય, અને સિંહ પાપનો ભાગી બને. એવી રીતે જે શ્રીમંત હોય એ પૈસા કમાય, એ લાખો કમાય, એ કરોડો કમાય, એ અબજો કમાય, એ કમાયેલું વાપરનારા જુદા હોય છે. કરોડો રૂપિયા કમાય શકાય છે, કરોડો-રૂપિયા અને વાપરી શકાતા નથી, કરોડો રૂપિયા ને વાપરનારા જુદા હોય છે. કમાનારા વ્યક્તિ હકીકતમાં પાપ કમતા હોય છે.

સિંહ હાથી ને મારી શકે, હાથીને આખો ખાય ક્યાંથી શકે. નીતીવાક્યામૃતમ ગ્રંથ કહે છે,

सिंह इव सिन्धुरवधात् ।

જેમ સિંહ, હાથી ના વધ થી પાપનું ભાજન બને છે. એ રીતે કમાનારા વ્યક્તિ એ પાપનું ભાજન બને છે, એ કમાયેલું તો બીજા ભોગવે છે. નીતીવાક્યામૃતમ-ગ્રંથ કહે છે,

कदर्यस्यार्थसङ्ग्रहो राजदायादतस्कराणामन्यतमस्य निधिः ।

જે કંજુસ છે, જે ભેગું કર્યા કરે છે, એનો જેટલો સંગ્રહ છે, એ એનો સંગ્રહ નથી હોતો, એનું નિધાન નથી હોતું, એનો ભંડાર નથી હોતો, એ કોઈ ની-થાપણ હોય છે, કોઈનો દાટેલો જમની હોય છે, કોની હોય છે કે યા રાજની હોય છે, યા એના વારસદાર કે ભાગીદાર એમની હોય છે, અથવા તો ચોર ની હોય છે, એનું કશું જ હોતું નથી. મહાભારત ની અંદર વિદુરજી બહુ મજાની વાત કરે છે,

सम्पन्नतरमेवान्नं दरिद्रा भुञ्जते सदा ।

જે ગરીબ હોય છે એ હંમેશા ઉંઘા માં ઉંચુ ભોજન જમતા

હોય છે.

क्षुत् स्वादुतां जनयति सा चाढ्येषु सुदुर्लभा ।

ભોજનને સ્વાદિષ્ટ બનાવનાર, દૂધ, ઘી, મસાલા, વગેરે નથી હોતા. ભોજનને સ્વાદિષ્ટ બનાવનાર તત્ત્વ એનું નામ છે "ભૂખ" અને એ ભૂખ શ્રીમંતો ને બહુ જ દુર્લભ હોય છે. રોગો ના પણ અમુક STATUS હોય છે, જે શ્રીમંતો ને જ થાય. અને એમની જે પીડાઓ હોય, છતે ભોજને જેવું તેવું ભોજન કરવું, છતે પૈસે એમને સાકર વગરનું ખાવું પડે, એમને DIETING કરવી પડે, એમને અડધું આયંબિલ કરવું પડે, એમને ભૂખ ન લાગે, ભૂખ લગાડવા ગોળી લેવી પડે, એમને બે રોટલી પચાવવા ગોળી લેવી પડે, એમને FRESH થવા ગોળી લેવી પડે, એમને સુવા ગોળી લેવી પડે.

એક મજુર ના નસીબમાં પણ ભૂખ અને ઊંઘ નું સુખ હોય છે, જે શ્રીમંતો ને નથી તો ખરા અર્થમાં શ્રીમંત કોને કહેવાય ? મહાભારતની અંદર વિદુરજી કહે છે,

सन्ति पुत्रा हि बहवो, दरिद्राणामनिच्छताम् ।

ગરીબો છે એ ન ઈચ્છતા હોય તો એ એમને કેટલા છૈયા-છોકરા હોય.

समृद्धस्य चेच्छतो नास्ति, विचित्रं विधिचेष्टितम् ॥

શ્રીમંતો એ ઈચ્છે, ઝંખે, તમન્ના કરે, માનતા ઓ માને, લાખ ધમપછાડા કરી ને છતા એમને વારસ ના હોય. આ વિધાતા ની ચેષ્ટા બહુ જ વિચિત્ર છે.

क्षुत् स्वादुतां जनयति, सा चाढ्येषु सुदुर्लभा ।

બહુ મજાની વાત છે કે તમારે મહાન થવું છે, ઈન્દ્ર કરતા પણ સવાયા થવું છે તો કશું ઉમેરવાની જરૂર નથી, તમે ભોગ-તૃષ્ણા ને ઓછી કરી નાખો, - તમારું કામ થઈ જશે.

येषां पुनरियं देहा - निर्गता सुमहात्मनाम् ।

ભોગતૃષ્ણા ની બાદબાકી એટલે જ મહાનતા !
ભોગતૃષ્ણા નો સરવાળો એટલે જ અધમતા !

અમારા, રત્નસુંદર સૂરીજી મહારાજ, દિલ્હી ની અંદર હતા, એક દિવસ PARLIAMENT ની અંદર એમનું પ્રવચન હતું ! એ દિવસે નક્કી કરવા માં આવ્યું કે બધા નેતાઓ માટે આજે જૈન જમવાનું નક્કી કરી દીધું, ઓલા લોકો ને ખબર નહી, એટલે એ લોકોએ પુછ્યું કે ભાઈ આ જૈન ભોજન કઈ રીતે બનાવવાનું, આમાં શું બનાવવાનું હોય. પૂજ્યશ્રી, કે એમના - શિષ્ય કે શ્રાવક, એમની આગળ પ્રશ્ન કરવામાં આવ્યો ની એમણે એમનું MENU માં કીધું કે આટલું આટલું કાઢી નાખો એટલે જૈન ! બહુ મજાની વાત છે, - સમજવાની વાત છે, જૈન ભોજન માટે બીજુ કોઈ- સાધન સામગ્રી લાવવાની છે, આ કરો, તે કરો, ઓલુ લાવો, પીલુ લાવો, એટલે જૈન જમવાનું બની જાય, એવું છે જ નહિ, તમારા MENU માં જેટલું જેટલું અભક્ષ્ય છે, NON VEG છે કંદમુળ છે, આવું આવું કાઢી નાખો એટલે જૈન ભોજન !

ભગવાન કઈ રીતે બનવું, મોક્ષે કઈ રીતે જવું, સિદ્ધ ભગવંત કઈ રીતે બનવું, આનો સીધો હિસાબ આ છે, તમારી ભોગ-તૃષ્ણા કાઢી નાખો, એટલે તમે ભગવાન !

પ્રતિબોધક આચાર્ય, ભોગ-તૃષ્ણા ની વાત કરી રહ્યા છે ... કરી રહ્યા છે ... કરી રહ્યા છે, આખી પર્ષદા ભીની ભીની થઈ રહી છે, કાલસ અને વિચક્ષણા બંને ગળગળા બન્યા છે, ત્યંતર COUPLE !! રાજા, રાણી, રાજકુમાર, રાજકુમારી બધા જ ભાવિત બન્યા છે, અને પ્રતિબોધક આચાર્ય વાત આગળ વધારે છે,

ત્રિચિત્તામસસમ્મિશ્રૈ રાજસૈ: પરમાણુભિ:।

જે આ દેખાય છે ને "ભોગ-તૃષ્ણા" કાળી અને લાલ

એની આભા છે, જુઓ ત્યાં, સભાને છેવાડે, પેલી "ભોગ-તૃષ્ણા" તમારી રાહ જોઈ રહી છે. તમે આવો એટલે પાછી અંદર જાય.

બૌદ્ધ દર્શનો નો અંદર પણ કહ્યુ છે, કે "ભોગ તૃષ્ણા" એ રાજસ્ પરમાણુ ની બનેલી છે, અને રાજસ્ પરમાણુ એ રજો ગુણ વાળા કહેવાય, જે ચંચળતા આપે, જે વિષય અભિલાષ આપે, એ રજોગુણ નો પ્રભાવ. જે અજ્ઞાન માં તાણી જાય અંધારા માં રાખે એ તમોગુણ નો પ્રભાવ, કંઈક તામસ પરમાણુ ની સાથે, રાજસ્ પરમાણુ એ ભેગા થાય, અને એમાંથી આ "ભોગ-તૃષ્ણા" નું કલેવર બને! છેવટે બધું જ, અંદરના રાગ-દ્વેષ, રતિ-અરતિ, જુગુપ્સા, વેદ મોહનીય, વિષયાભિલાસ - એ બધું જ મોહનીય કર્મ ને આભારી છે, જૈન પરિભાષા અનુસારે. એ કાર્મણ વર્ગણા ના પરમાણુઓ જે કર્મ રૂપે આત્મા સાથે સંબદ્ધ થયા, જીવે જેવા ભાવ માં બાંધ્યા એવો એમનો સ્વભાવ થયો, કોઈ જ્ઞાનાવર્ણીય, કોઈ દર્શનાવર્ણીય, કોઈ વેદનીય, કોઈ મોહનીય, જૈન પરિભાષા અનુસારે, તે તે પરમાણુઓ એમના પણ અમુક વર્ણ હોય છે, ગંધ હોય છે, રસ હોય છે, સ્પર્શ હોય છે.

ઉત્તરાધ્યયન સુત્ર ની અંદર એક-એક લેશ્યા ની ઉપમા આપી કે એનો કેવો વર્ણ, એ શેના જેવો, એના માટે અંજન વગેરે ની ઉપમા આપી, ચોમાસના વાદળા વગેરે ની ઉપમા આપી, ને તેતે લેશ્યા ના વર્ણો પણ સમજાવ્યા. ને જૈન દર્શન સિવાય ના દર્શનો ની પરિભાષાની અંદર, સત્વ, રજસ, તમો ગુણની વાત કરી, તેમના વર્ણો ની વાત કરી, તેમના પ્રભાવ ની વાત કરી, અને એવા પરમાણુઓ જીવ ઉપર હાવી થાય,

પુત્ર ઉપર પ્રભાવ બતાડે. અને પ્રતિબોધક આચાર્ય કહે છે કે આ "ભોગ-તૃષ્ણા" એ પરદર્શન ની ઉપમાઓ કેવી હોય છે.

निर्वर्तितशरीरेयं भीता लक्षान्तरेऽपि ।

એવા તામસ મિશ્રિત રાજસ પરમાણુઓ એનાથી આ - "ભોગ-તૃષ્ણાનું" શરીર બનેલું છે. સમસ્ત સભા સ્તબ્ધ થઈને સાંભળી રહી છે, અને પ્રતિબોધક આચાર્ય આગળ આ - "ભોગ-તૃષ્ણા" ની વાત નો ઉપસંહાર કરતા કહે છે,

तदेषा भवतो: पापा, पापकर्मप्रवर्तिका ।

તો સમજી લો કે મેં આ જેવું-જેવું વર્ણન કર્યું ભોગતૃષ્ણાનું એ પાપીણી ભોગતૃષ્ણા, એ અધમ ભોગ-તૃષ્ણા, એ પાપી છે, એણે તમે આ પાપ કરવામાં ભાગી બનાવ્યા છે. પ્રતિબોધક આચાર્ય કાલજ્ઞને કહે છે કે, તમને મન થયું, કે હું રાજકુમારનું રૂપ કરીને એની પત્નીને છેતરું, ને એની સાથે હું ભોગ ભોગવું, આ તમારો વિચાર નથી, આ તમારું કામ નથી, તમે કશું ખોટું કર્યું નથી, આ બધું જ ખોટું તમારી પાસે કરાવવામાં આવ્યું છે, એ કરાવનાર નું નામ છે "ભોગ-તૃષ્ણા".

तदेषा भवतो: पापाढ्य, पापकर्मप्रवर्तिका ।

વિચક્ષણા નું હૈયું વલોવાઈ ગયું છે, સંસારનું સ્વરૂપ સાંભળ્યું, "ભોગ તૃષ્ણા"નું સ્વરૂપ સાંભળ્યું. મેં આટલું અધમ પાપ કર્યું, મેં પેલા રાજકુમારને છેતર્યો, એની પાસે પરસ્ત્રીગમન કરાવ્યું, મેં મારું શીલ તોડ્યું ને એમનું એ શીલ તોડ્યું, કેટલું ઘોર પાપ મેં કર્યું ને આચાર્ય ભગવંત કહે છે, તમે કશું જ કર્યું નથી, તમારી પાસે કરાવવામાં આવ્યું, અને કરાવનાર એનું નામ છે "ભોગ-તૃષ્ણા"

तदस्या एव दोषोऽयं विद्यते नैव भद्रयो: ।

તો એનો જ આ બધો દોષ છે, તમારો કોઈ જ દોષ નથી ! કોઈ પણ જીવની અંદર દોષ જોવો, એ અનંત સિદ્ધ ભગવંતોની આશાતના છે. જીવ અનંત-સિદ્ધો નું જ સ્વરૂપ છે.

સોમવાર
26 10 2020

જે સિદ્ધ ભગવંતો છે, એ જ જીવ છે.
અષ્ટસહસ્રીતાત્પર્ય વિવરણ ગ્રંથની અંદર, મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે-

ધ્યાયામિ સિદ્ધં તમનાદિશુદ્ધમ્ ।

શુદ્ધ નયની દ્રષ્ટિ એ, નિશ્ચય નયની દ્રષ્ટિ એ, દરેકે દરેક જીવ, અનાદિ કાળથી શુદ્ધ જ છે. જીવ કદી પણ દોષીત હોતો જ નથી. દોષ જ દોષીત હોય છે. ઉકરડાની અંદર સોનુ પડી ગયું છે, સોનુ છે, ઉકરડામાં છે, ગંદકી માં છે, ખોટી જગ્યા એ છે, બધી વાત સાચી. છતાં સોનુ સોનુ જ છે, અને ઉકરડો ઉકરડો જ છે. ઉકરડો સોનામાં નથી ઘુસી જતો, ઉકરડો સોનુ નથી બની જતો, સોનું ઉકરડો નથી બની જતું. તો પછી સોનુ ઉકરડામાં હોય તો ફરક શું પડે છે. જીવમાં કોઈક રીતે, અપેક્ષા એ દોષનો સંયોગ થયો, દેખાય છે જીવ દોષીત છે પણ, દોષ - દોષ જ છે, જીવ-જીવ છે, દોષ જીવ નથી બની જતો, જીવ દોષ નથી બની જતો, તો પછી જીવને દોષીત કઈ રીતે કહી શકાય, જીવ દોષ વાળો કઈ રીતે કહી શકાય, જીવ જીવ જ છે, જીવ શુદ્ધ જ છે, એ અનાદિ શુદ્ધ છે, જીવ નું સ્વરૂપ નિર્મળ છે.

પ્રતિબોધક આચાર્ય પોતાની વાત આગળ વધારે છે.

સભાનો પ્રશ્ન :- સોનુ એ ઉકરડામાં હોય, એ ઉકરડાને ધોવાય તો એમાંથી સોનાને બહાર કઢાય ને, ઉકરડો ધોયા વગર તો સોનાને કઈ રીતે બહાર કાઢી શકાય સાહેબજી !

પૂજ્યશ્રી નો ઉત્તર :- આપણી પદ્ધતિ, ઉકરડામાં સોનુ ધોવાની હોય છે ?

કે સોનાને પણ ઉકરડા તરીકે ભુલવીને બદનામ કરવાનો હોય છે. વ્યવહાર નય કહે છે કે ભાઈ સોનુ ઉકરડામાં છે, ગંદકીમાં છે, ગંદુ થઈ ગયું, એને બહાર કાઢો, એને ધુઓ. નિશ્ચય નય કહે છે કે સોનુ કદી ગંદુ થાય જ નહીં. હું કહું છું બંને નય ઉપયોગી છે. જ્યારે આપણા આત્માની વાત છે, આત્માને શુદ્ધ કરવાની વાત છે, ત્યારે એઈએ કે આ દોષોના ઉકરડામાં, સંસારના ઉકરડામાં મારી આત્મા દુઃખી થઈ રહી છે, આવું તો ના જ થવું જોઈએ, આવું થઈ જવું જોઈએ, ભાઈ કાઢો એને, સાફ થઈ જવો જોઈએ, આ દોષ છે, દોષ મને સતાવે છે, મને દોષ માંથી બહાર કાઢો, મને દોષ ના જોઈએ ને આમ અકળાઈ જવાય, ત્રાસી જવાય, શોર પાડો ઉઠીએ, દોડીએ ત્યાંથી, જઈએ ગુરુભગવંત પાસે, ગુરુભગવંત મને દોષથી બચાવો, હું તમને કહું ત્યાં વ્યવહાર નય લગાડવાની છે.

બીજી વ્યક્તિ જેના દોષ થી મનમાં અસદ્ભાવ જાગી રહ્યો છે, દુર્ભાવ થઈ રહ્યો છે, આપણે એની નિંદા કરીએ, આપણે એનો પંચાત કરીએ, એના દોષના કારણે આપણે માથું કુટ્યા કરીએ, ત્યાં નિશ્ચય-નય લગાડવાની છે. પ્રતિબોધક આચાર્ય કહે છે,

स्वरूपेण सदा भद्रो निर्मलो परमार्थतः ।

સ્વરૂપ થી તમે હંમેશા ભદ્રક છો, સારા છો, પરમાર્થ થી તમે નિર્મળ છો, બહુ સમજવા જેવી વાત છે. પીસ્તાલીસ-આગમ માંથી ચુમ્માલીસ મું આગમ છે નંદીસુત્ર. અને આ નંદીસુત્ર આગમની અંદર, જ્ઞાનની પ્રરૂપણા આપેલી છે. અને એના કારણે આ સુત્ર પરમ પવિત્ર કહેવાય ! દીક્ષા વખતે ખાસ નંદી સુત્ર સંભળાવાય, વડી દીક્ષા વખતે સંભળાવાય, અમારી જોગ ની વિધિ આવે, જોગ મહાત્મા ને ચાલતા હોય, નંદિ સુત્ર, વારંવાર એ વિધિ માં આવે, અને હજુ આગળ વધીને તમારા ઉપધાન હોય, એની અંદર નંદિ સુત્રની વિધિ આવે, હજુ આગળ વધીને, પદવી હોય, આચાર્ય

સોમવાર
26 10 2020

પદવી, સંપૂર્ણ નંદીસુત્ર, લગભગ સાતસો ગાથા પ્રમાણ, આજે આખું STAGE ઉપર, આચાર્ય પદવી વિધિમાં સંભળાવવાનું હોય, કારણ શું ?, એમા જ્ઞાનની - પ્રરૂપણા છે, જ્ઞાન એ મંગલ છે.

એક મજાની વાત, સમજવા જેવી વાત, જ્ઞાન શું છે ?, ધ્રુવ નો એક પર્યાય છે, એનો અર્થ જ્ઞાન મંગલ છે, એટલે ધ્રુવ મંગલ છે. રસ્તા ઉપરથી તમે પસાર થઈ રહ્યા છો, સામે કોઈ વ્યક્તિ તમને મળી, તમે ભણેલા છો, નથી ભણેલા કે પણ છે, એમને જોઈને તમને આનંદ થાય, તમે એમના - આત્મા નો જ્ઞાન પર્યાય નજર સામે લાવો, અને એ સ્વરૂપે એ વ્યક્તિ ને લો, ત્યારે તમને મંગલ થયું હોય છે, ત્યારે તમને શુકન મળ્યા હોય છે. ત્યારે તમારા વિઘ્નો નો નાશ થાય, ત્યારે તમને કાર્યમાં સફળતા પ્રાપ્ત થાય, કારણકે જ્ઞાન એ મંગલ છે, માટે એ ધ્રુવ મંગલ છે.

એક વ્યક્તિ છે, જે તમને પ્રતિકૂળ વર્તે છે, આડાઈ કરે છે, નડે છે, તમારી બદનામી ને નિંદા કરે છે, તમારી દુશ્મન તરીકે પ્રસિદ્ધ છે. એ વ્યક્તિ તમને સામે મળે છે, અને તમે એના પ્રત્યે પણ આ જ્ઞાન દ્રષ્ટિ કેળવો છો, એના આત્માનો શુદ્ધ જ્ઞાન પર્યાય નજર સામે લાવો છો, પ્રમોદ ભાવના ભાવો છો, સામે તમને શુદ્ધ જ્ઞાન મળ્યું. અને દુશ્મન મળ્યો, આવું કરનાર મળ્યો, આવું કરનાર મળ્યો, એ બહુ જ ખરાબ, એ બહુ જ પાપી, એ બહુ જ અધમ, એ બહુ જ નીચ, આવા બધા વિચારો ના કર્યા તમે, અને તમે એજ વિચાર કર્યો કે મને શુદ્ધ જ્ઞાન સામે મળ્યું, તમે આ વિચાર કરો, એટલે તમને મંગળ થઈ ગયું, તમને શુકન થઈ ગયું !! તમે વિચાર કરો કે આ મારો દુશ્મન છે,

પ્રતિકૂળ કરનાર છે, શત્રુ છે, તમે દુર્ભાવ લાવ્યા, વીર પ્રભુ પ્રત્યેનો દુર્ભાવ, એટલે કે એના શુદ્ધ જ્ઞાનાદિ ગુણો-પ્રત્યેનો દુર્ભાવ, એનો અર્થ તમે અપમંગળ કર્યું, એનો અર્થ તમને અપશુકન થયા! એનો અર્થ એ છે કે સામી વ્યક્તિ ભલે દુશ્મન પણ હોય, તો એ આપણને પ્રતિકૂળ નથી, આપણે જ આપણને પ્રતિકૂળ છીએ.

રાજસ્થાન ની અંદર એક અનુપ મંડળ છે, અત્યારે ઘણું બધું ફેલાયેલું છે, લગભગ સો વર્ષ પહેલાં એના કોઈ અનુપદાસ થઈ ગયા. માથા ફરેલ જેવા કોઈ ભાઈ હતા, અને હોમ-હવન એવું બધું કંઈક કરતા હતા! એક વાર એનું કોઈ મોટું અનુષ્ઠાન કરવા માટે, જૈન બાળકને પકડી ને લઈ આવ્યા, અને એને હોમી દેવાના હતા. વાત ફેલાઈ ગઈ, બાળક બચી ગયો, એ પરિવારે આવીને એ માણસને બહુ જ પીટ્યો, છેલ્લે જૈનત્વ ના સંસ્કાર, દયા આવી, અને એમને જવા દીધા. જૈનત્વ પ્રત્યેનો ખુબ દ્વેષ એ માણસે અંદર ભર્યો, ઉટપટાંગ વાતો એ બોલ્યા ત્યાં-સુધી ફેલાવી, એને લોકો પાગલ માણસ તરીકે ઓળખતા. પણ કોઈક અનુયાયીઓ મળી ગયા. જૈનો ઉપર બેફામ આરોપો, જૈન સંતો ઉપર બેફામ આરોપો, હસવું આવે, આખી દુનિયાની ઉપાધિઓ આપણે જ ઉભી કરી, ધરતીકંપ આવ્યો તો આપણે જ કરાવ્યો, સુનામી આવી તો આપણે જ કરાવી, દુકાળ પડ્યો તો આપણે જ જવાબદાર, વરસાદ ન આવ્યો તો આપણે જ જવાબદાર, આવી બધી વાતો ફેલાવો, એના વિષયક ઉટપટાંગ સાહિત્ય બહાર પાડ્યું, આ ચોમાસામાં પહેલવહેલી વાર સાહિત્ય મારા હાથમાં આવ્યું, એ સાહિત્ય પોતે જ એનો જવાબ છે, કોઈ ગાંડો માણસ પણ વિશ્વાસ ન કરે એવી બધી વાતો, અને હવે એમના અનુયાયી-ઓ કહે છે કે આ કોરોના પણ જૈન સંતો એ જ ફેલાવ્યો છે. દુનિયામાં કાંઈક પણ ખરાબ થાય તો જૈનો જ જવાબદાર છે. વર્તમાન સમયમાં છેલ્લી અડધી સદીમાં

એ ગામોની અંદર થયેલા મહોત્સવો, એ જૈનોની જાહોજ-
લાલી, પ્રભુ કૃપાથી એમને મળેલી સંપત્તિ, એ
બધી જોઈને બળેલા જીવો એ, આ મન ને વધારે
પુષ્ટ કર્યો. દુઃખે પેટ ને કુટે માથુ, એવી પરિસ્થિતિ
સર્જાઈ.

આપણે આપણા જીવનમાં જોઈએ કે આપણે
શું છીએ ?, આપણે શું જીવીએ ?, અનાદિકાળની
એવી અહંકાર છે અંદર, જેનાથી બીજુ વ્યક્તિ ને
આપણે સહન કરી શકતા નથી. બીજાનું -
અસ્તિત્વ જ આપણને નડે છે. અંદર મત્સરરસ છે,
અસદ્ભાવ રસ છે, અપ્રીતિ નો રસ છે, એમાં
આપણને બહાનું મળી જાય છે કે એણે મને અપ્રતિ-
કૂળ કર્યું, એનામાં આ દોષ છે, ને માટે મને અસદ્-
ભાવ છે, બાકી મને કોઈ અસદ્ભાવ નથી. અનુપ
મંડળની સ્થિતિ આ છે "દુઃખે પેટ ને કુટે માથુ."
વાત ફેલાવી છે કે જૈનો ખરાબ, વરસાદ અટકાવે, આવું
બધું કરવું છે, માથું કુટવું છે. ACTUALLY પેટ
દુઃખે છે કે ભાઈ એમની પાસે કેમ આટલા રૂપિયા છે.
આપણને પેટ દુઃખે છે મત્સર રસ છે, જીવ પ્રત્યે શોધ
દ્રષ્ટિ નથી, સિદ્ધ દ્રષ્ટિ નથી, ગુણ દ્રષ્ટિ નથી,
જ્ઞાન દ્રષ્ટિ નથી, એમના અશુદ્ધ પર્યાયો એને
બહાના તરીકે આગળ કર્યા છે, આપણા મત્સર-
રસને પોષવો છે, અને માટે આપણે જીવ ને
ભાંડીએ છીએ. દુઃખે પેટ કુટે માથુ.

પ્રતિબોધક આચાર્ય કહે છે,

स्वरूपेण सदा भद्रौ निर्मलौ परमार्थतः।

હે કાલક, હે વિચક્ષણ, તમે સ્વરૂપથી હંમેશા સુંદર છો
પરમાર્થ થી તમે નિર્મળ છો,

तदस्याः कृत दोषोऽयं।

માટે આનો જ દોષ છે, તમારો કોઈ જ દોષ નથી.

પ્રતિબોધક આચાર્ય, એમની નિર્મળ વાણી, ગંગાના પ્રવાહ જેવી ખળખળ વહી રહી છે, અદ્ભુત પદાર્થો - એમના મુખે સિદ્ધર્ષિગણિ મહારાજ, પીરસી રહ્યા છે, આજે સમય થયો છે, આજે આટલું રાખીએ !!

# ઉપમિતિ ભવ પ્રપંચ કથા - પ્રસ્તાવ ત્રીજો

મંગળવાર

## વ્યાખ્યાન નંબર - ૮૫ - પ્રથમ DATE 27 10 2020

### વ્યાખ્યાન સ્થળ :- શ્રી આંબાવાડી જૈન સંઘ, અમદાવાદ

પરમ પાવન શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ કથા, શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજ, ઉપમિતિ ના ત્રીજા પ્રસ્તાવ ની અંદર, અંતરંગ વિશ્વના એક પછી એક પર્દાફાશ કરી રહ્યા છે. મોહવિલય ઉદ્યાન છે, પ્રતિબોધક આચાર્ય બિરાજમાન છે, પર્ષદા છે, રાજા પણ છે અને ચિત્તર COUPLE પણ છે. અત્યંત આઘાત છે કે અમે બહું ખોટું કર્યું અને આચાર્ય ભગવંત કહે છે કે તમારો કોઈ જ દોષ નથી. પરદોષ દર્શન એ નિશ્ચય દ્રષ્ટિ એ મિથ્યાત્વ છે, વિશ્વ ની નીચમાં નીચ વ્યક્તિ, અધમમાં અધમ વ્યક્તિ, મહાપાપી વ્યક્તિ હોય ને એ પણ આપણને જો દોષિત લાગે, તો સમજી લેવું કે આપણાં - સમ્યકત્વ માં ખામી છે. એક જીવનો અનાદિ નો મત્સર દોષ, બીજા ના દોષ જોવાથી આનંદ પામે છે અને પોતા ની મહાનતા નો મિથ્યા સંતોષ લે છે. આપણને કોઈ વ્યક્તિ ગમી પણ હોય, સારી પણ લાગતી હોય, કોઈના પ્રત્યે સદ્‌ભાવ પણ હોય એનું કારણ એ નથી કે એ વ્યક્તિ ગુણવાન છે, એનું કારણ એ હોય છે કે એણે આપણો અહમ્ પોષ્યો હોય છે.

આપણે જ્યારે કોઈના માટે સારા પણ હોઈએ છે, ત્યારે ગુણ દ્રષ્ટિ એ સારા ? કે એણે આપણો અહમ પોષ્યો એ દ્રષ્ટિ એ આપણ ને સારા લાગે છે, માટે આપણે એના માટે સારા થયા છીએ. આ પ્રશ્ન આપણે આપણને પુછવો જોઈએ !! GRAMMETICAL દ્રષ્ટિ એ વિચારીએ તો કેટલાક શબ્દો જાપ શબ્દો હોય છે. ગુજરાતી ભાષામાં જાપ શબ્દ નો અર્થ ગણો થાય છે.

classmate

મંગળવાર
27 10 2020

સંસ્કૃત ભાષાની અંદર, સંસ્કૃત વ્યાકરણની દ્રષ્ટિએ અપશબ્દનો અર્થ એ છે કે જેની GRAMMETICAL સંગતિ ના હોય. કોઈ નવો નવો ગુજરાતી - શીખેલો, વ્યક્તિ છે, અને એ એમ બોલે કે આપણે અહીંયા આવ્યા "છુ"! તો તમે કહેશો કે ભાઈ આ "છુ" ના બોલાય, આ ખોટું કહેવાય. તો વ્યાકરણની ભાષામાં એમ કહેવાય કે એ વ્યક્તિ "છુ" બોલ્યો ને એ અપશબ્દ બોલ્યો! જેની સંગતિ નથી. જે SUIT ના થાય! જે નિયમ ને અનુસારે ના હોય, જેનાથી નિયમ નો ભંગ થતો હોય. આપણે એટલે - પ્રથમ પુરુષ બહુવચન છે, એની સાથે છીએ આવે, આપણે અહીંયા આવ્યા છીએ. અને એ પ્રથમ પુરુષ એક વચન હોય, હું અહીંયા આવ્યો છુ. તો છુ આવે છીએ ન આવે. ત્યાં છીએ કરું તો અપશબ્દ છે, ઓલામાં છુ કરું તો અપશબ્દ છે.

નિશ્ચય નયની દ્રષ્ટિ એ જોઈએ, તો "દોષિતા" આ શબ્દ, ITSELF એ અપશબ્દ છે દુનિયામાં દોષ હોય શકે છે, પણ કોઈ ખૂબ દોષિત છે, આ દોષિત, પેલો દોષિત, આ બધા જ અપશબ્દ છે. જે શક્ય જ નથી, જે છે જ નહિ, જે વાસ્તવિકતા જ નથી, એ કેવી જેની સંગતિ જ ન થાય. એવું માનવું, એવું વિચારવું, એવું બોલવું, એનું નામ અપશબ્દ !!

પ્રતિબોધક આચાર્ય વ્યંતર COUPLE એ કહે છે,

સ્વરૂપેણ સદા ભદ્રો નિર્મલો પરમાર્થત: ।

તમારા સ્વરૂપથી તમે હંમેશા ભદ્ર છો, સુંદર છો, સારા છો, પરમાર્થ થી તમે નિર્મળ છો.

દુર્ગેવ સર્વદોષાણાં કારણત્વેન સંસ્થિતા ।

જેટલું - જેટલું નબળાથી ખોટું થઈ ગયું એમા તમારો કોઈ જ દોષ નથી, એ બધો જ દોષ આ "ભોગ-તૃષ્ણા"

જો છે. ખુદ કદી પણ ભૂંડો નથી હોતો. જેઆપણે જેને ભૂંડો કહીએ છીએ, એ કદી ભૂંડો નથી હોતો. ખુની કદી ખુની નથી હોતો, ભોગ-તૃષ્ણા ખુની હોય છે. દુરાચારી કદી દુરાચારી નથી હોતો, ભોગ-તૃષ્ણા દુરાચારી હોય છે.

એક વ્યક્તિનો મોહરો બીજા વ્યક્તિએ બનાવ્યો, EXACTLY એવો મોહરો ને એ પહેરે એટલે પેલી વ્યક્તિ છે એવું જ લાગે. એ મોહરો પહેરીને આ વ્યક્તિ એ લુંટ કરી, ચોરી કરી, ખુન કર્યું, ઘણા-બધા ઉંધા-ચત્તા કામ કર્યાને એક વાર એ કેમેરામાં પકડાયો. એનું RECORDING જેવો SCREEN પર બરાબર જોયું, એણે કહી દીધું કે આ તો પેલો માણસ છે. એ માણસને પકડવામાં આવ્યો. પુરાવા રજુ કરવામાં આવ્યા, એની સામે CASE ચાલ્યો, CASE માં એ માણસ હારી ગયો, એ કહેતો રહ્યો કે મારો કોઈ જ દોષ નથી, કોઈ જ દોષ નથી, મને કંઈ ખબર નથી, મેં કંઈ કર્યું નથી, એમ કહ્યું માનવા માટે તૈયાર નથી ને એ માણસને ફાંસી પર ચડાવી દેવામાં આવ્યો. ભોગતૃષ્ણા અને આત્માના સંદર્ભમાં આવી જ ઘટના બને છે.

સભાનો પ્રશ્ન :- ભોગતૃષ્ણા કોની ?

પૂજ્ય શ્રીનો ઉત્તર :- એક નયવાદ સમજો, એક-એક નય ને સમજો ને પછી સમન્વય સમજો, એમાં વચ્ચે બીજું કંઈ લાવશો તો તમે CONFUSE થઈ જશો. એક નય નિશ્ચય નય સમજો કે આત્મા નિર્મળ છે, પરમાર્થ થી શુદ્ધ છે, વિશુદ્ધ છે, જેને ~~કશી~~ કશી જ લેવા-દેવા નથી, જેનો કોઈ જ દોષ નથી, જે કોઈ ગુનો કરવા ઈચ્છતો નથી, જે કોઈ ગુનો ACTUALLY

કરતો પણ નથી, પણ એની પાસે કરાવવામાં આવે છે. "મોગ-તૃષ્ણા" એ પીળી મહોરો પહેરનાર વ્યક્તિ જેવી છે, અને આત્મા જેની મહોરો પહેરાયી એના જેવી છે. કર્યું મોગ તૃષ્ણા એ અને દંડાયી આત્મા, અહીંયા સુધી નિશ્ચય નય ! મોગ તૃષ્ણા કોની હતી, આત્મા નો ગુનો શું, આત્મા દંડાયી શા માટે ? અને હવે ત્યાં તમારો પ્રશ્ન લાવો, કે મોગ-તૃષ્ણા કોની ? તો આત્માની, આત્મા એ મોગ- તૃષ્ણા રાખી, - આત્મા એ મોગ- તૃષ્ણાનો ખાતમ ન કરી એ જ એનો ગુનો, આત્મા એ મોગતૃષ્ણા સાથે સંબંધ રાખ્યો, એ જ એનો ગુનો !!

સ્વરૂપેણ સદા શુદ્ધો નિર્મલો પરમાર્થતઃ।

સ્વરૂપ થી આત્મા હંમેશા નિર્મળ છે, નિર્દોષ છે, વિશુદ્ધ છે, એક છાંટા જેટલો પણ, એક પૈસા જેટલો પણ, એક દોરા જેટલો પણ દોષ એની અંદર નથી. વાસણ છે, વાસણ ની અંદર કાદવ છે, તો પણ વાસણ ગંદુ નથી, વાસણ શુદ્ધ જ છે. વાસણ - કાદવ થી ખરડાયેલું છે, તો પણ વાસણ શુદ્ધ છે. કાદવ ને ઘસી ઘસીને - ઘસી-ઘસી ને કાઢવો પડે એમ છે, તો એ વાસણ શુદ્ધ છે. ઘસી ઘસીને કાઢવા છતા કાદવ નીકળતો જ નથી, તો પણ વાસણ તો શુદ્ધ જ છે, કારણકે વાસણ - વાસણ છે, અને કાદવ- કાદવ છે. વાસણ - કાદવ નથી થતો, કાદવ- વાસણ નથી થતું, તો પછી એ અશુદ્ધ કઈ રીતે હોય શકે !

ટરર જેવી વસ્તુ જેમ દુનિયામાં હોતી જ નથી, એ અપશબ્દ છે, એનો કોઈ વ્યુત્પત્તિ અર્થ નથી, એનો કોઈ રૂઢિ અર્થ નથી, એનો કોઈ પ્રાયોગિક અર્થ નથી, એનું GRAMMETICAL ROOT નથી, એનું કોઈ ધાતુ નથી, એનું કોઈ બંધારણ નથી, એ વસ્તુ નું

EXISTANCE ક્યાંય દેખાતું નથી, ટરર છે જ નહિ, બરાબર એ જ રીતે દીપિત એ છે જ નહિ !

વ્યવહાર નય કહે છે કે આ બધું ખોટું થઈ ગયું છે, આ બધી ખોટી વાત છે, આ વાત સાવ ખોટી છે, ભોગ-તૃષ્ણા અને આત્મા નો સંયોગ થયો, આત્મા ભોગ-તૃષ્ણા વાળો થયો, આત્મામાં ભોગ-તૃષ્ણા આવી, આત્મા ભોગ-તૃષ્ણા ને આધિન થયો, આત્મા ભોગ-તૃષ્ણા સ્વરૂપ થયો, અને આત્માની જે ભોગ તૃષ્ણા લાગી એનું આત્મા એ તેને કૃત્ય કર્યું તેના પરિણામે આત્મા એ કર્મ બાંધ્યા, માટે આત્મા દંડાયો. તમે શું વાત કરો છો આવી બધી ! નિશ્ચય-નય કહે છે કે સંયોગ એ પણ અપશબ્દ છે. જીવની એ સંગતિ જ નથી, શક્ય જ નથી. નિશ્ચય નય કહે છે કે સંયોગ અને ભ્રમણા આ પર્યાય શબ્દો છે, સંયોગ જેવી વસ્તુ જ દુનિયામાં નથી. જ્યારે એકાગ્ર શક્ય હોય ત્યારે જ સંયોગ શક્ય બને. જ્યારે એકાગ્ર જ શક્ય નથી, ત્યારે સંયોગ કઈ રીતે ટકે ! નિશ્ચય કહે છે કે ભોગ-તૃષ્ણાનો સંયોગ આત્મામાં થાય અને એનાથી આત્મા ભોગ-તૃષ્ણા વાળો થાય, આ તો પાગલના લવારા જેવી વાત છે. આત્મા અશુદ્ધ હોય, આત્મા અશુદ્ધ થાય, આ એના જેવી વાત છે, કે હાથી ગધેડો હોય, હાથી ગધેડો થાય, જે શક્ય જ નથી. અધ્યાત્મસારમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

શ્રુતં ચાનુપયોગશ્ચે-ત્યેતન્ મિથ્યા યથા વચઃ ।

શ્રુત પણ છે, અને અનઉપયોગ પણ છે આ મિથ્યા વચન છે શાસ્ત્રમાં પુરુષીપ્રજ્ઞાર વગેરે આગમોની અંદર જીવની જુદી જુદી ઉપયોગ અવસ્થાનો વિચારણા કરી,

ખાતાઇ ૩વકતે - ખાતાઇ અણાવકતે ...

વગેરે વગેરે અવસ્થાની અંદર, એક અવસ્થા છે,

મંગળવાર
27 10 2020

આગળ કહ્યું તેમ

હું જાણું છું, પણ મારો ઉપયોગ નથી, મારું ધ્યાન નથી, મારું CONCENTRATION નથી, મારું FOCUS નથી, હું જાણું છું. પણ ઉપયોગ નથી એટલે નથી જાણતો. એટલે શ્રુત છે પણ ઉપયોગ નથી. જાણું છું પણ CONCIOUS નથી, નિશ્ચય નયની આ વાત સમજાતી નથી, નિશ્ચય નય કહે છે આ તો માતાને વંધ્યા એના જેવી વાત છે, મારી માતા વંધ્યા છે. તું છે તો તારી માતા વંધ્યા ન જ હોય શકે, તું છે એનો અર્થ એજ છે કે તારી માતા સપુત્રા છે. અપુત્રા હોય, પુત્ર થવાની શક્યતા જ ના હોય, એ વંધ્યા કહેવાય. માતા અને વંધ્યા, તમે બોલો છો એના ઉપરથી ખબર પડે કે તમે ખોટું બોલો છો.

એક માણસ કહે છે કે મારે મૌન છે.

શ્રુતં ચાનુપયોગશ્ચેત્યેતન્મિથ્યા યથા વચઃ।

શ્રુત છે, જ્ઞાન છે, જાણે છે, જ્ઞાયક ભાવ છે, સદ્ ઉપયોગ છે, બની જ ના શકે, તમે જ્ઞાયક છો તો તમે ઉપયોગ માં છો, અનઉપયોગ નો અર્થ અજ્ઞાન છે, અનઉપયોગ નો અર્થ અનાભોગ છે, અનઉપયોગ નો અર્થ અંધારું છે, જ્ઞાનનો અર્થ પ્રકાશ છે, જો પ્રકાશ છે તો અંધારું કઈ રીતે, જો અંધારું છે તો પ્રકાશ કઈ રીતે,

શ્રુતં ચાનુપયોગશ્ચેત્યેતન્મિથ્યા યથા વચઃ।

જેમ શ્રુત અને અનઉપયોગ આ મિથ્યા વચન છે,

તથા (કલ્મા) શુદ્ધ આત્મા શ્ચે- ત્યેવં શુદ્ધનયો જગુઃ॥

બરાબર એ જ રીતે, આત્મા છે, અને પાછો અશુદ્ધ છે, એ પણ વ્યાઘાત. માતા ને વંધ્યા, મારે મૌન છે, એના જેવી વાત છે. જે સંગત નથી, જે શક્ય નથી, જે સત્ય પણ નથી, આત્મા શુદ્ધ જ હોય, શુદ્ધ આત્મા જ હોય, આત્મા અશુદ્ધ હોય એતો કઈ

રીતે બની શકે ? વાસણ ગંદુ હોતું નથી, કાદવ ગંદો હોય છે. આત્મા મલિન હોતો નથી, દોષ મલિન હોય છે. જ્યારે આપણને વાસણ ગંદુ લાગે છે, ત્યારે આપણે વાસણને સમજ્યા જ નથી હોતા. જ્યારે આપણને આત્મા અશુદ્ધ લાગે છે, ત્યારે આપણે આત્માને સમજ્યા જ નથી હોતા !

સ્વરૂપેણ સદા શુદ્ધો નિર્મલો પરમાર્થતઃ।

પ્રતિબોધક આચાર્ય આપણને નિશ્ચય નયના, શુદ્ધ નયના ચશ્મા પહેરાવી ને જોવાનું કહે છે, કે, પ્રત્યેક આત્મા પરમાર્થ થી નિર્મળ છે, અત્યંત વિશુદ્ધ સ્વરૂપ છે. શુદ્ધ નય કહે છે કે વાસણ કદી ગંદુ થતું જ નથી, દીવાલ કદી રંગાતી જ નથી, સિમેન્ટ કદી બે ઈંટને જોડતી જ નથી, દુધ અને પાણી કદી એક થતા જ નથી, તપાવીને લાલચોળ કરાયેલું લોઢું, અને અગ્નિ એ બંને તદ્દન જુદા જ હોય છે. આત્મા અશુદ્ધ થાય, આત્મા કર્માધીન થાય, આત્મા ભોગ તૃષ્ણાધીન થાય, આત્મામાં ક્રોધાદિ નો સંયોગ થાય, એ શક્ય જ નથી !

વાસણ ગંદુ થાય એનો સીધો અર્થ છે, વાસણ કાદવ થાય ! પણ વાસણ તો વાસણ જ છે તો વાસણ ગંદુ કઈ રીતે થઈ શકે. દિવાલ રંગાય એટલે દિવાલ નો પ્રત્યેક પરમાણુ રંગ સ્વરૂપ બની જવો જોઈએ. આની તમે દિવાલ ની બહાર એક પડ કર્યું, દિવાલ તો દિવાલ જ છે, રંગ રંગ જ છે. દિવાલ જુદી છે, રંગ જુદો છે. તો નિશ્ચય નય કહે છે કે દિવાલ રંગાઈ આ અપશબ્દ છે, જે કોઈ SUIT જ થતો નથી, જે બેહુદી વાત છે, જે પાગલના લવારા જેવી વાત છે.

છગન રસ્તા ઉપરથી જતો હતો ને એક કડિયો દિવાલ બનાવતો હતો ને છગને એને પુછ્યું બોલ, બે ઈંટ ને કોણ જોડે છે,

કડિયા એ તરત જવાબ આપ્યો સિમેન્ટ જોડે છે, ઠગાને કહ્યું કે આવી મુર્ખા જેવી વાત ના કર, સિમેન્ટ છે ને એ તો બે ઈંટ ને જુદી પાડે છે. ઈંટ પોતાની જગ્યાએ છે, બીજુ ઈંટ પહેલી નથી બનતી, પહેલી ઈંટ બીજુ ઈંટ નથી બનતી, પહેલી ઈંટ એ પહેલી જ ઈંટ છે, બીજુ ઈંટ એ બીજુ જ ઈંટ છે. સિમેન્ટ એમને જોડી કઈ રીતે શકે ? તે જોડાણ છે, વિયોગ છે, PARTITION છે, કડી છે, એ આપણા મન નો કલ્પના છે, બે ઈંટને જોડવી હકીકત-માં શક્ય જ નથી. અને ઈંટનો ભુક્કો કરી નાખીને ભેગી કરીને મોટી ઈંટ બનાવો તો એ પહેલી ઈંટના પરમાણુએ જુદા જ છે, બીજુ ઈંટના જુદા જ છે. એ બંને કદી-ભેગી થઈ શકતી જ નથી.

શિષ્યાનો પ્રશ્ન :- દુધ ની અંદર મેળવણ નાખીએ તો દહીં બની જ જાય છે ને તો દુધ અને મેળવણ જુદા કઈ રીતે કહેવાય ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- દાર્શનિક ગ્રંથો ની અંદર આ પ્રશ્નનો જવાબ આપ્યો છે.

यत् पयस्स दधि होत, यद्दधि तत् पयोऽपि वा
वदता विन्ध्यवासिना, स्थापितं विन्ध्यवासित्वम् ॥

દહીં અને દુધ બે એક જ હોય, તો ઘણા બધા પ્રશ્નો ઉઠે, એક દર્શન છે, જેને વિંધ્યવાસી દર્શન કહેવાય, એના પ્રણેતા એના પ્રરુપક વિંધ્ય પર્વત પર રહેતા. અને વિંધ્ય-વાસી એ કહ્યું કે દહીં અને દુધ એક જ છે. પણ એવો કટાક્ષ કર્યો કે આવું કહીને એણે સિધ્ધ કર્યું કે હું વિંધ્યવાસી છું, મને દુધ દહીં માં કંઈ ખબર પડતી નથી. અહીંયા વાત છે ને, બે હકીકતમાં એક-મેક થવાની છે. દુધ અને પાણીની જે વાત કરીએ બાઈ દુધ અને

પાણી એક થઈ ગયા, એકરસ થઈ ગયા, આપણે એને જુદા પાડી શકતા નથી, એમાં પણ હકીકતમાં દુધના તત્વો જુદા જ છે ને પાણીના તત્વો જુદા છે. વળી પ્રયોગ કરવામાં આવે, આવી કાઢવામાં આવે તો પાણી ફટ લઈને જુદું પડી જાય છે, હકીકતમાં પાણી જુદુ જ હતુ, વ્યવહાર નય કહે છે કે પાણી જુદુ પડી ગયું, નિશ્ચયનય કહે છે પાણી કદી ભેગું હતું જ નહી. જ્યાં કર્મ અને આત્માના સંયોગની વાત છે, ભોગ-તૃષ્ણા અને આત્માના સંયોગની વાત છે, એની એક બીજા ઉપર થતી અસર એની વાત છે, એના સંદર્ભમાં વ્યવહાર નય કહે છે કે, સંયોગ શક્ય છે. નિશ્ચય નય કહે છે કે સંયોગ શક્ય નથી, અને જ્યાં દહીં અને દુધની વાત છે ત્યાં સ્વરૂપ-પરાવર્તનની વાત છે, જ્યાં દુધનું દહીં થઈ ગયું, હવે એ વસ્તુ છે જ નહિ, જ્યાં સંયોગ નો સવાલ નથી, આ તો પરિણમનની પ્રક્રિયા છે.

નિશ્ચય નય કહે છે દુધ- દુધ જ છે, પાણી- પાણી જ છે, એ એક થઈ શકે એમ નથી, લોખંડ લોખંડ જ છે, અગ્નિ અગ્નિ જ છે, તમે એક-મેક થઈ ગયા, નિશ્ચય નય કહે છે એકમેક પણ અપશબ્દ છે, શક્ય જ નથી. લોખંડ લોખંડ જ છે, અગ્નિ અગ્નિ જ છે, અગ્નિ લોખંડ નથી થતું, લોખંડ અગ્નિ નથી થતું, તમને લાગે છે પણ ACTUALLY નથી !!

અધ્યાત્મસારમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

તન્નિશ્ચયો ન સહતે યદમૂર્તો ન મૂર્તતામ્ ।

વ્યવહાર નય કહે છે ભાઈ તમારી આ બધી વાત છેને ઉપરાંગ છે, ભલે આત્મ અમુર્ત છે. પણ મુર્તના સંબંધમાં આવી, કદાચિત મુર્ત બને, અપેક્ષા એ

મુર્ત બને, દેહમાં આત્મા આવ્યો એટલે આત્મા કથંચિત દેહ સ્વરૂપ બન્યો, એના કારણે તમને વેદના પણ થાય છે, અનુભવ પણ થાય છે. અહીંયા તમને કોઈ ટાંચણી મારશે ને ચીસ નીકળશે, કારણકે આત્માને પીડાનો અનુભવ થયો છે, તમે આવી રીતે એકાંતે બંનેને છુટા પાડી જ ના શકો. એનો સંયોગ તમારે માનવો જ પડશે. ને નિશ્ચયનય જવાબ આપે છે,

યદમૂર્તો ન મૂર્તતામુ અંશેનાપ્યવગાહેત પાવક: શીતતામિવ

જેમ અગ્નિ છે એ કદી પણ ઠંડો ના થાય, એમ અમુર્ત કદી પણ મુર્ત બની જ ના શકે. તમારી ભ્રાન્તિ છે કે વાસણ ગોદું થયું, તમારી ભ્રાન્તિ છે દિવાલ રંગાઈ, તમારી-ભ્રાન્તિ છે, દુધપાણી એક મેક થયા, તમારી ભ્રાન્તિ છે લોહ અને અગ્નિ તદ્રુપ થઈ ગયા, એકમેક થઈ ગયા. ઈંટો જોડાઈ ગઈ આ પણ તમારી ભ્રાન્તિ છે, આત્મા-અશુદ્ધ થઈ ગયો આ પણ તમારી ભ્રાન્તિ છે, હકીકતમાં એ બે સાંધો એકે વસ્તુ શક્ય જ નથી.

વ્યવહાર નય દલીલ કરે છે, ધારોકે તમારી વાત માની લઈએ,

સ્વરૂપેણ સદા શુદ્ધો, નિર્મળો પરમાર્થત: ॥

પરમાર્થ થી આત્મા નિર્મળ છે, પરમાર્થથી આત્મામાં કોઈ જ દોષ નથી, દોષનો સંયોગ સુદ્ધા નથી, દોષની આધિનતા સુદ્ધા નથી, તો પછી આ જે આશ્રવની વાત, કર્મ બંધની વાત, સંવર ની વાત, કર્મના આગમનને રોકવાની વાત, નિર્જરા ની વાત, કર્મક્ષયની વાત, આ કશું સંગત નહિ થાય !!

આ ધર્મ કરવો, સાધના કરવી, તપ કરવો, ભણવું, ગુરુકુલવાસ, દીક્ષા, ગુણસ્થાનક પર આગળ વધવું, કેવળજ્ઞાન પામવું, મોક્ષે જવું, કશું જ સંગત નહિ થાય, પછી તમે શું કરશો ? અને નિશ્ચયનય કહે છે કે મારા મતે તો એ બધું અસંગત જ છે, એમાં મને કોઈ

આપત્તિ નથી, એમાં ઈષ્ટાપત્તિ છે.

अशुद्धनयतश्चेयं संवरास्त्रवसङ्कथा।

સંવર, આશ્રવ, નિર્જરા, બંધ, મોક્ષ, સાધના અને મુક્તિ, આ બધી જ વ્યવહાર નય ની વાત છે. અશુદ્ધ નય થી આ બધું મોક્ષ વગેરે છે.

न शुद्धनयतश्चायं बध्यते नापि मुच्यते॥

શુદ્ધ નય, નિશ્ચય નય, પરમ નિશ્ચય નય, પરમ પરમ નિશ્ચય નય, એની દ્રષ્ટિ એ જોઈએ તો આત્મા, બંધાતો પણ નથી, અને છુટતો પણ નથી. જ્યારે સંયોગ જ નથી, જ્યારે ભોગ-તૃષ્ણા જ નથી, ત્યારે કર્મનો બંધ જ નથી, જ્યારે આત્મા શુદ્ધ જ છે, તો પછી સાધના પણ શેના માટે, મોક્ષ પણ શા માટે ? જે બંધાયેલો હોય એનો મોક્ષ હોય, વ્યાકરણની દ્રષ્ટિ એ, ધાતુની દ્રષ્ટિ એ,

मुचि बन्धनविश्लेषे।

મુચ નામની ધાતુ અને એના પરથી મોક્ષ શબ્દ આવ્યો, જે ધાતુનો મુળભૂત અર્થ છે, બંધનથી છુટા થવું. જો બંધન હતું જ નહિ, તો છુટું પણ ક્યાંથી થશે ? જો બંધ જ નથી તો મોક્ષ કઈ રીતે થશે, જો કર્મ જ ન હતું તો ક્ષય પણ કઈ રીતે થશે ? જો દોષ હતો જ નહિ તો દોષ જશે પણ કઈ રીતે ?

न शुद्धनयतश्चेयं बध्यते नापि मुच्यते॥

શુદ્ધ નય થી આત્મા બંધાતો પણ નથી, મુક્ત પણ નથી થતો. શુદ્ધ નય ની દ્રષ્ટિ એ વાસણ ગંદુ પણ નથી થતું, અને સુકકુ પણ નથી થતું. શુદ્ધ નયની દ્રષ્ટિ એ દિવાલ રંગાતી પણ નથી ને દિવાલ ઝાંખી થઈ ગઈ, દિવાલ નો રંગ નીકળી ગયો આવું પણ થતું નથી. શુદ્ધ નયથી તો એ જોડાતી પણ નથી ને વિખુટી પણ પડતી નથી. દુધપાણી એકમેક પણ નથી થતા, છુટા પણ નથી થતા, લોહ ને અગ્નિ-તદરુપ પણ નથી થતા, ને છુટા પણ નથી પડતા.

મંગળવાર
27 10 2020

આત્મા નથી બગડતો નથી સુધરતો, નથી દોષિત થતો, નથી નિર્દોષ થતો, નથી બંધાતો, નથી છૂટો થતો.

સભાનો પ્રશ્ન :- ભગવંત ! તો બધા આત્મા ત્રણલોક ના અંતે પહોંચી જવા જોઈએ ને, આ નયનો અપેક્ષા એ તો એમાં એનો શું જવાબ છે ?

પૂજ્ય શ્રીનો ઉત્તર :- નિશ્ચય નય કહે છે કે ક્યાં પહોંચવા જોઈએ, આમ થવું જોઈએ એ બધો તમે શા માટે રામાયણ કરો છો ! અમને એમાં કાંઈ ખોટું જ લાગતું નથી, એમાં અમને કાંઈ કરવા જેવું લાગતું નથી, બધા આત્માઓ અમને કૃતકૃત્ય દેખાય છે. તો તમે એને મોકલવાની ચિંતા શા માટે કરો છો ! વાસણ, ગંદુ છે, આ તમારી માન્યતા છે, તમારી દલીલ છે કે જે શુદ્ધ હોય તો શુદ્ધ જ હોવું જોઈએ, નિશ્ચય નય કહે છે ભાઈ શુદ્ધ જ છે, તમે કહો છો પણ એની અંદર કાદવ છે. નિશ્ચય નય કહે છે, વાસણ એની જગ્યા એ છે, ને કાદવ એની જગ્યા એ છે. હવે તમારો જે પ્રશ્ન કે ઉર્ધ્વ ગતિ, આ કેમ નથી થતી, તો માત્ર ઉર્ધ્વ ગતિ નો સવાલ નથી, એમાં તો ઘણા બધા સવાલ છે. કે ભાઈ બધા ભગવાન જ થઈ જવા જોઈએ, બધા દેવ જ થઈ જવા જોઈએ, બધા સુખી જ થઈ જવા જોઈએ, બધા પરમાનંદમાં જ હોવા જોઈએ, આ બધી હોટલ, સિનેમા વગેરે નો બધા નો હાટ પુરી જ થઈ જવી જોઈએ. જો બધા શુદ્ધ-બુદ્ધ છે તો આવું શા માટે ?

વ્યવહાર કહે છે, વાસણ ગંદુ છે, - નિશ્ચય કહે છે, વાસણ ચોખ્ખું છે, સમન્વય કહે છે,

"નિશ્ચય દ્રષ્ટિ હૃદય ધરી, પાળે જે વ્યવહાર
પુણ્યવંત તે પામશે, ભવસમુદ્ર નો પાર !! "

મંગળવાર
27 10 2020

એ આત્માનું શુધ્ધ સ્વરૂપ નજર સામે રાખો, એ આત્મા શુધ્ધ જ છે. જે ગંદુ છે એ તો ગંદુ જ રહેવાનું છે, ગંદુ - ચોકખું કઈ રીતે થઈ શકે. ગંદુ જ જેનો સ્વભાવ છે, એની શુધ્ધતા નો કોઈ આશા જ નથી. આત્મા ITSELF શુધ્ધ છે તો છે એની શુધ્ધતાની આશા ! નિશ્ચય ને નજર સામે રાખો, આત્મા શુધ્ધ છે, બુધ્ધ છે, સિધ્ધ છે, પરમાર્થ થી નિર્મળ છે. વ્યહવાર ને નજર સામે રાખો એ સ્વરૂપ અનુભવાતું કેમ નથી, દેખાતું કેમ નથી ?, આટલા - આટલા - બાધક પરિબળો, અને આ BASE ઉપર સાધના કરવાની છે.

વ્યહવાર અને નિશ્ચય આ બેની પ્રરૂપણા આવે ત્યારે એક પ્રશ્ન આવે કે, આમાં તો પેલી વાસ્તવિકતા નો અપલાપ થયો છે. શાસ્ત્રકાર ભગવંતો એ પુર્વપક્ષ રૂપે પ્રશ્ન ઉપાડ્યો કે ભાઈ, આ રીતે તો વ્યહવારનો અપલાપ થઈ જશે. નિશ્ચય ના વકીલ બનોને પુર્વ પક્ષ રૂપે પ્રશ્ન ઉપાડ્યો, કે ભાઈ તમે એમ કહેશો કે આત્મા દોષાધીન છે, દોષિત છે, મેલો છે, મલિન છે, ભવમાં ભટકે છે, આશ્રવ બંધ કરે છે તો નિશ્ચય નો અપલાપ થઈ ગયો. અને ત્યાં શાસ્ત્રકાર ભગવંતો જવાબ આપે છે.

अन्यनयापलापस्य सर्वनयेषु समानत्वात् ।

બીજાનો અપલાપ, બીજાનો ANGLE ના જોવો, પોતાનો ANGLE જોવો, આનું જ નામ તો નય છે. તો બીજા નય નો અપલાપ દરેક નય માં થવાનો જ છે, બીજા ના નયનું ખંડન, પોતાનો જ ANGLE સાચો, બીજાનો ખોટો આ તો બધામાં સામાન્ય છે. તમે જ્યારે કહો કે ભાઈ, હાથી દોરડા જેવો જ છે, ત્યારે હાથી સુપડા જેવો છે, થાંભલા જેવો છે, આ બધાનો અપલાપ થઈ ગયો ! તો અપલાપ કરવો

મંગળવાર
27 10 2020

બીજાનું ખંડન કરવું, અને દ્વાત્રિંશિકા ગ્રંથની અંદર કલિકાલ સર્વજ્ઞ એનો જવાબ આપે છે,

સદેવ સત્ સ્યાત્ સદિતિ ત્રિધાર્થો મીયેત દુર્નીતિનયપ્રમાણૈઃ

એ દુર્નય હોય છે જે કહે છે, "છે જ" એક નય હોય છે જે કહે છે "છે" એક પ્રમાણ હોય છે, એક અપેક્ષા એ. દુર્નય એટલે નયાભાસ, દુર્નય એટલે એક અંશનું અજ્ઞાન, દુર્નય એટલે મિથ્યાત્વ, એ કહે છે "છે જ" એટલે તમે "છો જ" હવે આમા ઘણા બધા PROBLEMS આવી જાય, તમે છો જ, વિશેષ આવશ્યક ભાષ્ય કહે છે કે તમે અપેક્ષા એ છો, અપેક્ષા એ નથી.

સર્વમસ્તિ સ્વરૂપેણ પરરૂપેણ નાસ્તિ ચ ।

તમે મનુષ્યરૂપે છો, તમે દેવ રૂપે નથી, ગધેડા રૂપે નથી, ગાય રૂપે નથી, નારક રૂપે નથી, કીડા મંકોડા રૂપે નથી, પૃથ્વી રૂપેનથી, તમે વાયુ રૂપે નથી, અગ્નિ રૂપે નથી, તો તમે નથી પણ "છે જ", એમ કહેવામાં આવ્યું, તમે બધી રીતે છો, તો તો ઘણા બધા ગુંચવાડા ઉભા થઈ જાય. તો તમે છે જ એમ કહેવું તમે છો જ એમ કહેવું, આ વસ્તુ છે જ એમ કહેવું, આ દુર્નય છે. આ "છે" એમ કહેવું એ એક નય છે એક ANGLE છે. તમે માણસ રૂપે છો. હાથી હીરડા જેવો "જ" છે, આનું નામ દુર્નય. અને હાથી એ હીરડા જેવો છે, આનું નામ નય. હજુ બરાબર સ્પષ્ટ નથી થતું, દુર્નય સમજ્યા, નય સમજ્યા, હવે એનું COMBINATION એનો સમન્વય જોઈએ. હાથી હીરા જેવો "જ" છે, આનું નામ દુર્નય. હાથો હીરડા જેવો છે. આનું નામ નય. અને હાથી પુછડા ની અપેક્ષા એ હીરડા જેવો છે, આનું નામ પ્રમાણ. સદૈવ છે જ, દુર્નય. સત છે નય. અપેક્ષા એ છે, આનું નામ પ્રમાણ. નય એટલે વસ્તુના અનેક પાસા માંથી એક પાસાથી વસ્તુ ને જોવી આનું નામ નય! એ જ પાસા વાળી એ વસ્તુ છે, બીજા પાસ છે જ નહિ

એમ માનવું, આનું નામ દુર્નય. અને અપેક્ષા એ આ
પાસુ છે અપેક્ષા એ બીજા પાસા પણ છે, આનું નામ
પ્રમાણ. આત્મા અશુદ્ધ જ છે એવું માનવું આનું નામ
દુર્નય, આત્મા અશુદ્ધ છે એવું માનવું આનું નામ
નય. આત્મા પર્યાય ની અપેક્ષા એ અશુદ્ધ છે, દ્રવ્ય
ની અપેક્ષા એ શુદ્ધ છે, આત્મ દ્રવ્ય સ્વરૂપથી નિર્મળ
છે, આત્મ દ્રવ્યમાં કોઈ જ મેલ નથી, આનું નામ
પ્રમાણ !

વાસણ ગંદુ થઈ ગયું ને પત્ની- પતિ સાથે
ઝઘડે છે, કે આવું ગંદુ વાસણ, આવું તમે લઈ-
આવ્યા, બજારમાંથી, આના પૈસા ચૂકાવ્યા, મામા બન્યા,
પૈસા પડી ગયા, લુંટાઈ ગયા, પતિ કહે છે વાસણ
ચોખ્ખું જ છે. આ તો આપણો છોકરો બહાર જઈને
GROUND માં એનાથી રમી આવ્યો, તમને લાગે છે
ગંદુ થઈ ગયું, ACTUALLY વાસણ આવું નથી.
ACTUALLY સમજાય તમને,

નિર્મળો પરમાર્થતઃ।

નજર સામે સાવ ગંદુ, ગોબરું, ખરાબ થઈ ગયેલું વાસણ
દેખાય છે, પત્ની કહે છે શું ઉપાડી લાવ્યા તમે.
આવું ઉપાડી લાવ્યા, અને પતિ કહે છે કે વાસણ
એકદમ ચકચાકત "જ" છે. કહે પતિ કે ના કહે ?
નજર સામે ગંદુ ગોબરું દેખાય છે, હજુ ધોયું નથી,
હજુ સાફ કર્યું નથી, પતિ કહે છે એકદમ ચકચાકત જ
છે, તારું ને મારું સરસ મોઢું દેખાય એવું છે.
વાસણમાં કોઈ જ ખરાબી નથી, વાસણ એકદમ
સારું છે. વાસણ ખરાબ "જ" દુર્નય. વાસણ ખરાબ
છે નય. વર્તમાન પર્યાય ની અપેક્ષા એ, છોકરો
બહાર જઈ આવ્યો, કાદવમાં એનાથી રમી આવ્યો,
માટે વર્તમાન પર્યાય ના હિસાબે એના સાથે ખરાબ
નો વ્યવહાર થાય, એક પાસુ, એક પર્યાય, એક

ANGEL, એનાથી વાસણ ગંદુ છે. બીજુ અપેક્ષા એ મેઈએ ની વાસણ ચોખ્ખું છે. આનું નામ પ્રમાણ !!

કેટલાક જીવો એવા છે, જેમની પાસે નિશ્ચય દ્રષ્ટિ જ નથી, જેઓ માત્ર ને માત્ર વ્યવહાર માં જ સમજે છે, તેઓ પણ મોક્ષ પામતા નથી. કેટલાક જીવો એવા છે, જેની પાસે માત્ર ને માત્ર નિશ્ચય દ્રષ્ટિ જ છે, વ્યવહારનો નિરંતર અપલાપ. આ નયવાદ ને નહીં સમજનારા, આગમી હાર્દ ને નહિ પામનારા, વસ્તુ તત્વ ને સર્વાંગીણ રીતે જોનારા નહિ, સમજનારા નહિ, લાંબા સમય સુધી એક જ નય ને સાંભળતા રહ્યા, જે નય નો એમને પકડ આવી ગઈ હતી ને માટે એ દુર્નય બની ગયો હતો, એનો આગ્રહ આવી ગયો હતો. અને એના કારણે, આત્મા શુદ્ધ જ છે, બુદ્ધ જ છે, કૃતકૃત્ય છે, બધો ભ્રાંત છે, કર્મ જેવી વસ્તુ જ નથી, દોષ જેવી વસ્તુ જ નથી, દોષ-દોષના સ્થાને, આત્મા આત્મા ના સ્થાને, આત્મા-શરીર નથી, શરીરથી એકાંતે ભિન્ન છે, શરીર ની કોઈ જ ચેષ્ટા થી આત્મા ને કોઈ જ લેવા દેવા નથી, દુનિયા ના બધા જ પાપ કરો તો પણ તમે નિષ્પાપ છો, અથવા સ્વાધ્યાય કરો, આત્મા .. આત્મા .. આત્મા .. આત્મા .. આત્મા .. આત્મા ... આત્મા .. આત્મા ... આત્મા કર્યા કરો, એનાથી જ મોક્ષ મળે, ક્રિયા કરવી એ ગાંડપણ, પૂજા કરવી એ મુર્ખામી, દીક્ષા લેવી એ પાગલપણું, શારીરીક તપ-ત્યાગ કરવા, તમે કશું જ સમજ્યા નથી, આવી - એકાંતિક વાતો, જેઓ લાંબા સમય સુધી સાંભળ્યા કરે છે, એમની બુદ્ધિ ભ્રષ્ટ થઈ જાય છે. હકીકત માં તેઓ મિથ્યાત્વ પામી ચુક્યા હોય છે. સમ્યક્ દર્શન કદાચ પહેલા પામ્યા હોય, તો આવા બધા પ્રવક્તાઓ, મતો, દર્શનો, દ્રષ્ટિઓ, એની લપેટ માં આવીને સમ્યક્ત્વ થી ભ્રષ્ટ થઈ ચુક્યા હોય છે. અને પોતાના આત્મા નું ઘોર અહિત કરતા હોય છે. ક્યું સાચું. નિશ્ચય સાચો કે વ્યવહાર

સાચો, સિદ્ધસેન દિવાકર સૂરી મહારાજ, સંમતિ તર્ક - પ્રકરણ ની અંદર, જવાબ આપે છે કે તમારો પ્રશ્ન જ ખોટો છે.

णियणियवयणिज्जसच्चा सव्वे णया परवियालणे मोहा।

પોતાની અપેક્ષા એ દરેક નયો ~~સત્ય~~ સત્ય છે, જો બીજાનો પ્રતિક્ષેપ કરે, હાથી છે એ દોરડા જેવો "જ" છે, બીજા કોઈ સ્વરૂપે આવી શકે નહિ, સુપડા જેવો કઈ રીતે હોય પાગલ છો તમે, થાંભલા જેવો છે, આંધળા છો તમે ...

णियणियवयणिज्जसच्चा!

હાથી દોરડા જેવો છે, આ વાત સાચી નથી, પણ આ વાત નો આગ્રહ કરીને, બીજા બધા પાસા ઓને ગૌણ કરી દેવાય, તો એ વાત ખોટી થઈ જશે.

ते पुण अदिट्ठसमओ विभजइ सच्चे व अलीए वा।

જે સિદ્ધાંત ને, મોક્ષ માર્ગને, જિનવાણીને, જિનવચનના પરમાર્થ ને, વસ્તુ તત્વને, સત્ય ને સમજ્યા જ નથી, એ આગ્રહ રાખે છે કે વ્યવહાર ખોટો, અને નિશ્ચય સાચો, અથવા નિશ્ચય ખોટો અને વ્યવહાર સાચો. પણ બંને સાચા કઈ રીતે હોય શકે? સિદ્ધસેન દિવાકર સૂરી - મહારાજ કહે છે, બંનેની વાત ભલે જુદી હોય, બંનેની અપેક્ષા પણ જુદી છે. એક હાથીને દોરડા જેવો કહે છે, એક સુપડા જેવો કહે છે, વાત બંનેની દેખીતી રીતે વિરુદ્ધ છે પણ, હકીકતમાં વિરુદ્ધ નથી, કારણકે પેલો કાનની અપેક્ષા એ સુપડા જેવો કહે છે અને આ પુછડા ની અપેક્ષાએ દોરડા જેવો કહે છે જ્યારે બંનેની અપેક્ષા જુદી છે તો, તે તે અપેક્ષા એ તે તે વાત સમજી લેવાની છે. બંને ને લડાવવાની જરૂર જ નથી!

• નિશ્ચય દ્રષ્ટિ હૃદય ધરી, પાળે જે વ્યવહાર!

સવાસો ગાથાના સ્તવન ની અંદર, મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે, જો નિશ્ચય દ્રષ્ટિ નથી, પરિણામ દ્રષ્ટિ નથી, સ્વરૂપ દ્રષ્ટિ નથી,

દ્રવ્ય દ્રષ્ટિ નથી, મોઅની અંદર સિદ્ધાત્માનું જે સ્વરૂપ છે, એનું TARGET જ નથી, એવું કશું જ નથીની એ ક્રિયા પણ આંધળી છે. અને માત્ર સ્વરૂપ.. સ્વરૂપ.... સ્વરૂપ... સ્વરૂપ... સિદ્ધત્વ... બુદ્ધત્વ ફક્ત જાનીજવાત કરવી છે, સાધનાની કોઈ વાત કરવી નથી, કે હોય છે, કર્મ છે, વાસણ કાદવથી ખરડાયું છે, પત્નો કહે ધોઈ દઉં, કોઈને ચોખ્ખું જ છે, ચકચકિત જ છે, ત્યાં સુધી વાંધો નથી, પણ પોતે વાસણને ધોવાની જ ના પાડી દે, ત્યારે પોતે જડ કહેવાય, વક્ર કહેવાય, કશું જ સમજ્યો નથી એમ કહેવાય. અહીંયા ચકચકિત જ છે, ચોખ્ખું ચણાક જ છે, MARBLE... MIRROR એના જેવી FINISHING છે, બસ તું ધોઈ નાખ એટલે વાત પતી જાય.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ આપણને કહે છે, તારું વાસણ ચોખ્ખું જ છે. ચોખ્ખું ચણાટ, શુદ્ધ, વિશુદ્ધ, સુવિશુદ્ધ, અતિશુદ્ધ,

સ્વરૂપેણ સદા મદ્રો, નિર્મલો પરમાર્થતઃ।

સ્વરૂપથી સુંદર, પરમાર્થથી નિર્મળ, એવું જ તારું સ્વરૂપ છે, તું સાધના કર, તું ત્યાગ કર, તપસ્યા કર, સેવા કર, સામાયિક- પૌષધ કર, ભગવાનની ખુબ ભક્તિ કર, સ્વાધ્યાય અને ધ્યાનમાં લીન થા, સંસારનો ત્યાગ કર, દીક્ષા લે, અપ્રમત્ત આરાધના કર, અને તારું વાસણ ધોઈ નાખ, બસ આટલું જ તારે કરવાનું છે. અને તારા આત્માનું કલ્યાણ થઈ જશે. જિનશાસન એની જે દ્રષ્ટિ એનું જે VISION, એની જે PERFECTNESS, એની જે વિશુદ્ધતા, એની જે નિર્દોષતા, હું તમને CHALLENGE સાથે કહું, દુનિયાભરની PHILOSOPHY ભણો, એની સામે જિનશાસનનું જ્ઞાન, કહેવાતું જિન-શાસન નહીં પણ PURE જિનશાસન, આગમ, નયવાદ, નિશ્ચય અને વ્યવહારના સમન્વય BASE,

એવું જે જ્ઞાન એનો દુનિયામાં ક્યાંય જોટો નથી, વિશ્વનું સર્વોત્કૃષ્ટ તત્વ હોય, તો એ જિનશાસન છે, જિનવાણી છે.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે, આની સિવાય મોક્ષનો બીજો કોઈ જ ઉપાય નથી. એવું શાસન મળ્યું એને વળગી જાવ, તમારું કલ્યાણ નિશ્ચિત છે. આજે સમય થયો છે આજે આટલું રાખીએ !

ઉપમિતિ ભવ પ્રપંચ કથા- પ્રસ્તાવ ત્રીજો

બુધવાર

વ્યાખ્યાન નંબર- ૮૯ "પ્રવચન" 28 10 2020

પ્રવચન સ્થળ :- શ્રી આંબાવાડી જૈન સંઘ, અમદાવાદ

પરમ કારુણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજ, પરમ-પાવન શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથની અંદર, ત્રીજા પ્રસ્તાવમાં, પ્રતિબોધક આચાર્યના મુખે, મોહવિલય ઉદ્યાનમાં, મોહ વિલયની જાણે આખી વ્યૂહ રચના કરી હોય, એવા દ્રશ્યનું સર્જન કરે છે. ગઈ કાલનો પ્રશ્ન ચાલી રહ્યો છે, ભોગ-તૃષ્ણા કોની ? સવાલનો આશય છે કે, નિશ્ચય નય જ્યારે સાફ ના પાડે છે કે આત્મામાં ભોગ તૃષ્ણા છે જ નહિ, આત્મા તદ્દન નિર્દોષ. પણ આત્માની જો ભોગતૃષ્ણા છે તો આત્મા નિર્દોષ કઈ રીતે !

અધ્યાત્મ સારમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ આનો જવાબ આપે છે,

ઘટસ્ય રૂપમિત્યત્ર યથા ભેદો વિકલ્પજ: ।

ભોગ-તૃષ્ણાની વાત જવા દો, કષાયોની વાત જવા દો, રાગ-દ્વેષોની વાત જવા દો, બીજા દોષોની વાતો જવા દો, દર્શન, જ્ઞાન, ચારિત્ર જે આત્માના ગુણો છે એની એની વાત કરીએ છીએ. નિશ્ચય નય ના પાડે છે, દર્શન, જ્ઞાન, ચારિત્ર એ પણ આત્માના નથી. જેવું ઘડાનું રૂપ, પાટનો કલર, કપડાનો રંગ, આ કલ્પના માત્ર છે, હકીકત ક્યાં છે ! કપડાનો રંગ આ રીતે જે બંનેને જુદા પાડો છો, એ વસ્તુ ખોટી છે, જો ખરેખર જુદી વસ્તુ હોત, તો આ કપડું અને આ એનો રંગ આવું કહેવાત, પણ એવું નથી, એ શક્ય જ નથી ! રંગ એ કપડાનો ગુણ છે તો, રંગ એ કપડામય છે, અને કપડું એ રંગમય છે, બંનેને જુદા કરી શકાય એ શક્ય જ નથી.

આત્મનશ્ચ ગુણાનાં ચ તથા ભેદો ન તાત્ત્વિક: ॥

બરાબર એ જ રીતે આત્માનો અને ગુણોનો જે ભેદ

કરે છે, એ તાત્વિક નથી, એ કલ્પનામાત્ર છે. વ્યવહાર નય કહે છે.

એગો મે સાસઓ અપ્પા ણાણદંસણસંજુઓ ।

એક મારો શાશ્વત આત્મા છે જે જ્ઞાન અને દર્શન થી યુક્ત છે. નિશ્ચય નય કહે છે આત્મા જ્ઞાન, દર્શન થી યુક્ત નથી ! આત્મા જ્ઞાન દર્શન મય છે, જ્ઞાન દર્શન સ્વરૂપ છે. જ્ઞાન દર્શન આત્માના જ પર્યાય છે, જ્ઞાન દર્શન એ જ આત્મા છે. આત્માના જ્ઞાન, દર્શન આ વસ્તુ નિશ્ચય નય ને સમજતી નથી !

સંબંધ બાંધવો છે તો બાંધવા માટે કંઈક ADHESIVE જોઈએ ગમ જોઈશે, GLUE TAPE લગાડવામાં આવે, કોઈક LINK લગાડવામાં આવે, તો સંબંધ થાય, તો એક વ્યક્તિ ને બીજુ વ્યક્તિ સાથે જોડાણ કરવા માટે સંબંધ કરવો પડે. હવે સંબંધ સાથે પણ સંબંધ થવો જોઈશે નહીં તો પેલી વ્યક્તિ સાથે સંબંધ નહીં થાય કારણકે સંબંધ સાથે સંબંધ નથી ! સંબંધ સાથે સંબંધ કર્યો એની સાથેનો સંબંધ કરવા ત્રીજો સંબંધ કરવો-પડશે. એની સાથેનો સંબંધ કરવા ચોથો સંબંધ કરવો પડશે, અનંત સંબંધ કરવા પડશે અને છતા સંબંધ અધુરા જ રહેશે.

જો જ્ઞાન, દર્શન એની સાથે પણ આત્મા નો સંબંધ છે, આત્મા ના જ્ઞાન-દર્શન છે, આત્મા જ્ઞાન દર્શન થી યુક્ત છે, આ વાત પણ અમે માનવા તૈયાર નથી, તો નિશ્ચય નય કહે છે કે અમે આત્માની ભોગ-તૃષ્ણા કેમ માનવા તૈયાર નથી, આતો આત્માનો જ્ઞાન દર્શન મય સ્વભાવ છે, માટે જ્ઞાન-દર્શન આત્માના છે, આવું કહી શકાય છે. ભોગ-તૃષ્ણા એ આત્માનો સ્વભાવ-

નથી, એ આત્માનું સ્વરૂપ નથી, એ આત્માનો ગુણ નથી, આત્માનો પર્યાય નથી, તો આત્માની ભેગા-ગણના એ કઈ રીતે કહી શકાય.

वस्तुतस्तु गुणानां तद् रूपं न स्वात्मनः पृथक्।

જો જ્ઞાન, દર્શન ને આત્મા જુદા હોય ને એને ભેગા કરવામાં આવે, સંબંધ કરવામાં આવે, ગમ લગાડવામાં આવે, ભેગા કરવામાં આવે, આત્મા - જ્ઞાન દર્શનથી સંયુક્ત થાય એ આવું માનવામાં આવે,

आत्मा स्यादन्यथा - ऽनात्मा ज्ञानाद्यपि जडं भवेत्।

તો આત્મા છે એ અનાત્મા થઈ જાય, કારણકે આત્મા જ્ઞાન, દર્શનથી જુદો છે એવું માનવું પડે! અને જ્ઞાન વગેરે છે એ પણ જડ થઈ જાય, કારણકે ચૈતનમય જે આત્મા, ચૈતન સ્વરૂપ આત્મા, એનાથી એ પણ જુદું છે.

आत्मा स्यादन्यथा - ऽनात्मा ज्ञानाद्यपि जडं भवेत्॥

સિદ્ધર્ષિ ગણિ મહારાજ, આપણને રીતસર આત્મા - દેખાડવા માંગે છે. સિદ્ધર્ષિ ગણિ મહારાજ આપણને આત્મા આપવા માંગે છે. સિદ્ધર્ષિ ગણિ મહારાજ, આપણને અણો સ્પષ્ટ કહે છે, સીધી આપણી સાથે વાત કરે છે, જુઓ આ છે તમારો આત્મા!

પતિ-પત્નીને એમ કહી દે, કે આ વાસણનો ચોક્ખું જ છે, અને આના ને આના રસોઈ બનાવી દે, તોય પતિ ગાંડો છે. પતિ એમ કહી દે, આ વાસણ, તારી વાત સાચી છે, હું ગંદુ વાસણ લઈ આવ્યો, હું મુર્ખો બન્યો, આ વાસણ ને કચરામાં નાખી દે, તો ય પતિ ગાંડો છે. પતિ ની ~~સ્પષ્ટ~~ સ્પષ્ટ વાત આ છે કે વાસણ ચોક્ખું જ છે, કાદવ લાગી ગયો છે, એને ધોઈ નાખ, અને એ ચોક્ખું થઈ જશે. વાત સમજાઈ. જ્યારે વાસણ કાદવથી ખરડાયેલું છે, ત્યારે પણ પતિ એમ કહે છે કે, વાસણ ચોક્ખું જ છે. તો સમન્વય

દ્રષ્ટિ એ, શાસન દ્રષ્ટિ એ, સ્યાદ્વાદની દ્રષ્ટિએ, નિશ્ચય નય અને વ્યવહાર નયનો સમન્વય આ કરવાનો છે. કે આત્મા શુદ્ધ "જ" છે. આત્મા સિદ્ધ સ્વરૂપી "જ" છે. આ નિશ્ચય નય નો અંશ લીધો.

ફક્ત કાદવ થી વાસણ ખરડાઈ ગયું છે, એ રીતે આત્મા કર્મોથી, દોષોથી ખરડાઈ ગયો છે, એ વ્યવહાર નય નો અંશ લીધો. સાધના કરીને - આત્માને શુદ્ધ કરો, એના શુદ્ધ સ્વરૂપનું પ્રાગટ્ય કરો, આ સ્યાદ્વાદ નો અંશ લીધો.

एगंतो मिच्छत्तं, जिणाणमाणा अणेगंतो।

એકાંત છે એ મિથ્યાત્વ છે. જિનેશ્વરો ની આજ્ઞા એ અનેકાંત હોય છે. વૈદિક દર્શન ની અંદર પરાકાષ્ઠા ના કોઈ શાસ્ત્રો હોય, તો એ ઉપનિષદો છે, વેદો કરતા પુરાણો વધારે સંસ્કૃત લાગે. એટલે કે - કાંઈક બીજે વધારે, સમન્વય, SYSTEMATIC, અને પુરાણો કરતા ક્યાંય વધારે આગળ, ઉપનિષદો લાગે. ઉપનિષદો ની અંદર ઈશાવાસ્ય ઉપનિષદ વગેરે અમુક ઉપનિષદો બાદ કરો, તો કોઈ ઉપનિષદો ઉપર એમના પૂર્વાચાર્યો એ, કોઈએ ભાષ્ય, વૃત્તિ, વગેરે નો રચના નથી કરી. વિદ્વાનો કલ્પના કરે છે કે, ઉપનિષદો ની અંદર જે પરસ્પર વિરૂદ્ધ વાત કરવામાં આવી, જેમાં આત્મા અત્યંત નિત્ય "જ" છે, આવી વાત કરવામાં આવી, અત્યંત અનિત્ય જ છે આવી વાત કરવામાં આવી, તો આનાથી એ પરંપરા CONFUSE થઈ ગઈ, આવું અમુક વિદ્વાનો કહે છે. જેનાથી એના અર્થ-ઘટનો કઈ રીતે કરવા, એ બરાબર સુજ નાપડી, સમન્વય નહિં, શું કરવું! પરસ્પર વિરૂદ્ધ લાગે. FOR EXAMPLE :- ઉપનિષદો નો એક શ્લોક છે,

બુધવાર
28 10 2020

न निरोधो न चोत्पत्ति - र्न बद्धो न च साधकः।
નથી મૃત્યુ, નથી જન્મ, નથી કોઈ બંધાયેલી વ્યક્તિ,
નથી કોઈ બંધન માંથી છુટવા મથતી સાધક વ્યક્તિ,
न मुमुक्षुर्न वै मुक्तः।
નથી કોઈ મુમુક્ષુ, નથી કોઈ મુક્ત,
इत्येषा परमार्थता।
આ જ પરમાર્થતા છે. શું પલ્લે પડે ?, મગજમાં બેસે નહિ, કોઈ બંધાયેલો ય નથી ને કોઈ છુટો ય નથી, વચ્ચેની તો કોઈ અવસ્થા જ નથી ! મૃત્યુ નથી, જન્મ નથી, તો દ્રશ્યમાન જન્મ. મરણનું શું ?, મુમુક્ષુ પણ કોઈ નથી, ને મુક્ત પણ નથી. મોક્ષ ની ઈચ્છા વાળો વ્યક્તિ પણ નથી, ને મોક્ષ પામેલી પણ વ્યક્તિ નથી.

इत्येषा परमार्थता।
પરમાર્થતા આ "જ" છે ! સ્યાદવાદ ના ચશ્મા પહેરીને ઉપનિષદો ને જોઈએ તો એમ લાગે કે આમાં કોઈ અસંગતિ નથી, પુર્વાપર વિરોધ નથી, બસ સ્યાદવાદ દ્રષ્ટિ થી એનો લોપી ઉકેલવાનો પ્રયાસ કરવાનો છે. નિશ્ચય નય કહે છે, મોક્ષ જ નથી, કારણકે બંધન જ નથી, આત્મા બંધાય શકે એ શક્ય જ નથી, આત્મા મલિન થઈ શકે, દુષ્ટ થઈ શકે, દોષયુક્ત થઈ શકે, શક્ય જ નથી. નિશ્ચય નય ની આ જ દ્રષ્ટિ છે, નિશ્ચય નય ફક્ત વાસણને જુએ છે, નિશ્ચય નય કાદવને જોતો જ નથી. કાદવ જુદી વસ્તુ છે વાસણ જુદી વસ્તુ છે, વાસણ એના સ્વરૂપમાં છે, કાદવ એના સ્વરૂપમાં છે, ગમે તેટલો કાદવ આવી જાય, લાગી જાય, ચોંટી જાય, ચીપકી જાય, ઘસવા છતાં ન નીકળે, છતાં વાસણ તો ચોક્ખું જ રહે છે. પ્રતિબોધક આચાર્ય આ જ વાત, આ જ આશય, આ જ હાર્દ, વ્યંતર COUPLE ને કહી રહ્યા છે.

સ્વરૂપેણ સદા ભદ્રૌ નિર્મલૌ પરમાર્થતઃ।
સ્વરૂપથી તમે સુંદર છો, નિર્દોષ છો, પરમાર્થથી તમે નિર્મળ છો,

એકૈવ સર્વદોષાણાં કારણત્વેન સંસ્થિતા।
બધા દોષોનું કંઈ કારણ હોય તો એ આ જ છે, બીજું કોઈ જ કારણ નથી. આખી સભા ભાવિત થઈ ને - સાંભળી રહી છે, વ્યંતર COUPLE ગળગળા થયા છે, આચાર્ય ભગવંત કહે છે કે જુઓ, એ જ કારણ છે, આ જે ત્યાં "ભોગ-તૃષ્ણા" ઉભી. તમે મારે પાસેથી જાવ નો,

નિર્ગચ્છન્તૌ પ્રતીક્ષતે
એ રાહ જોઈ રહી છે, કે તમે અહીંથી જાવ, હજુ જરા બહાર પગ મુકો, અને તમને એ ફરીથી પકડી લે, એ તમારા માં પ્રવેશ કરી જાય ! વ્યંતર COUPLE આચાર્ય ~~[illegible]~~ ભગવંત ને પુછે છે, ભગવંત,

કદા પુનરનયાઃ સકાશાદાવયોર્મોક્ષઃ?
આ ભોગ-તૃષ્ણાથી અમે છુટીશું ક્યારે, આચાર્ય - ભગવંત જવાબ આપે છે,

નેહ ભવે
આ ભવની અંદર, ભોગ તૃષ્ણાથી તમારો છુટકારો નથી. આચાર્ય ભગવંત ના એ જ શબ્દ છે, આપણને અણી PIN UP કરતા હોય, આપણને હલબલાવી દે, વ્યાકુળ કરી દે, આપણને એક તમાચ મારી દે, એવા શબ્દો,

નેહ ભવે
અસંખ્ય અસંખ્ય દેવતાઓ જે કરવાના મનસુબા ઘડી રહ્યા છે, અને એ મનસુબા ઘડવામાં અસંખ્ય કાળ વીતી જાય છે, એ લોકો જાણે છે, એ વસ્તુ આપણને સ્વાધીન છે. દેવતાઓ જે સાગરોપમો સુધી નથી કરી શકે એમ, એ આપણી ચપટી

બુધવાર
28 10 2020

વગાડના કરી શકીએ એમ છીએ. તંદુલ વૈચારીક-આગમ છે જે આગમની અંદર, અનેકો પદાર્થમાંથી એક પદાર્થ, શરીરની અંતરંગ સ્થિતિને બતાડી છે. તંદુલ વૈચારિક આગમની અંદર કહ્યું કે, આ શરીરનું કોઈ કેન્દ્ર હોયને તો એ નાભિ છે. નાભિ એ શરીરનું ભૌગોલિક કેન્દ્ર પણ છે, અને નાભિ એ શરીરનું સંચાલક કેન્દ્ર પણ છે. નાભિ માંથી શરીર ના જુદા જુદા અવયવો ઉપર-નીચે, જુદા-જુદા અવયવો માંથી, નસો શરૂ થાય છે ને તેને અવયવો સુધી પહોંચે છે.

नाहिपहवाणां

આવા શબ્દો તંદુર વૈચારિક આગમની અંદર છે. નાભિ એ શરીરનું ભૌગોલિક અને સંચાલક કેન્દ્ર પણ છે બરાબર એ જ રીતે મનુષ્ય લોક, ચૌદ રાજલોક નું ભૌગોલિક કેન્દ્ર પણ છે, અને સંચાલક કેન્દ્ર પણ છે. સર્વ દેવલોકોમાં અહીંથી જવાય છે. સાતે નરકના દરવાજા અહીંયાથી બંધ પણ કરી શકાય છે, અને-ખોલી પણ શકાય છે. ૮૪ લાખ યોનિ એનું પેટ્રોલ-અહીંયા ભરાવી ય શકાય છે ને, અહીંયા ખાલી પણ કરાવી શકાય છે. અહીંયાથી સાતમી નરકમાં પણ જઈ શકાય છે ને અહીંયાથી મોક્ષમાં પણ જઈ શકાય છે. મનુષ્ય લોક ભૌગોલિક કેન્દ્ર પણ છે, સંચાલક કેન્દ્ર પણ છે,

सव्वत्थ जंति मणुआ तेऊवाऊहिं णो जंति।

ચૌદ રાજ લોકની અંદર, બધે જ મનુષ્યો જઈ શકે ને જાય છે, મૃત્યુ પામીને જાય છે. ૮૪ લાખ યોનીમાં જાય છે, ફક્ત બે જ અપવાદ છે તેઉકાય અને વાઉકાય! નાગપુર ભારતમાં કેન્દ્ર સ્થાને છે, જુદી જુદી ટ્રેનો, જુદી જુદી FLIGHTS, બધું જ નાગપુર એ એમનું JUNCTION, એ એમનું સ્ટેશન, ત્યાં વિમાનો ઉતરે

ત્યાં ટ્રેનો આવે. મનુષ્યલોક આવી જગ્યા એ છે. મનુષ્યલોક પામવો ને ભોગ-તૃષ્ણા ને ખતમ ના કરવી, આના જેવી મુર્ખામી બીજુ કોઈ જ નથી ! મનુષ્યભવ પામ્યા આપણે, અને ભોગ-તૃષ્ણા ની ખતમ ના કરી એનો અર્થ, એ છે કે ભયંકર વિશ્વ યુદ્ધ છે, એમાં FIGHTER PLANE ની SEAT ઉપર આપણે બેઠા છીએ, ભયંકર જંગ ખેલવાનો છે, અને આપણે પુરી શકીએ એમ છીએ, સાધનો છે, સામગ્રી છે, શસ્ત્રો છે, વિમાન વ્યવસ્થિત છે બધું જ બરાબર છે પણ આપણે ઘસઘસાટ સુઈ જઈએ છીએ.

મનુષ્ય ભવ પામી ને પણ ભોગ-તૃષ્ણા ને ખતમ ના કરવી એને અનુકૂળ થયું, એટલે લાગમાં આવેલો દુશ્મન, એને પગે પડ્યું. મનુષ્ય ભોગ તૃષ્ણા ને આધીન એનો અર્થ છે સિંહ - કુતરા ને આધીન !

નેહ મતે

આ સર્વ દેવોનું અવમુલ્યન છે !

નેહ મતે

આ સર્વ મનુષ્યો નું મુલ્યાંકન છે ! મનુષ્ય ભવ ભોગ- તૃષ્ણા ને પોસવા નથી, વૃદ્ધિ કરવા માટે નથી, મનુષ્ય ભવ ભોગ- તૃષ્ણા ની પરંપરા ચલાવવા માટે નથી, મનુષ્ય ભવ ભોગ તૃષ્ણા ને ખતમ કરી દેવા માટે છે.

નેહ મતે

એનો બીજો છેડો પણ,

ડૉ.ત મતે

દેવલોક ના ભવમાં ભોગ-તૃષ્ણા ને ખતમ કરવી એ શક્ય જ નથી, મનુષ્યના ભવમાં જ ભોગ- તૃષ્ણાને ખતમ કરવી શક્ય છે, તો એના માટે પ્રમાદ કેમ

classmate

કરવો, એના માટે વિલંબ કેમ કરવો. દેવલોક ના ભવમાં સાધના નથી, મનુષ્ય ના ભવમાં ભોગ નથી.
સ્થાનાંગ આગમ સુત્ર કહે છે,

સિંગારા કામા દેવાણં

કામ-ભોગો ખરેખર કામ-ભોગો હોય, તો એ માત્ર દેવલોકમાં છે.

કલુણા કામા મણુસ્સાણં

કામ-ભોગો જ્યાં માત્ર કરૂણાના છે, એનું નામ - મનુષ્ય લોક ! કહેવાય કામ-ભોગ સેવ્યા, મળ મુત્ર ભર્યા. અશુચિ ભર્યા, ગંધાતા શરીરો ! આયાસ, કલેશ, પરિશ્રમ, પરસેવો, ગભરાટ, ભય, જુગુપ્સા, જુગુપ્સનીય ચેષ્ટા, થાક, કંટાળો, બેચેની, નબળાઈ, રોગો, ઘડપણ, વાત પૂરી !

કલુણા કામા મણુસ્સાણં

એક ગાંડપણ મગજ ઉપર સવાર થયું ને માણસ, ભોગ-તૃષ્ણાને આધીન થાય છે. ભોગ પ્રવૃત્તિ કરે છે. સ્થાનાંગ આગમ સુત્ર કહે છે કે,

બીભચ્છા કામા તિરિચ્છાણં

તીર્યંચો ના પણ કામ ભોગ હોય છે, એમની અપેક્ષા એ કામ-ભોગ, એમની અપેક્ષા એ સુખ, હકીકતમાં બિભત્સ હોય છે, ચીતરી ચડે એવું હોય છે. એમના શરીર એટલા જુગુપ્સનીય, એમની ચેષ્ટાઓ એટલી જુગુપ્સનીય, આને સુખ ના કહી શકાય.

બીભચ્છા કામા તિરિચ્છાણં

રોદ્દા કામા નેરઇયાણં

નારકના જીવો ના પણ કામ ભોગ હોય છે, એમની ઈચ્છા હોય છે એવા પુદ્ગલો ગ્રહણ કરીએ, સારા હોય, ભાવે, અને એવી ઈચ્છા કરે કે સારા પુદ્ગલો મળે પણ ખરાબમાં ખરાબ - પુદ્ગલો મળે, અંગારા કે તણખા જેવો એમનો આકાર હોય, જેવા એ પુદ્ગલો લે અંદરથી સળગવા લાગે, બળવા લાગે, ચીસાચીસ કરે, કુદકા મારે, રહેવાય નહિ, વિલાપ કરે, - ધ્રુસકે ને ધ્રુસકે રડે.

શેઠ, કામા ગોરડયાળાં
દેવલોક ના ભવમાં સાધના નથી, મનુષ્યના ભવમાં ભોગી નથી, દેવલોક એ ભોગભૂમિ છે, મનુષ્યલોક એ સાધના ભૂમિ છે, સાધના ભૂમિની અંદર જે ભોગોની પાછળ પડે છે, એ ભોગ અને સાધના બંનેથી - વંચિત રહે છે ! વાત સમજાય છે.

શ્રોતાનો પ્રશ્ન :- આમાં ક્યાંય કર્મ નો ROLE હોય શકે ખરો ?

પૂજ્ય શ્રીનો ઉત્તર :- આપણને બહુ જ સારો શબ્દ મળી ગયો છે, "કર્મ" ! જેના ઉપર આપણે બધો જ ટોપલો નાખીને, આપણે કશું જ કરવાનું નથી, એવો મિથ્યા સંતોષ લેતા હોઈએ છીએ. અનુભૂતિ ગીતા માં કહ્યું છે,
" આપ નચાવે આપને,
કર્મ તણો શું દોષ " !
આપણે જ આપણને નચાવીએ છીએ ને, આપણે એક સંતોષ લઈએ છીએ, કર્મ નચાવે. તિમહી નાચત.

વ્યવહાર નય કહે છે, કર્મ આપણને નચાવે છે, નિશ્ચય નય કહે છે. નિશ્ચય નયના પણ ઘણા બધા પ્રકાર છે, નિશ્ચય નય કહે છે, કર્મ બંધાતું નથી, છૂટતું નથી, નિત્ય શુદ્ધ છે, નિત્ય મુક્ત છે, નિશ્ચય નય નો એક પ્રકાર કહે છે કર્મ આત્મા એ જ બાંધ્યું, માટે કર્મ દ્વારા જે થયું એના માટે પણ આત્મા જ જવાબદાર છે.
" આપ નચાવે આપને,
કર્મ તણો શું દોષ " !!
" નાચ તણો રસ જો મટ્યો,
છોડતો કર્મનો પોષ " !!
હવે તમને નાચવામાં INTEREST છે, તો તમે મળો,

હવે તમને લાગતું હોય કે તમે થાક્યા છો, કંટાળ્યા છો, હવે બહુ થયું, હવે તમને આમ નથી ફાવે એમ, હવે થી છુટવું જ છે તમારે, તો તમે કર્મને ફુંમસવાનું છોડી દો.

જેહ મવે

આચાર્ય ભગવંત કહે છે, આ ભવની અંદર, તમે આ ભોગ તૃષ્ણાથી છુટી શકો એમ નથી. વ્યંતર મિથુન રડી પડી છે. ગળગળુ થઈ જાય છે. આટલું જ્ઞાન મળ્યું, સમજ મળી, અમે સમજ્યા કે આ ભોગ-તૃષ્ણાએ અમારી શી વલે કરી! અમે એવા કોઈ મોટા પાપી કરતા ન હતા, ભોગ-તૃષ્ણા વળગી અને અમે કેવું કરી નાખ્યું.

કદી આપણને આમ આટલી FEELINGS ના થાય, કેવા-કેવા દોષો આપણા ઉપર હાવી થાય છે, કેવા-કેવા કામો કરાવે છે, કેવી આત્માની આખી દશા ફેરવી નાખે છે, કેવા કર્મ બંધો કરાવે છે, વીતરાગ સ્તોત્રમાં કલિકાલ સર્વજ્ઞ કહે છે,

रागादिगरकोघ्रातो ऽकार्षं यत्कर्म वैशसम्।

રાગ નામક ઝેર મને મળ્યું, બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ, અને જે પાપો મેં કર્યા,

तद् वक्तुमप्यशक्तोऽस्मि

એ કહેવા માટે પણ હું સમર્થ નથી,

धिङ् मे प्रच्छन्नपापताम् !

એ પ્રછન્ન પાપ એ, છુપાયેલુ પાપ, આ મારા પ્રછન્ન પાપીપણા ને ધિક્કાર હો. કેટલો નિર્મળ અને શુદ્ધ આપણો આત્મા, કેટલો વિશુદ્ધ અને નિષ્કલંક આપણો આત્મા, કેટલો મહાન આપણો આત્મા, કેવો સિદ્ધ સ્વરૂપી આપણો આત્મા, જે આ દોષો આત્માનો કેવી વલે કરે છે, કદી આપણને વિચાર આવતો નથી? હવે આત્મ નિરીક્ષણ કરીએ, દોષો પ્રત્યે જે SOFT CORNER છે, હવે દોષો પ્રત્યે કુણી લાગણી છે ને ભોગ-તૃષ્ણા માટે પણ આપણને ઉંડે-ઉંડે એવું થાય છે, આ બહુ સારો છે ને આનાથી મને સુખ મળે છે.

બુદ્ધિ ની શ્રેષ્ઠતા નું આનાથી મોટું પ્રમાણપત્ર બીજું કયું હોય શકે, જે પરમ દુઃખ નું કારણ છે, જે ભવમાં ભટકાવનાર છે, જે આ ભવની અંદર પણ હેરાન-પરેશાન કરનાર છે, જે આત્માને ચુંથનાર છે, જે આત્માની બુરી વલે કરનાર છે, જે આત્માને અનંત સંસાર નો-પોષક બનાવનાર છે, એમાં જ આત્માને સુખના ભ્રાંતિની બુદ્ધિ થાય છે.

સભાનો પ્રશ્ન :- ભગવંત ! જ્યાં જ્યાં શાસ્ત્રોમાં દ્રષ્ટાંતો આવે છે, ત્યાં લાંબુ-લાંબુ ચારિત્ર પાળ્યા પછી પણ, બીજા ભવમાં એ જીવ મોહથી, ભોગ-તૃષ્ણા થી વાસિત થયેલો દેખાય છે, આનું કારણ શું ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- શાસ્ત્રમાં જ્યાં પણ એવું - દ્રષ્ટાંત આવે, કે સાધક પણ આત્મા છે, એનું ક્યાંક પતન થયું, ત્યાં હકીકતમાં નિશ્ચય દ્રષ્ટિએ સાધક હોતા નથી, અને વ્યવહાર - દ્રષ્ટિ એ સાધક હોવા છતાં, એ અભ્યાસ દશામાં હોતા નથી. માણસને ઝેર ચડ્યું છે, ચડ્યું... ચડ્યું... ચડ્યું... ચડ્યું... ચડ્યું... ચડ્યું... આખુ શરીર લીલુછમ થઈ ગયું. ગારૂડીઓ આવ્યા, તાંત્રિકો આવ્યા, વૈદો આવ્યા, ઔષધો આવ્યા, બધા જ ઉપચાર ચાલુ છે, ઝેર ઉતર્યું છે કે નથી ઉતર્યું, ક્યાં પહોંચી TREATMENT, ક્યાં પહોંચી ?

કેન્સર ની થેરેપી ચાલુ હોય ને સાથે સાથે સાથે તપાસ પણ ચાલુ હોય કે ભાઈ હવે ક્યાં પહોંચ્યા હવે ગાંઠ કેટલી થઈ, હવે ગાંઠ આગળી કે નહિ, હવે ફરી પાછી સોનોગ્રાફી કરાવો, હવે ક્યાં પહોંચ્યા ?

જે સમયે ઝેરની આ ચિકિત્સા ચાલતી હોય ને, એ સમયે વચ્ચે - વચ્ચે એને કડવી લીમડી ખવડાવે, અને એ દર્દી હોય એને પુછવામાં આવે કે કેવો લાગે છે, મીઠો લાગે છે, અને હજુ TREATMENT આપો, હજુ આને ઝેર ચડેલું છે. હજુ TREATMENT ચાલી, ફરી લીમડો આપ્યો, બોલ કેવો લાગે છે, અને કહે થોડો મીઠો તો છે જ, હજુ TREATMENT આપો, બરાબર TREATMENT આપી, અને લીમડો આપ્યો, હવે ચાખો કેવો લાગે છે. થૂ... થૂ કરી નાખ્યું, હવે ઝેર ઉતરી ગયું. TREATMENT ચાલુ છે. THAT DOESN'T MEAN કે ઝેર ઉતરી ગયું. ઝેર ઉતારવા માટેની TREATMENT છે, HOSPITAL માં PATIENT - ADMIT થયો THAT DOESN'T MEAN કે એનું સારું થઈ ગયું, એનું ઝેર કેટલું છે એના ઉપર DEPEND છે, અને બની શકે કે ઝેર હજુ હતું.

સાધના અવસ્થાની અંદર નિમિત્તો ન હતા તો એ સાધક, પોતે સાધના કરી રહ્યો છે, મુક્ત છે, દોષ રહિત છે એવું લાગતું હતું, નિમિત્ત કંઈ આવ્યું, અને એ સમયે જીવની અંદર જો દોષ બહાર આવ્યો બની શકે! હરિભદ્રસૂરી મહારાજ પંચસુત્રની અંદર આ પ્રશ્નનો એ જ શબ્દોમાં જવાબ આપી દે છે,

પ્રાયો ભવૈરેવ

પ્રાય! કરીને થોડા ભવો આ બધું જ ઝેર ઉલેચતા- ઉલેચતા લાગી જાય છે. તો આ સાધનાનું ફળ શું તમે પુછો, આ તો ભોગ- તૃષ્ણા નો ઉદય થઈ ગયો, સાધનાનું ફળ શું ? અને બહુ સરસ પ્રશ્નનો જવાબ, હરિભદ્રસૂરી મહારાજ એના સંદર્ભમાં આપે છે,

પાઉણઇ સવ્વુત્તમં ચરમભવં

આ બધા સાધનાના આગળ ના ભવો એનું ફળ શું છે ? ચરમ ભવ એ જ એનું ફળ છે! એમ કહેતા જ નથી એનું ફળ મોક્ષ છે, જે મોક્ષ અપાવી દે એવો ભવ એ એનું ફળ

છે. અને ત્યાં તો આ સાધક, આ સાધના દ્વાર પહોંચે જ છે, આ ભવમાં મોક્ષ ન થાય એમાં શું આશ્ચર્ય ? પ્રાયઃ કરીને મરુદેવા માતા જેવા અત્યંત અપવાદિક જીવ અનંત કાળે કોઈ થાય, અનંતજીવો માં કોઈ થાય કે ન થાય, જેમનો એકદમ FAST PROGRESS થઈ જાય, હજુ તો પહેલી વાર મનુષ્ય બન્યા ને એ જ ભવમાં મોક્ષ ! MAJORITY જીવોને ૧૧.૧%. જીવોને, એક અપેક્ષાએ કહીએ તો સો ટકા જીવોને કેવી રીતે મોક્ષ મળે,

પ્રાયો ભવેદેવ

વાતાવરણ, શુભ નિમિત્તો, શુભ આલંબનો, જીવોના કર્મોનો ઉપશમ કરે, માત્ર ઉપશમ કરે એટલું જ નહિ કર્મની નિર્જરા પણ કરે, વાતાવરણ ના બળે મોટા ભાગના જીવો સુખે સુખે સાધનાને સમાપ્તિ સુધી લઈ જાય. અને માટે જ શાસ્ત્રકાર ભગવંતો એ કહ્યું, કે જ્યાં સુધી કેવળજ્ઞાન નથી થયું, ત્યાં સુધી તમે શુભ વાતાવરણને છોડતા નહિ ! તમે નહિ સમજતા તમારા બધા રોગો મટી ગયા, તમે નહીં સમજતા જ્યાં બધું જતું રહ્યું ત્યાં તમને કોઈ ભય જ નથી. શાસ્ત્રકાર ભગવંતો એ ત્યાં સુધી કહ્યું,

તમ્હા સવીઇજ્જણ ગમણં

તમે ક્યાંય પણ જાવ ઉપાશ્રય ની બહાર, તો એકલા નહિ જતા, કોઈને સાથે લઈ જજો. અધ્યાત્મ સારમાં, મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

ભવાદ્વ્યો નાસ્યામુચિતમસહાયસ્ય ગમનમ્

આ સંસાર એટલે એકદમ ખુંખાર, આમા કદી એકલા જવું નહિ. અંતર COUPLE એકદમ ગળગળું થઈ ગયું છે, રડી પડ્યું છે, દુઃખી ને વ્યથિત થઈ ગયું છે, આટલું સમજ્યા પછી, આ ભોગ-તૃષ્ણાના વિપાકો, પરિણામો, આ બધું જોયા પછી અમે એમાથી નહિ છુટી શકીએ. આચાર્ય ભગવંત કહે છે, તમારો આ ભવ એવો છે જેમાં

એનાથી છુટવું શક્ય નથી. એ માત્ર મનુષ્યના ભવમાં જ શક્ય છે. આખી સભા ભીની થઈ છે. ભ્રાંતર ત્રિપુન એને અત્યંત બળાપો છે, ત્રાસ છે, અને આચાર્ય ભગવંત એમને આશ્વાસન આપતા કહે છે,

પ્રાદુર્ભૂતં
વેતકસ્થ ભિદ્દેકે મહામુદ્ગારાયમાનં ^ ભવતો: સમ્યગ્દર્શનમ્।
તમારી અહીંયાની મુલાકાત, તમારું દેશના શ્રવણ, તમારું જિનવાણી શ્રવણ એ સાવ નિષ્ફળ નથી ગયું, તમારું બધું જ ભેળે, તમે સાવ જ FAIL, તમને કશું લાભ જ ના થયો, તમારા આત્માનું નુકશાન થતું અટક્યું જ નથી, એવું નથી. અત્યારે તમે જે દેશના સાંભળો, તમને જે શુભ પરિણામ જાગ્યો, તમને ખબર નથી પણ એ આખી પ્રક્રિયાની અંદર, અંતરંગ બીજી પ્રક્રિયા ચાલી, ને તમારી ગ્રંથિભેદ થઈ ગયો, તમે અપૂર્વકરણ કર્યું, તમે મિથ્યાત્વ મોહનીય નો ક્ષયોપશમ કરી નાખ્યો, અને તમને સમ્યક્દર્શનનો પ્રાપ્તિ થઈ.

ભોગ-તૃષ્ણા એને તોડી નાખવા, ફોડી નાખવા, કચડી નાખવા, ખતમ કરી નાખવા, મહા શસ્ત્ર કોઈ હોય તો એ સમ્યક્દર્શન છે. ઝેર ને ઝેર તરીકે જાણી-લીધું, એ ઝેરને શા માટે પીશે ? કઈ રીતે પીશે ? હેય બુદ્ધિનો નિશ્ચય અર્થ ત્યાગ છે. અને ત્યાગ નો-નૈશ્ચયિક અર્થ હેય બુદ્ધિ છે. એ અપેક્ષા એ જોઈએ તો ચારિત્ર મોહનીય અને દર્શન મોહનીય બંને એક જ વસ્તુ છે. શ્રદ્ધા અને આત્મા એ બંને એક જ વસ્તુ છે, અને માટે સુધર્મા સ્વામી ભગવાન, આચારાંગ સુત્રની અંદર કહે છે,

જં સમ્મં તિ પાસહા તં મોણં તિ પાસહા
જે સમ્યક્દર્શન છે એ જ ચારિત્ર છે, જે ચારિત્ર છે, આચરણ છે, સાધુતા છે, એ જ સમ્યક્દર્શન છે. સમ્યક્ત્વ ને પામ્યા પછી પણ, ભોગ-તૃષ્ણા ને ખતમ ન કરવી એ આત્માની બહુ મોટી મુર્ખામી છે. હાથમાં શસ્ત્ર આવ્યું ને ભોગતૃષ્ણાને ખતમ નહીં કરીએ ? બહુ સરસ મજાની વાત, હરીભદ્ર-

સૂરી મહારાજ, શાસ્ત્રવાર્તા સમુચ્ચય ગ્રંથ ની અંદર કહે છે.
अत एवागमज्ञस्य या क्रिया सा क्रियोच्यते ।
જ્ઞાન અને ક્રિયા તમે જુદુ જુદુ કરીને સમજો એ સમજણ તમારી અધુરી છે. ક્રિયા એજ સાચી જે જ્ઞાનીની ક્રિયા છે.
आगमज्ञोऽपि यस्तस्यां यथाशक्ति प्रवर्तते ॥
અને સાચો આગમ જ્ઞાતા પણ કોણ ? જે યથા શકિત એની અંદર ક્રિયામાં પ્રવૃત્તિ કરે, એ સાચો આગમ જ્ઞાતા ! સમ્યકત્વ આવ્યું છે તો આચરણ આવવાનું જ છે, સમ્યકત્વ આવ્યું છે તો ચારિત્ર આવવાનું જ છે, સમજણ આવી છે ને માણસ આચરણ નહીં કરે, એ શક્ય જ નથી ! સમ્યકત્વ એ ભોગ-તૃષ્ણા ઉપર મૂકેલો TIME-BOMB છે, જે ક્યારેક અસંખ્ય કાળે ફૂટે છે, ક્યારેક સંખ્યાત કાળે ફૂટે છે અને ક્યારેક ON THE SPOT ફૂટે છે, ત્યારે એ ભોગ-તૃષ્ણા ને ખતમ કરી દે છે. સમ્યકત્વ એ ભોગ-તૃષ્ણા ને આવેલો SEVIOR ATTACK છે જેની અંદર એના ભુક્કા બોલાઈ જાય છે. સમ્યકત્વ એ ભોગ-તૃષ્ણા ના ઘરમાં લગાડેલી આગ છે, જેમાં એ એક નિશ્ચિત સમયમાં બળી ને ખાખ થઈ જાય છે. સમ્યકત્વ એ ભોગ-તૃષ્ણાને લાગુ પડેલો PARALYSIS છે જેમાં એ સાવ જ અટકી જાય છે. સમ્યકત્વ એ ભોગ તૃષ્ણાને થઈ ગયેલો T.B. છે, જેની અંદર ભોગ તૃષ્ણા સુકાતી જ જાય છે, અને નિશ્ચિત સમયે એનો ક્ષય થઈ જાય છે. સમ્યકત્વ એ ભોગ-તૃષ્ણા નો થયેલો ACCIDENT છે, જેની અંદર એની કચ્ચરઘાણ નીકળી જાય છે.

સિદ્ધર્ષિ ગણિ મહારાજ, આપણને કહેવા માંગે છે, તમે તો દેવ નથી ! તમે મનુષ્ય છો, તમે ભાગ્યશાળી છો, પુણ્યશાળી છો, એ લોકો ભોગતૃષ્ણા ને પલ્યોપમો સુધી, અસંખ્ય ના અસંખ્ય વર્ષો સુધી, સાગરોપમો સુધી, આખા આયુષ્ય સુધી ગમે તેટલા

રડે, માથા પછાડે, રોવે, કકળે, ભગવાનની વાણી સાંભળે, સમવસરણમાં જાય, અને ભગવાનની દેશના ખળ-ખળ-વહેતી હોય, અને એ દેશના ના ધોધમાં સ્નાન કરી લે, છતાં એ ભોગ તૃષ્ણા ને દૂર ના કરી શકે.

તમે મનુષ્ય છો, બધું સામર્થ્ય ભેગું કરો, દેવો કરતા એક ~~મનુ~~ મનુષ્યનું અંતરંગ વિશ્વની અંદર વિજય મેળવવાનું, દોષો ને પછાડવાનું, ભોગ તૃષ્ણા ને ધોબી પછાડ હાર આપવાનું અને જ્વલંત વિજય પતાકા, એ ફરકાવવાનું. ~~સામર્થ્ય~~ સામર્થ્ય એક મનુષ્ય નું હોય છે, તમે મનુષ્ય છો. તમે મગતરા નથી, તમે બાયલા નથી, તમે કાયર નથી, તમે નિર્બળ નથી, ભોગ-તૃષ્ણા ઉપર ~~પુન~~ ~~[illegible]~~ મેળવવા, વિજય મેળવવા, તમે શક્તિમાન છો, અને છતાં તમે એનાથી દબાઈ ને રહેશો ?

સિદ્ધર્ષિ ગણિ મહારાજ, પ્રતિબોધક આચાર્યના મુખે, સાધનાના એક પછી એક સમીકરણો, વ્યંતર મિથુનને ઉપદેશ રૂપે, રજુ કરી રહ્યા છે. આજે સમય થયો છે, આજે આટલું રાખીએ !

---

ગુરુવાર

# વ્યાખ્યાન - ૮૭ "પ્રપંચ" 29 10 2020

વ્યાખ્યાન સ્થળ :- શ્રી આંબાવાડી જૈન સંઘ, અમદાવાદ

પ્રશ્ન તમારો આવ્યો છે. પુણ્ય છે પુણ્યથી ભોગ ના સાધનો મળ્યા છે, અને એ ભોગવવાના જ છે, તો એમાં નિર્લેપ કઈ રીતે રહેવું. અધ્યાત્મ-સારમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ આ સવાલ નો જવાબ આપે છે,

अकृत्वा विषयत्यागं यो वैराग्यं दिधीर्षति ।

જેને વિષયો છોડવા નથી ને વૈરાગ્ય ધારણ કરવો છે,

ज्वलति ज्वलने वल्लीं, स रोपयितुमिच्छति ॥

એ ભડભડતી આગની અંદર વેલડી નું આરોપણ કરવા માટે ઈચ્છે છે. ભગવાન ના સમવસરણમાં ઇન્દ્રો છે, દેવેન્દ્રો છે, મહર્દ્ધિક દેવો છે, દેવો છે, વૈમાનિક દેવો છે, રાજા મહારાજાઓ છે ચક્રવર્તીઓ છે, રાજ પુત્રો છે, શ્રેષ્ઠી પુત્રો છે, બધા ભગવાન નાં સમવસરણમાં છે, ભગવાન નથી કહેતા ભલે તમે એની અંદર રહો, ભગવાનની આ જ વાત છે તમે છોડો.

કોલસાની ખાણમાં રહીને કઈ રીતે ચોકખા રહેવું, એના કિમિયા ગોતવા કરતા લાખ ગણું બહેતર છે, કે ખાણ માંથી કુદકો મારીને બહાર નીકળી જઈએ, અંદર રહીને નિર્લેપ રહેવું એ બહુ અઘરું છે, એના કરતા નીકળી જવું એ જ સહેલું હોય છે તો નીકળી જ શા માટે ના જવું ? મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે વિષય એ જ રાગનું કારણ છે, વિષય એ જ લેપ નું કારણ છે, વિષય એ જ સ્પૃહા નું કારણ છે વિષય એ જ તૃષ્ણા નું કારણ છે, વિષય એ જ મનની ડામાડોળ કરવાનું કારણ છે, આવા નિમિત્ત ની સાથે રહેવું, અને ચોકખા રહેવું, એની નિર્લેપ

રહેવું, અને વૈરાગી રહેવું, આવા તુક્કા સુજ્વા, એવા તુક્કા ગોતવા, આવા ક્રિયા શોધવા, એના કરતા બહેત્તર છે કે ભગવાને જે માર્ગ બતાવ્યો, એ માર્ગ ઉપર પ્રસ્થાન કરવું. તમે કહો કે બધી વાત સાચી, માર્ગ ઉપર પ્રસ્થાન કરવું જોઈએ, પણ નથી કરી શકતા, ત્યાં સુધી કઈ રીતે નિર્લેપ રહેવું ?, તમે હવે એ થોડી - ઘણી નિર્લેપતા મળશે પણ ખરીને, તો એ કઈ રીતે નિર્લેપ રહેવું એ BASE ઉપર નહીં મળે, પણ કઈ રીતે છુટી જવું ને, ત્રાસ થઈ જાય, ગભરાટ થઈ જાય, ક્યારે આ બધા માંથી હું નીકળું ! ક્યારે આ બધું છુટે આ ભાવ તમને આવ્યો છે, તો હવે પણ તમારી નિર્લેપતા કંઈક શક્ય બનશે !

વિષયોને જેણે સ્વીકારી લીધા, વિષયોને જેણે અપનાવી લીધા, વિષયોની સાથે જ રહેવાનું નક્કી કરી લીધું, અને વિષય છોડવાની જેને કોઈ તમન્ના નથી, અને નિર્લેપતા પણ આવે, બહુ જ અઘરી વાત છે. મનમેંહી વૈરાગી ભરતજી, મન મેં હી વૈરાગી, ભરત ચક્રવર્તી પોતાના મનમાં વૈરાગી હતા, બહાર ભલે ગમે તેટલું હતું, અંદર વૈરાગી હતા કારણકે પળે-પળે એમને છોડવાની તમન્ના હતી ! શ્રાવકો ને કહી દીધું છે કશો કામ-ધંધો કરવાની જરૂર નથી, મારા રસોડે તમારે જમી લેવું, આખા પરિવાર સાથે જમી લેવું, તમારી બધી જ જરૂરિયાત હું પુરી કરું. તમારે કમાવાની કોઈ જ જરૂર નથી ! તમારે ધર્મ ધ્યાન કરવું સામાયિક, પૌષધ કરવા, સ્વાધ્યાય કરવો ને સાથે એક કામ કરવું, રોજ તમારે મને જગાડવો, રોજ તમારે મને સંભળાવવું, રોજ તમારે મને પ્રતિબોધ કરવો,

મા હન, જિતો ભવાન્, ભયં વર્દ્ધતે।

નહીં સમજતા કે તમે છ ખંડ નું સામ્રાજ્ય જીત્યા છો, તમે પોતે પરાજીત છો, તમે જીતાયેલા છો, તમે વિજેતા

ગુરુવાર
29 10 2020

નથી,

મા હન

આ બધી જે ષટ્કાય ની હિંસા ચાલે છે ને એ તો નરક નો રસ્તો છે, ૮૪ લાખ યોની એ મોઢું ફાડી ને બેઠી છે, કઈ સેકન્ડે તમારો કોળિયો કરી જશે, એ કહેવાય એમ નથી.

પુણ્ય ના ઉદય ને જેઓએ ભોગવી લેવો છે તેઓ પાપનો બંધ કરી રહ્યા છે, ભૌતિક પુણ્ય નો ઉદય પણ એ ધર્મ માં બાધક બને, સંસાર ત્યાગ માં બાધક બને, સંયમના સ્વીકારમાં બાધક બને, તો એ એને અળખામણો લાગે, એ પાપ નો જ ઉદય લાગે, એ ખરો "ધર્મી" !! અધ્યાત્મસાર માં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

પુણ્યાપેક્ષમપિ હ્યેવં સુખં પરવશં સ્થિતમ્ ।

સુખ મળે છે, માત્ર એટલું ના જુઓ, પુણ્ય થી મળે છે. તો સમજુ લૌકિક સુખ પણ પરાધીન છે, પરવશ છે, ક્ષણિક છે, નશ્વર છે ને દુઃખ આપી ને જશે, જશે ત્યારે ત્રાસ ત્રાસ થઈ જશે. ઈષ્ટોપદેશની અંદર પૂજ્યપાદ સ્વામી કહે છે,

આરમ્ભે તાપકાન્ પ્રાપ્તા - વતૃપ્તિપ્રતિપાદકાન્ ।

શરૂઆતમાં તૃષ્ણા જગાડે છે, તરસ જગાડે છે, અને આમ થાકી હાંફી, હાંફીને માંડ જ્યારે વિષયો મળ્યા હોય ત્યારે ભોગવટામાં એની તૃપ્તિ થતી નથી.

અન્તે સુદુસ્ત્યજાન્ કામાન્ કામં કઃ સેવતે સુધીઃ ॥

અને જ્યારે છોડવા પડે, ત્યારે નવનેજે પાણી ઉતરી જાય, જીવ ના છોડી શકે, પણ છોડ્યા વગર છુટકો એ ના થાય !

કામં કઃ સેવતે સુધીઃ

કયો એવો ડાહ્યો માણસ હોય, જે ભૌતિક પુણ્યના ઉદયમાં મોહાય, જે વિષયોની પાછળ પાગલ બને, જે મળેલી સામગ્રી ને સામગ્રી સુદ્ધા માને, આવો ધર્મી એને કહેવાય જેની સંપત્તિ ની અંદર પણ વિપત્તિ દેખાય ! હું કહું છું કે કંઈ તમારા એવા પુણ્યના-ઉદય પણ હોતા નથી.

શાલિભદ્ર જેવો શાલિભદ્ર હોય ને રોજની નવ્વાણું પેટી ઉતરતી હોય, ને સાતમે માળે-થી નીચે આવવાનું ના હોય, બત્રીસ- બત્રીસ પત્ની હોય ને બધી જ કહ્યાગરી હોય, કામ, ધંધો, - TENSION કશું જ નથી, માત્ર ને માત્ર ભોગવટો કરવાનો છે. શાલિભદ્ર ની પણ આંખો ખુલે છે, અને શાલિભદ્ર સ્પષ્ટ જુએ છે કે હું દુ:ખી છું !!

મળેલા થોડા રૂપિયા ને બંગલા, ગાડીઓ અંદર તમે મોહાઈ ગયા છો તો સમજી લો, કે સુખ શું હોય શકે એ તમને ખબર જ નથી ! એક ભિખારી છે અને એનો છોકરો છે જેને વાનગી-ઓના નામ સુદ્ધા ખબર નથી, એને ગોળનો કણો ક્યાંકથી મળી ગઈ ને, મોઢું લાગ્યું, ચાટ્યા કરે, અને કહે દુનિયાનું સર્વોત્કૃષ્ટ મને મળી ગયું, સૌથી સ્વાદિષ્ટ, સૌથી વધારે સારી વાનગી, ને સમજનારા હસે કે બિચારા ને કંઈ ખબર જ નથી. શાલિભદ્ર નું સુખ શું હતું, ચક્રવર્તી નું સુખ શું હતું, એક હલકા માં હલકા કહેવાય એવા દેવ નું સુખ શું હોય, આપણ ને ખબર નથી, માટે આપણે માની એ છીએ કે આપણે સુખી છીએ ! કશું નથી તમારી પાસે ! ભોગ- તૃષ્ણા અને સમજણ આ બંને સાથે હોય, એ શક્ય જ નથી. બધું સમજીએ છીએ પણ આ આપણી ખરી સમસ્યા નથી, કશું સમજ્યું જ નથી આ આપણી ખરી સમસ્યા છે.

★ સમજણ નો અર્થ છે ભોગ-તૃષ્ણાનું મૃત્યુ ★
★ સમજણ નો અર્થ છે તીવ્ર વૈરાગ્ય ★
★ સમજણ નો અર્થ છે સંસારનો ત્યાગ ★
★ સમજણ નો અર્થ છે સંયમ સ્વીકાર ★
★ સમજણ નો અર્થ છે અપ્રમત્ત સાધના ★

સમજણ છે ને હજુ ભોગ-તૃષ્ણા નથી છુટી, આ વધતો વ્યાઘાત, વંધ્યા ને માતા, મારે મૌન છે, એના જેવી વાત છે. સમજણ જ્યારે આપણને મળે છે, નિશ્ચય નય કહે છે, કે ત્યારે આપણને સાતમું ગુણસ્થાનક મળે છે. એની માટેજ જ્ઞાન-સારમાં મહોપાધ્યાય યશોવિજયજુ મહારાજ ~~કહે છે~~

જં સમ્મં તિ પાસહા તં મોણં તિ પાસહા ।

આ જ આચારાંગ આગમ નો અનુવાદ જ્ઞાનસારની અંદર કરી છે,

सम्यक्त्वमेव तन्मौनं मौनं सम्यक्त्वमेव च ।

અપ્રમત્ત મુનિ ભાવ, એનું જ નામ સમ્યકત્વ, સમ્યકત્વ એનું જ નામ અપ્રમત્ત મુનિભાવ !! સમ્યકત્વ પામી ને પણ, ભોગ-તૃષ્ણાને આધીન હોવું, એટલે દરિયામાં ડુબકી મારી ને કોરા હોવું. સમ્યકત્વ પામીને પણ ભોગ-તૃષ્ણા ના ગુલામ હોવું, એનો અર્થ એ છે કે વડાપ્રધાન થઈને સફાઈ કામદાર ને આધીન રહેવું. સમ્યકત્વ પામીને પણ ભોગ-તૃષ્ણા ને આધીન હોવું, એટલે MASTERS OF ARTS ~~થયા~~ થયા પછી પણ મન-વચન-કાયાથી છ મહિનાના બાળક ની જેમ વર્તવું. સમ્યકત્વ પામીને પણ ભોગ તૃષ્ણા ને આધીન હોવું એટલે પચ્ચીસ વર્ષના થઈ ને પણ, કપડા પુરા પહેરતા ન શીખવું, અંગુઠો ચુસવો ને ઘોડિયા ની અંદર ઉંવા-ઉંવા કરવું. હજુ આપણે સમજ્યા જ નથી કે સમજણ શું હોય !

સિદ્ધર્ષિ ગણિ મહારાજ, ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથની અંદર, મોહવિલય ઉદ્યાનમાં, પ્રતિબોધક-આચાર્યના મુખે, સંસાર અને મોક્ષ નું રહસ્ય પ્રગટ કરી રહ્યા છે, પર્ષદા ભાવિત થઈ રહી છે, વ્યંતર-મિથુન સાંભળી રહ્યું છે. ક્યારે છુટે ને આચાર્ય ભગવંતે કહ્યું આ ભવમાં નહી છુટે, આગળ વધીને આચાર્ય ભગવંત કહે છે સાંભળો, તમે નિરાશ ન થાઓ, તમે ઉદાસ ન થાઓ, તમને જે સમ્યક્ત્વ મળ્યું, આ સમ્યક્ત્વ ની તાકાત છે, કે ભોગ-તૃષ્ણાની ખાતમો બોલાવી દે! અને આજે તમને જે સમ્યક્ત્વ મળ્યું છે ને

તદુદ્દીપનીયં પુનઃ પુનઃ સદ્ગુરુસન્નિકર્ષેણ।

પ્રતિબોધક આચાર્ય વ્યંતર COUPLE ને કહે છે કે, - સમ્યક્ત્વ મળ્યું, તમને મોટું શસ્ત્ર મળ્યું, મોટી શક્તિ મળી, મોટી ઉર્જા મળી, જેનાથી આ ભોગ-તૃષ્ણા ખલાસ થઈ જવાની, નક્કી છે. પણ એટલું તમે ખાસ ધ્યાન રાખશો, આ સમ્યક્ત્વ ને ફરી-ફરી સદ્ગુરુના સાન્નિધ્ય થી, સદ્ગુરુના સત્સંગ થી, તમે ફરી-ફરી ઉદ્દીપીત કરશો, ફરી ફરી CHARGE કરશો, ફરી-ફરી દેદીપ્યમાન કરશો, ફરી ફરી એની જ્યોતિની અંદર તમે ઘી પુરાવશો, નહીં તો મળેલું પણ સમ્યક્ત્વ જતું રહેશે. પ્રતિબોધક આચાર્ય કહે છે, સમ્યક્ત્વ મળી જાય એટલું પુરતું નથી, એને સાચવવું પણ જરૂરી હોય છે. જે વિપરીત નિમિત્તો નું સેવન કરે છે, જે ઉંધા ખાડે ચડે છે, જે ખોટા કાર્ય કરે છે, જે સાચી જગ્યાએ આવતા નથી, જેમનું દેરાસર - ઉપાશ્રય આવવાનું ઓછું થઈ જાય છે, બંધ થઈ જાય છે, - સદ્ગુરુનું સાન્નિધ્ય એ જેમના માટે બહુ જ RARE ઘટના હોય છે, એમના સમ્યક્ત્વ ઉપર સો ટકા જોખમ છે. પુષ્પમાલા ગ્રંથમાં મલધારી હેમચંદ્રસૂરીજી કહે છે,

मिच्छत्तभाविओ च्चिय जीवो भवसायरे अणाइम्मि ।
અનાદિના સંસ્કાર, અનાદિ આ ભવભ્રમણ એમાં મોટા ભાગે તો જીવ મિથ્યાત્વ થી જ ભાવિત હોય છે. ગામ ની બહાર અમે હોઈએ ને અમે જોઈએ, જૈનો દેરામાં પણ આવે વતનમાં પણ આવે, પૂજા પણ કરે, પણ પૂજા કરીને પાછા કોઈ મંદિરમાં જાય, વળી ક્યાંક જાય, વળી ક્યાંક જાય, અમે નજર સામે જોઈએ, અમે પસાર થતા હોઈએ કે અહીંયા ધોતી-ખેસ વાળા આપણા ભાઈ-નીકળ્યા !

ઉલ્ટુ દહેરાસરમાં આવ્યા પછી પણ એવા આત્માઓ હોય છે, જેને ભગવાનમાં શ્રધ્ધા નથી આવતી, એવી કોઈ સમજ નથી પડતી, પણ એવા કોઈ માતાજી, એવા કોઈ દેવ, એમના શસ્ત્રધારી રૂપ, એના ઉપર સહજ ભાવ આવી જાય, કારણકે જીવે, અનાદિકાળ થી ઘૂંટેલુ છે. મલધારી હેમચંદ્રસૂરી-મહારાજ કહે છે,

दढचित्तो वि हु किज्जइ तेण कमो णागु कुसंगेहिं ।
જીવ વિષયો થી ભાવિત થયો, વિષયો સારા, વિષયો સુંદર, વિષયો મનોહર, વિષયો આકર્ષક, વિષયો થી જ સુખ મળે, મને વિષયો જોઈએ, અનાદિકાળથી એટલું ઘૂંટ્યું, એટલું ઘૂંટ્યું, એટલું ઘૂંટ્યું, ને વિષયો નો સંપર્ક થઈ ગયો, અને મોહ તૃષ્ણા કાબુમાં, વૈરાગ્ય ટકી રહે, સમજણ સચવાઈ રહે, એ લગભગ IMPOSSIBLE (અશક્ય) જેવી વાત કારણકે જીવે આ વિષય નો રાગ બહુ જ ઘૂંટેલો છે. બરાબર એ જ રીતે જે મિથ્યાત્વી ઓના ધર્મ સ્થાનો, મિથ્યાત્વીઓ ના નિમિત્તો, મિથ્યાત્વીની તે-તે ક્રિયાઓ, તે-તે અનુષ્ઠાનો, તે-તે વસ્તુઓ, તેની સાથે જીવે, એટલું નજીક આવી ને ATTACHMENT (બંધન) કર્યું છે.

દઢચિત્તો વિ છલેજ્જઇ તેણ કમ્મો વાણુ કુસંગેહિં ।
ગમે તેટલો દ્રઢ ચિત્ત વાળો હોય, ધર્મને સમજ્યો હોય, તત્વને સમજ્યો હોય, વર્ષો સુધી સમ્યકત્વ માં સ્થિર રહ્યો હોય, વાતાવરણ એનું બદલાઈ ગયું, નિમિત્તો બદલાઈ ગયા, આલંબનો બદલાઈ ગયા, જ્યાં ના પાડી જવાની ત્યાં જતો થઈ ગયો, ધીરે ધીરે એનું મન પીગળતું જશે, ધીમે- ધીમે સમ્યકત્વ ઓગળતું જશે, અને ધીમે ધીમે મિથ્યાત્વ એના ઉપર કબજો જમાવતું જશે.

શાસ્ત્રની અંદર એવા ઘણા દ્રષ્ટાંતો આવ્યા, અદ્ભુત આરાધના કરતા શ્રાવકો હોય, તપસ્વી હોય, સાધક હોય, જ્ઞાની હોય, સામાયિક પૌષધ કરનારા હોય, સાધુનો સમાગમ છુટ્યો, મહાત્માના વિહારો બંધ થયા, પોતે ય જતા બંધ થયા ને ધીમે ધીમે એમનો બધો જ POWER ઉતરી ગયો. બધું જ CHARGING પુરું થઈ ગયું, અને ધીમે- ધીમે બધો જ ધર્મ છુટીગયો, અને મિથ્યાત્વ પામી ગયા !

સ્થાનાંગ આગમ સુત્રની અંદર કેટલાક કારણો બતાડ્યા, કે કઈ રીતે જીવ પામેલું પણ સમ્યકત્વ ગુમાવી દે, અને એનું એક કારણ બતાડ્યું,

સાહુ અદંસણેણં ।

જે જીવ વારંવાર સદ્ગુરુના દર્શન કરતો નથી, એમની પાસે જતો નથી, એ સમ્યકત્વ ગુમાવી દે છે. આગળ વધીને કહ્યું. જીવ કઈ રીતે સમ્યકત્વ ગુમાવે, અને ત્યાં જવાબ આપ્યો કે જીવ જિનવાણીનું શ્રવણ બંધ કરી દે, સત્સંગ બંધ કરી દે, અને એના કારણે સમ્યકત્વ ગુમાવી દે, ત્રીજું કારણ બતાડ્યું, મહાત્માઓના વિહાર ROUTE (રસ્તા) બદલાઈ જાય, અને મહાત્માઓનું આવા- ગમન બંધ થઈ જાય, એના કારણે જીવ સમ્યકત્વ ગુમાવી દે. આજે ભારતભરની અંદર એવા ઘણા ગામો છે, જ્યાં વર્ષોથી મહાત્મા ના પદાર્પણ નથી થયા,

યા એ ખુદ નામના જૈન રહ્યા, યા નામના પણ જૈન ના રહ્યા, અને એમણે એમનો પામેલો ધર્મ ગુમાવી દીધો.

સભાનો પ્રશ્ન :- એમાં મહાત્માને દોષ લાગે, એવા ક્ષેત્રમાં ન વિચરવા માટે.

પૂજ્યશ્રીનો ઉત્તર :- મહાત્માએ નવ કલ્પી વિહાર - એમની સંયમની મર્યાદા અનુસાર - કરવાનો છે. મહાત્માએ પેલાને ધર્મ પમાડવા ત્યાં - ત્યાં - ત્યાં - ત્યાં - શોધી કાઢીને જવું, આવું શાસ્ત્રમાં નથી કહ્યું. અને શાસ્ત્રમાં શ્રાવક માટે કહ્યું કે શ્રાવકે ક્યાં રહેવું ? અને ત્યાં જવાબ આપ્યો,

જિનભવન તત્થ સડ્ઢો સાહૂણં જત્થ હોઇ સંપાઓ

જ્યાં મહાત્માઓનું આવાગમન હોય, ત્યાં શ્રાવકે રહેવું, વાત સમજાય ? સાધુનું આવાગમન જ્યાં ALREADY છે ને ત્યાંથી જ બીજે જતા રહે છે, એવી જગ્યાએ જતા રહે જ્યાં મહાત્માનું મોઢું જોવા ના મળે, જ્યાં સત્સંગ ના મળે, જ્યાં વ્યાખ્યાન ના મળે, જ્યાં સુપાત્ર - દાન ના મળે, એ પોતાએ ભવો ના ભવો સુધી જિનશાસન મળે જ નહિ, એવી વ્યવસ્થા ઉભી કરી રહ્યા છે.
જિનશાસન મળ્યા પછી તમને વેપારમાં તકલીફ થઈ, તમને બીજુ ત્રીજુ રીતે તકલીફ થઈ, તમને CORRUPTION (લાંચ) ની તકલીફ થઈ, અહીંયા કંઈ પણ તમને ઓછું આવ્યું અને, તમારે વિદેશ જતા રહેવું છે, તો તમે સમજી લો બોધિ દુર્લભ થવાના ને આવનારા ભવો ના ભવો સુધી, કદાચ અસંખ્ય કાળ સુધી, કદાચ અનંતકાળ સુધી આ જિનશાસન ના મળે, ક્યારેક ઉપર આવીએ તો, GULF CONTRY, મુસ્લિમ દેશ, માંસાહારી પ્રદેશ, અનાર્ય દેશ, એવી જગ્યાએ માંસાહારી પરીવાર ની અંદર જન્મ થાય, આખી જિંદગી આપણે પશુઓને મારવા - કાપવાનું કામ કરીએ, આખી જિંદગી માછલા -

જાઈએ, આખી જિંદગી ઈંડા ખાઈએ, આખી જિંદગી મરઘીઓ ને ખાઈએ ને એ બધા પાપો કરીને સીધા નરકમાં જતા રહીએ, એવી આપણી વ્યવસ્થા કરી રહ્યા છીએ. એ જ્યાં મહાત્મા છે, સંઘ છે, શાસન છે, ભગવાનની વાણી છે, ચોમાસા છે, વ્યાખ્યાનો છે, સુપાત્ર દાનના લાભો છે, આ બધું છોડીને આપણે ક્યાંક બીજે પહોંચી જશું. પૈસા વધી છે ને તમારા નખરા વધી છે, તમારું MIGRATION, હું તમને કહું, વગર ફોગટનું છ કાયના જીવોનું વગર-મફતનું કતલખાનું, એટલે તમારું MIGRATION (સ્થળાંતર), તમારી દ્રષ્ટિ એ માત્ર સ્થળાંતર છે, તમારી દ્રષ્ટિ એ તમે માત્ર અહીંયા થી અહીંયા ગયા, તમારી આ એવના ને કારણે કેટલા જીવતરો, કેટલા પંખીઓ, કેટલા વૃક્ષો, કેટલા નાના મોટા જીવો, છ કાયના ઘોર કતલખાના જે એના દ્વારા જ બીલ્ડીંગો બને, એના દ્વારા બંગલાઓ બને, એના દ્વારા નવા વિસ્તારો DEVELOP થાય, ભયંકર વિરાધના કરીને તમે માત્ર ત્યાં રહેવા ગયા, આખા AREA (વિસ્તાર)ની અંદર જે ભયંકર વિરાધના થઈ એનું બધું જ પાપ તમને લાગી ગયું. હું તમને કહું છું કે, આ ષટ્કાય ની વિરાધના તો ભયાનક પાપ છે જ, આ કતલખાનું, આ આરંભ-સમારંભ, આતો વિરાધના છેજ આનાથી આગળ વધીને, હું તમને કહું આ વાસુપૂજ્ય દાદા, તમારી પેઢીઓથી, તમારા બાપ-દાદાઓથી, જેમણે વર્ષો એમની પૂજા કરી, એ ભગવાનના વાંક ગુના વગર, એ સંઘના વાંક ગુના વગર, માત્ર તમારી ઈચ્છા, માત્ર તમારી અનુ-કૂળતા, માત્ર તમારી માનેલી સગવડ, માત્ર તમારો - TREND, માત્ર તમારી FASHION, એને આ BASE ઉપર તમે આ વાસુપૂજ્ય દાદા ને છોડી શકો, આ સંઘને છોડી શકો, આ ચોમાસા ને જિનવાણી શ્રવણ ને છોડી શકો, તો હું તમને કહું છું, આપણું નસીબ ફૂટી ગયું હોય ત્યારે આપણને આવું કરવાનું મન

થાય. પોળમાંથી આપણે અહીંયા આવી ગયા ને હવે અહીંયા થી બીજે ક્યાંય જતા રહેવું છે, આપણા આ સ્થળાંતરો થી જિનશાસનના કેવા પ્રશ્નો ઉભા થાય છે, એ આપણે ક્યારે વિચાર્યું છે?

હવે કદાચ અત્યારે પોળમાં પાછા ના જઈ શકીએ, એવી પરિસ્થિતિ નથી, એવી SITUATION નથી, એ શક્યતા નથી, હું તમને કહું છું, એ હવે કદાચ - અશક્ય ગણાશે, આટલું નક્કી કરવું છે, જેમને જે સંઘમાં છીએ, જેમને જે મુળનાયક દાદાના ભક્ત છીએ, - એમને છોડી ને ક્યાંય જવું નહિ. જ્યાં મહાત્મા ના મળે, જ્યાં સત્સંગ ના મળે, જ્યાં વ્યાખ્યાન ના મળે, અરે કદાચ મળતું એ હોય તો એ મૂળ જગ્યા જ્યાં - આપણને MAXIMUM (વધુ માં વધુ) લોકો ઓળખતા હોય, ત્યાં આંખ ની શરમ હોય. ગામડાની અંદર જે પાપો થતા ન હતા, અહીંયા આવીને બેફામ થવા લાગ્યા, કારણકે અહીંયા એ શરમ છુટી ગઈ.

આટલું નક્કી કરવું છે કે જ્યાર અડધી રોટલી વાપરવી પડે એવી સ્થિતિ ન હોય, ત્યાં સુધી ક્યારે સ્થળાંતર કરવું નહિ. આટલું ફાવે એવું છે? એક જગ્યા એ સંઘ બને છે, કઈ મૂળ માંથી, શુન્ય માંથી સર્જન થાય છે, તમે ક્યારે વિચાર કર્યો છે! આંબાવાડી સંઘ કઈ રીતે બન્યો, તમને ઈતિહાસ ખબર છે? હું કહું છું જુઓ સંઘની DIRECTORY આગળના પાના એમાં ઈતિહાસ - લખ્યો છે, એ સમયના અગ્રણીઓ એ, એ સમય ના પ્રેરક આચાર્ય ભગવંતો એ, પૂજ્ય કૈલાસ સાગર- સૂરીજી મહારાજ, અગ્રણી શ્રાવકો એ કેટલી મહેનત કરી એ જગ્યા એ ઝુંપડાઓ હતા, કેટલી તકલીફ હતી, જગ્યા લેવાય ગયા પછી પણ એ જગ્યા પર કબજો મેળવવા કેટલો સંઘર્ષ કરવો પડ્યો છે,

કેટલી બધી મહેનત કરવી પડી છે, એ સમયે એટલા પૈસા એ નહતા, એ સમયે એટલા હારો એ નહતા, એ સમયે એટલું સંખ્યાબળ નહીં, એટલું સંપત્તિ બળ નહીં, કેટકેટલા અવરોધોમાં આપણા વડવાઓએ જે મહેનત કરીને જે સંઘ ઊભો કર્યો, સંઘે બધું ઊભું કર્યું, દહેરાસર ઊભુ કર્યું, ઉપાશ્રય ઊભો કર્યો, સાધ્વીજી મહારાજનો ઉપાશ્રય, જ્ઞાનભંડાર, પાઠશાળા, આયંબિલ ખાતુ. બધુ ઊભુ કર્યું, આપણા માટે ને આપણે ઊભા થઈને ખંખેરીને ચાલવા માંડીએ, હું તમને કહું છું આ પણ સંઘનું મોટું અપમાન છે, અને ક્યાં જઈએ ત્યાં પાછું નવું ઊભુ કરવાનું ! અને બધા આવું કરવા મંડે તો પાછળનું શું ?, શાસન, હું તમને પુછુ છું તમારા હૃદયમાં વસ્યું છે ?, તમારો વિચારસરણો ના કેન્દ્ર સ્થાને તમે છો કે શાસન છે ! શાસનનો નંબર છેલ્લો જશે, હું તમને પુછુ છું, છેલ્લો જશે ?

બધું આપણે વિચારવાનું, પૈસા નું વિચારો, ધંધાનું વિચારો, મકાનનું વિચારો, સગવડનું વિચારો, શાસન કે સંઘનો કોઈ નંબર જ નહિ, હું તમને કહું છું, આ સ્થિતિ આવી છે, તો આપણામાં સમ્યક્ દર્શન હશે ખરું ?

ઠિવ સિજ્જ તત્થ સડ્ઢો સાહૂણં જત્થ હોઇ સંપાઓ !
જ્યાં મહાત્માઓનું આવાગમન હોય ત્યાં શ્રાવક રહે ! ઉપદેશ માલામાં ધર્મદાસ ગણિ મહારાજ સ્પષ્ટ કહે છે, અવધિજ્ઞાની મહાત્મા, સ્વયં મહાવીર સ્વામી ભગવાનના હાથે દીક્ષિત મહાત્મા, રાજર્ષિ મહાત્મા, રાજપાટ છોડી ને વૈરાગ્ય દીક્ષા લીધી, ને એમણે ગ્રંથ રચ્યો ઉપદેશમાલા, અને આ ગ્રંથ ની અંદર ભગવાનની વાણી ને એમણે ગુંથી, અને એક ગાથા ની અંદર કહે છે,

ણ ય વસઇ સાહુવિરહિયમ્મિ દેસે બહુગુણે વિ ।
હજાર લાભ હોય, લાખ લાભ હોય, કરોડ લાભ હોય,

તો પણ જ્યાં સાધુ ના હોય, ત્યાં જિનશાસનનો શ્રાવક કદી રહે નહિ ! વિદેશ થી કોઈ પરિવાર મારી પાસે આવે ને કોઈ પાસે GUIDANCE (શિખામણ) માંગે, સાહેબ કહો ત્યાં કઈ રીતે ધર્મ કરવો, અમે AUSTRALIA થી આવ્યા, અમે EUROPE થી આવ્યા, અમે AMERICA થી આવ્યા, મારી એટલી જ વાત હોય તમે વહેલામાં વહેલી તકે ભારત પાછા આવો અબ. તમે હજુ કદાચ બે પેઢીની વચ્ચે છો તો તમારી ધર્મ ભાવના છે, કદાચ તમારો દીકરો તમે ગયા ત્યારે અહિંયા થી ગયો હશે, હજુ એનામાં કદાચ બે પૈસા હશે, તમારી ત્રીજુ પેઢી તમારી નજર સામે ખોવાઈ જશે. એને ઈંડા ને માંસમાં પાપ નહી લાગે, અને - વ્યસનો અને દુરાચારમાં પાપ નહીં લાગે, એકાદ - બિયર ઘરે આવશે, એકાદ પાપો થતા હશે. પચ્ચીસ - ત્રીસ વર્ષની તમારી દીકરી, પરણવાની ના પાડી દેશે ને દીકરો કોઈક ગોરી ને લઈ આવશે, ત્યારે તમને ખબર પડશે, કે આ ડોલર - રૂપિયા કરતા વધારે સસ્તો છે.

ण य वसइ साहुविरहियम्मि देसे बहुगुणे वि।

સાધુ એ શ્રાવક માટે ધીકતો ધંધો છે. સાધુ એ સગવડ છે. સાધુ એ સંપત્તિ છે, સાધુ એ અનુકૂળતા છે. સાધુ જ એનું સર્વસ્વ છે, ને એ સાધુ ના હોય ને તો શ્રાવક એવી સ્વર્ગ જેવી જગ્યામાં પણ રહેવાનું પસંદ ના કરે.

વિદેશ ના વખાણ કરતા જેઓ થાકતા નથી ક્યારનો પેલો વાત કરે છે, ત્યાં તો આમ છે ને તેમ છે, તમે માત્ર ઉપલું પડ જોઈને આવો છો, અંદર ની ગંદકી તમે જોઈ નથી. ત્યાં કદાચ ROAD ઉપર થુંકવાની મનાઈ છે, એ તમને બહુ જ IMPRESS કરી દે છે. હું તમને કહું છું ત્યાં મા-બાપ ઉપર થુંકવાની કોઈ જ મનાઈ નથી, જે અહીંયા ની વગર બનાવેલો કાયદો છે.

અડધી રાતે ગાડી લાલ સિગ્નલ પર ઊભી રહી જાય, એનું
તમને આશ્ચર્ય છે, પણ જીવનના કેટલા સિગ્નલો એ લોકો
CROSS કરી જાય છે, કેટલા બંધનો તોડે છે, લગ્ન બંધન
જેવી જ્યાં વસ્તુ નથી ને, માણસ જાનવર થઈ ચૂક્યો છે.
એનાથી મોટી અશિસ્ત બીજી કઈ હોય શકે. એ આપણને
સુજતું નથી. જ્યાં પાગલો ની સંખ્યા બહુ મોટી છે,
માનસિક રોગીઓની સંખ્યા બહુ મોટી છે, એક પીણું આવે
ને, એને પી ને એની બોટલો બેફામ દરિયા કિનારે ફેંકી દે
છે, એ બધું જાય છે દરીયામાં ને લાખોની સંખ્યામાં -
માછલીઓ મરી જાય છે, તમે માનો છો કે આ શિસ્ત છે
કે સ્વચ્છતા છે. મા-બાપ એક મશીન વધારે જ્યાં કશું
જ નથી. દસ-બાર-ચૌદ વરસ ના સંતાનો મા-બાપ ની
સાથે રહેવા તૈયાર ન થાય, જો સાથે હોય તો એમનામાં
કંઈક ખામી ગણાય. મા-બાપ ને છોડી દેવાના, છોકરાએ
નવસર્જન કરવાનું, જે ઉંમરમાં સૌથી વધુ વાલીઓની જરૂર
હોય એ ઉંમરમાં પંદર-સત્તર વર્ષની દીકરી સાથે માથે
કોઈ હોય નહિ, હું તમને કહું આ તમને સ્વર્ગ લાગે છે
જો આ સ્વર્ગ છે, તો તમે નરક કોને કહેશો?

ણ ય વસઇ સાહુવિરહિયદેસે બહુગુણો વિ,

આજે તમારે જમાનાવાદમાં દોડવું છે, દુનિયાના રવાડે
ચડવું છે. આજે તમારે પાગલપણું કરવું છે. આજે તમારે
તમારી ઈચ્છાઓ પુરી કરી લેવી છે, તમારે પરિણામોના
વિચારો નથી કરવા, ધર્મદાસ ગણિ મહારાજ સ્પષ્ટ કહે છે,
તમે જ્યારે સાધુ ને ગુમાવો છો ત્યારે તમે બધુ જ ગુમાવો છો.
તમે જતા રહો એનાથી કંઈ સાધુને ગોચરી નથી મળવાની
એવું નથી. સાધુ ગોચરી થી વંચિત નથી થતા, તમે
સુપાત્રદાન થી વંચિત થાવ છો. શ્રાવક એને કહેવાય,
જેનો એક પણ દિવસ સુપાત્રદાન વગરનો જાય, આજમાંથી
શ્રાવણ ને ભાદરવો વરસે, આ અઢાર પાપસ્થાનક થી
ભરેલો સંસાર, આ ષટ્કાયની વિરાધનાથી ભરેલું રસોડું,

આવી પડેલું લાગે, એને એમ થાય, આ બધું લઈને બેઠો ને મારી એકાદ રોટલી એ સાધુના પાત્રામાં ન જાય, તો આ બધાનો અર્થ શું છે!

પહમં જઈણં દાઊણં

પહેલા એ મહાત્મા ને વહોરાવે

અહવા પહમિઊણ પારેઇ

અને પછી પોતે પચ્ચક્ખાણ પારે, પછી પોતે જમે.

અસઇ ય સુવિહિયાણં ભુંજઇ કયદિસાલોઓ।

BY CHANCE ક્યારેક એવું થઈ ગયું, મહાત્મા આવ્યા જ નથી, વિનંતી કરવા ગયા, દરવાજો બંધ છે, ઉપાશ્રય ખાલી છે. મહાત્માના વિહાર થઈ ગયા, બીજા આવ્યા નથી, શ્રાવક આવે ઘરમાં જમવા બેસે, ફરી ઉભા થઈ જાય, અજંપો.. અજંપો થઈ જાય, ત્રાસ.. ત્રાસ થઈ જાય, બસ નથી જમવું મારે એવું થઈ જાય, ને હજુ શ્રાવકનું મન ન માને, હજુ ગેલેરી માં જાય, હજુ આમ જોવે, હજુ આમ જોવે, હજુ આમ જોવે, એ ચારે બાજુ જુએ, અને પાછા આવી પાટલા ઉપર બેસે, કોળિયો હાથમાં લે, ફરી એટલો અજંપો થાય કોળિયો પાછો મુકી દે, શ્રાવક પાછા ઉભા થઈ જાય ઉપર પાછા અગાસી માં જાય,

અસઇ ય સુવિહિયાણં ભુંજઇ કયદિસાલોઓ।

અને જો મહાત્મા હોય જ નહિ, આવ્યા જ ના હોય તો એ જમતા પહેલા ઉપર, નીચે, આજુ બાજુ, દિશા, વિદિશા, બધે જ જોઈ આવે, કોઈ પર્વતીય પ્રદેશ હોય એમાં નીચે ની દિશા માંથી કોઈ મહાત્મા આવી શકે, કોઈ આકાશગામિની લબ્ધિ વાળા હોય એ આકાશ માંથી આવી શકે, કોઈ દિશા કે વિદિશા માંથી આવી શકે છેવટ સુધી શ્રાવક ને આશા હોય કે મને લાભ મળી જાય, હું કોરો ના રહું, હું વાંઝ્યો ના રહું, હું ને વહોરાવ્યા વગર ખાવ, આવું ના થાય. આ શ્રાવકની સંવેદના હોય, એ શ્રાવક પોતે નિર્ણય લે

જ્યાં કદી સાધુ આવવાના જ નથી, જ્યાં સાધુનું નામોનિશાન જ નથી, જ્યાં સાધુની આવવાની કોઈ શક્યતા જ નથી, કાયમ માટે ઘર સમેટીને બિસ્તરા પોટલા લઈને ત્યાં જવાની જે વિચાર કરી શકે, એને શ્રાવક જ ના કહેવાય ! બધું જ મળ્યું છતાં છોડવું છે એનો સીધો અર્થ એ છે મને આ જોઈતું જ નથી. અને હરીભદ્ર સૂરી મહારાજ કહે છે,

अवधारितो हि समाचारो जन्मान्तरेऽपि दुर्लभस्स्यात् ।

જે યોગ, જે સાધનો, જે આલંબનો, જે તારક તત્ત્વો તમને મળ્યા, અને તમે લાત મારીને નીકળી ગયા, ખંખેરીને નીકળી ગયા, અવગણના કરી તમે એની, તો સમજી લો કે જન્માંતર ની અંદર આ યોગો, આ આલંબનો, તમને આ તારક તત્ત્વો મળવાના નથી. અનંત પુણ્યના ઉદયથી જિનશાસન મળ્યું, જેને GREEN CARD મળી જાય, જેને VISA મળી જાય, પુણ્યનો ઉદય હતો માટે મળી ગયા એવું ભુલે ચુકે નહિ વિચારતા, તમારું પુણ્ય પરવારી ગયું માટે તમને ગ્રીનકાર્ડ કે વિઝા મળી ગયા. અનંત પુણ્યના ઉદયથી મળેલું જિનશાસન, સંઘ, તારક તત્ત્વો, સુપાત્ર દાન, મહાત્માના દર્શન, જિનવાણી. શ્રાવણ હું તમને કહું છું આખા વિશ્વની અંદર, ચૌદ રાજલોકની અંદર, એવો કોઈ દેવ હોય, ઈન્દ્ર હોય, દેવેન્દ્રો હોય, એના કરતા પણ એનું પુણ્ય વધારે છે જેને આ તારક આલંબનો મળ્યા છે.

સાધન, સામગ્રી, સંપત્તિ, સગવડો, પૈસા વગેરે, હું તમને કહું છું, મળતું હોય પણ આ બધું ના હોય તો સમજી લો, સો ટકા પાપાનુબંધી પુણ્ય છે. તગડો બકરો છે, એ વહેલો મરવાનો છે. એનું તગડાપણું આનંદનું કોઈ જ કારણ નથી, એ એની માટેનું જોખમ છે. એવી એ જીવની દશા છે. સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે,

तदुर्लंघनीयं पुनः पुनः सुगुरुसन्निकर्षेण ।

સમ્યક્દર્શન તમને મળી ગયું, હવે તમે એટલું કરજો, ફરી ફરી સદ્ગુરૂનો સમાગમ થાય, ફરી ફરી જીનવાણીનું

શ્રાવણ થાય. શ્રમણ ચર્યાના દર્શન થાય, સાધુ ક્રિયાના દર્શન થાય, સાધુના બે શબ્દો કાનમાં પડે, આવો પ્રયાસ તમે કરજો.

જિનશાસનનો શ્રાવક હોય, દીકરો કે દીકરી વાત કરે પપ્પા, વિદેશ ભણવા જવું છે મને મોકલો. અને જિનશાસનનો શ્રાવક હોય એ કહી દે બેટા, તને કપાવા માટે કતલખાનામાં જો હું મોકલી શકું, તો હું તને વિદેશ ભણવા મોકલી શકું. બેટા, કપાઈ જઈશ કતલખાનામાં એક મૃત્યુ થશે, આ એ કતલખાનું છે જે તારા અનંત મૃત્યુ નું કારણ બનવાનું છે બેટા. તું નહી ભણે તો ચાલશે, તું ઠેબુનો ઠ રહીશ તો ચાલશે બેટા, બેટા, કશું કમાશે નહિ તો ચાલશે, પણ બેટા આ - કતલખાનામાં તો હું તને કઈ રીતે મોકલી શકું. બેટા ત્યાં કપાઈ જવાનું છે, પુણ્ય કપાઈ જવાનું, સંસ્કારો કપાઈ જવાના, કપાઈ જવાનું ચારિત્ર, કપાઈ જવાનો સદાચાર, આંતર ગુણો કપાઈ જવાના, મર્યાદા કપાઈ જવાની, કપાઈ જવાના આ પેઢીઓથી મળેલો વારસાગત આ જિનશાસનના સંસ્કારો, બેટા બધું જ જ્યાં જતું રહેવાનું હું તને ત્યાં કઈ રીતે મોકલું. પપ્પા ત્રણ વર્ષ માં પાછો આવી જઈશ. બેટા ત્રણ દિવસ માટે, ત્રણ કલાક માટે, ત્રણ મિનિટ માટે પણ જ્યાં જવાય નહિ, ત્યાં ત્રણ વર્ષની શું વાત કરે છે.

આપણ ને ખબર નથી કે વિદેશમાં શું છે અને શું નથી? આપણને ખબર નથી ત્યાંના યુવાનોની શું પરિસ્થિતિ છે. તમે એમે પાછા મોકલો ને એનું ગૌરવ લો કે મારો છોકરો ત્યાં છે. એનાથી વધારે મુર્ખામી બીજી કઈ હોય શકે? BY CHANCE જતો પણ હોય ને હું કહું છું શરમાઓ, વાત ને છુપાડઓ, મોટી તમારી નામોશી થઈ છે એમ સમજો. આ સો વર્ષ પહેલાની વાત કરું છું. કોઈ જઈ આવ્યો

હોય ને એમને અહીંયા નાન બહાર કરે, ખબર છે ?
અત્યારે તમે ગૌરવ લો છો ! કારણકે તમારું ચસ્કી ગયું છે.
પહેલા નાન બહાર કરતા હતા, પછી શુદ્ધિકરણ કરતા હતા,
અમુક વિધિ કરવી પડે ને પીલો હાથ અડે પછી એને નાંત
માં લે ! અત્યારે તમે દાન આપી ને BRACKET માં લખો
USA ને EUROPE ને AUSTRALIA. હું કહું છું, નામોશી
છે તમારી ! આ કોઈ તમારું STATUS નથી. એને -
અહીંયા વાળા એ ત્યાંની LIFE (જીવન) જોઈ નથી માટે
STATUS (મોભો) માને છે, બાકી અહીંયા વાળા ઘણા સુખી
છે, અહીંયા MIDDLE CLASS ને ત્યાં કામવાળી આવે છે,
ત્યાં અબજોપતિ નો દીકરો પણ અને [struck] ઘરઘાટી બને છે,
આ બધું ડોળ થવા ગયું છે ! એ BUS STATION પર
કામ કરે છે, એ MOTELS માં કામ કરે છે, શું શું સાફ
કરે છે, ક્યાં ક્યાં સાફ સફાઈ કરે છે, એમને કોઈ જોવા
જતું નથી. અહીંયા આવીને એણે રૂપિયા ઉડાવ્યા એટલે
જાણે એ દેવલોકમાં રહે છે, [struck] આવો દયનીયતા બીજુ
કોઈ નથી, ભૌતિકતા પણ જ્યાં નથી, જ્યાં કશું નથી,
જ્યાં મુર્ખા બનવાનું છે, બનાવેલું STATUS, ઉપજાવેલું
STATUS, એના ખાતર આ તારક તત્વો ગુમાવવાના !
બે-ત્રણ વર્ષ ત્યાં ભણ્યા પછી આપણને ખબર છે મોટા
ભાગના ત્યાંજ SET થઈ જવા ઈચ્છે છે, ત્યાં બંધનો,
મર્યાદાઓ, ચારિત્રો, પરંપરા જેમને જોઈતું નથી. અમારે
બધા જ પાપો બેફામ કરવા છે ને માટે જ અત્યારે ત્યાં
રહેવું છે. અમને અહીંયા ફાવી ગયું છે, અમે હવે ત્યાં
આવી શકીએ એમ નથી. હું તમને કહું કે એમને ત્યાં
ભણવા મોકલવાને એ પણ સંસાર ના કુવામાં ધક્કો -
મારવા બરાબર છે.

જિણસત્ત તત્થ સડ્ઢો સાહૂણં જત્થ હોઇ સંપાઓ !
જ્યાં સાધુ નથી, ત્યાં હરગીઝ જિન શાસનનો શ્રાવક રહેવા
માટે તૈયાર થાય નહીં. આજે સમય થયો છે, આજે
આટલું રાખીએ !!

ઉપમિતિ ભવ પ્રપંચ કથા- પ્રસ્તાવ ત્રીજો

શુક્રવાર

વ્યાખ્યાન નંબર- ૮૮ 30 10 2020

વ્યાખ્યાન સ્થળ:- શ્રી આંબાવાડી જૈન સંઘ, અમદાવાદ

પરમ કારૂણિક શ્રી સિદ્ધાર્ષિ ગણિ મહારાજા, પરમ પાવન શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથની અંદર, પ્રતિબોધક આચાર્ય ના મુખે મોક્ષ માર્ગ સમજાવી રહ્યા છે.

તદુદ્દીપનીયં પુનः પુનः સુગુરુસન્નિકર્ષેણ।

તમને સમ્યક્દર્શન મળ્યું, તમને સમ્યક્ત્વ મળ્યું, એને ફરી ફરી સદ્ગુરૂના સાનિધ્ય થી, એનું - ઉદ્દીપન કરવું જોઈએ. તમારે જો તમારું સમ્યક્-દર્શન સાચવવું છે તો વધારે માં વધારે - સદ્ગુરૂ ની છાયામાં રહેવું જોઈએ. આપકો હોય કદાચ ઘર છે, ધંધો છે, જવાબદારી છે હું તમને કહું છું જેટલી તમારી ન છુટકાની વસ્તુ હોય, એની સિવાય તમે વધારે ને વધારે જિનવાણીના સંપર્ક માં રહો, જો તમારે તમારું સમ્યક્દર્શન સાચવવું છે તો !

★ T.V. ની ઉટપટાંગ CHANNELS, એ સમ્યક્ત્વ નો આતમો છે.

★ INTERNET નો માયાજાળ એ - સમ્યક્ત્વ નું MURDER (ખુન) છે.

★ વિકથા કરવી, સાંભળવી, વાંચવી એ સમ્યક્ત્વ નું કાસળ કાઢવાની ધારના છે.

★ PICNIC ઉપર જવું એ સમ્યક્ત્વની સ્મશાનયાત્રા છે

★ વિદેશ ફરવા જવું એ સમ્યક્ત્વ ને જીવતા સળગાવવાની ધારના છે.

એક વ્યક્તિ છે, અમેરિકાના ગ્રીનકાર્ડ માટે ૫૦ વરસથી સંઘર્ષ કરી રહ્યો છે ને,

શુક્રવાર
30 10 2020

પચાસ વર્ષ ની સખત મહેનત પછી એને ગ્રીનકાર્ડ મળી છે ને મળતા ની સાથે એ ફાડી નાખે છે, આ ઘટના! અને સમ્યક્ત્વ મળ્યા પછી, જિનવાણી મળ્યા પછી, ધર્મ સમજ્યા પછી, મળેલા સમ્યક્ત્વ ને ગુમાવી દેવાની ઘટના, આ બે માં કોઈ જ ફરક નથી.

હજુ ઉંડે ઉતરીએ તો ગ્રીનકાર્ડ, 50 વર્ષે મળ્યું હતું, સમ્યક્ત્વ અનંતાનંત વર્ષો પછી મળ્યું, ગ્રીનકાર્ડ ફાડી દેવાથી અનાર્યતા થી દુર જશો, સમ્યક્ત્વ ગુમાવી દેવાથી આર્યતાથી દુર જશો. ગ્રીન-કાર્ડ ફાડી દેવાથી ત્યાંની બધી મજુરી મટી જશે. સમ્યક્ત્વ ગુમાવી દેવાથી મોક્ષ યાત્રા મટી જશે.

સદ્ગુરુના સાનિધ્ય થી સમ્યક્ત્વ ની પ્રાપ્તિ થાય છે, સદ્ગુરુ ના સાનિધ્યથી સમ્યક્ત્વ ટકી રહે છે, સદ્ગુરુ ના સાનિધ્યથી સમ્યક્ત્વ ની-વિશુધ્ધિ વધે છે. સદ્ગુરુ નો વિરહ એ સમ્યક્ત્વના ગળે ટુંપો દેવા બરાબર છે. કેટલાક એવા જીવો હોય છે, જેમને ચોપડી ના બળે, કહેવાતા તત્વ જ્ઞાન ના બળે, એકાંત નિશ્ચય નય ના બળે, સમ્યક્ત્વ પામી જવું છે. કેટલાક ને બહુ જ આત્મા માં ઉંડા ઉતરી જવું છે ને, એનાથી એમને સમ્યક્ત્વ મળી ગયું એવી એમને ખાતરી હોય છે. ચોવીસે તીર્થંકરોને સમ્યક્ત્વ ની પ્રાપ્તિ-કોઈ ને કોઈ મહાત્મા દ્વારા થઈ હતી, ચોવીસે તીર્થંકરો, પૂર્વભવની અંદર, સદ્ગુરુ નું સાનિધ્ય, ગુરૂકુલવાસ, ગુરૂ આજ્ઞા ની સંપૂર્ણ પણે સમર્પિતતા, એના દ્વારા તીર્થંકર પદ સુધી પહોંચ્યા હતા. વાત સમજાઈ !

ધર્મ ક્રિયા, મહાત્મા, સાધુ- સાધ્વીજી ભગવંતો, ચતુર્વિધ શ્રી સંઘ, સંઘની પાવન પરંપરા એ પરંપરા અંગત ક્રિયાઓ, જેને આમા સમ્યક્ત્વ નથી દેખાતું, એનું મિથ્યાત્વ કસાઈઓ અને ચાળીચારી કરતા ગાઢ હોય છે. એ બિચારો અજ્ઞાન માં છે.

અણસમજ માં છે, એ આંધળો છે. અહીંયા એને ઊંધુ દેખાય છે, અણસમજ / ગેરસમજ છે, તારક તત્ત્વોની આશાતના છે. કસાઈઓના અને માછી-મારોના પાપ કરતાં વિશ્વનું કોઈ સર્વોત્કૃષ્ટ પાપ હોય, તો એ તારક તત્ત્વોની આશાતના છે ! ચતુર્વિધ શ્રી સંઘ એના પ્રત્યે જેને અંતરમાં આદર નથી, અહોભાવ નથી, એને જોઈને એની મુખ-મુદ્રા હંમેશા ઉદાસીન જ રહે છે, જેને એમનામાં બહુધા દોષો જ દેખાય છે, જેને મોક્ષયાત્રા માટે આમાંથી કશું ઉપાદેય લાગતું નથી. આવશ્યક નિર્યુક્તિ આગમની અંદર શ્રુતકેવલી ભદ્રબાહુ સ્વામી મહારાજ કહે છે,

आसायणाबहुलाणं उक्कोसं अंतरं होइ।

જે બહુ જ તારક તત્ત્વોની આશાતના કરે, એ સમ્યક્ત્વ પામ્યા પછી પણ સર્વોત્કૃષ્ટ સંસારમાં ભટકે ! ઉત્કૃષ્ટ પાપ પંચેન્દ્રિય જીવનો વધ છે, અને એનાથી પણ સમ્યક્ત્વ પામ્યા પછી ઉત્કૃષ્ટ ભવભ્રમણ થાય, આવું આગમોમાં નથી કહ્યું ! ઉત્કૃષ્ટ પાપ સંસારના મોટા-મોટા આરંભ-સમારંભ આવું પણ આગમમાં નથી કહ્યું, ઉત્કૃષ્ટ પાપ તારક તત્ત્વોની આશાતના છે ને આશાતના કર-નાર જીવ, એ ઉત્કૃષ્ટ ભવ ભ્રમણ કરે છે. સમ્યક્દર્શન નો સીધો સંબંધ, શાસન / સંઘ સાથેની આત્મીયતા, જિનવાણીની શ્રદ્ધા, જિનવાણીનું યથાશક્તિ અનુસરણ, આની સાથે છે. જેઓ આધુનિક પરિભાષાનો આવિષ્કાર કરે છે ને, એવી પરિભાષાના માધ્યમે, સમ્યક્ત્વ સુધી પહોંચવા જાય છે ને, એવી પરિભાષાના આધારે મોક્ષ સુધી પહોંચવા જાય છે, એમને એમની પરિભાષા નો જ મોક્ષ મળે છે, વાસ્તવિક

મોક્ષ નથી મળતો. સદ્ગુરુ નું જ્યાં સાનિધ્ય નથી, વારંવાર જ્યાં દર્શન નથી, વારંવાર શ્રવણ નથી, શ્રદ્ધા ને સમર્પણ ભાવ નથી, ત્યાં પણ એ સમ્યક્ત્વ હોય શકે, તો ચૌદ રાજલોક ના મોટા ભાગના જીવો સમ્યક્ત્વી થઈ જશે. બહુ સરસ મજાની વાત સજ્ઝાય માં કરી.

જગહિતકારણ, જગહિતવત્સલ,
દીઠે પરમ કલ્યાણ,
વિરહ પડજો ઐવા ગુરુ તણો,
ભવ બહુ નિર્વાણ !!

જગહિતકારણ, સમગ્ર વિશ્વનું હિત કરનારા, જગહિતના વત્સલ, જગજીવ વત્સલ, તમે દર્શન કરો ને પરમ કલ્યાણ થઈ જાય એવા, સદ્ગુરુ નો કદી વિરહ ન પડજો, જ્યાં સુધી મોક્ષ ન થાય ત્યાં સુધી એ સદ્ગુરુ નું સાનિધ્ય મળજો. સિદ્ધર્ષિ ગણિ મહારાજ કહે છે,

તદ્દીપનીયં પુનः પુનः सुगुरुसन्निकर्षेण।

સમ્યક્ત્વ નું ફરી ફરી ઉદ્દીપન સદ્ગુરુ ના - સંનીકર્ષ થી કરવું. સમજવાનો પ્રયાસ કરવો છે આ શબ્દ "સંનીકર્ષ" અદ્ભુત શબ્દ !

सम्यग् नितरां कर्षति - इति सन्निकर्षः।

જે સમ્યક્ત્વ ને અત્યંત સારી રીતે, સદ્ગુણોને અત્યંત સારી રીતે, ખેંચી લાવે. એનું નામ સંનીકર્ષ. સદ્ગુરુ એ વટવૃક્ષ છે જેની છાયા માં તમે બેસો તો તમને સંસારનો તાપ લાગે નહિ. સદ્ગુરુ એ Z SECURITY (સુરક્ષા) છે, તમને મળી ગઈ પછી, તમારે કોઈ મોહ આતંકવાદી નો ભય નથી. સદ્ગુરુ એ ધનવંતરી વૈદ છે, એ જો મળી જાય તો પછી, ભવ રોગી નો ભાગે જ છુટકો છે. ઉતરાણના દિવસો હતા, ધુંધળો દિવસ છે, ગામના લોકો નો ચોચીયારીઓ છે, ગામનો ધુળિયો રસ્તો છે, અને એ

શુક્રવાર
30 10 2020

રસ્તા પર, ચાર પગલાની છાપ પડી રહી છે. બે પગલા આગળ છે, બે પગલા પાછળ છે, આગળના જે પગલા છે, એ પગલામાં નિશ્ચય દેખાય છે, પરીપક્વતા દેખાય છે, એક લય દેખાય છે અને પાછળના જે પગલા છે, એની અંદર એવું કોઈ નથી દેખાતું પણ, અનુસરણ દેખાઈ રહ્યું છે.

મોક્ષયાત્રાના બે જ વિકલ્પ છે,
યા તમે જોઈને ચાલો, યા તમે જોનાર નો હાથ પકડીને ચાલો. આગમમાં સ્પષ્ટ કર્યું.

ગીયત્થો ય વિહારો બીઓ ગીયત્થમીસઓ ભણિઓ।

મોક્ષ યાત્રા નો પહેલો પ્રકાર છે તમે ગીતાર્થ થઈને ચાલો, મોક્ષ યાત્રાનો બીજો પ્રકાર છે તમે - ગીતાર્થ ને સંપૂર્ણ સમર્પિત રહીને ચાલો.

એત્તો તઇયવિહારો ણાણુન્નાઓ જિણવરિંદેહિં॥

ભગવાને આની સિવાય નો મોક્ષ યાત્રાનો ત્રીજો વિકલ્પ કહ્યો જ નથી. વિહાર એટલે સમસ્ત સાધક ચર્યા. વિહાર એટલે આપણી વર્તમાન પરિભાષામાં માત્ર એક ગામ થી બીજે ગામ જવું, આનું નામ વિહાર! આગમિક પરિભાષા ની અંદર, વિહારનો અર્થ છે, સમસ્ત સાધક ચર્યા! ભગવતી સુત્રમાં ગૌતમ સ્વામી નું વર્ણન કર્યું છે.

સંજમેણ તવસા અપ્પાણં ભાવેમાણે વિહરઇ।

સંયમ અને તપથી, પોતાને ભાવિત કરતા વિચરે છે. વિચરે છે ની સાથે બતાડ્યું કે ધ્યાન માં બેઠા છે, કારણકે એ પણ એક પ્રકારનો વિહાર છે. સમસ્ત સાધય ચર્યા એટલે અહીંયા થી મોક્ષ પ્રત્યે નો યાત્રા ને એ યાત્રા છે, ત્યાં વિહાર જ હોય શકે.

☆ સામાયિક પણ એક પ્રકારનો વિહાર છે,
☆ પૌષધ પણ એક પ્રકારનો વિહાર છે,
☆ પૂજા પણ એક પ્રકારનો વિહાર છે,

શુક્રવાર
30 10 2020

☆ સ્વાધ્યાય પણ એક પ્રકારનો વિહાર છે.
☆ વૈયાવચ્ચ પણ એક પ્રકારનો વિહાર છે.
☆ ધ્યાન પણ એક પ્રકારનો વિહાર છે.
☆ પ્રતિક્રમણ પણ એક પ્રકારનો વિહાર છે.

સમસ્ત સાધક ચર્યા વિહાર, અહીંયા થી મોક્ષ સુધી ની યાત્રા ! જંગલ અટપટું છે, રસ્તો ખબર નથી, ભોમિયો આપણને જોઈતો નથી, આપણને આપણી રીતે ચાલવું છે, આપણી રીતે પહોંચી જવું છે, ત્યાં જંગલ કઈ રીતે પાર થઈ શકે, જંગલ પાર થશે કે આપણી ખુવાર થશું, આ બે માંથી શાની સંભાવના વધારે છે. હા, જંગલ પાર કરવાનો ભાવ જરૂર છે, પણ માત્ર ભાવથી શું થાય ?, અને જ્યાં જંગલ-પાર કરવાનો ACTUAL ઉપાય છે, એના પ્રત્યે આદર નથી, એના પ્રત્યે ઉપાદેય બુદ્ધિ નથી, અને એના માટે નો પ્રામાણિક પુરુષાર્થ નથી, ત્યાં જંગલ પાર-કરવાનો ભાવ પણ સાચો નથી !

હું ભલે આંધળો હોઉં, મને કોઈની જરૂર નથી, હું કોઈનો હાથ પકડું નહિ, હું મારી રીતે ચાલીશ, ના હું કોઈને આધીન રહું નહી, હું કોઈને પરતંત્ર રહું નહિ, હું કોઈનો ગુલામ ન રહું, હું કોઈને સમર્પણ કેમ કરું, મારામાં બુદ્ધિ છે હું મારી રીતે ચાલીશ, ભલે હું આંધળો છું, ભલે હું ઠેસ ખાવ, ભલે હું ગોથું ખાવ, ભલે હું કોઈ ખાડા-માં પડું, ભલે હું કોઈ કુવામાં પડું, ભલે મને અજગર ડસી જાય જંગલમાં, ભલે સિંહ-વાઘ ફાડી ખાય, હું કોઈનો હાથ પકડવાનો નથી. જ્યાં આવી વિચાર સરણી હોય ત્યાં DOUBLE અંધાપો હોય છે. એક આંખનો અંધાપો અને બીજો બુદ્ધિનો અંધાપો. આ જંગલને પાર કરવાના લક્ષણ જ નથી, જંગલને પાર કરવાનો આંશિક પણ ભાવ હોય, ત્યાં આવી

પ્રવૃત્તિ, આવી વૃત્તિ એ શક્ય જ નથી. જંગલ પાર - કરવું એ તો બહુ સહેલી વાત છે, ખરો પ્રશ્નતો અહમ ને પાર પાડવાનો છે. બહુ સરસ મથની વાત એક કવિ એ કરી છે,

"ભીખ આપી આપ તરાશે,
એક જ હારેથી પાર કરી લે"!!

આ એક અહમનો હારેયો છે, જ્યારે જ્યારે આત્મા ઉપર આવે છે, ત્યારે નડે છે, આત્માને પોતાની રીતે જંગલ પાર કરવું છે. કોઈનો હાથ એને પકડવો નથી, આંખ એની પાસે છે નહિ, કોઈનું શરણ એને ફાવતું નથી, પાછળ ચાલવું, સૌથી અઘરી વસ્તુ, હું શું કામ તમારી પાછળ ચાલું, તમારે મારી પાછળ - ચાલવું હોય તો ચાલો, મને બધી ખબર પડે છે, મારે કોઈનું કામ નથી, મારે કોઈનું માનવું નથી, કોઈની પાછળ ચાલવું નથી, મારી રીતે જંગલ પાર કરીશ, આ એક જ પુદ અને માટે આપણે ભવ જંગલને પાર કરી શક્યા નથી

બુદ્ધિની અંધાપી ના હોય તો આંખની અંધાપી વધુ નડતો નથી, બિલકુલ નડતો નથી ! ષોડષક પ્રકરણમાં હરીભદ્રસૂરી મહારાજ કહે છે,
ચક્ષુષ્માનેક: સ્યાદન્ધોऽન્ય - સ્તન્મતાનુવૃત્તિપર: !
એક વ્યક્તિ દેખતી છે, બીજુ વ્યક્તિ આંધળી છે, આંધળી વ્યક્તિ, દેખતી વ્યક્તિનું અનુસરણ કરે છે, સમર્પિત થાય છે, એમના નિર્દેશ મુજબ ચાલે છે,
ગન્તારૌ ગન્તવ્યં પ્રાપ્નુત ઇતો યુગપદેવ ॥
એમને જ્યાં જવું છે, જ્યાં પહોંચવું છે, તેઓ ત્યાં સાથે જ પહોંચી જાય છે. જ્યાં દેખતો પહોંચે છે, ત્યાં જ આંધળો પણ પહોંચે છે. એક ડોક્ટરની

classmate

તમે સમર્પિત થઈ જાવ, એના બધા જ જ્ઞાનનો લાભ તમને મળી જશે, એ વકીલ, જેમ તમે કહો એ રીતે કેસ લડીએ, એના બધા જ જ્ઞાનનો લાભ તમને મળી જાય છે. એક દેખતો વ્યક્તિ એને તમે સમર્પિત થઈ જાવ, તો એની આંખનો, એની નિર્મળતાનો, એની દ્રષ્ટિનો, એને જોવાથી મળતા યથાર્થ જ્ઞાનનો લાભ આપણને મળી જશે.

શરીર સારું કરવું છે, ડોક્ટર ને આપણે સમર્પિત થવા તૈયાર છીએ. કેસ જીતવો છે, વકીલ જે કહે એ કરવા તૈયાર. મોક્ષે જવું છે, ગુરુનું માનવા આપણે તૈયાર નથી, આ જ આપણી મોટી કમનસીબી છે. આંખ ન હોવી એ દુર્ભાગ્ય ની વાત છે. આંખવાળા નું અનુસરણ ન હોવું એ દુર્બુદ્ધિ ની વાત છે. આંખ ન હોવી એ સંયોગ ની વાત છે. આંખવાળા નું અનુસરણ કરવું ન કરવું એ ઈચ્છા ની વાત છે. માણસ સંયોગ માં પાછળ પડે એ સમજદાર હોય શકે છે. માણસ ઈચ્છામાં એ પાછળ પડે, એ મહામુર્ખ જ હોય શકે છે. આચારાંગ સુત્ર ની ટીકાની અંદર, શિલાંક આચાર્ય ભગવંત, એક - માર્મિક શ્લોક ટાંકે છે

એકં હિ ચક્ષુરમલં સહજો વિવેક -
એક નિર્મલ ચક્ષુ છે જેનું નામ છે સહજ વિવેક,
તદ્વદ્ભિરેવ સહ સંવસતિર્દ્વિતીયમ્ ।
અને સહજ વિવેકવાળા ની સાથે રહેવું, એમનું માનવું, આ બીજુ નિર્મળ આંખ છે. આંધળા ને પુછ્યું તમે આખું જંગલ પાર કરી ગયા, કઈ રીતે પાર કરી ગયા, આંખ તો હતી નહી તમારી પાસે ને, આંધળો કહે છે, આંખ તો હતી ને ! તમે આંધળા છો એકે આંખ નથી તમારી પાસે, તો કઈ રીતે જંગલ પાર કર્યું, આંખ ક્યાં છે તમારી પાસે ?, અને અંધ વ્યક્તિ

કહે છે, આંખ તો હતી, ક્યાં છે? હું મારી નહીં - એમની હતી! બસ એમનો હાથ મેં પકડી લીધો, એ મને લઈ જાય, દોરી જાય એમ હું દોરતો ગયો, અને મેં જંગલ પાર કરી લીધું.

પહેલું નિર્મળ થયું છે શાસ્ત્રોનું વલોણું કરીને, વર્ષો સુધી શાસ્ત્રોમાં ડુબીને, બહુશ્રુતતા અને ગીતાર્થતા પામીને, શાસ્ત્રથી - બુદ્ધિ પરિકર્મિત કરીને, સહજ વિવેક મેળવવો આ પહેલી આંખ! કદાચ આપણાથી એ શક્ય નથી તો આ જેણે કરી લીધું, એમનો હાથ પકડી લેવો, એમની આંગળી પકડી લેવી, દોરી જાય એમ ચાલવું આ બીજા નંબરની આંખ!

उत्तर हृदयं श्रुति न यस्य स तत्त्वतोऽन्धः,
જેની પાસે આ બે માંથી એકે આંખ નથી, એ હકીકત ની અંદર, આંધળા છે.

तस्यापमार्गचलने खलु कोऽपराधः।
અને એ વ્યક્તિ ઉન્માર્ગે જાય, આડે રસ્તે જાય, ગોથું ખાય, ઠેસ વાગે, ખાડામાં પડે, કુવામાં પડે, એ પહોંચી જ ના શકે, એમાં એનો શું દોષ છે. શિલાંક આચાર્ય ભગવંત કહેવા માંગે છે, જેની પાસે આંખ પણ નથી ને, આંખ વાળાનું અનુસરણ પણ નથી, એનું ઉન્માર્ગ ગમન નિશ્ચિત છે. મોક્ષ યાત્રાનો સીધો અર્થ આ જ છે. ગુરુની પાછળ-પાછળ ચાલવું. જે સ્વયં ગુરુ હોય છે એ પણ આ જ વ્યાખ્યા ની મોક્ષ યાત્રા કરતા હોય છે, કારણકે એ એમના ગુરુની પાછળ પાછળ ચાલતા હોય છે, એમની આજ્ઞા મુજબ વર્તતા હોય છે. પ્રત્યેક બુદ્ધ હોય કે સ્વયં બુદ્ધ હોય, કે સાક્ષાત તીર્થંકરો પણ કેમ ના હોય, તેઓ પણ આ જ વ્યાખ્યા ની મોક્ષ યાત્રા કરતા હોય છે.

કારણકે પૂર્વભવમાં અનુભવેલો ગુરૂકુલવાસ, એ સદ્ગુરૂ એ આપેલા સંસ્કાર, એમની આજ્ઞા, એમણે આપેલું જ્ઞાન, એના આધારે જ એ સંયમ પાળતા હોય છે. મરૂદેવા માતા સ્નુદ્દા જેવા જીવો હોય, જેમને પુર્વભવમાં પણ ગુરૂકુલવાસ નથી, તો પણ આ જ વ્યાખ્યા ની મોક્ષયાત્રા કરતા હોય છે. ગુરૂની પાછળ પાછળ ચાલો. કારણકે પ્રવીન સંયમ સ્થાનો, જે ગુણસ્થાનોના માર્ગે, મરૂદેવા માતા પણ મોક્ષે પહોંચ્યા, એ અનંત ગુરૂઓનો જ માર્ગ છે.

મોક્ષયાત્રા નો અર્થ આ છે, ગુરૂની પાછળ પાછળ ચાલો. ઉત્તરાણ ના દિવસો, ગામનો ધૂળિયો રસ્તો છે, ગુરૂની પાછળ પાછળ શિષ્ય ચાલી રહ્યા છે. શિષ્યની નજર આકાશમાં જાય છે, અને શિષ્યથી બોલાઈ જાય છે, પતંગ કપાઈ ગઈ. સદ્ગુરૂ શિષ્ય ની સામે જુએ છે. શિષ્ય ના આખા ય અસ્તિત્વ ઉપર આંખ ફરી વળે છે. ઈર્યા સમિતિ ની ઉપેક્ષા કરી, એમા રંગે હાથે પકડાઈ ગયા છે. શિષ્ય શરમાય જાય છે, સદ્ગુરૂનો મધુર મુખ મુદ્રા, એમને શાંતવન આપી રહી છે. સદ્ગુરૂ એ છે જેને પકડવામાં કોઈ જ રસ નથી, સદ્ગુરૂ એ છે જેમને ફક્ત છોડાવવામાં રસ છે. જે છોડવે એ સદ્ગુરૂ ! જે છોડવતા રહે છે, એમને પકડવાની જરૂર પડતી નથી, જે પકડવા જાય છે એ પ્રાયઃ છોડાવી શકતા નથી. બીજાની ભૂલ કઈ રીતે શોધી કાઢવી કઈ રીતે તૂટી પડવું, કઈ રીતે દોષ ક્રોધિત રાખવી, કઈ રીતે એને રંગે હાથે પકડવો, કઈ રીતે એને ઓછિયલો પાડવો, કઈ રીતે એની આંખ પગાડવો, તમારા સંતાન પ્રત્યે કે અમારા શિષ્ય પ્રત્યે જે આ વૃત્તિ છે, તો આપણે કદી પણ એમનું કલ્યાણ કરી શકવાના નથી ! સદ્ગુરૂ તો એવો છે એ કહ્યા વગર આપણને સ્નાન કરાવી દે છે. સદ્ગુરૂ તો ભયંકર રોગી છે એ કહ્યા વગર આપણને સાજા કરી દે છે.

સદ્‌ગુરૂ, તું ડફોળ છે એવું કહ્યા વગર આપણને જ્ઞાની બનાવી દે છે. સદ્‌ગુરૂ, તું આંધળો છે એવું કહ્યા વગર આપણને જંગલ પાર કરાવી દે છે. સદ્‌ગુરૂ, તું દોષિત છે એવું કહ્યા વગર, આપણને ગુણવાન બનાવી દે છે.

વિશ્વનું સર્વોત્કૃષ્ટ કોઈ તત્વ હોય, તો એ સદ્‌ગુરૂ છે. હજુ આપણે આ તત્વને સમજુ શક્તા નથી, હજુ બુદ્ધિ પર બહુ ભરોસો છે. હજુ આપણી જ રીત આપણને શ્રેષ્ઠ રીત લાગે છે. આપણી જ ચાલે મોક્ષે પહોંચી શકાશે આવી આપણને દ્રઢ શ્રદ્ધા છે. આપણે ચાલીએ છીએ, દોડીએ છીએ, હાંફીએ છીએ, શ્વાસ ચડી જાય છે. પણ મોક્ષનું અંતર કપાતું જ નથી. કારણકે જે રસ્તો આપણે આપણી રીતે પકડી લઈએ છીએ, એ મોક્ષનો રસ્તો જ નથી હોતો

બહુ સરસ મઝાની વાત જ્ઞાની ભગવંતો કરે છે
ન હિ વચનોલ્લંઘનેન પન્થાનમુક્ત્વાપરો હિતપ્રાપ્ત્યુપાયઃ
તમે શા માટે આટલા બધા ફાંફા મારી છો, ઉંધુ ચત્તુ કરો છો, ભેદ કરો છો, તમારી રીતે જવા જાવ છો, તમારી ચાલે ચાલવા જાવ છો. આ વચનને પકડ્યા, વગર હેય ગુરૂની આજ્ઞાને પકડ્યા વગર, આત્માનું હિત થઈ શકે એવો કોઈ ઉપાય જ નથી. મારાસ ગાડી લઈને નીકળ્યો, લઈ જવી છે... લઈ જવી છે.. લઈ જવી છે ... લઈ જતા ... લઈ જતા .. લઈ જતા .. વચ્ચે રોલ નાકું આવ્યું, એટલો મનમાં ગુસ્સો આવ્યો આ લોકો અમને હેરાન જ કરે છે, આપવું જ નથી. ગાડી થોડી પાછળ લીધી, બાજુમાં એવું એક રસ્તો હતો, નાનો રસ્તો હતો, બસ આ રસ્તો મને આગળ ફરીને HIGHWAY TOUCH કરાવી દેશે, એવી આશા સાથે, માણસે ગાડી મારી મુકી,

શુક્રવાર
30 10 2020

ડામર નો રસ્તો પુરો થયો, ધુળિયો રસ્તો આવ્યો, કાંટા છે, કાંકરા છે, ધુળ..ધુળ..ધુળ બધી ઉડી રહી છે, ને એમાંથી રસ્તો કરી કરીને માણસ આગળ જાય છે ... જાય છે ... જાય છે ! સાંજના સમયથી DIVERSION લીધું હતું, અડધી રાત થઈ બે વાગ્યા, ત્રણ વાગ્યા, ચાર વાગ્યા, પાંચ વાગ્યા, બસ હવે આગળ મને હાયવે મળી જશે, આટલી JOURNEY (યાત્રા) કરી, ટોલ બચાવ્યો, પૈસા બચાવ્યા, મારું કામ થઈ જશે, સવારના છ વાગ્યા, સાડા છ, પોહ ફાટ્યો છે, સુર્યોદય એકદમ નજીકમાં છે, HIGHWAY દેખાઈ રહ્યો છે, માણસ ની આંખમાં આશાનું કિરણ આવે છે, આનંદ થઈ જાય છે, બધી JOURNEY સફળ થઈ ગઈ, હવે બસ એટલો બધો આગળ આવ્યો કે હાયવે પર જઈશ એટલે મારું DESTINATION આવી જશે. અને જ્યાં એ હાય વે ઉપર ચડે છે બરાબર જે ટોલ નાકા થી બચવા માટે, એણે આખી રાત JOURNEY કરી, સવારે એ જ ટોલ નાકા ના નાકે આવીને માણસ ઉભો રહે છે.

શાસ્ત્રો માં આને ઘટ કુટિયાય પ્રભાતમાં ન્યાય થી આ ઘટના બતાડી. કે માણસ જેનાથી છુટવા મથતો હતો, એના માટે આટલી JOURNEY કરી, જેના માટે આટલી બધી ભાંજગડ કરી, છેવટે એણે ટોલ ટેક્સ તો ભરવો જ પડ્યો, એનો સમય ગયો, એની શક્તિ ગઈ, એનું પેટ્રોલ ગયું, એનું સુખ ગયું, એની અનુકુળતા ગઈ, એની અંદર એટલી બધી મથામણ કરવી પડી, અંદર એટલું સહન કરવું પડ્યું, ધુળ વગેરે નો ત્રાસ, અને છેવટે તો એને પાછો ટોલ ટેક્સ - આપવો જ પડ્યો. આપણી જીદ છે આપણી રીતે મોક્ષે પહોંચવાની, આપણે આપણી રીતે આરાધના કરીએ ! જ્ઞાની એની ફ્રેમમાં જ્યાં સદ્ગુરૂનું કોઈ સ્થાન નથી, સમર્પણ નથી, આપણી રીતે કરવું છે એ બધું જ,

DIVERSION લેવા બરાબર છે, સદ્‌ગુરૂના સમર્પણ ની TAX મારે ભરવો નથી, બીજું બધું કરવા તૈયાર, કોઈ પૈલા આત્મને સમર્પણ ભરી દે, સહેલું પડે એવું છે, એમ જ થાય, બધા એમ જ કરે છે, ભલે તને ગમે કે ના ગમે, ભલે તને જચી લાગે પણ આનો વગર તું નહીં પહોંચી શકે. આ જ રસ્તો છે. પૈલા આત્મનો પુણ્ છે કે ના આ બીજે એક રસ્તો દેખાય છે ને, થોડુંક DIVERSION છે, એ આમ જ નીકળતો હોય ને શું વાંધો છે એમાં ! અને એ આત્મને આખો રાત ભટક્યા પછી ખબર પડે છે, એમાં શું વાંધો છે, અને જેનાથી છુટવા આ બધા વાંધા ઉઠાવ્યા, એ તો પાછો ભરવાનો જ છે.

અનંતાનંત પુદ્ગલ પરાવર્ત પછી પણ, જો આપણો મોક્ષ હોય, ને જ્યારે પણ આપણો મોક્ષ થશે, સદ્‌ગુરૂ પ્રત્યેના સંપૂર્ણ સમર્પણ થી થશે. તો અત્યારથી કેમ એ જ ન કરવું ?, આવું DIVERSION લેવું. ફરી સંસારનો યાત્રા કરીને બધા નર્કો માં જઈ આવવું, વળી નિગોદ માં જઈ આવવું, વળી ૮૪ લાખ યોનિમાં ભટકવું. વળી ચૌદ રાજલોક ના દરેક આકાશ પ્રદેશે અનેકાનેક, અસંખ્ય કે અનંત જન્મ મરણ કરવા, અને પછી મોક્ષે જવું ને ત્યારે પણ પાછુ, ત્યારે સમર્પણ તો કરવું જ પડશે. તો એ સમર્પણ આજે ને હમણાં જ શા માટે નહિ ! તમારી હવે આ ફરીયાદ છે, સાહેબ આ થઈ નથી શકતું, સાહેબ આમ નથી થતું, સાહેબ ઓળી નથી થતી, સાહેબ ઉપવાસ નથી થતો, સાહેબ ગાથા નથી ચડતી, હવે તમારી પાસે તમારી ખરી સમસ્યા શું છે, એની પણ સમજણ નથી. ક્યારે આપણને - ફરિયાદ થઈ કે સાહેબ હવે બુદ્ધિ બહુ ચાલે છે.

શુક્રવાર
30 10 2020

ક્યારે ફરિયાદ થઈ સાહેબ હજુ જીવનમાં કોઈ ગુરૂ નથી.
ક્યારે ફરિયાદ થઈ સાહેબ સમર્પણ ભાવ નથી.
ક્યારે ફરિયાદ થઈ કે હજુ મારે મારી રીતે જ કરવું છે,
હજુ ખાડામાં પડવું છે, આ અવળચંડાઈ, આ અવળી
બુદ્ધિ, યા ભ્રષ્ટ બુદ્ધિ, એ છુટતી નથી. આની આપણ-
ને ફરિયાદ ક્યારે થઈ ? એ ગાથા રોજની ગોખે એનો
મોક્ષ થાય, પચાસ ગોખે એનો થાય, પચ્ચીસ ગોખે એનો
થાય, પાંચ ગોખે એનો થાય, એક ગોખે એનો થાય,
અડધી ગોખે એનો થાય, એક પદ ગોખે એનો મોક્ષ
થાય, એક પદ સુદ્ધા આખો દિવસ ગોખવા છતા,
કશું જ્ઞાન ના થઈ, એમનો મોક્ષ થઈ શકે. પણ જેમના
ગુરૂ નથી ને જેમને સમર્પણ ભાવ નથી, એમનો મોક્ષ
ના થાય !!

સિદ્ધર્ષિ ગણિ મહારાજ, સમ્યક્ દર્શન કઈ
રીતે પામવું, પરિણમાવવું, એના અદ્ભુત સમીકરણો રજુ
કરી રહ્યા છે. નજર સામે ૪૫ આગમનું ઘમ્મર વલોણું
કરીને, આપણી સામે મોક્ષ માર્ગને પ્રસ્તુત કરી રહ્યા છે.
મોહવિલય ઉદ્યાનની અંદર, રાજા વગેરે અને અનેકાનેક
પર્ષદા, એમનો સમગ્ર પ્રતિબોધક આચાર્ય, વ્યંતર -
COUPLE ની સાથે સાથે, સમસ્ત પર્ષદાને અને
આપણને પણ, મોક્ષ માર્ગનો અદ્ભુત ઉપદેશ આપી
રહ્યા છે. આજે સમય થયો છે આજે આટલું રાખીએ.

—x—x—x—x—

ઉપમિતિ ભવ પ્રપંચ કથા - પ્રસ્તાવ ત્રીજો

શનિવાર

# વ્યાખ્યાન - ૯૯ - "પ્રથમ"

DATE 31 10 2020

## વ્યાખ્યાન સ્થળઃ- શ્રી આંબાવાડી જૈન સંઘ - અમદાવાદ

પરમ કારૂણિક શ્રી સિદ્ધર્ષિ ગણિ મહારાજ, પરમ પાવન શ્રી ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથની અંદર, સદ્‌ગુરૂની સમીપ આપણને લઈ જવાનો પ્રયાસ કરી રહ્યા છે. આજે એક પ્રયાસ કરવો છે, સદ્‌ગુરૂની - નજીક જવાનો !

હું ની નજીક જવું આનું નામ સંસાર, "સદ્‌ગુરૂની" નજીક જવું આનું નામ "મોક્ષમાર્ગ"! તું ભિખારી છે એમ કહ્યા વગર, સદ્‌ગુરૂ આપણને માલા-માલ કરી દે છે, અને જેને સદ્‌ગુરૂ મળી જાય, એ ભિખારી હોય પણ કઈ રીતે શકે ! સદ્‌ગુરૂ મળવાને માલામાલ થવું, આ બંને સમાનાર્થી વાક્યો છે. કોઈ કવિએ બહુ મજાની વાત કરી છે.

★★ "ગુરૂ સે લાગી રહો મેરે ભાઈ
તેરી બનત બનત બન જાય !" ★★

મીરાએ બહુ મજાની વાત કરી છે.

★ "મોહે લાગી લગન ગુરૂ ચરનન કી,
ભવ સાગર અબ સૂક ગયો હૈ,
મીટ ગઈ દુવિધા તરનન કી" !! ★

સદ્‌ગુરૂ ભવ સાગરને તરાવી દે, એ પણ હજુ સ્થુલ વાત છે. હકીકત તો એ છે, કે સદ્‌ગુરૂ મળે એટલે આખો ભવસાગર જ સુકાઈ જાય છે. પરમ પાવન - પંચસુત્ર ની અંદર બીજા સુત્રમાં ચિરંતનાચાર્ય કહે છે.

સેવિજ્જ ધમ્મમિત્તે વિહાણેણ।

તમારે મોક્ષે જવું છે, તમે આટલું કામ કરજો, સદ્‌ગુરૂની ઉપાસના કરજો, વિધિપૂર્વક ઉપાસના કરજો

કઈ રીતે ?

दरिद्दो वित इअरे

ઘરે હાંડલા કુસ્તી કરે છે, ઘરે લોટ નથી, ઘરે ધાન નથી, ઘરે અન્ન નો દાણો નથી, પરિવાર ભુખ્યો છે ને જીસ્સામાં એક દમડી સુધ્ધા નથી, અને આશા છે એક શેઠ પાસે બધી જ પરિસ્થિતિ પલટાઈ જાય, એ શેઠની ગરીબ કઈ રીતે ઉપાસના કરે, એ રીતે તમે સદ્ગુરુનો ઉપાસન કરશે.

वाहिउ विव विज्जे

ભયંકર રોગ થયો છે, સખત પીડા છે, અંગે.. અંગ પીડાથી પારાવાર બન્યું છે, અસહ્ય પીડા છે અને કોઈ એવા વૈદ મળી ગયા, બસ એ આપણી TREATMENT કરે અને કાયમ થઈ જાય, એ રોગી જે રીતે વૈદની ઉપાસન કરે, એ રીતે તમે સદ્ગુરુની ઉપાસના કરશે.

अंधो विवाणुकड्ढ

એક અંધ વ્યક્તિ છે, વન વગડામાં આથડી રહી છે ને, અને એને દોરી જનાર કોઈ મળી ગયું, દેખતી વ્યક્તિ મળી ગઈ, અને જે રીતે એ એને અનુસરે, સમર્પિત થાય, એના પ્રત્યે બહુમાન રાખે, એનો આદર કરે, એ ઉપાસના કરે એ રીતે તમે સદ્ગુરુની ઉપાસના કરશે.

भीओ विव महानायगो

જે રીતે કોઈ મહાનાયક હોય, શુરવીર હોય, પરાક્રમી હોય, યોદ્ધા હોય, શસ્ત્રધર હોય, કોઈ ગુંડાઓથી ગભરાયેલી વ્યક્તિ જે રીતે એમને ભજે, એમનું શરણ લે, એ રીતે તમે સદ્ગુરુ નું શરણ લેશે. પંચસુત્રકાર કહે છે,

न इओ सुंदरतरमन्नं ति बहुमाणजुत्ते सिया।

સદ્ગુરુ થી વધારે સુંદર, ત્રણ લોકમાં બીજું કશું જ નથી. એમ સમજુ ને એમના પ્રત્યે બહુમાન ધારણ કરશે. હજુ આપણને પૈસા સારા લાગે છે, પરિવાર સારો લાગે છે, શરીર સારું લાગે છે, ઘર સારું લાગે છે, પંચસુત્ર કાર સ્પષ્ટ કહે છે, આ બધી જ તમારી ભ્રમણા છે.

સદ્ગુરુથી વધારે સુંદર હોય, એવું વિશ્વમાં બીજું કશું જ નથી.

શિષ્ય થી બોલાઈ ગયું કે પતંગ કપાઈ ગઈ ગુરૂની નજર પડી શિષ્ય શરમાયા, સદ્ગુરૂ ની મધુર મુખમુદ્રા એમને આશ્વાસન આપી રહી છે, અને સદ્ગુરૂ સામો પ્રશ્ન કરે છે, પતંગ કપાઈ કે માંજો કપાયો ? શિષ્ય હબક ખાઈ જાય છે, વિચારમાં પડી જાય છે, વાત સાચી લાગે છે, નહીં પતંગ નહીં, માંજો કપાયો ! ને સદ્ગુરૂ સ્મિત કરી ને કહે છે કે ના, પતંગ કપાઈ છે. શિષ્ય વિચાર મગ્ન થઈ જાય છે, હવે ગુરૂ એ જ પોતાની ભૂલ પકડી, - પતંગ તો આખી છે, માંજો કપાયો છે. હું બોલ્યો પતંગ કપાઈ, સદ્ગુરૂ એ પુછ્યું, મેં કહ્યું માંજો - કપાયો, અને સદ્ગુરૂ પાછા કહે છે અને આ પતંગ કપાઈ છે ! સદ્ગુરૂના આ આશય ને કળ- વાનો પ્રયાસ શિષ્ય કરી રહ્યા છે પણ સદ્ગુરૂએ હવે વિચારવાની જગ્યા જ બાકી રાખી નથી.

વિચારવાની જગ્યા જ બાકી ન રહે, ત્યારે શિષ્યત્વ નું પ્રાગટ્ય થાય છે.

☆ વિચાર એ શિષ્યત્વ નું મૃત્યુ છે. ☆

☆ વિચારો નો અંત એ શિષ્યત્વ નો જન્મ છે. ☆

વિચાર ચાલવા લાગે ત્યાં શિષ્યત્વ અટકી જાય છે, વિચાર અટકી જાય ત્યાં શિષ્યત્વ ચાલવા લાગે છે. આખા ભવચક્ર માં આપણો માત્ર એક જ પેલ્લો અને છેલ્લો વિચાર કરવા જેવો હતો,

☆ " શિષ્ય થવાનો વિચાર" ☆

એ સિવાય ના આપણા બધા જ વિચારો ફોગટ છે. મોક્ષમાર્ગ નું હાર્દ કંઈ હોય તો એ શિષ્યત્વ છે. શિષ્યત્વ નું કંઈ હાર્દ હોય, એ નિર્વિચારત્વ છે. આ અપેક્ષા એ એટલે તો મોક્ષમાર્ગ માં સૌથી મોટું

વિધ્ન ને વિધ્ન માત્ર હોય તો એ વિચાર જ છે. વિચાર જ વિધ્ન છે. એ વૈભવ લાગે ત્યારે સમજવું લેવાનું કે આપણી બુદ્ધિ વિપરીત છે. આપણને બુદ્ધિ નો વિપર્યાસ થઈ ગયો છે. સાધના માર્ગમાં આનાથી મોટું દુર્ભાગ્ય બીજું કશું જ નથી. પરમ પાવન શ્રી આચારાંગ સુત્ર ની અંદર સુધર્મા સ્વામી ભગવાન કહે છે,

તરસ્સી

તારા બધા જ વિચારો ખલાસ થઈ ગયા હોય, ને સદ્‌ગુરૂના વિચારો જ તારો ઉપર આધિપત્ય કરતા હોય, તો તું સાચો સાધક! તો તું સાચો શિષ્ય! અને તો તુ સાચો - મોક્ષયાત્રી! નૈશ્ચયિક દ્રષ્ટિ એ વિચારનું મૃત્યુ એ ગુરૂનો જન્મ છે! ગુરૂ પહેલા પણ હતા પણ આપણા માટે ન હતા, આપણા માટે ગુરૂના અસ્તિત્વનો ખરો - ઉદય ત્યારે થાય છે, જ્યારે આપણા વિચારોનો અસ્ત થઈ જાય છે. નૈશ્ચયિક દ્રષ્ટિ એ, વિચાર નો જન્મ એ ગુરૂનો કાળધર્મ હોય છે. સુશિષ્ય ના ગુરૂ જતાં રહેવા છતાં પણ જીવંત હોય છે. કુશિષ્ય ના ગુરૂ હાજર હોવા છતાં પણ સ્વર્ગસ્થ હોય છે. સુશિષ્ય ના ગુરૂ કદી જતાં જ નથી. કુશિષ્ય ના ગુરૂ કદી આવતા જ નથી! આપણે કહીએ હું નથી માનતો, હું એવું માનું છું, મારા ગુરૂ આમ છે, મારા ગુરૂ તેમ છે, નિશ્ચય નય ના પાડે છે તમે સીધી સીધી વાત કરો, તમારા ગુરૂ છે જ નહિ. તમે માનો છો તો તમારા ગુરૂ છે, તમારો પાસે નિર્વિચારત્વ છે તો તમારા ગુરૂ છે, તમારા ગુરૂ ના વિચારે ચાલો છો તો તમારા ગુરૂ છે, એ આવું કશું જ નથી, તો તમે આમ આડીતેડી વાતો ના કરો, આંટી-ઘુંટી ખડી ના કરો, ગુંચવાડો ઉભો ના કરો, SHARP બનો, STRAIGHT FORWARD બનો સીધું કહી દો, મારા કોઈ ગુરૂ નથી. સદ્‌ગુરૂ મળ્યા પછી પણ, આમ છે, તેમ છે, ગુરૂ યોગ્ય નથી, મારે ગુરૂ શોધવાના

શનિવાર
31 10 2020

છે. આ બધી જ રામાયણો ત્યાં જ હોય છે, જ્યાં વિચાર હોય છે. બીજ માર્ગમાં સર્વોત્કૃષ્ટ રામાયણ અને એક માત્ર રામાયણ આ જ છે, વિચાર! સદ્ગુરુની પ્રાપ્તિ પહેલા નિર્વિચારત્વ, એ આપઘાત છે. સદ્ગુરુની પ્રાપ્તિ થઈ ગઈ, હવે વિચાર એ આપઘાત છે. જ્યારે આપણને ગુરુત્વનો ભ્રમ થઈ જાય, કે મારામાં ગુરુત્વ છે, હું ગુરુ છું, ત્યારે વિચાર પ્રગટતો હોય છે. ગુરુત્વના ભ્રમની જે પહેલી પળ હોય છે, એની આગલી પળ એ શિષ્યત્વ ની છેલ્લી પળ હોય છે.

ગુરુત્વ ના ભ્રમનો ઉદય, અને - સાધનાનું પુર્ણવિરામ, આ બંને એક જ વસ્તુ છે. પૂજ્ય ઉમાસ્વાતી મહારાજ ના શબ્દોમાં કહીએ,

ઇત્યનર્થાન્તરમ્ ।

એ બંને એક જ છે. શિષ્યનું મગજ છટકી જાય જાય છે, મેં કહ્યું કે પતંગ કપાઈ, સદ્ગુરુએ કહ્યું પતંગ કે માંઝો, હું કહું છું ના_ના માંઝો કપાયો, સદ્ગુરુ કહે છે ના પતંગ કપાયો છે, તો સદ્ગુરુની પહેલી વાત સાચી કે હમણાં ની વાત સાચી, સદ્ગુરુનો આ અભિપ્રાય સાચો કે તે અભિપ્રાય સાચો કે આપણને જે લેવલે આગ્રહ છે કે સદ્ગુરુ સાચા હોવા જ જોઈએ, એનો જે લેવલે આગ્રહ છે, એનાથી એની તુલનામાં આપણે સાચા હોવા જ જોઈએ એનો કયા લેવલ નો આગ્રહ છે, સદ્ગુરુ હમણાં સાચા, પહેલા સાચા, આ અભિપ્રાય સાચો, પેલો અભિપ્રાય સાચો, આ બધા જ વિકલ્પો ઉઠે છે પણ હું કેવો, આ વિકલ્પ આપણને ઉઠતો જ નથી. કારણકે એનો જવાબ પહેલાથી હાજર છે કે, હું એટલે સો ટચના સોના જેવો સાચો, પછી એમાં તો વિકલ્પ ઉઠે જ કઈ રીતે.

* સદ્ગુરુનો સ્વીકાર કર્યા પછી પણ વિચાર કરવો, એનો અર્થ એ છે, કે આપણે લીધેલા શ્વાસની LABORATARY TEST કરાવવી. હવે લઈ લીધો ભાઈ શ્વાસ, હવે તમે TEST કરાવવા જાવ !
* સદ્ગુરુનો સ્વીકાર કર્યા પછી, વિચાર કરવો, એનો અર્થ એ છે કે ચોવીસ કેરેટનું સોનું લઈને રોજ ઘરે કસોટીના પત્થર પર ઘસ ઘસ કર્યા કરો. અરે ભાઈ મોહને લીધું, તપાસી ને લીધું, તો હવે પહેરો તમે એને, હવે તમે એને માણો, આ કસોટીના પત્થર ઉપર ઘસ-ઘસ ના કરવાનું હોય
* સદ્ગુરુનો સ્વીકાર કર્યો અને પછી વિચાર કરવો એનો અર્થ એ છે, કે ખરા અર્થમાં સદ્ગુરુ નો સ્વીકાર જ નથી કર્યો. જ્યાં સ્વીકાર હોય છે ત્યાં - વિચાર નથી હોતો, જ્યાં વિચાર હોય છે ત્યાં સ્વીકાર નથી હોતો, યા વિચાર હોય શકે, યા સ્વીકાર હોય શકે. બંને એક સાથે હોવા સંભવીત જ નથી.

કદાચ કોઈકે પ્રિય ગૌતમસ્વામી ને પ્રશ્ન કર્યો હશે કે ભગવંત, આપની પાસે દ્વાદશાંગી નું અજબ ગજબનું જ્ઞાન છે, આપની પાસે અવધિજ્ઞાન છે, આપની પાસે મન:પર્યવ જ્ઞાન છે, આપની પાસે ચમત્કારીક શક્તિઓ છે, આપની પાસે સર્વ લબ્ધિઓ છે, અનંત લબ્ધિના આપ નિધાન છો, તો જ્યારે એકાદ પ્રશ્ન ઉભો થાય ત્યારે આપ એનો ઉપયોગ કેમ નથી કરતા ? સ્મિત કરીને ગૌતમસ્વામીજી એ જવાબ આપ્યો હશે, કે તમે જે સુધી બોલી ગયા ને, એનો મને વિચાર પણ આવતો નથી. મારા સમગ્ર વ્યક્તિત્વ ઉપર છવાયા છે ને એમને ભંતે કહીને હું પ્રશ્ન કરું છું, એ ગોયમા કરીને મને જવાબ આપે ને મારા પ્રશ્નનું પારણું થઈ જાય છે. તો પછી

તમે જે સુચી આપી, એનું હું શું કરું ? ગૌતમ સ્વામીજી નો બે જ શબ્દોમાં પરિચય આપવો હોય તો એમ આપી શકાય, "સદ્‌ગુરુનો સ્વીકાર" !

આપણી પાસે કોઈ સુચિ હોય છે, શિષ્ય, ભક્ત, માન, મિલકત, ઘર, પરિવાર, બુદ્ધિ હોશિયારી, બુદ્ધિમત્તા, જ્ઞાન, જે સુચિ આપણને સદ્‌ગુરુના સ્વીકારથી દુર લઈ જાય, સદ્‌ગુરુ થી છેટે લઈ જાય, એ સુચિ હકીકતમાં આપણા - અનર્થ ની સુચિ હોય છે. આપણી ખરી સુચિ એ છે, જે સદ્‌ગુરુના સ્વીકારની દિશામાં આપણને બે ડગલા પણ આગળ લઈ જાય.

ગૌતમસ્વામીજી ને એ એક પળ માટે પણ એવું લાગ્યું હોત, કે દ્વાદશાંગી નો ઉપયોગ એ ભક્તિ ના ઉપયોગ થી સારો છે, તો એ ખરી દ્વાદશાંગી ના હોત. ગૌતમસ્વામીજી ને એવું લાગ્યું હોત કે, અવધિજ્ઞાન છે તો પછી ભક્તિ ની શું જરૂર છે, તો એ અવધિજ્ઞાન વિભંગ જ્ઞાન બની જાત. જો ગૌતમસ્વામીજી ને એમ લાગ્યુ હોત કે આ કામતો મન:પર્યવ જ્ઞાનથી પણ થઈ શકે છે, તો પછી ભગવાનની શું જરૂર છે, તો જે ગુણસ્થાનકે એમને આ વિચાર આવ્યો હોત, તો એ ગુણસ્થાનકે મન: પર્યવ જ્ઞાનની કોઈ - શક્યતા જ ના હોત ! હું લબ્ધિનિધાન છું આવો અછડતો વિચાર પણ જેમને કદી સ્પર્શ્યો નથી એ ગૌતમસ્વામીજી, અને એમને એ લબ્ધિ નો ઉપયોગ કરવાનો વિચાર આવે એમા માલ શું છે ! ગૌતમસ્વામીજી એ આમ જોઈએ તો નથી દ્વાદશાંગી નો ઉપયોગ કર્યો, નથી અવધિજ્ઞાન, મન: - પર્યવ જ્ઞાન, ચમત્કારિક શક્તિઓ કે લબ્ધિઓનો ઉપયોગ કર્યો. વ્યવહારિક દ્રષ્ટિ એ જોઈએ તો

ગૌતમસ્વામી યુ એ, કદી પણ ઉપયોગ કર્યો જ નથી. એની નૈશ્ચયિક ફ્રોઝિ એ જોઈએ તો, ગૌતમસ્વામીયુ એ આખી જિંદગી, ઉપયોગ સિવાય કંઈજ કર્યુ નથી. ઉપયોગ શબ્દ સમજવા જેવો છે. ઉપ એટલે સમીપ સંસ્કૃત ભાષાની ફ્રોઝિએ, ઉપ એટલે સમીપ, યોગ એટલે મિલન. પોતાના કરતા પણ વધુ સમીપ ભગવાનનું મિલન, ભંતે નું મિલન, એટલે ઉપયોગ. કોઈ કવિએ બહુ મઝનો વાત કરી છે.

"CLOSER IS HE THEN BREATHING, AND NEARER THAN HANDS & FEET."

એ મારા શ્વાસ કરતા પણ મારી વધુ સમીપ છે, એ મારા હાથ અને પગ કરતા પણ વધુ નજીક છે. આનું નામ ઉપયોગ, આનું નામ શિષ્યત્વ, આનું નામ મોક્ષયાત્રા, આનું નામ ગૌતમસ્વામીયુ !!

★ અંદર અને બહાર સદ્‌ગુરૂનો અહેસાસ, એનું નામ ગૌતમસ્વામીયુ !

★ સાધનાનું સર્વસ્વ એનું નામ ગૌતમસ્વામીયુ !

★ મોક્ષ યાત્રાનું હાર્દ એનું નામ ગૌતમસ્વામીયુ !

સભાનો પ્રશ્ન :- આવા સમર્પણ માટે શું કરવું જોઈએ, સાહેબયુ ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- બહુ સરસ સવાલ છે કે સમર્પણ માટે શું કરવું. એક બીજા સંદર્ભમાં એનો જવાબ આપું. એક સંત હતા, એટલી એમની ધ્યાન કે ખુબ જ અંદર ઉતરેલા હતા.. ખુબ જ અંદર ઉતરેલા હતા... અને કેટલાક જિજ્ઞાસુઓ એમને મળવા આવ્યા, એમને પ્રણામ કર્યા ને, એમને પ્રશ્ન કર્યો કે આપ તો ઘણા અંદર ઉતરેલા છો, એમ

બહાર છીએ, બહારમાંથી અંદર જવાનો માર્ગ શું ? પેલા સંત આમ જોતા જ રહ્યા જાણે પ્રશ્ન જ ના સમજ્યા હોય, બહુ જ્ઞાની બહુ HEDAAHT વાળા, પરમ અધ્યાત્મ ને પામેલા ને એવા સંત, પ્રશ્ન કર્યો છે ને આમ સામે જોયા કરે ને એટલા જિજ્ઞાસુઓ એ ફરી પ્રશ્ન સમજાવ્યો કે અમે બહાર છીએ ને અમારે અંદર જવું છે, બહાર માંથી અંદર જવાનો માર્ગ શું ? એ મિનિટ સંત મૌન રહ્યા, બધા જિજ્ઞાસુઓ જોઈ રહ્યા છે, ચહેરા પર વિસ્મય છે, આંખો માં જિજ્ઞાસા છે. બસ હમણા જવાબ મળે, હમણાં જવાબ મળે, માર્ગ બતાડી દે, કાંઈક TRICK આપી દે, કોઈ એવો પદાર્થ આપી દે જેમને - અંદર જવાનો માર્ગ મળી જાય, જે માર્ગથી અંદર જવું છે. એને સંત કહે કે તમે જે પ્રશ્ન પુછો છો એ મને સમજાતી નથી. બહાર જેવું કંઈ છે જ નહિ, તો પછી ત્યાંથી અંદર જવાના માર્ગની હું શું વાત કરું !!

તમે ગૌતમ સ્વામીજી ને પુછો સમર્પણ કઈ રીતે કરવું, ગૌતમ સ્વામી બસ એમ જ રીતે જોશે. સમર્પણ ને સમજવા માટે પણ સ્વચ્છંદતાને સમજવી પડે છે. અંદર ને સમજવા બાહર ને સમજવું પડે છે. હું નથી માનતી કે ગૌતમ - સ્વામીજી તમને સમર્પણ ની વ્યાખ્યા આપી શકે. આપણે બધા બહારથી અટકળો કરીએ કે અંદરનો આમ ને અંદર તો તેમ અંદર જવાનો રસ્તો ને હું રોજ આવું ને તમને અંદર જવાનો માર્ગ બતાડી દઉં, હજુ અધુરા જ છે માર્ગ ! સમર્પણ વિષે ના શબ્દ ચિત્રો, મારા જેવા દોરી શકે તમારા જેવા જોઈ શકે પણ સ્વયં જે ચિત્ર બનેલા હતા, એમનો કોઈ ચિત્ર બનાવવાનું જ ન

હજુ કેવા આપણે અધુરા, કેવા દોષોથી ભરેલા, જ્ઞાનનો છાંટો આપણામાં નહિ, કંઈ ઠેકાણા નહિ, ને છતાં અહમ ફાટ ફાટ થાય, બુદ્ધિ ઉછળ કુદ કરે, તર્કો ને દલીલો દરેક વાતે આપણી પાસે હાજર હોય, ને ગૌતમસ્વામીજી ચૌદ પૂર્વ ધર, દ્વાદશાંગીના જ્ઞાતા, ચાર જ્ઞાનના ધણી, ચરમ શરીરી, પ્રથમ ગણધર, સર્વ લબ્ધિ નિધાન, અને ભગવાન પાસે તદ્દન બાળક.

* સાધનાનું સર્વસ્વ છે ગૌતમસ્વામીજી.
* મોક્ષ માર્ગ નો દાઈ છે ગૌતમ સ્વામીજી.

જ્યારે આ ગુણોના ભોગે, જ્યારે આ ભૂમિકાના ભોગે, આપણે ભરાતા હોઈએ છીએ, ત્યારે હકીકતમાં આપણે ખાલી થતા હોઈએ છીએ. વિશ્વની સર્વોત્કૃષ્ટ લબ્ધિ કઈ, લબ્ધિનો સીધો અર્થ છે લાભ. વિશ્વનો સર્વો-ત્કૃષ્ટ લાભ હોય તો એ સદ્ગુરુનો લાભ છે. જ્યારે આપણે લબ્ધિઓમાં મોહાઈએ છીએ, લબ્ધિઓની પાછળ દોડીએ છીએ, પણ સદ્ગુરુ ને ગુમાવીએ છીએ, ત્યારે હકીકતમાં આપણે હાનોનું સર્જન કરતા હોઈએ છીએ.

* સદ્ગુરુથી મોટી કોઈ લબ્ધિ નથી !!
* સદ્ગુરુના સ્વીકારથી મોટો કોઈ ઉપયોગ નથી !!
* સદ્ગુરુથી મોટી કોઈ સમૃદ્ધિ નથી !!

સદ્ગુરુના રંગે આપણે રંગાઈ ગયા હોઈએ, સદ્ગુરુ નો આપણે સંપૂર્ણ સ્વીકાર કર્યો હોય, સદ્ગુરુ સાથે નો ઉપયોગ થઈ ગયો, સદ્ગુરુ આપણાથી વધુ સમીપ થઈ ગયા. આનું જ નામ સર્વોત્કૃષ્ટ લબ્ધિ ! સદ્ગુરુ યોગ નું તાત્પર્ય આ જ છે.

શિષ્ય ઉડાડ જાય ગયા છે, પતંગ

શનિવાર
31 10 2020

કપાયો કે માંજો કપાયો ગુરુ એ કહ્યું, કે પતંગ કપાયો છે. શિષ્ય સ્તબ્ધ થઈ ગયા છે, અવાચક થઈ ગયા છે. કઈ રીતે પતંગ કપાયો, એને સદ્ગુરુ એમને સમાધાન આપે છે કે આ પતંગ છે ને એ માંજ ના આધારે ચગ્યો હતો, માંજના આધારે ટક્યો હતો, પતંગનું સંપૂર્ણ અસ્તિત્વ માંજ ની આભારી છે, તો માટે જ્યારે માંજો કપાઈ જાય છે ને ત્યારે પતંગ કપાઈ જ ગયો હોય છે. શિષ્ય સાંભળી રહ્યા છે ને સદ્ગુરુ એમની વાત ને આગળ વધારે છે.

★ પતંગ ચગાવનાર વ્યક્તિ એટલે ગુરુ,
★ પતંગ એટલે શિષ્ય, અને
★ શિષ્ય નો ગુરુ સાથે નો સંબંધ એટલે માંજો.

પતંગ કેટલો ઊંચો ચગ્યો, કેટલે ઊંચે પહોંચ્યો, કેટલો દૂર પહોંચ્યો, કેટલી HEIGHT પર પહોંચ્યો, એ બધા ગૌણ પ્રશ્નો છે. પતંગનો ચગાવનાર સાથે નો સંબંધ અખંડ છે કે નહિ, એ મુખ્ય પ્રશ્ન છે. પતંગ ગમે તેટલો ઊંચે પહોંચી ગયો હોય પણ જો ચગાવનાર સાથે નો સંબંધ કપાઈ ગયો છે, તો એ પતંગ અખંડ દેખાતો હોવા છતા, ઊંચો દેખાતો હોવા છતા, સારો - દેખાતો હોવા છતા, હકીકતમાં એ પતંગ કપાઈ જ ગયો છે. હવે એ આથડશે, હવે એ પટકાશે, હવે એ રગદોળાશે, હવે એ જેના તેના હાથે લાગશે, હવે એ લુંટાશે, હવે કદાચ એ ફડાશે. પતંગ જમીનથી કેટલો ઊંચો છે, એ પતંગની વ્યવહારિક HEIGHT છે. પતંગ નો ચગાવનાર સાથે નો સંબંધ છે કે નહિ, એ પતંગની નૈશ્ચયિક - HEIGHT છે. શિષ્ય બહુ જ્ઞાની છે, વિદ્વાન છે, સંયમી છે, પ્રવચન ધૂરંધર છે, શિષ્યો ઘણા છે ભક્તો પુષ્કળ છે, પુણ્ય એનું સારું છે, એમનું

નામ સારું છે. આ બધી જ શિષ્યની વ્યવહારિક - HEIGHT છે. શિષ્ય નો ગુરુ સાથે નો સંબંધ અખંડ છે કે નહિ, આ શિષ્ય ની નૈશ્ચયિક HEIGHT છે. શિષ્ય ગમે તેટલા ઉંચા હોદ્દાના હોય, બાળ જીવોને મુખ્ય છે બહાર કેટલી ગાડીઓની લાઈન છે, બાળ જીવોને મુખ્ય છે, એમની નિશ્રામાં કેટલી ઉપજ થઈ, બાળ જીવને મુખ્ય છે, એમનું ગુરુપૂજન અને કામળી વહો-રાવવી કેટલામાં ગયો, બાળ જીવને મુખ્ય છે, પ્રવચન સભા ખીચોખીચ ભરેલી હતી કે ન હતી. બાળ જીવને મુખ્ય છે, કે એમની નિશ્રામાં થતા અનુષ્ઠાન માં કેટલી સંખ્યા થઈ, કેટલી શાસન પ્રભાવના થઈ, બાળ જીવને મુખ્ય છે, કેટલા જુદા જુદા PRESS માં એમની NOTES આવી, એમનું નામ આવ્યું, ફોટા આવ્યા, એમના સમાચાર આવ્યા, બાળ જીવને મુખ્ય છે. એમની કેટલી બોલબાલા છે.

પ્રાજ્ઞજીવ નું એક જ માપદંડ છે. એમનો ગુરુ સાથે નો સંબંધ અખંડ છે કે નહિ! પતંગ ભલે અગાસી થી દસ જ ફૂટ ઉપર છે, પણ ચગાવનાર ના હાથ માં એની દોર છે ને ચગાવનાર સાથે નો સંબંધ અખંડ છે, તો એ પતંગ ખરા અર્થમાં ખુબ જ ઉંચે છે. પતંગ હજાર ફૂટ ઉપર છે, પણ સંબંધ તૂટી ગયો છે, તો હકીકત માં એ પતંગ નીચે છે, ઘણો નીચે છે, વ્યવહાર દ્રષ્ટિ એ એ પડી જશે, નિશ્ચય દ્રષ્ટિ એ એ પટકાઈ જ ગયો છે. શિષ્ય ને વધુ કંઈ ક્ષયોપશમ ના હોય, નોંધપાત્ર તપ થઈ ના શકતો હોય, ગાથા બહુ મુશ્કેલી થી ચડતી હોય, પ્રવચન આપતા આવડતું જ ના હોય, છતાં પણ એ શિષ્ય મહાન છે, સૌથી વધુ મહાન છે. એ ગુરુ સાથે નો એમનો સંબંધ અખંડ છે. શિષ્ય પાસે ઘણી બધી આવડત છે, વાક્પટુતા છે, કાર્ય કુશળતા છે, ભક્તો ની ભીડ જમ્યા કરે, પણ ગુરુ

સાથે નો સંબંધ નથી, તો એ શિષ્ય નું પતન હકીકત માં થઈ ચુક્યું છે. શિષ્ય મંત્ર મુગ્ધ બનીને સાંભળી રહ્યા છે. સદ્ગુરુ સાધના વિશ્વના - સમીકરણો ને એક પછી એક રજુ કરી રહ્યા છે. ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથની અંદર, મોહવિલય ઉદ્યાન ની અંદર, પ્રતિબોધક આચાર્ય વ્યંતર - COUPLE ને સામે રાખીને ઉપદેશ આપી રહ્યા છે. આખી પર્ષદા ભાવિત થઈ રહી છે.

સમ્યક્દર્શન નો સીધો સંબંધ, સદ્ગુરુ સાથે છે.

તદ્દ્વીપકોયં પુનઃ પુનઃ સુગુરુ સન્નિકર્ષેણ !

પતંગ, માંજો, અને ચગાવનાર આ ત્રિપદી. શિષ્ય, ગુરુ સંબંધ, અને સદ્ગુરુ આ ત્રિપદી, અનેકાનેક રહસ્યો, અદ્ભુત રહસ્યો, સાધના ભુવનની ઉપયોગી FORMULAS, સમજવાનો પ્રયાસ આપણે કરવો છે. પરમ પાવન ઉત્તરાધ્યયન સુત્રની એક પંક્તિ છે.

અચ્ચેમુ તે મહાભાગ ન તે કિંચિ ન અચ્ચિમો

જે તારક તત્વ છે, જે દેવ - ગુરુ છે, એમની તો અર્ચના અમે કરીએ જ છીએ પણ, એવું કશું જ નથી જેની અર્ચના અમે નથી કરતા. ભગવાન પૂજ્ય એટલે ભગવાનનું બધું જ પૂજ્ય ! આપણે પાલીતાણા જઈએ હજુ [illegible] અંદર બધી ધારા ચાલતી હોય. બજારે જવું આ ખાવું છે, ફલાણું લેવું છે, અહીંયા જવું છે, અહીંયા જવું છે, પણ એ ત્યારે એવો વિચાર આવે છે દાદાને દરબારે પહોંચશું, આમ કરશું, તેમ કરશું, ફલાણું કરશું, ઢીકણું કરશું, ફોન ચાલુ છે, વાતો ચાલુ છે, આજુબાજુ જોવાનું ચાલુ છે, બીજુ ત્રીજુ ચાલુ છે. આખા ડુંગર માં કદાચ આપણે વિચાર કરતા હોઈએ ઉપર જઈશું, દાદા ની દરબાર આવશે ... આવશે ... આવશે ... આવશે ... આપણને ખબર

નથી આ ડુંગરની કણ કણ એ દાદાનો દરબાર છે.
બહુ સુંદર આપણો, આપણો કશું સમજુ શકતાજ નથી
વરસો પહેલા એક સંઘ હતો ને ગુરુદેવે નિશ્રા આપી
હતી, માલગામ થી રાણકપુરનો એ સંઘની લગભગ
છ હજાર માણસો, સંઘની અંદર જોડાયેલા. પહેલો
છેડો નીકળ્યો હોય, ચાર વાગે, છેલ્લો છેડો પહોંચે
દસ - અગિયાર - બાર વાગે એક છેડો પહોંચી ગયો
હોય ત્યારે બીજો છેડો નીકળતો હોય ને આખો
રસ્તો ૧૦-૧૨-૧૫-૧૭-૧૮-૧૯-૨૦ કિલોમીટર,
આખો સંઘ એમાં પથરાયેલો હોય, કેટલાય લોકો ક્યાં
ને ક્યાંથી સંઘને જોવા પણ એક દિવસ આવતા,
રસ્તામાં ક્યાં ને ક્યાં ઉભા રહેતા, એમ ચાલી રહ્યા
હતા ને, રસ્તામાં લોકો ઉભા હતા, એમણે નજીક પહોંચ્યા ને
સાથે વડિલ મહાત્મા હતા, એમને વંદન કર્યા ને પ્રશ્ન
કર્યો કે સંઘ ક્યાં છે ? પંદર વર્ષ પહેલાની ઘટના
ને આજે પણ મને યાદ આવે ને હસવું આવી જાય
કે ભલા માણસ, આ ચતુર્વિધ સંઘ ચાલી રહ્યો
છે, રસ્તામાં આમ આટલું બધું માણસ, ચાલે જાય,
ચાલે જાય, ચાલે જાય છે ને તમે પુછો છો સંઘ
ક્યાં છે ? એ ભાઈને કહેવું પડે કે સંઘતો આજ
છે, બાકી તમારે હાથી, ઘોડા ને એ બધું જોવું છે તો
એ આવશે પાછળ.

કેટલા આપણે સ્થુળ હોઈએ છીએ,
કેટલા અબુજ હોઈએ છીએ, કેટલા નાદાન હોઈએ છીએ.
अच्छेमु ते महाभागा ण ते किंचि ण अच्छिमो ।
ઉપાશ્રય ની અંદર તમે આવ્યા ને બધા મહાત્મા ગોચરી
વાપરવા બેઠા હતા, વંદન તમારે કરવા હતા, એમને એમ
તમે પાછા જાવ એ તમારો મરજુ, તમારે જો લાભ
જોઈતો હોય ને એમ ને એમ જતા નહિ, જે વડિલ
ગુરુભગવંત હોય એમની બેઠક હોય, ત્યાં આસન હોય,

આચાર્ય ભગવંત ની પાટ હોય, એને પણ તમે વંદન કરોને, એટલે ગુરુવંદન કરવાનો લાભ તમને મળે. લાકડાની પાટ એ માત્ર લાકડાની પાટ નથી, લાકડાનું MATERIAL નથી, લાકડાના પાટિયા આમ ગોઠવી દીધા નીચે પાયા મુકી દીધા, માત્ર આટલી વસ્તુ નથી. એ ગુરુની વસ્તુ છે, એટલે એ પણ ગુરુની જેમ, વંદનીય બની જાય છે. ગુરુ વંદનીય ગુરુનું આસન પણ વંદનીય, દાદા વંદનીય એટલે દાદાનો ડુંગર પણ વંદનીય, જ્યાં કાંકરે - કાંકરે અનંતા સિદ્ધો થયા છે, હું તમને કહું, અમદાવાદ થી પાલીતાણા જતો રસ્તો હોય ને એ રસ્તાને પણ તમે વંદન કરો ને, એ વંદન પણ પાલીતાણા ને વંદન છે, એ વંદન પણ શત્રુંજય ને વંદન છે, એ વંદન પણ આદિનાથ દાદા ને વંદન છે.

પેલા ભાઈ જેમ નજર સામે દેખાત સંઘ માટે, સંઘ ક્યાં છે પ્રશ્ન કરે છે, એના દ્વારા સંઘની આશાતના કરે છે, અણે દેખાય છે એ સંઘ છે જ નહિ. હાથી, ઘોડા, ઉંટ વગેરે હોય, રથ વગેરે હોય, કોઈ રચના સાથે રાજી હોય તો એને સંઘ કહેવાય, પાલીતાણાનો ડુંગર ચડતા જે બોટલો ફેંકે છે, DIAPERS ફેંકે છે, બિસ્કીટ ના પડીકા ફેંકે છે, વાતો કરે છે, પિક્ચરના ગીતો ગાય છે, સાંભળે છે, LADIES ના હાથ પકડે છે, આ બધા એટલા બધા અભાગ્યા જીવ છે, જેમને ખબર જ નથી કે પૂજા ઉપર જઈને કરશું, દર્શન ઉપર જઈને કરશું, એવું નથી. આ કણ-કણ દાદાનો - દરબાર, આ કણે કણ દાદાના બેસણા, આ કણેકણ પૂજનીય, અર્ચનીય ને વંદનીય છે, ને આપણે એ દૃષ્ટિ એ ને, તળેટી થી જ આપણી ભક્તિ ચાલુ થઈ જાય, દર્શન અને પૂજા ચાલુ થઈ જાય, ઉપાસના ચાલુ થઈ જાય, આરાધના ચાલુ થઈ જાય, પુણ્યનો પ્રકૃષ્ટ બંધ ચાલુ થઈ જાય, પણ એ જીવ સમજતો નથી.

शनिवार



अच्चेमु ते महाभागा ण ते किं चि ण अच्चिमो !
આપણને પેલા વૃક્ષ ઉપર દયા આવે કે, ભાઈ આ વૃક્ષ સમજતો નથી. આખો ડુંગર પવિત્ર છે. આપણે આપણા મનને પુછીએ, આપણને ભગવાન પવિત્ર લાગે છે, આપણને ભગવાનનું આખું મંદિર, એ પવિત્ર, વંદનીય, પૂજનીય, અર્ચનીય, ઉપાસનીય, આદરણીય લાગે છે, ખરું ? કશું લાગે વળગે નહિ, સીધા મુળ નાયક સુધી પહોંચીએ, એમની બધી પૂજા કરીએ, હાર પહેરાવીએ, દર્શન-વંદન કરીએ, વળી પાછા ભગવાન ટીકા કરી દઈએ, ને વળી માથુ નમાવીએ, અને બહાર નીકળી જઈએ, કશી લેવાદેવા નહિ. જ્યારે આપણે દહેરાસરને નથી પૂજતા ત્યારે આપણે ખરા અર્થમાં ભગવાનને પણ નથી પૂજતા ! જીવનમાં આપણને કદી એવો ભાવ થયો ખરો, જેમ સિદ્ધાચલની એક એક પગથિયાની પૂજા કરવામાં આવે છે, ૧૦૮ શીલાઓનું ગિરિપૂજન કરવામાં આવે છે, એ રીતે મારે ભગવાનના જિનાલયના એક એક પગથીયા ની અભિષેક પૂજા કરવી છે. મારે એના કણ-કણ ને વંદન કરવા છે. મારે એના પ્રત્યેક પરમાણુ ની પૂજા કરવી છે, મારે એને સ્પર્શવું છે, મારે એને આંખે લગાડવું છે, મારે એને માથે લગાડવું છે મારે એને ભેટવું છે, મારે એની ભક્તિમાં ગાંડા-ઘેલા થવું છે, મારે ભીના-ભીના થવું છે, એની એક-એક પાંભલી, એની એક-એક પાંભલી, એનું એક-એક પગથિયું, એને ભેટું ને મને લાગે હું વાસુપૂજ્ય દાદાને ભેટું છું, આવી FEELINGS આપણને કદી થઈ ખરી ?

આજથી સત્તર વર્ષ પહેલાની ઘટના

અમે શંખેશ્વર ની અંદર હતા, પૂજ્ય જંબુવિજયજી મહારાજ સાહેબ પણ શંખેશ્વર આવ્યા હતા, અવાર નવાર ગુરુદેવે અમને એમની સાથે બેસાડ્યા, એમના અનુભવો લીધા, ગુરુદેવ ને એમનો ગુણાનુરાગ ! જંબુવિજયજી મહારાજ ને પણ ગુરુદેવ માટે ખુબ જ લાગણી. આવી ને અમે સીધા ભેટી પડ્યા ગુરુ મહારાજને. એમનો વિહાર હતો ને અમે બધા

વળાવવા માટે નીકળ્યા, વિહાર નો સમય થઈ ગયો હતો, એમે શંખેશ્વર દહેરાસરના COMPOUND માં આવી ગયા, સાહેબ પણ ત્યાં પધાર્યા, દાદાના દર્શન કર્યા, સારી રીતે દર્શન કર્યા, અમે બધા સાથે બહાર નીકળ્યા, વળી એ વંદન દાદાને કરતા જાય, કરતા જાય, કરતા જાય, હવે બાહર... બહાર... બહાર... છેક બહાર નીકળ્યા, હવે વંદન કર્યા, આમ કરીને પોતે આવી રહ્યા છે, અને દહેરાસરની જમણી બાજુથી જ્યાં બહાર જવાનો રસ્તો છે, ત્યાં જ્યાં જઈએ ત્યાં આગળ ના દહેરાસર ના દાદરા, એનું જમણી બાજુનું કોરનર ની ત્યાં કાંઈક વસ્તુ હતી, અત્યારે હશે કે નહિ એ ખબર નથી, દહેરાસર નું જ પરિસર ને દહેરાસર-નો જ ઓટલો, ને ઓટલાની જગ્યાએ ત્યાં કાંઈક આમ ઉંચુ બનાવેલું હતું, અને જંબુવિજય મહારાજે ત્યાં આમ અડી ને માથુ નમાવ્યું. ગુરૂદેવ ને સહજતાથી એમને - પુછાઈ ગયું, કે અહીંયા કાંઈ છે ? કોઈ પત્થર જેવો કોઈ ઉંચાણ વાળો ભાગ હતો, એમને એમણે આમ કર્યું, એટલે ગુરૂદેવને થયું કોઈક વિશેષ રહસ્ય, કોઈક - વિશેષ ઘટના, કોઈક વિશેષ સ્થાપના, કંઈક એમાં હોવું જોઈએ ને, ગુરૂદેવે આશય થી એમને પુછ્યું, કે અહીંયા કંઈ છે ? એને બહુ જ સહજભાવે જંબુ વિજયજી મહારાજે જે જવાબ આપ્યો, કે દાદાનું ! વાત સમજાઈ તમને, આપણને આટલા ભાન ખબર નહિં - આવડે, દાદાનું ? પૂજા કરવી એ હવે આપણને આપણું કર્તવ્ય લાગે છે, ધર્મ લાગે છે, ઔચિત્ય લાગે છે, કરવા જેવું લાગે છે, આરાધના લાગે છે. શુદ્ધિકરણ હોય, કરનારા કરી લે આપણને કંઈ જ લાગે વળગે નહિ તો સમજી લો, બાર મહિના અહીંયા દર્શન કરનાર, પૂજા કરનાર, એક દિવસ હોય શુદ્ધિ કરણનો અને એમાં એ ગેરહાજર રહે, તો બાર મહિના ભરી ટ્રોફિ એ તમે ગેરહાજર જ હો છો. તમને મળશે પુણ્ય, સાથ

એવી વાત નથી, એના ભાગાકાર થઈ જશે, ડારવાડે, તમને એવી કોઈ લાગણી જ નથી, તમે સમજ્યા જ નથી. તમને એવી કોઈ FEELINGS જ નથી, તમે એમને એમ આપીને આમ આમ કરો અથવા તો એ તો પૂજારી પણ કરી જાય છે, એની એ પગારની દ્રષ્ટિ હોય તો એને પણ પુણ્ય નથી મળવાનું, જો તમને પણ એવો આત્મીય ભાવ ન હોય, એવી લાગણી ન હોય આ બધું જ હાલાનું, આ બધું જ મારું. બધું જ પૂજનીય, આવી FEELINGS ના હોય તો આપણને પણ પુણ્ય નથી બંધાવાનું. ભગવાન તારી તો પૂજા અમે કરીએ છીએ પણ તારી એક વસ્તુ એવી નથી જેની અમે પૂજા નથી કરતા, વંદન કરતા નથી, જેને જોઈને અમે ગાંડા ઘેલા બનતા નથી.

એવા એવા પરિવાર હોય છે, જીવનમાં એક વાર આચાર્ય ભગવંત ના ઘરે પગલા થયા, એક ટેબલ કે ટીપોઈ જેવું હતું જેમના ઉપર એમને બેસાડ્યા હતા, એ જગ્યા એ ટેબલમાં કદી ફેરફાર નહીં, એ ટેબલનો આજીવન ઘર માટે કોઈ USE નહીં, એ ટેબલ ઉપર કોઈક ધાર્મિક વસ્તુની સ્થાપના, એમના પરમાણુ અહીંયા લાગ્યા છે, હવે એ જવા ન દેઈએ, અને રોજ એ સ્થાન અને એમના પરમાણુ ને વંદન કરે. જો આચાર્ય ભગવંત આવે ને બે-પાંચ મિનિટ માટે જે ટેબલ ઉપર બીરાજમાન થાય, એ ટેબલ આટલું પવિત્ર થઈ જતું હોય, તો આ જિનાલય જેની અંદર વર્ષોથી દાદા બેઠાં, વર્ષોના વર્ષો સુધી રહેવાના, જે જિનાલય ની ધજા ના દર્શન કરીને કેટલાય ને બોધિ નો લાભ થાય, જે એવું તત્વ છે કે અનંતાનંત જીવો ને મોક્ષ આપી ચુક્યું છે, જે એવું તત્વ છે જે ઘોરમાં ઘોર પાપીને ધોઈ ચુક્યું છે. જે એવું તત્વ છે જે સાતે નરકને CHALLENGE કરી શકે છે. અહીંયા જે આવ્યો છે, કોઈની મજાલ નથી એ જીવનું કાંઈ બગાડી શકે, જે એવું તત્વ છે જે

નિગોદ ના દરવાજા કાયમ માટે બંધ કરીને ખંભાતી તાળુ મારી દે. જે એવું તત્વ છે કે SHORT-TIMEમાં આપણને મોક્ષે પહોંચાડવાની GUARANTEE (ગેરંટી) આપે છે. જે એવું તત્વ છે, જે આત્માના પ્રદેશે પ્રદેશ ના અંધારા ઉલેચી નાખવા સમર્થ છે. જે એવું તત્વ છે, આપણા બધા જ દોષો ને દુર કરી દે, જે એવું તત્વ છે, આપણા અનંતા કર્મોને બાળીને ખાખ કરી દે. જે એવું તત્વ છે, આપણી અનંત સંસારની યાત્રા ને ટુંકી કરી દે. જે એવું તત્વ છે, આપણા આખા ભવસાગર ને સુકવી દે, એ દેરાસર, એ જિનાલય, એ આ આખું પારિસર, એના માટે આપણી કેવી FEELINGS હોવી જોઈએ.

अच्चेमु ते महाभाग ण ते किंचि ण अच्चिमो ।

ભગવાન તું પૂજનીય, તારું મંદિર પૂજનીય, તારું જિનાલય પૂજનીય, તારી કણ કણ પૂજનીય, ભગવાન તારું બધું જ પૂજનીય !! એક તમન્ના એવી કરવી છે કે સંસારના તો ઘણા ઉસરડા કર્યા. અડધા અડધા થઈ ગયા, ઉજાગરા કર્યા, છૈયા-છોકરા માટે. પત્ની માટે અડધા અડધા થયા, પતિ માટે નીચોવાઈ ગયા. આખી જિંદગી રસોડામાં પુરી થઈ. સગાને વહાલા માટે બધા જેને આપણી કદી પડી હોતી નથી. જે શરીર આપણને દગો દે છે, ઠુકરો દે છે, ગમે ત્યારે હાથ ઉંચા કરી દે, એક શરીર પાછળ આપણે બધું જ કુરબાન કરવા તૈયાર છીએ. એની પાછળ કેટલા ખર્ચા થાય, એના શોખડા, એને નવડાવો, ધોવડાવો, શણગારો, સારામાં સારા કપડા, આટલા કપડા છે, તો હજુ કપડા, આવું શરીર વિશ્વાસઘાત કરીને આત્માથી છુટું પડી જવાનું છે એની માટે આપણે બધું જ કરવા માટે તૈયાર. જો દાદા આપણા અનંત ભવિષ્ય ને સુધારી દેવાનાં, એ દાદાના જિનાલય ખાતર આપણે ઘસાયા ક્યારે ? હું તમને

પુછુ છું બાર મહિનામાં બાર મિનિટ પણ, સંઘની સેવા રૂપે આપી ખરી ? તમે સામાયિક કરી લીધી, પૂજા કરી લીધી એની વાત અહીંયા નથી. આયંબિલ કરવાની વાત નથી, તમે આયંબિલ માં પીરસ્યું ક્યારે, તમે ઉપાશ્રયમાં કાજો લીધો ક્યારે ? તમે દહેરાસર માં પોતુ કર્યું ક્યારે ?

હવે આપણી પરીક્ષા છે કે આપણે - વાસુપૂજ્ય દાદાના ભક્ત છીએ કે નહીં. આપણે સાચા જૈન છીએ કે નહીં. હું તમને GUARANTEE (વચન) સાથે કહું છું. આપણે અભાગ્ય હશું તો કાલે અહિંયા નહીં આવી શકીએ. આપણું નસીબ હશે સૌભાગ્ય હશે, પરમ પુણ્યનો ઉદય હશે, મોક્ષ નજીક માં હશે, તો આ લાગણી, તો આ - FEELINGS, તો આ દાદાની ભક્તિ તો આ જિનાલયનું શુધ્ધીકરણ, એ આપણે કરી શકશું. એક અનુષ્ઠાન માત્ર નથી, એક ક્રિયા માત્ર નથી, કદાચ જે ભવે મોક્ષે જઈશું અને તે ભવની અંદર જ્ઞાનીને પ્રશ્ન કર્યો હશે, તો જ્ઞાની એ જવાબ આપ્યો હશે કે આ તમારું મોક્ષ ગમન, નજીક માં આવનાર કેવળજ્ઞાન, એના મુળ આટલા બે-ચાર-પાંચ-સાત ભવ પહેલા, આંબાવાડી સંઘની અંદર, - વાસુપૂજ્ય દાદા ના જિનાલયનું શુદ્ધિકરણ કરતા - કરતા, તમને જે ભાવ પ્રગટ્યા હતા, શાસન અને સંઘ સાથેની જે આત્મીયતા ની લાગણી CREATE થઈ, એના ફળરૂપે, તમને આ મોક્ષ મળી રહ્યો છે, આમાં કશું જ આશ્ચર્ય નથી. દ્રવ્ય ક્રિયા ઓ ભાવ શુન્ય ક્રિયાઓ, સ્વાર્થી આરાધના ઓ, દુન્યવી તપસ્યાઓ, આ બધાની તુલનામાં, એક સેકન્ડ પણ ભાવથી કરેલી, લાગણી થી કરેલી, આવી કોઈ દાદા ની સેવા, અનેક ગણું કલ્યાણ લાવી આપશે. આ સકલ શ્રી સંઘ, હું કહું છું આજથી એવું BACKGROUD ઉભુ કરો, તમે નક્કી કરો, એક વ્યક્તિ ૨૫-૨૫, ૫૦-૫૦, ૧૦૦-૧૦૦ ને લઈને આવે, અને તું ત્યાં કાંઈ નહી કરતો ફક્ત દ્રશ્ય જોજે. તારી જિંદગીમાં

નહીં જોયું હોય, એવું દ્રશ્ય જોવા મળશે. આખો સંઘ જે ઉત્સાહ સાથે લાગણી સાથે, જિનાલય નું શુદ્ધિકરણ કરતો હશે, દેવોને પણ દુર્લભ, એ દ્રશ્ય તને જોવા મળશે. માત્ર એમને લાવવા છે એટલું નહિ, આ જ લાગણી સાથે જોડવાનું કામ, આપણી પાસે લગભગ ૨૮ કલાક છે. અને એટલા કલાકો નો એવો ઉપયોગ કરવો છે. આપણે પોતે જોડાઈએ અનેકાનેક ને જોડીએ, લાગણી સાથે જોડીએ, અને આપણા આખા ભવચક્રનો TURNING POINT, આ શુદ્ધિકરણ બની જાય, એવો પ્રયાસ આપણે કરીએ. ખાસ વિનંતી હાથ-હલાવતા.. હલાવતા નહીં આવતા. કોઈ ને કોઈ સાધન શુદ્ધીકરણ નું લેતા આવજો. તમે વોટરબેગ ને નેપકીન લાવી શકો. તમે પોતા લાવી શકો. બીજા પણ તમારા ઘરે સફાઈ માટે ના જે જે સાધન હોય, ઉચિત રીતે, તમે એનો ઉપયોગ કરી શકો. તમે ઘરે કંકુ છાંટણાં કરીને એ ઉપકરણો ને વંદન કરીને, ડંકા સાથે - ચાલતા તો ચાલતા, તમારા વાહનની અંદર પણ ડંકા સાથે, આ રીતે જે અનુકૂળ આવે તે લાવી શકો. આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

x x x x

ઉપમિતિ ભવ પ્રપંચ કથા - પ્રસ્તાવ ત્રીજો

મંગળવાર

વ્યાખ્યાન - ૭૦ | પ્રવચન 03 11 2020

વ્યાખ્યાન સ્થળ :- શ્રી આંબાવાડી જૈન સંઘ, અમદાવાદ

પતંગના માધ્યમે, સંયમ જીવનના ગુઢ સમીકરણો, નુતન મહાત્માને મળી ગયા છે. પતંગ ચગાવનાર અને માંજો, શિષ્ય, સદ્ગુરુ, અને સદ્ગુરુ સાથેનો સંબંધ. શિષ્યને કોઈક જિજ્ઞાસા થાય છે, અને શિષ્ય સદ્ગુરુને પ્રશ્ન કરે છે, કે પતંગ અને ચગાવનાર વચ્ચે જે સંબંધ હોય છે, એનું નામ હોય છે માંજો,

શિષ્ય અને સદ્ગુરુ વચ્ચેનો જે સંબંધ એ શું હોય છે? પુછતા તો પુછાય જાય છે, શિષ્યને ક્ષોભ થાય છે કે રામાયણના થોથા વાંચીને રામ કોણ છે, એવો પ્રશ્ન પુછ્યો હોય! સદ્ગુરુનું સ્મિત, શિષ્યને આશ્વાસન આપે છે, પ્રશ્ન છે કે શિષ્ય અને સદ્ગુરુ વચ્ચેનો સંબંધ એ શું હોય છે, અને સદ્ગુરુ જવાબ આપે છે સંબંધનું નામ છે, સમર્પણ!

સમર્પણનો માંજો, શિષ્યને સદ્ગુરુ સાથે જોડી રાખે છે. જે શિષ્ય સમર્પિત છે તો એનો સદ્ગુરુ સાથેનો સંબંધ અખંડિત છે. જો શિષ્ય સમર્પિત નથી તો એ સંબંધ તુટી ગયો છે. પતંગ બિલકુલ ના ચગ્યો હોય ને હજુ ચગાવનારના હાથમાં જ હોય, હજુ એક ઇંચ જેટલો જ ચગ્યો હોય, કે બિલકુલ ના ચગ્યો હોય, પણ માંજો જો અખંડ છે, તો એ પતંગ ઊંચે ચગેલો છે. શિષ્ય હજુ વધુ કંઈ શિક્ષિત ના હોય, હજુ વધુ આરાધક ન હોય, સાધક ન હોય, મોટા પ્રભાવક ના હોય, કશું જ ના હોય. પણ જો સમર્પણ એનું અખંડ છે, તો એ શિષ્ય - હકીકતમાં ઊંચે ચઢેલા છે, પતંગ હજાર ફુટ ઉપર ચગ્યો હોય, પણ એ પતંગ ગમે તેટલો ઊંચે હોવા છતા, હકીકતમાં ઊંચે નથી, એ પતંગ એક અપેક્ષાએ નીચે પડી ગયેલો છે. શિષ્ય બાહ્ય દ્રષ્ટિએ ગમે તેટલા ઊંચા ચઢ્યા હોય, કદાચ એ શિષ્ય ભગવાનની જેમ પૂજાતા

હોય, પણ એ સમર્પણ નામનો સંબંધ કપાઈ ગયો છે, તો એ શિષ્ટ હકીકતમાં ઝૂમતા નથી હોતા, પટકાતા હોય છે. પતંગ કેટલો ઉંચે છે, કેટલા ફુટ ઉંચે ચગ્યો છે, એ બાહરી ઉંચાઈ છે. પતંગની દોરે ચગાવનાર ના હાથમાં જ હોય, માંજો તુટયો ના હોય, એ ભિતરી ઉંચાઈ છે.

શિષ્ય કેટલા પ્રભાવક થયા, એ બાહરી ઉંચાઈ છે. સમર્પણ એ શિષ્યની નૈશ્ચયિક ઉંચાઈ છે. વ્યવહાર નય કહેશે કે એ ઉંચાઈ કપાઈ ગઈ, એ સમર્પણ કપાઈ ગયું, એટલે શિષ્ય પડી જવાના. નિશ્ચય નય કહે છે કે જ્યારે પતંગની ઉંચાઈ કપાઈ ગઈ છે, સમર્પણ કપાઈ ગયું છે, ત્યારે શિષ્ય પડી જ ગયા છે. સમર્પણ એ સાનુબંધ મહાનતા છે. જે વર્તમાન માં પણ શિષ્યને મહાન બનાવે છે, જે શિષ્ય પાસે બીજું કશું જ નથી, એ ફક્ત ગુરુને ~~સમર્પણ~~ સમર્પિત છે, શિષ્ય મહાન થઈ ગયા, એટલું જ નહિ એ સમર્પણ એમનામાં અકબંધ છે, તો ઉત્તરોત્તર આગળ મહાન જ થશે. સમર્પણ એ સાનુબંધ મહાનતા છે. અને સમર્પણ વિનાની ઉંચાઈ મળી પણ જાય, એ એક વારની મહાનતા છે જેમાં પછી પટકાવાનું નિશ્ચિત છે.

યોગબિંદુ માં હરિભદ્રસૂરી મહારાજ, સિધ્ધની ખરી વ્યાખ્યા આપે છે,

સિદ્ધ્યન્તરં ન સન્ધત્તે યા સાવિશ્યં પતત્યધઃ।
જે સિધ્ધિ બીજુ સિધ્ધિ ને લાવી ન આપે, એ અવશ્ય પતન પામે છે એ પડી જાય છે.

તત્સ્થાન્યા(ત્યનુવિદ્ધૈવ, પાતો(સૌ તત્ત્વતો મતઃ॥
એ સિધ્ધિ એ પતનની સિધ્ધિ થી અનુવિદ્ધ જ છે,
પાતો(સૌ તત્ત્વતો મતઃ।
એ હકિકતમાં સિધ્ધિ નથી, હકિકતમાં એ GROWTH

નથી, હકીકતમાં એ ઉદય નથી, હકીકતમાં એ અસ્ત છે. હાનિ છે, પતન છે. પતંગ એને એટલી ઢીલી છોડી-દેવામાં આવે, ગમે તેટલા પેચ લાગે, ગમે તેટલા ઝોલા હોય, બસ એ ઉંચે જવી જોઈએ. અને એ લ્હાઈમાં-ક્યાંય એની ઝોલે કપાઈ જાય છે, સમજદાર માણસ-સમજે છે કે ગઈ હવે પતંગ, પતંગને તો હજુ લાગે છે કે હું બહુ ઉંચે.. ઉંચે.. ઉંચે.. ઉંચે.. ઉડી રહી છું, કેટલી ઉંચે... કેટલી ઉંચે, આ તો એક બંધન હતું, એક LIMITATION રહેતું હતું, એય જતું રહ્યું. કેટલી ઉંચે. કેટલી ઉંચે. સમજદાર સમજે છે કે આ પેલા કરતા કદાચ વધારે ઉંચે પણ જાય, તો એ હકીકતમાં તો એ પડી જ રહી છે. આ એનું ઉર્ધ્વ ગમન નથી, આ એનું પતન છે.

સાનુબંધ મહાનતા એને કહેવાય કે જે આપણા ના આત્માના આવતા ભવમાં પણ, અધ:પાત ન નોતરે, આત્માનું અધ:પતન ન થવા દે, એના પછીના ભવમાં, એના પછીના ભવમાં, એના પછીના ભવમાં, સતત આપણો આત્મા, આગળ ને આગળ, આગળ ને આગળ વધતો રહે, એ સમર્પણથી જ શક્ય છે. આપણને ફક્ત આપણે ચઢી ગયા, ઉંચે પહોંચી ગયા, આપણને HEIGHT મળી ગઈ, ઉંચાઈ મળી ગઈ, એનો સંતોષ હોય છે. આપણને ક્યારે વિચાર આવ્યો કે ભાઈ માત્ર ઉપર જવું પુરતું નથી. પૈસા વધી ગયા, માન વધી ગયું, નામ વધી ગયું, મારી પ્રત્યે લોકોનો અહોભાવ વધી ગયો, હું ચાર જણામાં પૂછાતી થઈ ગયો, પુછાતો થઈ ગયો, ઘર મારું મોટું બની ગયું, આરાધના પણ મેં અમુક-અમુક વધારી પહેલા કરતા. ત્રણ મારા વરસીતપ થઈ ગયા, વર્ધમાન તપની ઓળી મારી મોટી થઈ ગઈ. અહીંયા સુધી હું પહોંચી ગયો ને આપણને એવું લાગે કે આપણે બહુ ઉંચે પહોંચી ગયા, આપણે કદી વિચાર્યું

મંગળવાર
03 11 2020

ખરું કે ભાઈ આમાં જે હાર્દ છે એ સમર્પણ છે. એના અંગે હું ક્યાં છું. હરીભદ્રસૂરી મહારાજ કહે છે,

પાતો(સૌ તત્વતો મતઃ।

સમર્પણ વગરનો તપ આપણે કર્યો છે, સમજુ લો, ભવિષ્યમાં ખાઉધરા પણું આવવાનું જ છે. અને આ તપ પણ જ્ઞાની ઓની દ્રષ્ટિમાં, ખાઉધરા પણું જ છે.

પાતો(સૌ તત્વતો મતઃ।

સમર્પણ વગરની ઘણી બધી આરાધના ઓ કરી, જ્ઞાની ઓની દ્રષ્ટિ એ આરાધના પુરી થઈ જશે, સાનુબંધ નહિ હોય, એના પછી વિરાધના આવશે, અને નિશ્ચય નય ની દ્રષ્ટિ એ આરાધના પણ પોતે - વિરાધના સ્વરૂપ,

પાતો(સૌ તત્વતો મતઃ।

સમર્પણ વગર થોથા ના થોથા ગ્રંથોના ભણી જઈએ, શાસ્ત્રો ના શાસ્ત્રો ભણી જઈએ, જ્ઞાની ઓની દ્રષ્ટિમાં એ ખુબ-ખુબ ચાલેલી જ્ઞાન યાત્રાના અંતે, પાછુ ઘોર અજ્ઞાન આવી જશે, અને નિશ્ચય નયની દ્રષ્ટિ એ વર્તમાન માં એ જ્ઞાન નથી પણ ઘોર અજ્ઞાન જ છે.

પાતો(સૌ તત્વતો મતઃ।

સમર્પણ વગર ખુબ-ખુબ-ખુબ ભગવાન ની ભક્તિ કરી, વ્યવહાર નય ની દ્રષ્ટિ એ એ સાનુબંધ નથી, સમર્પણ નથી, તો ભવિષ્ય માં એ ભક્તિ - અભક્તિ માં પરીણમવાની અને ભગવાનની પણ અવગણના થવાની, નિશ્ચય નયની દ્રષ્ટિ એ વર્તમાન માં પણ ભગવાનની અવગણના જ છે.

પાતો(સૌ તત્વતો મતઃ।

આપણી બહુ મોટી કમનસીબી આ છે, આજ્ઞાના હાર્દને સમજ્યા વગર, પામ્યા વગર, આજ્ઞા પ્રત્યેની ઉપાદેય બુદ્ધિ વગર, આપણે માત્ર આપણી રીતે આરાધના કરી રાખીએ છીએ. આટલું LEVEL લાવો

મંગળવાર
03 11 2020

હો, કે ગુરુમહારાજે કહ્યું એ કરવાનું, મારે મારું ડહાપણ નહીં ડોળવાનું, આટલું આપણે ના કરી શકીએ ? હજુ આપણી પકડ, હજુ જીદ, હજુ આપણી બુદ્ધિનો ભરોસો, હજુ ઉછળતો આત્મવિશ્વાસ, હજુ સદ્‌ગુરુ ઉપર શંકા, હજુ શાસન ઉપર અસમર્પણ ભાવ, હજુ ભગવાનની - આજ્ઞા સામે દલીલ, તર્ક, આપણે રીતે આપણે કરી દીધેલા COMPROMISE, આપણે આપણને આપી દીધેલ, CERTIFICATES, આપણે આપણને પહેરાવી દીધેલા MEDALS, આનાથી આપણો મોક્ષ થઈ જવાનો ?

જે પતંગ સ્વતંત્ર થવા જાય છે એ છેવટે પરતંત્ર થઈ જાય છે. પતંગ જરૂર ચગી શકે પણ એની બે શરત છે, પહેલી શરત, કોઈ ચગાવનાર હોવું જોઈએ, અને બીજી શરત, એ ચગાવનાર સાથેનો પતંગનો સંબંધ પણ હોવો જોઈએ. સ્વતંત્ર થવા જનાર શિષ્ય પરતંત્ર થઈ જાય છે. શિષ્યનો વિકાસ જરૂર થઈ શકે, શિષ્ય ઉંચે પહોંચી શકે, ઉંચાઈએ પહોંચી શકે, એ ટકી શકે, ઉંચાઈ સાનુબંધ પણ થઈ શકે. પણ એની બે શરત છે,

* સદ્‌ગુરુ હોવા જોઈએ, અને સદ્‌ગુરુ - સાથેનો શિષ્યનો સંબંધ છે તે અખંડ હોવો જોઈએ. અને ચગાવા જનાર પતંગ એ ચગવાની યોગ્યતાને પણ ગુમાવી બેસે છે. ચગાવવું એ પતંગનો વિષય જ નથી. પતંગ વધુમાં વધુ ચગી શકે છે, પતંગ - પતંગને ચગાવી શકતી નથી. અને જે પતંગ પોતાને ચગાવવા જાય છે, એ ચગવાથી પણ વંચિત થાય છે, ચગવાથી પણ ભ્રષ્ટ થાય છે. ચગાવવું એ પતંગનો વિષય જ નથી તો છતાં, પોતાને ચગાવનાર જતા પતંગ વધુમાં વધુ શું પામી શકે છે તો એક ભ્રમણા પામી શકે છે, કે હું ચગી, અને મેં મને ચગાવી !! અને આ ભ્રમણાનું જે વધુમાં વધુ આયુષ્ય હોય છે,

મંગળવાર

03 11 2020

તે પણ બહુ ઓછું હોય છે. એ સંચાલિત થવા જનાર શિષ્ય, એ સંચાલન પામવાની યોગ્યતા ને પણ ગુમાવી બેસે છે, સંચાલન એ શિષ્ય નો વિષય જ નથી, જે પોતાનો વિષય નથી એમાં પડવા જતા જે પોતાનો ખરેખર વિષય છે, એને પણ શિષ્ય ગુમાવી દે છે, અને બાવાના બેય બગડે, એવી હાલત થાય છે.

પોતાનું સંચાલન કરવા જનાર શિષ્ય એ વધુમાં વધુ એક ભ્રમણા પામી શકે છે કે, હું સંચાલિત થયો, અને મેં મને સંચાલિત કર્યો, અને એ ભ્રમણાનું જે વધુમાં વધુ આયુષ્ય હોય છે, એ પણ બહુ ઓછું હોય છે, વધુમાં વધુ એક જ ભવ-માં, શિષ્ય ને એની હકીકત નો પરચો મળી જાય છે. પતંગ અને શિષ્ય આ બંને નું હિત એમાં જ છે, કે બંને નક્કી કરવાની મોહ છોડી દે.

સભાનો પ્રશ્ન :- સાહેબ, અભવ્ય ગુરુ ના શિષ્ય ભવ્ય હોય શકે તો એ એવા સમર્પણ ભાવથી ~~અભવ્ય~~ મોક્ષગામી પણ હોય શકે?

પૂજ્ય શ્રીનો ઉત્તર :- ઉપદેશ માલાની અંદર ધર્મદાસ ગણિ મહારાજે આ પ્રશ્નનો જવાબ આપ્યો છે,

અંગારજીવમહઓ કોર કુગુરૂ સુસીસપરિવારો।

અંગાર મર્દક નામના એક ગુરુ હતા, આચાર્ય હતા, અભવ્ય હતા, પાંચસો એમના શિષ્યો હતા. વિહાર કરી ને સામે જે ગામે જઈ રહ્યા છે, ત્યાં છે આચાર્ય છે એમને સપનું આવે છે, કે એ ઝુંડ છે ને એ ઝુંડ ને નેતા બનાવાયો છે, અને પાંચસો મદનીયાઓ હાથી ના બચ્ચાઓ, એનાથી એ પરિકરીત છે.

મંગળવાર
03 11 2020

અને એ પરથી આચાર્ય ભગવંત ને ખબર પડી કે હવે અહીં એવા મહાત્મા આવશે, જે પોતે અભવ્ય હશે ને એમના ભવ્ય પાંચસો શિષ્ય હશે. અભવ્ય એવા ગુરુ એમની ઉપાસના કરવી કે નહિ એ પહેલો પ્રશ્ન, ધારો કે કરે તો આત્મા ને લાભ છે કે નહિ એ બીજો પ્રશ્ન.

પહેલા પ્રશ્નનો જવાબ છે કે જ્યાં સુધી ખબર જ નથી, આપણી પાસે એવું અતિન્દ્રિય જ્ઞાન નથી, એવા કોઈ જ્ઞાની એમનો ભેટો ન થયો, ભલે - કોઈ વિશિષ્ટ શ્રુત જ્ઞાની હોય જે લક્ષણ થી પણ કહી શકે, એવા પણ આપણને મળ્યા નથી, આપણને જ ખબર નથી પડી, વ્યવહાર એમનો શુદ્ધ છે, આચરણ એમનું વિશુદ્ધ છે. આપણા પ્રત્યેનું યોગક્ષેમ થઈ રહ્યું છે. મહાવ્રતો ની સ્પષ્ટતા એમની દેખાય છે. અને શિષ્ય સેવા કરે એમાં શિષ્યનો કોઈ જ દોષ નહિ, અને બીજો પ્રશ્ન, કે કરવાથી કલ્યાણ છે કે નહિ, તો અશઠ ભાવે શિષ્ય, એમને સુ-સાધુ સમજ ને, એમને સમકિત સમજ ને, એમને ઉચ્ચ ગુણસ્થાન સ્થિત સમજ ને, એમની ઉપાસના કરે ને એમના પ્રત્યે સમર્પણ રાખવે. એમાથી એ શિષ્ય નો મોક્ષ થઈ જવાનો !

હવે એવી SITUATION [સ્થિતિ] જ્યાં, શિષ્યો ને ખબર પડી કે આવું થયું છે, જેમ - અંગાર મર્દક ના શિષ્યો ને પેલા આચાર્ય ભગવંત કહે છે કે તમારા ગુરુ અભવ્ય છે. માત્ર એટલું કહેવાથી - અમારા ગુરુ ને અમે એવા કઈ રીતે માની લઈએ. અને એક એમને યુક્તિ બતાડે છે, કે એવી જે પોલી પોલી કોલસી હોય, એને રાતે તમે અહીંયા જે પરઠવવાનો રસ્તો છે, ત્યાં તમે પાથરી દો ને છુપાઈને જોજો, રાતે શંકા નિવારણ કરવા એમના ગુરુ ગયા છે, અંધારું છે ગાઢ, કોલસી ઉપર ચાલી રહ્યા છે, પોલી

કોલસી, આમ તુટી રહી છે, તુટી રહી છે, કચ-કચ-કચ-કચ કરીને અવાજ આવી રહ્યો છે, એ ગુરુ શિષ્યોની સામે તો આચાર બરાબર પાળતા હતા, વ્યવહાર શુદ્ધ રાખતા હતા, પણ અંતર્ગત શુદ્ધિ નહતી, અત્યારે એકાંત છે, અંધકાર છે, કોઈ જોતું જાગતું નથી એમ સમજ્યુ ને જેવો આમ કચ.. કચ.. કચ.. કચ અવાજ આવે એટલે એમ બોલે કે મહાવીર ના જીવડા તમે વરસો - રસ્તામાં આવો તો કચડાવ એ જરાને મરો એ જરા ! અને આ સાંભળીને શિષ્યો બધા સ્તબ્ધ થઈ ગયા અને એમને ખ્યાલ આવી ગયો કે, જેમ આ આચાર્ય ભગવંત કહે છે, એમ અમારા ગુરુ અભવ્ય છે. પુછ્યું આચાર્ય ભગવંત ને કે શું કરવું, અને આચાર્ય ભગવંતે કહ્યું, કે ગુરુ પ્રત્યેનો અહોભાવ કદિ એ છોડતા નહિ, સદ્ભાવ છોડતા નહિ, એમણે તમને જે પ્રતિબોધ કર્યા, દીક્ષા આપી, યોગ એમ કર્યું, ભણાવ્યા - ગણાવ્યા, એ ઉપકાર અપરંપાર છે એમાં બે મત નથી. અસદ્ભાવ કરતા નહિ, મનમાં લાવતા નહિ, દ્વેષનો અંશ પણ લાવ્યા તો તમે ડુબવાના એ નક્કી. પણ આવા ગુરુ હોય ભલે જે બહારથી વ્યવહાર રાખે પણ આવા અભવ્ય ગુરુ હોય, નક્કી થઈ ગયું પહેલે ગુણસ્થાનકે, નક્કી થઈ ગયું અભવ્ય છે, પછી એમની નિશ્રામાં રહેવું, આરાધના કરવી, એમનું તો બગડવાનું જ છે, કાલે ઉઠીને એનાથી આપણું પણ બગડી શકે.

પંચાસક ગ્રંથની અંદર હરીભદ્ર સૂરી - મહારાજ કહે છે,

विहिंचाओ कासस्स हैं

જ્યારે આવું થાય ત્યારે ગમે-તેમ તડ ને ફડ કરીને - નીકળી ના જવાય. જ્યારે આવી પરિસ્થિતિ હોય, ત્યારે શિષ્ય પણ, ચાલો હવે આવું ના જોઈએ, હવે ગુરુ છોડી દેવાના, હવે આપણી આપણી રીતે રહીશું.

મંગળવાર
03 11 2020

એ પગ ન ચાલે. હરીભદ્રસૂરી મહારાજ કહે છે,

વિહિચાઓ ઇમસ્સ ઇટ્ઠો

વિધિ ત્યાગ કરવો એ ઇષ્ટ છે. અને વિધિત્યાગનો અર્થ બતાડ્યો,

અણ્ણત્થ સંકમેણ ણ હુ ઉત્તમાંગેસણેણ।

અન્યત્ર જે સુવિહિત ગચ્છ હોય, એ ગચ્છની અંદર જવું, એમાં સંક્રમિત થવું, એની અંદર રહેવું. ભિક્ષા સ્વીકારવી યોગ્ય ગુરૂની, એ ગુરૂને સમર્પિત રહેવું, આનું નામ વિધિ. શિષ્યો એ વાત માની લીધી, એ રીતે કર્યું, સંયમની સરસ આરાધના કરી, બીજા ભવની અંદર, એ શિષ્યો રાજકુમાર થયા. અને એ રાજકુમારો પોતે, કોઈ સ્વયંવરની અંદર ગયા છે. બીજે નગરમાં ગયા, અને ત્યાં જતા - રસ્તામાં એક ઉંટ જોયો, એ ઉંટને એવા બંધન બાંધ- વામાં આવ્યા હતા, મોઢામાંથી, નાકમાંથી લોહી નીકળે, એટલો ભાર લાદ્યો હતો. અને ઉંટ ચરણોયા પ્રયાસો કરી કરીને ભારને વેંઢારતો હતો, ખેંચતો હતો, ઉપાડતો હતો, અને આ દ્રશ્ય રાજકુમારો એ જોયું, ભુતકાળના મહાત્માઓ, મતિસ્મરણ જ્ઞાન એમને થયું, અને જ્ઞાન દ્વારા એમણે જાણ્યું, કે આ અમારા પૂર્વના ભવના ગુરૂનો જીવ છે.

અધ્યાત્મ-સારમાં મહોપાધ્યાય યશોવિજયજી, મહારાજ કહે છે,

દુઃખસ્યોગ્રો દશાલોऽપિ મિથ્યાદૃષ્ટેર્ન સિદ્ધ્યતિ।

ગમે તેટલી સાધના કરે, અપ્રમત્ત રહે. દીક્ષા સુધ્ધા પાળે, બાહ્ય દ્રષ્ટિ એ ઉગ્ર ચર્યા કરે, તપ ઉગ્ર હોય, સંયમ ઉગ્ર હોય, મેલા કપડા હોય, પણ મિથ્યાત્વી છે, તો એનો મોક્ષ થતો નથી. પહેલું ગુણસ્થાનક હતું, - અભવ્ય નો જીવ હતો, ગમે તેટલી આરાધના કરી, મરીને ઉંટ થયા, દુઃખો પામ્યા, કષ્ટો પામ્યા, શિષ્યો એ જોયું આ અમારા ઉપકારી ગુરૂ ભગવંત છે.

શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે તમે એ અભવ્ય પણ ગુરુ હોય એમની દ્વેષ કરી શકો, નિંદા કરી શકો, કૂથલી કરી શકો, એમની ચર્ચા કરી શકો, તો સમજી લો કે તમે ATLEAST દુર્ભવ્ય તો છો જ. જે શાસન-સિદ્ધિક જીવ હોય, જે યોગ્ય જીવ હોય એ પોતાના ઉપર નાનો પણ કોઈએ ઉપકાર કર્યો હોય ને, - આધ્યાત્મિક ઉપકારની વાત જવા દો, જેણે સાંસારિક પણ નાનો ઉપકાર કર્યો હોય એનું એ ખરાબ ન બોલે. અને આધ્યાત્મિક ઉપકાર જેણે કર્યો હોય, જેણે મુહપત્તિ પડિલેહણ કરતા શીખવાડ્યું, જે પહેલી વાર - હાથ પકડીને દેરાસર લઈ ગયા, જેણે પૂજા શીખવાડી, જેણે પૌષધ શીખવાડ્યો, સામાયિક શીખવાડી, ગુરુવંદન શીખવાડ્યું, આપણે જરા શરમાતા હતા, નહોતા જતા, પહેલી વાર આપણને ઉપાશ્રય લઈ ગયા, જેમણે પાઠશાળામાં ગાથા આપી, જેમણે લોગસ્સ કરાવ્યો, જેમણે પ્રેરણા કરી શિબિરમાં આવવાની, જે પરાણે શિબિરમાં લઈ ગયા, જેમણે એકાદ પણ આપણને વ્યાખ્યાન આપ્યું, જે ક્યારેક શેષકાળમાં આવ્યા, અઠવાડિયું રહ્યા, અને આપણને વ્યાખ્યાન આપ્યું, જે ગુરુભગવંતોની આપણે વાણી સાંભળી, જેમના વ્યાખ્યાન સાંભળ્યા, જેમને પ્રશ્ન કર્યા, જેમના ઉત્તરો સાંભળ્યા, જેમને આપણે ગુરુ માન્યા, હું તમને કહું છું તમે એમને ય ના છોડો.

આપણા મગજમાં એક રાઈ ભરાયેલી છે, બહાર બધાને ગુરુ માનવા વંદન કરવા, વ્યાખ્યાનો. સાંભળવા, છેલ્લેમાં આપણે જ આપણા ગુરુ બનવું. અંગારમર્દક આચાર્યનો જીવ, અભવ્યનો જીવ, ઊંટ થયેલો જીવ, ભાર વેંઢારતો જીવ, બોજો ઉઠાવતો જીવ, એના ઉપર આપણને દયા આવે, હવે એ આપણને

મંગળવાર
03 11 2020

સમર્પણ સ્પર્શતું નથી, હજુ આપણે અહંમ તોડવો નથી, ફગાવવો નથી, એના ચુરેચુરા કરી દેવા નથી, ગુરુના ચરણોને વળગી જવું નથી, તો આપણી પણ આજ હાલ થવાની છે.

તમારી દલીલ એટલી જ છે સાહેબ, બસ - આટલું જ અમને નથી ફાવતું, બાકી અમે ઘણી બધી આરાધના કરીએ છીએ, અમે સારી આરાધના કરીએ, અમે સુંદર આરાધના કરીએ, તોય અમારો મોક્ષ નાહ થાય ? એનો ધર્મદાસ ગણિ મહારાજ ઉપદેશ માલામાં આનો જવાબ આપે છે,

સુંદરબુદ્ધીઇ કર્યં બહુયંપિ ण सुंदरं होइ ।

તમે ઘણું બધું કર્યું, સુંદર છે એમ સમજ ને કર્યું, પણ છતાં પણ એ બધું તમારી બુદ્ધિથી કર્યું તો, શાસ્ત્રીય દ્રષ્ટિએ એ સુંદર જ નથી, એ સારી આરાધના જ નથી. એ ઉંચી તપસ્યા જ નથી, તો તમે એનો પાસે શું આશા રાખો છો. પંચાસક માં હરિભદ્રસૂરી મહારાજ કહે છે,

સમઇપવિત્તી સવ્વા આણાબજ્જ ત્તિ ભવફલા ચેવ ।

પોતાની બુદ્ધિથી કરેલી બધી જ પ્રવૃત્તિ, જેમાં દેવ-ગુરુની આજ્ઞા નથી, એ આજ્ઞા બાહ્ય છે, તેનું ફળ સંસાર સિવાય બીજું કશું જ નથી. વિતરાગ સ્તોત્રની અંદર કલિકાલ સર્વજ્ઞ સ્પષ્ટ કરે છે,

આજ્ઞા(ऽऽ)राद्धा विराद्धा च शिवाय च भवाय च ।

આજ્ઞાની આરાધના, એનાથી જ મોક્ષ મળી શકે. જે આજ્ઞાની વિરાધના એનાથી જ સંસાર થાય ! તમારી કરેલી આરાધના નો મોક્ષ સાથે સંબંધ જોડવો એ તમારી ગેરસમજ છે. મોક્ષ ધર્મથી થાય છે. ધર્મનો સંબધ તમારી ઈચ્છા, અનુકૂળતા, ફાવટ, ગમો, વર્ષોથી શું કરો છો, એની ક્યાં ટેવ બેસી ગયી છે આની સાથે કોઈ જ સંબંધ નથી. એનો સીધો સંબંધ આજ્ઞાની આરાધના સાથે છે.

હિંમતો આબાદ પ્રતિબદ્ધો !

ધર્મનો ગાઢ સંબંધ કોઈની સાથે હોય, તો એ આજ્ઞા-સાથે છે. સદ્ગુરુ અદ્ભુત સમીકરણો રજુ કરી રહ્યા છે.

★ "આકાશમાં પતંગ ચગી રહી છે,
ધરતી ઉપર શિષ્ય ચગી રહ્યા છે!" ★

યોગ્ય ની દોર સોંપાઈ ગયો પછી ચગવું એ નિશ્ચિંત જ છે. શિષ્ય પ્રશ્ન કરે છે, કે ગુરુદેવ! શું શિષ્ય અને પતંગનું બધું સામ્ય છે. સદ્ગુરુ જરા હસી પડે છે. શિષ્યનું એ બહુ મોટું સદ્ભાગ્ય છે કે શિષ્યનો દોર સદ્ગુરુ ના હાથમાં છે. બાહ્ય પરિસ્થિતિ અનુકૂળ હોય એ જુદી વસ્તુ છે ને યોગ્ય ની દોર સોંપાયો હોય એ જુદી વસ્તુ છે. બાહ્ય પરિસ્થિતિ એ ગૌણ વસ્તુ છે. યોગ્ય ની દોર સોંપાયો એ મુખ્ય વસ્તુ છે. મુખ્ય વસ્તુની જ આપણે ઉપેક્ષા કરી દીધી હોય છે પછી આપણો ફરિયાદ એ હોય કે ભાઈ, બાહ્ય પરિસ્થિતિ આવી છે, તેવી છે, માટે આરાધના નથી થતી, માટે તકલીફ છે, માટે અમે આગળ નથી વધતા, તો એવા બહાના કાઢવાનો કોઈ અર્થ જ નથી!

શિષ્ય પ્રશ્ન કરે છે, સદ્ગુરુનો કુણો હાથ એમના માથે ફેરે છે. એનો અર્થ હા કરવો કે ના કરવો એની અવઢવ શિષ્ય અનુભવી રહ્યા છે. અને સદ્ગુરુ ના દોર ફફડે છે, સાધનાનું કોઈ સર્વસ્વ હોય, સાધનાની કોઈ મુડી હોય, સાધનાની ઉર્જા હોય, સાધનાનું કોઈ સંચાલક બળ હોય તો એ આ જ છે, સદ્ગુરુના દોર નો ફફડાટ!
મોહ રાજ ને સૌથી વધારે ફફડાટ કોઈ વાતનો હોય તો એ આ જ છે. સદ્ગુરુના દોરની ફફડાટ. મોહરાજનું અનાદિનું રાજ ખાલસા થઈ જાય, એના માટે

મંગળવાર
03 11 2020

સદ્ગુરુ એ, આનાથી વધારે કશું જ કરવાનું હોતું નથી. સદ્ગુરુ ના હોઠ ફફડતા હોય, અને છતાં પણ મૌનનું સામ્રાજ્ય ઊભું જ હોય, તો એનો અર્થ એ છે કે આપણા માટે સદ્ગુરુ ના હોઠ બીડાયેલા છે. જ્યાં શિષ્યત્વ નો ઉદય થઈ ગયો છે, ત્યાં સદ્ગુરુ ના હોઠ નો ફફડાટ ચાલુ જ હોય છે. જ્યાં શિષ્યત્વ નો અસ્ત થઈ ગયો છે ત્યાં સદ્ગુરુના, હોઠ બીડાયેલા જ હોય છે. સુશિષ્ય ના ગુરુ સંચારી ગયા હોય તો એ એમનો દેશના ચાલુ જ હોય છે. કુશિષ્યના ગુરુ હોય, એ દેશના દઈ રહ્યા હોય તો એ એમના માટે તાત્વિક દ્રષ્ટિએ, મૌન હોય છે. સુશિષ્યના ગુરુ હંમેશા મુખર હોય છે. કુશિષ્ય ના ગુરુ હંમેશ માટે મૌન હોય છે.

સદ્ગુરુ ના હોઠ બીડાયેલા છે તો સમજુ લો આપણા માટે મોક્ષ ના દ્વાર બીડાયેલા છે. સદ્ગુરુના હોઠ ખુલી ગયા આપણા માટે તો સમજુ લો. કે મોક્ષના દ્વાર આપણા માટે ખુલી ગયા. શિષ્ય પ્રશ્ન કરે છે કે ગુરુદેવ, શિષ્ય અને પતંગ નું બધું જ સામ્ય હોય, કે કંઈ ફેર પણ હોય ? અને સદ્ગુરુ જવાબ આપે છે, કે એવું નથી કે બધું જ સામ્ય છે, અમુક ફેર પણ છે. પતંગ ઉપર હોય છે ને ચગાવનાર નીચે હોય છે. આધ્યાત્મિક વિશ્વની અંદર, સદ્ગુરુ ઉપર હોય છે ને શિષ્ય નીચે હોય છે. પતંગ જેમ-જેમ ચગે છે, એમ ચગાવનાર થી દુર થતી જાય છે. શિષ્ય જેમ-જેમ ચગે છે, એમ સદ્ગુરુની વધારે સમીપ આવતા જાય છે. પતંગ ચગાવનાર છેવટે પતંગને નીચે ઉતારી દે છે. સદ્ગુરુ શિષ્ય ને કેવળજ્ઞાન અને મોક્ષ સુધીની ઉચ્ચ ભૂમિકા એ પહોંચાડી દે છે. પતંગ ગમે તેટલી ચગે તો એ પતંગ પતંગ જ રહે છે, સદ્ગુરુ શિષ્યને સર્વજ્ઞ બનાવી દે છે. અહોભાવપૂર્વક શિષ્ય, સદ્ગુરુને સાંભળી રહ્યા છે, શિષ્યત્વ છે તો સદ્ગુરુ મુખર જ છે.

સદ્ગુરુની દેશના સતત ચાલુ જ છે. સદ્ગુરુ સતત આપણને કહી રહ્યા છે, આપણે સાંભળી રહ્યા છીએ. આપણું પ્રત્યેક રોમ છિદ્ર, કર્ણ છિદ્ર બની ચુક્યું છે. અનંત સદ્ગુરુઓની વાણી આપણા આત્માના પ્રદેશે પ્રદેશને સતત પાવન કરી રહી છે, જો શિષ્યત્વ છે તો અનંત તીર્થંકરો, એક અપેક્ષા એ આપણને એક સાથે દેશના આપી રહ્યા છે. અને જો શિષ્યત્વ નથી, તો અનંતાનંત તીર્થંકરો પણ, નિશ્ચય દ્રષ્ટિએ, કદાચ પ્રત્યક્ષ દેશના આપી રહ્યા હોય, એવું કદાચ બને, તો પણ આપણે બહેરા છીએ. અને એ આપણા માટે મુંગા છે.

એક કહેવત છે,

" મા કહી મરતી નથી, અને બાળકો કહી મોટા થતા નથી." મા કહી મરે જ નહિ, ને બાળક કહી મોટો થાય જ નહિ. આદિનાથ ભગવાનનું ચોર્યાશી લાખ પૂર્વનું આયુષ્ય પુરુ થયું, એના - ચોર્યાશી ભાગ કરો એમાંથી ત્યાંસી ભાગ પુરા થઈ ગયા, કેટલું આયુષ્ય ભગવાનનું પુરુ થયું હશે, કેટલા ટકા પસાર થઈ ગયું. અને મરુદેવા માતાં હજાર વર્ષ રડ્યા છે, મારો ઋષભ !

" મા કહી મરતી નથી,

અને બાળકો કદી મોટા થતા નથી."

બરાબર સમાંતર બીજી પંક્તિ બનાવવાનું મન થાય,

" શિષ્ય કદી બહેરા થતા નથી,

અને સદ્ગુરુ કદી મૌન હોતા નથી"

શિષ્ય સદ્ગુરુનું સાંભળે આમાં કાર્ય કારણ ભાવ શું ? સદ્ગુરુ કહે છે, માટે શિષ્ય સાંભળે છે, આમાં કાર્ય કારણ ભાવનો વિપર્યાસ છે. આમાં કાર્ય કારણ ભાવ નથી. શિષ્ય સાંભળે છે માટે સદ્ગુરુ કહે છે, આ સાચો કાર્ય કારણ ભાવ છે. હું વ્યાખ્યાન આપું

છું, માટે તમે સાંભળો છો, એવું નથી. શબ્દ નીકળ્યો તમારા સુધી પહોંચ્યો, તમારા કાનમાં ગયો, તમારા - મગજમાં દાખલ થયો, એનું પૃથક્કરણ થયું, એનો અર્થ નીકળ્યો, તમને સમજાઈ ગયું, થયું સારો પદાર્થ મળ્યો, આપણે ઘરે જતા રહ્યા, વ્યાખ્યાન શ્રવણની શરૂઆત - આરંભ જ નથી.

આપણે વ્યાખ્યાન સાંભળીએ છીએ, આપણે એકે વ્યાખ્યાન ચુક્યું નથી, આનો આપણને સંતોષ છે, કદાચ જ્ઞાનીઓ કહી દે કે તમે એકેય વ્યાખ્યાન સાંભળ્યું જ નથી. તમે ચુક્યું નથી એવું નથી તમે ભુલે ચુકે ય સાંભળ્યું નથી. કદાચ આપણી સ્થિતિ આવી હોય, બહુ મનોમંથન કરો, આપણું શું થશે ? આપણે પદાર્થના રાગી છીએ, પદાર્થ ઉંચા હોવા જોઈએ, ઉંચો પદાર્થ મળવો જોઈએ, હજુ આપણને પાત્રતાની ત્રુટિ પણ આવી છે ખરી, કે મારી પાત્રતા છે ક્યાં ? એ હું સાંભળતો નથી, ખરા - અર્થમાં સાંભળતો નથી, ખરા અર્થમાં પાત્રતા નથી, તો ઉંચા પદાર્થ કે નીચા પદાર્થ એનો કોઈ મતલબ નથી, અને નૈશ્ચયિક દ્રષ્ટિએ મેં સાંભળ્યું છે એવું પણ ના કહેવાય, નૈશ્ચયિક દ્રષ્ટિએ ગુરુ બોલ્યા છે, એવું પણ ના કહેવાય. પ્રવચનમાં જેટલા જણ આવ્યા, પચ્ચીસ આવ્યા, પચાસ આવ્યા, સો, બસો, પાંચસો, હજાર, જેટલા પણ આવ્યા, અમુક માટે વ્યાખ્યાન થયું હોય છે, અમુક માટે સદ્દગુરુ સંપૂર્ણ મૌન હોય છે. એક કહેવત છે,

" કથા સુણી સુણી ફૂટ્યા કાન,
તો એ ન આવ્યું બ્રહ્મજ્ઞાન" !!

નિશ્ચય નય વાંધો ઉઠાવે છે કે જ્યાં ધર્મજ્ઞાન આવ્યું નથી, ત્યાં કથા સાંભળી જ નથી. આતો કથા - વગોવાઈ રહી છે, કથા સાંભળી તો બ્રહ્મજ્ઞાન પ્રગટો જ

જવાનું છે. ક્યા હવા સંભળાય જ નથી, બસ ક્યા
ક્યાં હવામાં ઉડી ગઈ, બાજુમાંથી જતી રહી, ઉપર
થી જતી રહી, ઉપદેશમાળામાં ધર્મદાસ ગણિ મહારાજ
કહે છે,

વચ્ચાર પાસેના શ્રવણનં ।

સાંભળવાનો નિશ્ચય કરી છે સ્વીકાર. છોકરી બહુ જ
તોફાની હોય, એની મમ્મી એને ભૈર ભૈરથી -
તતડાવતી હોય ને, ઘરમાં મહેમાન આવે ને
મમ્મી ગુસ્સામાં છે ને મહેમાનને ય કહે છે, આ
સાંભળતી જ નથી, મહેમાન કહે છે એમ બહેરી છે?
એની મમ્મી કહે સાંભળતી નથી એટલે માનતી જ
નથી. કાન એના સારા છે, શબ્દો એમાં પડે છે
અંદર જાય છે, એમ સંભળાય છે, પણ એ સાંભળી
ને માનતી નથી. માટે એમ કહેવાય કે એ
સાંભળતી જ નથી.

નૈશ્ચયિક દ્રષ્ટિ, સાંભળવું એટલે
સ્વીકારવું. સ્વીકાર ભાવ આવે, સમર્પણ ભાવ આવે,
શિવત્વ પ્રગટે!! આજે સમય થયો છે, આજે
આટલું રાખીએ.